
# પહેલો ગોવાળીયો



## સુરેશ જાની

પહેલી આવૃત્તી – ડીસેમ્બર -2009

# કોપીરાઈટ

આ પુસ્તક કોઈ જાતના આર્થીક લાભ કે નામના માટે લખાયું નથી. આથી જે કોઈ વ્યક્તી કે સંસ્થાને આમાંના કોઈ લેખ પ્રસીધ્ધ કરવાની ઈચ્છા હોય; તે આ પુસ્તક અને લેખકનો ઉલ્લેખ કરીને; કોઈ પણ  જાતની મંજુરી વીના અને જેમ છે તેમ - કોઈ પણ ફેરફાર વગર - કરી શકે છે.

આખું પુસ્તક પ્રસીધ્ધ કરવું હોય તો, લેખકનો સમ્પર્ક કરવો -

sbjani2006@gmail.com

## અનુક્રમણીકા

પહેલો ગોવાળીયો

# - અર્પણ -

મારા વડીલ ભાઈ શ્રી. પીયુષ જાનીને

સાદર અર્પણ,

જેમના સહવાસે, અને જેમની પ્રેરણાથી,

કીશોરવયથી, ગુજરાતી અને અંગ્રેજી સાહીત્યમાં

વાંચન રસ કેળવાયો.

- મુખપૃષ્ઠ પરનું ચીત્ર *

ઓસ્ટ્રેલીયાના આદીવાસી લોકોના જીવન પરથી

19મી સદીમાં બનાવેલું રેખાંકન

અનુક્રમણીકા

# અનુક્રમણીકા

**[ આ પુસ્તક ‘ ઉંઝા ‘ જોડણીમાં છે. ]**

**સુચના - કોઈ પણ પ્રકરણ પર જવા માટે, તેના શીર્ષક પર કર્સર રાખી, કન્ટ્રોલ બટન દબાવી ‘ ક્લીક ‘ કરો.**

કોપીરાઈટ....2
- અર્પણ -....3

## અનુક્રમણીકા 4

પ્રસ્તાવના....8
લેખકનું નીવેદન....10
વાચકોના પ્રતીભાવ....12
*રતીલાલ ચન્દરયા - સીન્ગાપુર*....12
*ચીરાગ પટેલ – લેન્સડેલ, પેન્સીલ્વેનીયા*....12
*ચન્દ્રવદન મિસ્ત્રી - લેન્કેસ્ટર, કેલીફોર્નીયા*....12
*રેખાબેન સિન્ધલ, નેશવિલે, ટેનેસી*....12
*બળવંત પટેલ – ગાંધીનગર*....13
*ગોવીન્દ મારુ - નવસારી*....13
*પ્રવીણા કડકીયા - હ્યુસ્ટન, ટેક્સાસ*....13
*ભૈરવી વ્યાસ - નેવાર્ક, કેલીફોર્નીયા*....13
*રમેશ પટેલ(આકાશદીપ) - કેરોના, કેલીફોર્નીયા*....13
*સંજય નાનાની*....14

## વીભાગ -1 પુર્વારંભ 15

પ્રકરણ - 1 : પહેલો નાવીક....16
પ્રકરણ – 2 : નદીની પેલે પાર....19



પહેલો ગોવાળીયો

પ્રકરણ – 3 : ગુફાવાસીઓ ....21
પ્રકરણ – 4 : તરવૈયો ....24
પ્રકરણ – 5 : તારામૈત્રક ....26
પ્રકરણ – 6 : મુકાબલો ....29
પ્રકરણ – 7 : જોગમાયાની ગુફામાં ....32
પ્રકરણ – 8 : પાછા વતનમાં ....34
પ્રકરણ – 9 : આનંદોત્સવ ....37

## વીભાગ – 2 સીધાં ચઢાણ 40

પ્રકરણ – 10 : તરાપા પ્રયોગ - 1 ....41
પ્રકરણ – 11 : તરણ સ્પર્ધા ....43
પ્રકરણ – 12 : નવી સંપદા ....45
પ્રકરણ – 13 : તરાપા પ્રયોગ - 2 ....47
પ્રકરણ – 14 : નેસડો ....50
પ્રકરણ – 15 : પુનમનો મેળો ....53
પ્રકરણ – 16 : ઉત્તરક્રીયા ....56
પ્રકરણ – 17 : નેસડાની મુલાકાતે ....59
પ્રકરણ – 18 : હાથીનો શીકાર ....61

## વીભાગ - 3 પ્રતીશોધ 63

પ્રકરણ – 19 : ઓતરાદા પ્રયાણ ....64
પ્રકરણ – 20 : ભુલાનું ભીષણ સ્વપ્ન ....67
પ્રકરણ – 21 : નવા પ્રદેશમાં ....69
પ્રકરણ – 22 : અવનવો સમાજ ....71
પ્રકરણ – 23 : ખાન ....73
પ્રકરણ – 24 : ખાનના ગામમાં ....76
પ્રકરણ – 25 : ખાનનો દરબાર ....78
પ્રકરણ – 26 : મલ્લકુસ્તી ....80
પ્રકરણ – 27 : ખાનનો નવો મીત્ર ....83

પહેલો ગોવાળીયો

## વીભાગ – 4 મહાભીનીષ્ક્રમણ 86


પ્રકરણ – 28 : નદીની પેલે પાર ....87
પ્રકરણ – 29 : લશ્કર ....89
પ્રકરણ – 30 : ડ્રેગન ....91
પ્રકરણ – 31 : પર્વતની તળેટીમાં ....94
પ્રકરણ – 32 : જોગમાયાની ગુફામાં ....97
પ્રકરણ – 33 : ઘાટની શોધ ....99
પ્રકરણ – 34 : વ્યુહ રચના ....102
પ્રકરણ – 35 : જગદંબાની ગુફામાં મંત્રણા ....104
પ્રકરણ – 36 : અતીતનાં એંધાણ ....106


## વીભાગ – 5 સંઘર્ષ 109


પ્રકરણ – 37 : પહેલો જાસુસ ....110
પ્રકરણ – 38 : જંગલમાં પીછેહઠ ....112
પ્રકરણ – 39 : પહેલો હુમલો ....114
પ્રકરણ – 40 : બીજા હુમલાની તૈયારી ....116
પ્રકરણ – 41 : બીજો હુમલો ....119
પ્રકરણ – 42 : ખાનની પીછેહઠ ....122
પ્રકરણ – 43 : સાણસા વ્યુહ ....124
પ્રકરણ – 44 : કાળઝાળ આગ ....127
પ્રકરણ – 45 : ઘમસાણ યુધ્ધ ....129
પ્રકરણ – 46 : ગોવાનો ખાન સાથે મેળાપ ....132
પ્રકરણ – 47 : ખાનની વીજયસભા ....135


## વીભાગ – 6 ઉત્તરાર્ધ 139


પ્રકરણ – 48 : ગોવાનો વીષાદ ....140
પ્રકરણ – 49 : વીકરાળ કાળ ....142
પ્રકરણ – 50 : મુક્તીનું પહેલું કીરણ ....145




પહેલો ગોવાળીયો

પ્રકરણ – 51 : ગોવાની મુક્તીનો પ્રારંભ.....147

પ્રકરણ – 52 : પાંચો.....149

પ્રકરણ – 53 : ગોવાની ક્રોધ મુક્તી.....152

પ્રકરણ – 54 : જુન્નો.....154

પ્રકરણ – 55 : ખાનનો વીજય દરબાર.....157

પ્રકરણ – 56 : મહા શમન.....160

## વીભાગ -7 પરીશીષ્ઠ 163

ઉપસંહાર.....164

ઈશ્વરનો જન્મ - પથ્થર યુગ પહેલાંની એક કલ્પના.....165

ફળાહારી શીકારી.....169

લેખક પરીચય.....170

લેખકના બ્લોગ.....172

અનુક્રમણીકા

**નોંધ** : ઉપર જણાવેલ 'અનુક્રમણીકા'ની લીન્ક દરેક લેખની નીચે પણ આપવામાં આવેલી છે. તેની ઉપર 'કન્ટ્રોલ +'ક્લીક' કરવાથી પાછા અનુક્રમણીકા પર સરળતાથી આવી શકાશે. પ્રયોગ ખાતર ઉપર આમ કરશો; તો અનુક્રમણીકાના પહેલા પાને પહોંચી જશો. જો તમારા વર્ડના વર્ઝનના 'વ્યુ' મેનુમાં ' ડોક્યુમેન્ટ મેપ' ની સવલત હોય તો, તે સગવડ વાપરવા ભલામણ છે. આમ કરવાથી તમે બીજી એક બારી( વીન્ડો)માં અનુક્રમણીકા પણ જોઈ શકશો.

પહેલો ગોવાળીયો

# પ્રસ્તાવના

પહેલો ગોવાળીયો" વાંચવા લીધી ત્યારે તેના પહેલા પ્રકરણના શીર્ષક 'પહેલો નાવીક' અને 'ઇ.સ. ૧૦,૦૦૦ વર્ષ પહેલાં' વાંચીને મનમાં એક ઉત્સુકતા તથા અચરજની ભાવના ઉદ્ભવી. ભલા, પ્રાગૈતીહાસીક સમયમાં, વનમાં વીચરતી જનજાતીઓ - ફળ-ફૂલ ભેગાં કરીને કે પાષાણનાં હથિયારો વડે શીકાર કરી જીવનારા લોકોના જીવનમાં ખાસ કહેવા જેવું શું હોઇ શકે? તે યુગનાં લોકોના મનમાં સ્વરક્ષણ, ભૂખ અને દૈહીક જરૂરિયાતો પૂરી પાડવાની અને જીવનનો પ્રવાહ ચાલુ રાખવા ઉપરાંત બીજી કઇ ભાવના હોય? તેમના જીવન પર નવલકથા કેવી રીતે રચી શકાય?

પહેલું પાનું વાંચતાં જ લેખકની પ્રવાહી શૈલી, તેમાંથી ઉભરતી પ્રભાવશાળી વ્યક્તીઓનું ઉંડાણપૂર્વક આલેખાયેલ ચીત્રરેખન અને પ્રસંગોની ગતીમાં ખોવાતો ગયો. જીવ-વીજ્ઞાનીઓએ મનુષ્યને બુદ્ધીશાળી પ્રાણી કહ્યા છે, પણ તેમની હૃદયની ભાવનાઓ, સંવેદનાઓ તેમના અસ્તીત્વ સાથે, અત્યારે જેટલી ઘનીષ્ટતાથી જોડાયેલી છે, તે પાષાણયુગમાં પણ એટલી જ તેમના વ્યક્તીત્વનું અવીભાજ્ય અંગ હતી; તે આ કથામાં સ્પષ્ટ થાય છે. માનવ જીવનના પ્રારંભથી જ તેના DNA -જીવ કોષમાં આ ઉદાત્ત અને ઉદાત્ત ન કહી શકાય તેવી ભાવનાઓ અને વૃત્તીઓ પણ સંકળાયેલી હોય છે. તેની અભીવ્યક્તી કોઇ ને કોઇ રીતે થતી જ હોય છે. નીસર્ગે માનવને વૃત્તીઓના તમસની પેલે પાર જવાની શક્તી આપી છે તે લેખકે સુંદર રીતે વર્ણવ્યું છે.

પુસ્તકની શરૂઆતમાં આપણી મુલાકાત થાય છે પહેલા ગોવાળીયા સાથે, પહેલા તરવૈયા સાથે, પહેલા નાવીક સાથે, અને સૌથી વધુ અગત્ય કહી શકાય તેવા પ્રથમ લોકનાયક સાથે. પોતાની અંગત સુરક્ષા અને લાભનો ખ્યાલ રાખ્યા વગર અજાણી ધરતીમાં જઇ સમગ્ર કબીલાના ઉત્કર્ષનો ખ્યાલ એક નાયક જ કરી શકે. આવા નાયકના જીવનની યાત્રામાં સમાયેલ છે : આ નવલકથાનું હાર્દ. જેમ જેમ કથા આગળ વધતી જાય છે; તેમ તેમ વાચક આ કથાનું પાત્ર બની, કથાનાયક ગોવામાં એકરૂપ થઇ જાય છે. " હું જો ગોવો હોઉં તો શું કરૂં? " - એવો વિચાર કરતો થઇ જાય છે. ગોવો, પાંચો, રૂપલી આપણા પરીવારના સદસ્ય બની જાય છે. તેમણે લીધેલાં પગલાં, કટોકટીના સમયે તર્ક પર આધારીત તેમણે કરેલ આવિષ્કાર એટલા સહજ લાગે છે કે તેમાં અશક્ય એવું કશું લાગતું નથી.

એક તરફ આપણે પાષાણયુગમાંથી બહાર નીકળી પશુપાલન યુગમાં સહજતાથી આગળ વધીએ; ત્યાં આપણો સામનો થાય છે આક્રમણકાર સાથે. યુદ્ધ, સંચાર વ્યવસ્થા, યાતાયાતના નવા રસ્તાઓની શોધ, દુશ્મનની હીલચાલ પર નજર રાખવાનો ઉપક્રમ અને અંતે યુદ્ધ - આ બધાંનું વર્ણન વાંચતા ક્યાંયે અતીશયોક્તી લાગતી નથી. પાંચ હજાર વર્ષ પહેલાં યુદ્ધકલા કેવી વીકસી હતી; તે આપણે જાણીએ છીએ. આ કલા રાતોરાત ઉપજી નહોતી, અને તે કથાનાયકના નેતૃત્વમાં trial and error પદ્ધતીથી દસ હજાર વર્ષ પહેલાં કેવી રીતે જન્મી તે આ નવલમાં જોવા મળે છે.



પહેલો ગોવાળીયો

પહેલા ગોવાળીયાની કથાનું વૈશિષ્ઠ્ય તો તે યુગના લોકનાયકના ચરીત્રદર્શનમાં છે. પહેલા ગોપાલક અને પહેલા નાવીકની ઉત્ક્રાંતી પહેલા દૃષ્ટામાં કેવી રીતે થઇ તેનું આલેખન હ્રદયસ્પર્શી લાગ્યા વગર ન રહે. કેદમાં રહીને પણ કથાનો નાયક કેવી રીતે આત્મદર્શન કરી શક્યો, સામાન્ય પંચેદ્રીય પ્રેરીત ભાવોદ્રેકતા પર તેણે સ્વત્વના સાક્ષાત્કારથી કેવી રીતે વીજય પ્રાપ્ત કર્યો તેમાં આ કથાની પરીપૂર્ણતા સમાઇ છે. અંતરમાં ડુબકી લેવાની આ પ્રક્રીયા, નાયકનું મનોમંથન અને પરમ સત્યની પ્રાપ્તી માટે સમગ્ર રાત્રીભર ચાલી રહેલા માર સાથેના બુદ્ધના વૈચારીક યુદ્ધ જેવી પ્રક્રીયા કદાચ અધુરી લાગે! જો કે તેનું કારણ જાણી શકાય.

લેખકના 'ગદ્યસુર" બ્લૉગમાં આ નવલકથા ક્રમવાર પ્રસીદ્ધ થતી હતી; ત્યારે તેમાં વાચકોના પ્રતિભાવ પરથી સ્પષ્ટ થતું હતું કે, નવલકથાના વાચકોનું બૌદ્ધીક સ્તર ઘણું ઉંચું છે. તેમણે ભગવાન બુદ્ધ તથા તીર્થંકર મહાવીરના ચરીત્રો વાંચ્યા હતા; તેથી તેમને આ પ્રક્રીયાનો ખ્યાલ હતો. જો કે બ્લૉગ-જગતની બહારના વાચકોના લાભાર્થે નવલકથાની બીજી આવૃત્તીમાં લોકનાયકના આધીભૌતીક સ્તર પરથી થતા ઉર્ધ્વીકરણનું વર્ણન વધુ વિશદ થાય તો પુસ્તકના મૂળ ઉદ્દેશ - માનવીની આધ્યાત્મીક યાત્રા - પર વધુ ઓપ ચઢશે.

નવલકથાની પૃષ્ઠભુમી જગતનો કોઇ પણ ભાગ હોઇ શકે છે! લેખકે તેને નામ ન આપીને એક મોટા વિવાદને ટાળ્યો છે. આર્યો ભારતમાં આક્રમણકાર થઇને આવ્યા અને ભારતમાં વસતા મૂળ ભારતીયોની કતલ કરી એવી મૅક્સમુલર જેવા પાશ્ચાત્ય વિદ્વાનોએ રૂઢ કરેલી માન્યતાનો આધુનીક પુરાવાઓના આધારે તીવ્ર વીરોધ થયો છે. આર્યો મૂળ ભારતના જ રહેવાસી હતા અને ખૈબરઘાટના માર્ગે ઇરાન, રશિયા, મધ્યપૂર્વના અન્ય દેશોમાં ગયા અને સંસ્કૃત તથા સંસ્કૃતીનો વીસ્તાર કર્યો તેના પુરાવા પણ આપ્યા છે.

"પહેલા ગોવાળીયા"માં જે સ્થળનો આવીષ્કાર કરાયો છે, આક્રમણકાર ખાન ક્યા પ્રદેશમાંથી ગોવાના દેશમાં પોતાનું સામ્રાજ્ય સ્થાપવા આવ્યો હતો તેને નામ ન આપીને કથાને સૌંદર્યપૂર્ણ નાવીન્ય આપ્યું છે. આ જગતનો કોઇ પણ ભાગ હોઇ શકે છે. માનવતાવાદી ગોવો પોતાની અને આસમંતની ધરાને વસુધૈવ કુટુમ્બકમ્ માને છે, જ્યારે અશ્વ પર કાબુ કરનાર, દૂરક્ષેપી હથિયારનો આવિષ્કાર કરનાર ખાન વીશ્વવીજય પર નીકળ્યો છે. એક વીજેતા પોતાના પ્રતીસ્પર્ધીને કેદ કરી, તે પોતે જ પોતાની મહત્વાકાંક્ષાનો બંદી બની ગયો છે. નવલકથાના અંત સુધી પહોંચતાં વાચકના મનમાં કેટલાય પ્રશ્નો નીર્માણ થશે, કેટલાક પાત્રો કુતુહલ નીર્માણ કરશે - આ છે નવલકથાની ખુબી!

આપણા સાહિત્યમાં પ્રાગૈતીહાસીક પૃષ્ઠભુમી પર હજી સુધી કોઇ નવલકથા લખાઇ નથી. શ્રી. સુરેશભાઇ જાનીએ આ કમીને અત્યંત સુંદર શૈલી અને આધારભૂત સંશોધનને આધારે દૂર કરી છે.

---

**કેપ્ટન નરેન્દ્ર ફણસે, એલીસો વીહો, કેલીફોર્નીયા**

### અનુક્રમણીકા

પહેલો ગોવાળીયો

પહેલો ગોવાળીયો

## *લેખકનું નીવેદન*

બ્લોગીંગનું બીજું વર્ષ પત્યે એક મહીનો વીતી ગયો હતો; ત્યારે 24. મે - 2009ના દીવસે પ્રાગૈતીહાસીક કાળની કાલ્પનીક ઘટનાઓ પર આધારીત નવલકથા લખવાની અને મારા ગુજરાતી બ્લોગ **'ગદ્યસુર'** પર ધારાવાહીક રીતે પ્રકાશીત કરવાની શરુઆત કરી હતી. તે દીવસે વહેલી સવારે આની આકસ્મીક શરુઆત થઈ હતી; પણ તેની પરીકલ્પના તો ઘણા વખતથી મારા ચીત્તમાં ઘુમરાઈ રહી હતી.

નીવૃત્તીકાળમાં ઈતીહાસ મારા રસનો વીષય રહ્યો છે. પ્રેરક જીવનચરીત્રો વાંચતાં, આ રસ કેળવાયો છે. ઘરમાં જ રહેલા, વીશ્વ ઈતીહાસના પુસ્તકના પહેલાં બે એક પાનાંઓમાં વાનરમુળમાંથી માનવ જાતનો વીકાસ શી રીતે થયો; તે વાંચી હું હેરત પામી ગયો હતો. માણસ ક્યાં હતો? અને ક્યાં પહોંચી ગયો છે? અત્યંત આશ્ચર્ય પમાડી દે, તેવી આ હકીકત છે. જો કે, પ્રારંભકાળના બહુ ઓછા પુરાતત્વકીય પુરાવાઓ મળેલા છે. પણ ત્યાર પછીના સમયના જે આધારભુત પુરાવા મળ્યા છે; તે પરથી પણ એમ ફલીત થાય છે કે, માનવ સમાજ અને સંસ્કૃતીએ સાધેલ પ્રગતી અદભુત છે.

આ નવલકથા તમને પથ્થરયુગના એ સમયની સફર કરાવશે; જેમાં માણસ કેવળ શીકાર કરીને અને ફળો વીણીને જીવન ગુજારતો હતો. આ કથા તે કાળના એક સાવ અજાણ્યા પ્રદેશ, સમય અને સમાજમાં દોરી જશે. પણ એમાંથી ઉજાગર થતાં પાયાનાં માનવમુલ્યો અને લાગણીઓ તો એકવીસમી સદીના આ ઈન્ટરનેટ યુગમાં પણ એટલાં જ પ્રસ્તુત લાગતાં તમે જોઈ શકશો. પાયાના માનવ મુલ્યો, શક્તીઓ, મર્યાદાઓ, વીવશતાઓ, લાગણીઓ, સીમાઓ વીગેરેમાં ખાસ કશો ફરક પડ્યો નથી; એ વાતની ઈતીહાસ સાક્ષી પુરે છે. આ મુળ પરીકલ્પના આ નવલકથાનું હાર્દ છે.

આ ઉપરાંત, ઉત્ક્રાન્તીની હરણફાળમાં માનવ જાતે જે ઉંચા કુદકા માર્યા છે; તેમાં હજુ ઘણા વધારે પગથીયાંઓ પાર કરવાની શક્યતાઓ, તેમ જ માનવ પ્રયત્નોની ગુંજાયેશ છે; એમ હું માનું છું. ખાસ કરીને પાયાની માનવચેતનાએ હજુ ઘણાં શીખરો સર કરવાનાં બાકી છે; એમ મને લાગે છે. આ વીશ્વાસ અને શ્રદ્ધાના આધાર પર આ કથાની ચરમસીમા ઘડી છે. સ્થુળ ચેતનાના પાયાના સ્તરથી સુક્ષ્મ ચેતનાના ઉચ્ચ શીખર સુધી, વાર્તાના નાયકની યાત્રાનો આ કાલ્પનીક આલેખ છે. માનવ ઈતીહાસમાં આવા જાણ્યા, અજાણ્યા અનેક ગોવાળીયા જીવી ગયા છે; એ નીશંક વાત છે. તો જ માનવ સંસ્કૃતી શીકારી/ફળ વીણનાર ( Hunter - gatherer) માંથી ઉત્ક્રાંતી પામીને મંગળના ગ્રહ પર સંશોધન કરતી બની છે.

પહેલો ગોવાળીયો

પહેલો ગોવાળીયો

તદ્‌પરાંત કથાના અંતમાં દર્શાવેલ છે તેમ., એ જગતનો એકલદોકલ માનવી પણ આ શીખરો સર કરી શક્યો હતો; એમ હું દૃઢપણે માનું છું. કદાચ એવા પુણ્યશાળી આત્માઓના પ્રતાપે જ માનવતા સત્ય, શીવ અને સુંદરના રાહે ટકી રહી છે.

માનવમનમાં ઈશ્વરના અસ્તીત્વ વીશેની માન્યતા શી રીતે ઉદભવી તે અંગેની આવી જ એક પરીકલ્પના પરીશીષ્ઠ વીભાગમાં **'ઈશ્વરનો જન્મ'** નામની એક વાર્તાના સ્વરુપે મુકેલી છે. કદાચ આવા જ સંજોગોમાં પશુસમ જીવન જીવતા, માનવીના વીચારશીલ મનમાં કોઈ પરમ તત્વના હોવા વીશે શ્રદ્ધા જાહી હશે.

ઈતીહાસના ઉપરછલ્લા જ્ઞાનમાં કલ્પનાના રંગો અને માન્યતાઓ ભેળવી, આ શબ્દચીત્ર તૈયાર કર્યું છે. એમાં ઐતીહાસીક અને પુરાતત્વની દ્રષ્ટીએ ખામીઓ હોવાની પુરી સંભાવના છે જ. આશા રાખું કે સુજ્ઞ વાચક મારી આ મર્યાદાઓને દરગુજર કરશે.

મારા બહુ સીમીત વાંચનમાંથી મળેલ માહીતી આ કથાના પાયામાં છે. એ બધા સાહીત્યનો ભાવસભર ઋણ સ્વીકાર કરું઼ છું. ડ્રેગન સાથેની મુઠભેડના પ્રસંગમાં બાઈબલની **' ડેવીડ અને ગોલીઆથ'** ની વાર્તાએ મને પ્રેરણા .આપી છે. કથાના પાંચમા વીભાગ ' સંઘર્ષ' માં યુધ્ધના જે વર્ણનો છે; તે માટે ખરેખર યુધ્ધ લડેલા મારા નેટ મીત્ર **કેપ્ટન નરેન્દ્ર ફણસેના બ્લોગ 'જીપ્સીની ડાયરી'** પરથી મળેલ સામગ્રીએ બહુ જ પ્રેરણા આપી છે. કેપ્ટને તો બહુ ઉદારતાથી આખી નવલકથા રસ પુર્વક વાંચી, પ્રસ્તાવના પણ લખી આપી છે. આ માટે કેપ્ટનનો જેટલો આભાર માનું તે ઓછો જ છે.

જે વાચકોએ રસપુર્વક અને ધીરજની સાથે ધારાવાહીક હપ્તાઓ વાંચી અને પ્રતીભાવ આપી, મારા લેખન ઉત્સાહને વધાર્યો છે; તે સૌનો હું આભાર માનું છું. આ પુસ્તક માટે ખાસ પ્રતીભાવ લખી મોકલનાર સર્વે ભાઈ બહેનોનો ખુબ ખુબ આભાર,

વાચકને ગુજરાતી વાન્ગમયમાં એક નવી અનુભુતી કરાવવાનો મારો હરખ છે. આશા રાખું છું કે, પરમ તત્વ મારી આ ભાવનાને, આ આરતને બળ આપશે.

---

સુરેશ જાની

મેન્સફીલ્ડ, ટેક્સાસ

25 ડીસેમ્બર – 2009

**અનુક્રમણીકા**

# વાચકોના પ્રતીભાવ

## રતીલાલ ચન્દરયા - સીન્ગાપુર

Dear Sureshbhai
My weak eyes do not help me to read your creations, yet I send my greetings for competing your first novel 'Pahelo Govaliyo' in E-format.
I shall pray for its vast readership

## ચીરાગ પટેલ – લેન્સડેલ, પેન્સીલ્વેનીયા

Dada,

You can turn out to be a good novelist. You've woven humanity and morale values into a brilliantly simple novel. You would like to see more of these from you. Eagerly waiting...

You might want to take a look at this (please, go thru' everything and judge judiciously):http://worldwar3.co.in/

Pranaam,
Chirag

## ચન્દ્રવદન મિસ્ત્રી - લેન્કેસ્ટર, કેલીફોર્નીયા

ખાનમાં પણ "રાજકીય સત્તા" પીગળી જતા એ પણ ગોવાને "મહા-શમન"ગણી એનો જય જયકાર કરવા લાગ્યો ! ....આ જ છે નવલકથાની "શિખરી-ટોચ" પહોંચ્યાની વાત કે ઘડી !......એક માનવ, પોતાનામાં વસેલી "ચેતના-શક્તિ"ને જગ્રુત કરી, પોતાના પર વિજય મેળવી શકે છે, અને સાથે સાથે, એ અન્યને "પ્રેમ-ગંગા"માં સ્નાન કરાવી અન્યને પણ ચેતનારૂપી જાગ્રુતી આપી શકે છે! સુરેશભાઈ, નવલકથા પુર્ણ કર્યા બાદ, તમે વાંચકોને સ્વતંત્રતા આપી, "કલ્પના વાટિકા"માં પ્રવેશ કરી સફર કરવા શીખ દીધી...પણ, આખરે તો મુખ્ય વાત છે "ચેતના-શક્તિ"ની જાગ્રુતી. .

## રેખાબેન સિન્ધલ, નેશવિલે, ટેનેસી

***"સંસ્કૃતીની આ વીજયકુચમાં જંગાલીયત, કુરતા, દુષ્ટતા અને 'બળીયાના બે ભાગ' ની નીતી જ આખરી બની જવાનાં હતાં."***

આ વાક્યમાં જોવા મળે છે તેમ સંસ્કૃતિના વિકાસ ઓથે પોષાતી માનવીય નબળાઈના દંભને ખુલ્લો પાડતી આ વાર્તા જાણે શેતાનીયત અને માનવતા વચ્ચે મશાલ લઈ વાસ્તવીક્તા પર પ્રકાશ ફેંકે છે.

પહેલો ગોવાળીયો

પહેલો ગોવાળીયો

વાર્તામાં કૌવત ઘણુ જ છે તેમજ રુપલી અને જુન્નો જેવા સ્ત્રી પાત્રોની મદદથી પ્રેમ તથા જાતિય આકર્ષણ વચ્ચેની ભેદરેખા બતાવવાનો પ્રયત્ન પ્રશંશનીય છે પરંતુ તે માટે સ્ત્રીના ઉઘાડા શરીરના સૌંદર્ય વર્ણનની જરૂર અહીં જણાતી નથી. આવી કેટલીક વાતો સાહિત્ય રસીકોને બીનજરૂરી કે ક્ષુલ્લક લાગે તેવુ પણ બને અને ધારાપ્રવાહ જેવી કેટલીક વાતો સામાન્ય વાચક ન સમજી શકે તેમ પણ બને.

માનવ મનના અતલ ઉંડાણ સુધી પહોંચતી આ વાર્તા સમય અને સ્થળના ભેદને ઓગાળી આપણને પાત્રો સાથે જોડી શકે છે એટલુ જ નહી પરંતુ મનમાં ઉઠતા ભાવો કામ, ક્રોધ, લોભ, મોહ વિગેરે સાથેની જાતની લડતનું પ્રતિબિંબ પણ જોઈ શકાય છે. આખરે પ્રેમ દ્વારા વિજય અને મુક્તિ વિષેની સમજ માનસ પરિવર્તનની અદભૂત ઊંચાઈ દ્વારા આલેખવાનો પ્રયત્ન સરાહનીય છે.

## બળવંત પટેલ – ગાંધીનગર

આપની નવલકથા .. પહેલો ગોવાળિયો પુર્ણ થઇ છે. અભીનંદન.

## ગોવીન્દ મારુ - નવસારી

આપની ધારાવાહીક નવલકથા ' પહેલો ગોવાળીયો' પુર્ણ કરવા બદલ ખોબલે ભરીને ધન્યવાદ...
' પહેલો ગોવાળીયો' ને તા. 25 ડીસેમ્બર ના રોજ ઈ-બુક તરીકે બ્લોગ પર મુકવા માટે આપને હાર્દીક શુભેચ્છા પાઠવતાં આનન્દ અનુભવું છું.

## પ્રવીણા કડકીયા - હ્યુસ્ટન, ટેક્સાસ

Starting and ending both are fantastic. The similarity between "River" and 'Life' is nice.
Only brave people can control them.
Good Novel Sureshbhai
congretulations

## ભૈરવી વ્યાસ - નેવાર્ક, કેલીફોર્નીયા

Many Many Congratulations to you masa; wishing that gova no pavo duniya bhar ma vage :)

## રમેશ પટેલ(આકાશદીપ) - કેરોના, કેલીફોર્નીયા

શ્રી સુરેશભાઈ જાનીના મનો જગતમાંથી વહેલી આ નવલ કથાની પૃષ્ઠ ભૂમિકા ધરતી પર સંજોગોને આધીન વિકસેલી ગાથા છે.સતત વિચારોથી અવલોકનને ગૂંથવાની તેમની શક્તિ એક સુંદર ભાવ ભરી કૃતિ સાહિત્ય જગતને ધરશે એવો મનને વિશ્વાસછે.તેમને મારા ખળખળ વહેતા અભિનંદન.



પહેલો ગોવાળીયો

**સંજય નાનાની**

સુપર્બ અંત છે. ઘણો ગમ્યો. સુપર્બ વાર્તા. શરુઆતાથી અંત સુધી જકડી રાખે તેવી છે. આવીજ રીતે બીજી વાર્તા પણ લખજો

**અનુક્રમણીકા**

પહેલો ગોવાળીયો

# વીભાગ -1

# પુર્વારંભ

પહેલો ગોવાળીયો

**અનુક્રમણીકા**

## પ્રકરણ - 1 : પહેલો નાવીક

### ઈ.સ. પુર્વે 10,000 વર્ષ ....

આખું ગામ નદીકીનારે ભેગું થયું હતું. દર વરસે નદીમાં પુર આવે ત્યારે આમ જ બધા નદીકીનારે દોડી જતાં હતાં. બન્ને કાંઠે વહેતી નદીને જોવાનો લાભ કોણ જતું કરે? નદીના પ્રવાહમાં થતી ઘુમરીઓ, ઘુ.. ઘુ.. થતો અવાજ, અને પ્રવાહની સાથે તણાઈ આવતી ઝાડની ડાળીઓ બધાં જોયાં જ કરતાં. કદીક કોઈ તણાઈ આવતું જાનવર પણ દેખાતું. બાળકો તો ઉછળતા અને કુદતા આ અપુર્વ દ્રશ્ય નીહાળતા. બધાંએ રીંછનાં કે હરણનાં ચામડાં અંગ પર વીંટાળેલાં હતાં. સૌના હાથમાં લાકડીઓ કે પથ્થરનાં હથીયારો પણ હતાં.

સામો કાંઠો બહુ આકર્ષક હતો. ત્યાં દુર ઉંચા ઘાસની પાછળ રમવાની મજા આવે તેવું ઘાસનું સપાટ મેદાન હતું. ત્યાં જીભને લલચાવે એવાં, અનેક જાનવર નીર્ભયતાથી મ્હાલતાં દેખાતાં હતાં. પણ કદી કોઈ ત્યાં જઈ શકતું નહીં. આ બાજુ તો પ્રાણીનો શીકાર એ બહુ જફાવાળું કામ હતું. અને રીંછ, વાઘ, ચીત્તા વીગેરે આક્રમક પ્રાણીઓનો ભય સતત રહેતો. નદી ખાસ્સી ઉંડી હતી. બારે માસ તેમાં માથોડાં જેટલું પાણી ભરેલું જ રહેતું. ઉપરવાસનો બહુ લાંબો ચકરાવો લઈ, નદી સાવ સાંકડી બની જતી હતી; તે જગ્યાએથી જ ત્યાં જઈ શકાય એમ હતું. કો'ક સાહસીકો એક બે વાર એમ ત્યાં ગયા પણ હતા. પણ એ મુસાફરી બહુ કષ્ટ અને જોખમવાળી હતી. ગીચ જંગલો વટાવી, ત્યાં જવાતું. પણ એય દસેક દીવસની મુસાફરીને અંતે. અને ત્યાં પણ સામે કાંઠે આવું રળીયામણું મેદાન ક્યાં હતું? બસ બધે જંગલો જ જંગલો.ત્યાં ઘણા વાઘની વસ્તી પણ હતી. આથી કોઈ ત્યાં ન જતું.

કંઈ કેટલીય પેઢીઓથી પર્વત પરની ગુફાઓ છોડીને બધાં નદીના આ પર્વતાળ કીનારે વસ્યાં હતાં. જંગલનાં ઝાડ પરનાં ફળ અને જંગલનાં પ્રાણીઓનો શીકાર આ બે પર જ તેમનો જીવન ગુજારો થતો. કદીક નદીની માછલીઓ પણ પકડી લેતા. પણ એ સીવાય તેમને માટે નદી ભયાવહ હતી. એમાં પડે તે કદી પાછું ન આવી શકે તેમ મનાતું. પર્વત, જંગલો અને નદી કાંઠાનાં ભેખડો અને ગુફાઓમાં વસેલું એમનું ગામ અને થોડીક જ સપાટ જમીન – બસ એ જ એમની નાનકડી દુનીયા હતી. નદીના આ કાંઠે માઈલોના માઈલો સુધી આવો જ પહાડીઓ અને ભેખડોવાળો પ્રદેશ હતો. જે કોઈ બીજાં ગામો હતા, તે બધાંય નદીની આ તરફ જ હતાં. કોઈને નદીની પેલે પારની દુનીયાનો કશો જ ખયાલ ન હતો. એ બહુ આકર્ષક, સ્વર્ગ જેવો પ્રદેશ મનાતો. પણ ત્યાં જવું અશક્ય હતું.

ગોવાને હમ્મેશ સામે કાંઠે જવાનું બહુ મન થતું. નાનો હતો ત્યારે ભેરુઓની હારે ગામની ભેખડોમાં સંતાકુકડી રમવાની મજા તો બહુ આવતી. પણ સામેનાં હરીયાળાં મેદાનોમાં મહાલવાનું આખી વાનરસેનાને બહુ મન થતું. પણ માળી આ નદી જ વચ્ચે આડી આવતી. હવે તો એ પચીસ વરસનો અણીદાર મુછોવાળો યુવાન હતો. પણ બાળપણનું

એ સ્વપ્ન એના માનસમાંથી કદી હટ્યું ન હતું. એ એના મીત્રો સાથે આ સ્વપ્ન હમ્મેશ વાગોળતો. બધાં એને પાગલ સમજતા. નદી ઓળંગવાનું સાહસ કદી કોઈએ કર્યું ન હતું. ગોવાની આંખમાં તરવરતી અને સળવળતી આ આકાંક્ષાઓ જોઈ તેને નદીમાં ડુબી ગયેલા કોઈ પ્રેતનું વળગણ હોય; તેમ બધાં માનતાં. ગામની પાછલી કોર આવેલા પહાડમાં આવેલી જોગમાયાની ગુફામાંની, પથ્થર પર જંગલી વેલાઓના રસથી ચીતરેલી, દેવીને ગોવાની મા કાકલુદી ભરી વીનવણીઓ કરતી કે, ગોવાના મનનું આ ભુત દુર થાય. ગોવાનેય આ દેવીમાં બહુ આસ્થા હતી. કેટકેટલી વાર એણે પેલા સ્વર્ગપ્રદેશની સફર કરાવવાની આરત કરેલી અને હરણનું નાજુક માંસ દેવીને ધરવાની માનતા પણ માનેલી. પણ દેવીની કૃપા હજુ તેની ઉપર વરસી નહોતી; તેનો ખેદ ગોવાને હમ્મેશ રહેતો.

દરેક પુર વખતે કરતો હતો તેમ, ગોવો એકીટશે સામો કાંઠો જોઈ રહ્યો. તેની અને તેના સ્વપ્ન આડે વચ્ચે આ ધુઘવતી નદી એને કણાની જેમ ખુંચી. પોતાની જાતને એ સાવ અસહાય બની ગયેલી અનુભવી રહ્યો. તેની યુવાનીને, તેના સમસ્ત અસ્તીત્વને આ પડકાર હતો. એની આસ્થાને પડકાર હતો. એના પચીસ વરસના જીવનમાં આ સ્વપ્ન જ તેને માટે સર્વસ્વ હતું. ગામની કોઈ જુવાનડીનું રુપ તેને આકર્ષી શકતું ન હતું. પેલી રુપલીના બધા ચાળા તેની આગળ કશા કામના ન હતા. એની સ્વપ્નસુંદરી હતી – સામેના કાંઠાની હરીયાળી ધરતી - એની સપનભોમ. એ જ એનું સ્વર્ગ. બાકી બધું ધુળ. બસ! એ લીલાંછમ્મ ઘાસમાં એક જ વાર આળોટવા મળે.

અને ત્યાં જ એ દેખાણી!

એક મોટું ઝાડ તણાઈને આવતું હતું. તેની ઉપર એક જંગલી બીલાડી ભયભીત બનીને, લાકડાના ઠુંઠાને ચોંટીને બેઠેલી હતી. આમેય ગોવાને આવાં નાનાં જાનવરો બહુ ગમતાં. ગામના બધાં કુતરા અને બીલાડીઓ તેને મહાપ્રાણ જેવાં હતાં. આ બીલાડીનું દુખ ગોવાથી સહન ન થયું. પાણીમાં થોડે આગળ જઈ હાથમાંની લાંબી અને કડીયાળી ડાંગ તેણે લંબાવી. બીલાડીના સારા નસીબે ડાંગમાં એક ડાળી ભરાઈ. ગોવાએ બળપુર્વક ડાંગને ખેંચી. સાથે ઝાડ પણ ખેંચાઈ આવ્યું. હવે બીલાડીને પણ હીમ્મત આવી. તેણે કુદકો માર્યો. એક જ કુદકે મરણીયા બનેલી બીલાડી આ કાંઠે આવી ગઈ; અને છલાંગ મારીને ભાગી ગઈ.

કોણ જાણે ગોવાને એ ઘડીએ શું શુરાતન સુઝ્યું; તે કુદકો મારીને એ તો ઝાડ ઉપર જઈ પુગ્યો. બધાં ગામવાસીઓના મોંમાંથી રાડ નીકળી ગઈ. ગોવાની મા તો રડવા જ લાગી. “ અરેરે! ગોવા, તને આ શી કમત સુઝી? પાછો વળી આવ્ય, મારા બેટા!” રુપલી તો બેભાન જ બની ગઈ. નદીનું પુર જોવા આવ્યાં હતાં; પણ હવે ક્યાં કોઈની નજર નદી ઉપર હતી? પાંચસો આંખો એકીટશે ગોવાની પ્રત્યેક હીલચાલને નીહાળી રહી. હવે શું થશે? તેમની અને ગોવાની વચ્ચે કુંફાડા મારતા જળરાશીનો એક દુર્ભેદ્ય અંતરાય ઘુરકીયાં કરતો હતો. કોઈ શક્યતા જ ન હતી કે, ગોવો આ બાજુ આવી શકે.



પહેલો ગોવાળીયો

અને બધાંના આશ્ચર્ય વચ્ચે ગોવાએ તેની લાંબી ડાંગ નદીના પટમાં ખોસી ધક્કો માર્યો. ઝાડ તો હવે નદીના પ્રવાહની ઘણે અંદર જઈ તરવા માંડ્યું. આવા બે ચાર હડસેલા અને ગોવો તો નદીની મધ્યમાં પહોંચી ગયો. બધાના મોંમાંથી ચીસ નીકળી ગઈ. 'નક્કી હવે ગોવાનું આવી બન્યું. હવે ગોવો ગયો સમજો. ' પણ આજે સાક્ષાત કાળભૈરવે ગોવાના મનનો કબજો લીધો હતો. તેના મગજમાં ભરાયેલું પેલું ભુત આજે રાજાપાઠમાં હતું. એ આખી ભુતાવળે તેની ચીત્તનો કબજો લઈ લીધો હતો. ગમે તે થાય, પેલે પાર પહોંચવું જ છે.

**અનુક્રમણીકા**

પહેલો ગોવાળીયો

## પ્રકરણ – 2 : નદીની પેલે પાર

અને છેવટે ગોવો નદીના સામેના કાંઠાની સાવ નજીક જઈ પહોંચી ગયો. અહીં તો નદી સાવ છીછરી હતી. ગોવાએ એક છલાંગ મારી અને ઝાડ પરથી ઓલ્યા કાંઠા ઉપર તેનું અવતરણ થયું. આ પહેલું માનવ-પગલું એ સપનભોમમાં પડ્યું હતું. આ એક પગલું સમગ્ર કોમને - અરે! આખી માનવજાતને - એક નવા યુગમાં, સંસ્કૃતીની એક અપરીવર્તનશીલ પ્રક્રીયામાં ધકેલી દેવાનું હતું. કાળના ગર્ભમાં ગુફામાંની પેલી જોગમાયાની આ કોઈ ગેબી યોજના સાબીત થવાની હતી.

કાંઠે પગ મુક્યો ન મુક્યો અને ગોવાએ દોટ મેલી. રેશમ જેવી રુપાળી રેતીનો પટ ઓળંગી, એ તો માથોડાં ઉંચા ઘાસના બીડમાં ખોવાઈ ગયો. એ ઉંચા ઘાસના ઠીક ઠીક પહોળા પટની પેલી પાર એની સપન ભોમકા હતી. એ જ તો એના નાનકડા જીવનની નાનકડી આશા હતી. એનું સર્વસ્વ હતું. પણ એ લહલહાતી હરીયાળી ભેળા થઈ જવાના ધખારામાં એ પોતાની ડાંગ નદીકાંઠે છોડી આવ્યો હતો.

સામે કાંઠે આખું ગામ હેરત ભરી આંખે આ અભુતપુર્વ દ્રશ્ય નીહાળી રહ્યું. હવે ગોવો દેખાતો ન હતો. સૌ ભયથી થરથરી રહ્યાં હતાં. પસીને રેબ ઝેબ. બસ કાળભૈરવ કે કોઈ જંગલી જાનવર હમણાં જ ગોવાનો કોળીયો કરી જશે. ગોવો તો હવે ગયો. કદી કોઈ નદી ઓળંગી પાછું આવ્યું છે કે, ગોવો આવે? ગોવાની મા અને રુપલી ટોળાંની વચ્ચે બેભાન પડ્યાં હતાં. હવે તેમનો ગોવો તો ગયો જ. હીબકાં લેતા ગોવાના ગોઠીયા એકમેકને સધીયારો આપતા હતા, કાળભૈરવને તેમનો વ્હાલો ગોવો પાછો આપવા વીનવતા હતા. ઘરડેરાં માથે હાથ દઈને બેસી પડ્યા.

પણ આ શું કૌતુક? બધાં ગોવાને ઘાસના બીડમાંથી બહાર નીકળી તેનીય પેલે પાર જતો નીહાળી રહ્યા. હવે તો એ કીડી જેવો નાનો થઈ ગયો હતો અને માંડ દેખાતો હતો. બધાંની દુવાઓ કામ કરી ગઈ હતી. કાળભૈરવ રીઝાયો હતો. એણે ગોવાને મોતના મુખ સુધી લઈ જઈ પાછો મુક્યો હતો. ન બનવાનું નજર સામે બની રહ્યું હતું. ગોવાએ એમની બધી પ્રણાલીકાઓ તોડી દીધી હતી. બધી માન્યતાઓને, બધી પરંપરાઓને ગોવો ખોટી સાબીત કરી રહ્યો હતો. ઝાડ અને ગુફાઓમાં જીવાતી જીંદગીમાં એક આમુલ પરીવર્તનનું બીજ રોપાઈ ગયું હતું.

ઘાસના બીડમાંથી ખાલી હાથે બહાર આવી ગોવાએ પોતાની સપનભોમકામાં સફર શરુ કરી. જાતજાતનાં પ્રાણીઓ ત્યાં નીર્ભય રીતે ચરી રહ્યાં હતાં. ગોવો મન મુકીને એ ઘાસમાં આળોટ્યો. તેની આરત ગુફામાંની જોગમાયાએ પુરી કરી હતી. એની સપનભોમકા એને મળી ગઈ હતી. તેનું જીવનકાર્ય સીધ્ધ થયું હતું. તે નાચ્યો અને કુદ્યો. મોટા રાગડાથી તેણે પોતાના અમર્યાદીત આનંદની અભીવ્યક્તી કરી.

પહેલો ગોવાળીયો

પહેલો ગોવાળીયો

આમ કોણ જાણે કેટલો સમય પસાર થયો હશે. હવે ગોવો વાસ્તવીકતાની ધરતી પર પાછો પટકાયો. પેટમાં કકડીને ભુખ લાગી હતી. પણ એની પાસે શીકારનાં કોઈ પણ સાધન ક્યાં હતાં? અરે! આ સપનભોમકામાં પથ્થરનો એક ટુકડો પણ ભળાતો ન હતો. તેણે બકરી જેવા એક જાનવરને પકડી લેવાની ઘણી પેરવાઈ કરી. પણ એ જાનવર તેના કરતાં ઘણું ચાલાક નીવડ્યું. ગોવાને પાછળ પાડીને એ તો રફુચક્કર થઈ ગયું. બીજાં જાનવરો પણ આ નવી આવી પડેલી હરકતથી જાન બચાવવા ભાગી છુટ્યાં. હવે આખી હરીયાળીમાં એકમાત્ર ગોવો જ બાકી રહ્યો હતો. ઘાસ આરોગવાની એની ક્ષમતા પણ ક્યાં હતી? અરે! પીવાનું પાણી પણ બીડની પેલે પાર પાછળ રહી ગયું હતું. કાજળકાળી ઘનઘોર રાત પધારી ચુકી હતી. આખા વાતાવરણમાં સન્નાટો છવાયેલો હતો.

ભુખ્યા, તરસ્યા અને હતાશ ગોવાએ લથડતાં લથડતાં પારોઠનાં પગલાં માંડ્યા. માંડ માંડ બીડને ઓળંગી તેણે નદીકાંઠાની રેતીમાં પગ મેલ્યા. નદીનું પુર તો ક્યારનુંય ઓસરી ગયું હતું. પેલું ઝાડ તો ક્યારનુંય તણાઈ ગયું હતું. ગોવા પાસે પેલી કડીયાળી ડાંગ સીવાય કોઈ સાધન ન હતું કે, તે બીજા કોઈ ઝાડને પાડીને ફરી પાછો ગયો હતો તેમ આવી શકે. અને સામે કાંઠે કોઈ ઝાડ પણ ક્યાં હતું. ઘણે દુર, ઘાસના એ મેદાનની પેલી પાર, વૃક્ષોની હાર દેખાતી હતી. પણ ત્યાં સુધી ગોવો પહોંચે તો પણ તેની પાસે ઝાડ કાપવા માટેનાં કોઈ સાધન પણ ક્યાં હતાં?

ગોવો હવે મુંઝાયો હતો. તેનું જીવનસ્વપ્ન સાકાર થયું હતું. પણ હવે તે આવ્યો હતો, તે રીતે પાછો જઈ શકે તેમ ન હતું. હવે તે બીજા જ કોઈ વીશ્વનો રહેવાસી બન્યો હતો. પોતાના વ્હાલસોયા ગામથી એનો છેડો ફાટી ચુક્યો હતો. તેની સપનભોમકા તેને મળી હતી; પણ એ તેના કશા કામની ન હતી. પણ એની મા અને સાથીદારોથી એ વીખુટો પડી ગયો હતો. એની હાલત ત્રીશંકુ જેવી બની ગઈ હતી. આ ઠગારી નવી દુનીયા ઉપર તેને અસુયા થઈ આવી.

એક બીજી આકાંક્ષા હવે તેના માનસમાં જન્મી. ગમે તે થાય – ગામ અને ઘરભેળા થવું છે. કલાકો વીતી ગયા. અહીં તેની પાસે ક્યાં કશું ખાવાનું હતું? ક્યાં કોઈ સહાનુભુતી આપે તેવા સાથી હતા? ગોવો ભુખ અને એકલતાથી વ્યાકુળ બની ગયો. કાજળકોરી ઘનઘોર રાતમાં તેનું અરણ્યરુદન સાંભળનાર કોઈ ન હતું. અરે! હવે તો ગુફાવાળી જગદંબા પાસે આરત કરવા પણ ક્યાં જઈ શકાય તેમ હતું? ગોવાને પોતાના વીનાશના ઓળા ઉભરતા લાગ્યા. મરણના પ્રદેશની કાળી રાત પડી ચુકી હતી. થાક અને હતાશાથી ગ્રસ્ત ગોવો લથડીયું ખાઈને નદીની રેતમાં ઢળી પડ્યો.

**અનુક્રમણીકા**



પહેલો ગોવાળીયો

## *પ્રકરણ – ૩ : ગુફાવાસીઓ*

ગોવો જ્યાં રહેતો હતો, તે નદીની પેલે પારની જગ્યા બહુ પુરાણી હતી. ગોવાનો કબીલો પરાપુર્વથી ત્યાં રહેતો હતો. તેના વડદાદા પણ નદીના ઉપરવાસમાં આવેલાં કોતરોમાંની એ ગુફામાં રહેતા હતા. ત્યાંજ એમનો સ્વર્ગવાસ થયેલો ગોવાએ જોયો હતો. એ વડદાદાજી બહુ અનુભવી હતા; અને બધાંને એમના માટે બહુ માન હતું. એ બહુ વાતો કહેતા. એમની વાતો પરથી જ ગોવાને પોતાના પુર્વજો વીશે જ્ઞાન મળ્યું હતું. અત્યારે જે 'આધુનીક' (!) સ્થીતીમાં તેમનો કબીલો જીવતો હતો, તે માટે તેમના અનેક પુર્વજોના અથાક પ્રયત્નો જવાબદાર હતા. કંઈ કેટલીય વીટંબણાઓને પાર કરીને અત્યારની સ્થીતીએ સૌનું જીવન આવ્યું હતું. જ્યારે જ્યારે તેઓ જોગમાયાની પ્રાર્થના કરતા; ત્યારે અચુક એ પુર્વજોને યાદ કરી તેમનો આભાર સૌ માનતા.

કંઈ કેટલીય પેઢીઓ પહેલાં એમના વડવા છેક ઉપર પહાડ પરની ગુફામાં રહેતા. એ ગુફા આમ તો બહુ જ બંધીયાર હતી. પથ્થરના અનેક ઘા મારી એ ગુફા રીંછો પાસેથી તેમણે પડાવી લીધી હતી. એમ ન થયું હોત તો રીંછોના આક્રમણ સામે તેમની સાવ નાનકડી વસ્તી ક્યારનીય ખતમ થઈ ગઈ હોત. આકરા શીયાળાનો મરણતોલ માર પણ એ ગુફા વીના એ પુર્વજો ક્યાંથી જીરવી શક્યા હોત? ગુફાના મુખ આગળ ઝાંખરાં અને નાના પથ્થરો રાખી એમણે દરવાજો પણ બનાવ્યો હતો, જેથી માત્ર કબીલાના સભ્યો જ અંદર આવી શકે. એની બાજુમાં કલકલ કરતું ઝરણું વહેતું હતું; જેમાંથી કબીલાના સભ્યો માટે પુરતું પાણી મળી રહેતું. આ રીત તેમના વડવાઓ પાસેથી દુર દુરની ટોળીઓ પણ શીખી ગઈ હતી અને બધે માનવજીવન એવી ગુફાઓમાં જ જીવાતું. હમ્મેશ નવા શીકારની શોધમાં જુવાનીયાઓ દોડતા રહેતાં. કબીલાની સ્ત્રીઓ ફળ અને સુકા મેવા વીણવા જતી.

પણ વસ્તી વધતાં એ ગુફા ઘણી નાની પડવા માંડી હતી. વધી ગયેલી વસ્તી માટે શીકાર પણ પુરતો ન પડતો, ત્યાં વારંવાર રીંછનો ભો તો હજી પણ રહેતો હતો. રીંછોને માટે હવે બીજી કોઈ ગુફા નજીકમાં બાકી રહી ન હતી. વળી પેલાં ઝરણાંનું પાણી પણ હવે બધાંને પુરતું પડતું ન હતું - ખાસ તો નહાઈ ધોઈને ચોખ્ખા થવા માટે. આથી પાણીની બહુ તકલીફ પડતી હતી.

આથી વડદાદાના દાદા આખા કુટુમ્બને નદીના કીનારે આવેલાં આ કોતરોમાં લાવ્યા હતા. વધેલી વસ્તી માટે અહીં જગ્યા ઘણી હતી. નદીના પાણીનો અખુટ ખજાનો પણ સાવ નજીક હતો. રીંછ પણ આટલે નીચે આવવાની હીમ્મત કરતાં નહીં. આ ઉપરાંત જંગલી જાનવરોના આક્રમણનો મુકાબલો કરવા તેમની પાસે વધુ ઘાતક શસ્ત્રો પણ હવે હતાં. ચીકણા પથ્થરને ધાર કાઢી લાકડાંય ફાડી શકે તેવી કુહાડીઓ પણ તેમની પાસે હવે હતી. નાના તેજદાર પથ્થરોને ધાર કાઢી, તેની છરીઓ પણ તેઓ હવે હાથવગી રાખતા. જંગલી જાનવરો સાથેના હાથોહાથના મુકાબલામાં આ છરીઓના એક બે ઘા પ્રાણીને મરણ-શરણ કરવા સક્ષમ હતા. વળી આવી મોટી છરીઓ લાંબી લાકડીઓના છેડે લગાવી,



પહેલો ગોવાળીયો

પ્રાણઘાતક ભાલા પણ તેમણે બનાવ્યા હતા. આ ભાલા જાનવરોનો મુકાબલો દુરથી જ કરવાની ક્ષમતા આપતા હતા. કબીલાના અસ્તીત્વ અને વીકાસ માટે આ શસ્ત્રો અણમોલ હતા. જ્યારે વાર્ષીકોત્સવમાં બધા ભેગા થઈ પેલી જુની ગુફામાં આવેલ જોગમાયાની આરત કરવા જતા; ત્યારે આ શસ્રોની પુજા પણ અચુક કરવામાં આવતી.

છ પેઢીથી એ કોતરોમાં એમનો કબીલો રહેતો હતો. પણ રહેવાસ બદલાયો હતો એટલું જ. શીકાર, ઝાડ પરનાં ફળો અને સુકા મેવા એજ એમનો આહાર હતો. બાપદાદાની જુની ગુફામાં બીરાજમાન જોગમાયાની કૃપાથી અને નવાં શસ્ત્રોના કારણે આ સામગ્રી ઓછા કષ્ટથી મળતી - એટલું જ. એ માટે હવે થોડું ઓછું ઝઝુમવું પડતું હતું. પણ સામેના કીનારે અઢળક ઘાસમાં અસંખ્ય પ્રાણીઓને બીન્ધાસ્ત ચરતાં જોઈ, બધાંના મોંમાંથી લાળ ટપકતી. પણ નદી શી રીતે ઓળંગવી? પાણીથી એ સૌ બહુ ડરતા. હમણાં બે માસ પહેલાં જ નદીકીનારે રમતાં છોકરાંઓમાંથી એક છીછરા પાણીમાંથી દોડીને ઉંડા ધુના બાજુ ગયો હતો અને એમાં જ ગરી ગયો હતો. જો કોઈ પુખ્ત વ્યક્તી પણ આમ કરવા ગઈ હોય તો તે કદી પાછા આવી શકી ન હતી. આથી નદી ઓળંગવી એ બહુ મોટું પાપ મનાતું. એ આમન્યાનું ઉલ્લંઘન કરે એનો કાળભૈરવ કોળીયો કરી જતો - એમ મનાતું.

શીયાળાની હાડ થીજવી દે તેવી ઠંડી ખાળવા બધાં શરીર ઉપર ચામડાં વીંટાળતાં. સૈકાઓથી આ રસમ અપનાવવામાં આવી હતી. હવે વડવાઓની જેમ નીર્વસ્ત્ર ફરવું શરમજનક ગણાતું. હવે એ લોકો કાચું માંસ પણ નહોતા ખાતાં. પથ્થર અફળાવી તણખા પેદા કરી, સુક્કા ઘાસ અને પાંદડાંમાં આગ પેદા કરવાનું તેમને આવડી ગયું હતું. ઝાડની પાતળી ડાળીઓ અને પછી પાતળાં થડમાં આ આગ ફેલાવી એની ઉપર શીકાર રંધાતો.

નવરાં પડે ત્યારે બે ચાર આધેડ વયનાં સ્ત્રી પુરુષ જોગમાયાની ગુફાની મરામત કરી આવતાં. દર સાલ એમાં નવાં રંગરોગાન કરવાં પડતાં. માતાજી પ્રસન્ન થાય એના ઉપર જ એમના જીવનનો આધાર રહેતો. એ મોટી ગુફાની જોગમાયા સામે સળગતી ચીતાની ચોગરદમ, ઢોલના ધબુકે નાચવાનું સૌને બહુ ગમતું.

આવો નાચ ચાલતો હોય ત્યારે ગોવો બાજુએ બેસી રહેતો. તેનું ચીત્ત પરાક્રમી વડવાઓ પ્રત્યે આભાર અને અનુગ્રહની લાગણીથી અભીભુત બની જતું. તેને આવે વખતે એ પરાક્રમી વડવાઓના પગલે નવાં પરાક્રમો કરવા બહુ મન થતું. જોગમાયાની શક્તી પોતાનામાં આવે અને નદીની ઓલી પાર એ ક્યારે ડગ મુકી શકે, એનાં શમણાંમાં જ ગોવો ડુબેલો રહેતો.

****

વહેલી સવારના પવનની લહેરખીએ ગોવાને હલબલાવ્યો. અતીતનાં આ બધાં શમણાંમાંથી એ ઝબકીને જાગ્યો. ગોવાના મોંમાંથી એક નીસાસો સરી ગયો. ‘ એ બધાં શમણાં નીરર્થક થવા સર્જાયાં હતાં. તેની નીર્બળ દશામાં તે અહીં પરાયી ભોમમાં ભુખે ને તરસે ખપી જવા; રાની પશુઓનો ખોરાક થવા સરજાયો હતો. કદાચ નદીનું પુર ફરીથી ચઢી આવે; તો તે ક્યાંયનો ક્યાં તણાઈ જવાનો હતો. કાળભૈરવના ખપ્પરમાં તે ચપટીમાં હોમાઈ જવાનો હતો. તે

પ્રતાપી વડવાઓનું નામ બોળનાર કપાતર હતો - ગોવો 'ગાંડીયો', અક્કલ વગરનો, ચઢતા પુરમાં પ્રવાહની સામે ધસી જનાર મહા મુર્ખ.'

આ બધા વીચારોની પશ્ચાત-ભુમાં ભુખનું દુખ તેને સતાવી રહ્યું હતું. પેટમાં વીણાંચુંટાં થતાં હતાં. કોઈ સાધન કે શક્તી વીના પેટપુજાય શેં કરવી? થોડું આ ઘાસ ખવાય છે? અને તેનામાં તો ઉભા થઈ ચાલવાની તાકાત પણ ક્યાં રહી હતી ?

અને ત્યાં જ તેની આંખ સામે રેતીમાં તરફડતી એક માછલી દેખાઈ. ઘસડાઈને તે માછલી કને પહોંચ્યો. જોગમાયાની કેવી અનહદ કૃપા હતી? સામે ચાલીને શીકાર આરોગાવા ઉપસ્થીત થયો હતો. કાચી ને કાચી માછલીને મને કમને પેટમાં પધરાવી, પાણી પીધું ત્યારે એના જીવમાં જીવ આવ્યો. થોડી વારે તે ઉભો થયો અને સામા કીનારા પર આવેલા માદરે વતનની સામે તે પ્રેમથી નીહાળી રહ્યો. તેનાં મા બાપ, તેના ગોઠીયાઓ – બધાં યાદ આવી ગયાં. તેણે આજુબાજુ નજર કરી. પણ ક્યાંય તેનું વજન ઝીલી શકે તેવું ઝાડનું એકેય ઠુંઠું તેની નજરે ન ચડ્યું. જે રીતે તે નદીની આ પાર આવ્યો હતો તે રીતે પાછા જવાની કોઈ શક્યતા ન હતી. અહીં જ જીવન ગાળવું બહુ દોહ્યલું હતું. નદીના પાણીમાં ખાબકવાનું દુસ્સાહસ તેના કોઈ બાપદાદાએ કર્યું હોય તેમ તેને સાંભરતું ન હતું.

પણ હવે તેની જીજીવીષા જાગૃત બની ગઈ હતી. ફરી જોગમાયાનું એ સત અને વડવાઓનાં પરાક્રમનો ગર્વ એના ચીત્તને ખળભળાવી રહ્યો હતો. કોઈ નવા જ ભુતે તેના મનનો કબજો લઈ લીધો. તેની અવસાન પામેલી સ્વ-ગરીમા પુનઃ પ્રતીષ્ઠીત થઈ હતી. બધો નીર્વેદ, બધી હતાશાઓ, બધી વેદનાઓ ભસ્મીભુત બની ગઈ હતી. મા જોગમાયા સાક્ષાત તેના તનબદનને, તેણે કદી અનુભવી ન હતી તેવી તાજગી અને ખુમારી બક્ષી રહ્યાં હતાં. તે યુગ પરીવર્તન કરનાર, સમરાંગણનો યોધ્ધો હતો. તેના વહાલા કબીલાનો ઉધ્ધારક હતો. હવે તેને મરવું પોશાય તેમ ન હતું.

એક આવેશ, એક ધસમસતું જોમ, નસોમાં ધમધમતું ગરમ ગરમ શોણીત - અને પાણીનો બધો ભય કોરાણે મેલીને ગોવાએ નદીના પાણીમાં ઝુકાવ્યું. આ પાર કે પેલે પાર....

**અનુક્રમણીકા**

પહેલો ગોવાળીયો

## પ્રકરણ – 4 : તરવૈયો

પુર તો ક્યારનુંય ઓસરી ગયું હતું. નદીનો છીછરો ભાગ હવે બહુ થોડોક જ હતો. ગોવાએ કાંઠેથી છીછરા ભાગમાં ચાલવા માંડ્યું. સહેજ જ આગળ વધ્યો અને એકદમ તેના પગ નીચેની ધરતી સરકી ગઈ. તેણે તરત સમતોલન જાળવી, પગ પાછો ખેંચી લીધો. ડુબવાના ભયથી એણે પાછા કીનારા ભણી પ્રયાણ કર્યું. તે પાછો કીનારે જતો રહ્યો, અને વીચારમાં મશગુલ બની ગયો. તેની પાસે માત્ર બે જ વીકલ્પો હતા. એ કીનારા પર રહી નવો, અજાણ્યો જીવનસંઘર્ષ શરુ કરવો; અથવા પાણીમાં આંધળુકીયાં કરી ઝુકાવવું. બેઉ રીતમાં પોતપોતાનાં જોખમ હતાં.

બહુ વીચાર કરી તેણે બીજો વીકલ્પ પસંદ કર્યો. પણ પહેલો વીકલ્પ પણ તેને ખોટો લાગ્યો ન હતો!

તેણે ફરીથી છીછરા પાણીમાં ચાલવા માંડ્યું. ઉંડું પાણી આવતાં જ તેણે હાથ પગ હલાવવા માંડ્યા. પણ આ કળા તેની જાણીતી ન હતી. તે માંડ માંડ માથું પાણીની સપાટીની ઉપર રાખવા ઝઝુમતો ગયો. કદીક ડુબકું પણ ખાઈ લીધું. એકાદ વખત નાકમાં પાણી પણ ઘુસી ગયું. તેણે જોયું કે શ્વાસ ભરી રાખે, તો ડુબકી ખાતી વખતે બચી જવાય છે. અહીં તેને ક્યાં કોઈ આ નવી કળા શીખવવા આવવાનું હતું? બધું જાતે જ શીખવાનું હતું ને?

આમ તેણે બાથોડીયાં ભરવા માંડ્યાં. ઉભા ઉભા જ પાણીમાં તરતા રહેવાની કળા તેને ધીમે ધીમે હસ્તગત થવા લાગી. પણ આમ ડુબવાથી બચી જવાય. પણ આગળ શેં જવાય? આટલી પહોળી નદી પાર કરવાની હતી, અને આગળ તો ન જાણે શાં શાં નવાં જોખમ આવવાનાં હતાં? અડધોએક કલાક આ ગડમથલ ચાલી. પણ એક ડગલું પણ તે આગળ વધ્યો ન હતો. આ બલામાંથી કેમ ઉગરવું તેના વીચારો તે કરવા લાગ્યો. ધીમે ધીમે થાક પણ લાગવા માંડ્યો હતો.

અને તેને યાદ આવ્યું, બીલાડીઓ પાણીથી ડરતી, પણ કુતરાંઓને તેણે આસાનીથી નદી તરી સામે કીનારે પહોંચી જતાં જોયાં હતાં. તેને હવે ખબર પડી કે, કુતરાની જેમ શરીર આડું હોય તો કદાચ આગળ વધાય. તેણે ડરની સાથે શરીર લંબાવ્યું. હવે પાણી નાકની લગોલગ આવી ગયું હતું. ભયનું એક લખલખું તેને થથરાવી ગયું. તેણે જોશથી હાથ અને પગ વીંઝવા માંડ્યા. ખાસ આગળ તો ન વધાયું , પણ તેને લાગ્યું કે આડા રહીને પણ પાણીની સપાટીની ઉપર રહી શકાય છે. નાક બચાવી શકાય છે. હાથની ગતીથી ઉછળતી પાણીની છાલકો તેના ચહેરા પર પડતી હતી. પણ એ તેને હવે અકળાવતી ન હતી. થોડાંક ડુબકાં ખાતાં, થોડાંક સીધા કે વાંકા ચુંકા થતાં, નાકમાંથી થોડુંક પાણી પી જતાં તે ધીમે ધીમે બચતાં શીખવા માંડ્યો. ઉંડો શ્વાસ ભરી બે ઘડી પાણીમાં પડેલા રહી થાક ઉતારવાની કળા પણ ધીમે ધીમે તેને આવડવા માંડી.

આ ગડમથલ થોડોક વખત ચાલી અને ધીમે ધીમે હાથ અને પગની ચાલ વચ્ચે સંવાદીતા સધાવા માંડી. તેણે હરખથી જોયું કે, તે કીનારાથી ઠીક ઠીક દુર આવી ગયો હતો. પણ મંજીલ તો હજુ ઘણી દુર હતી. તેને ડર પણ લાગવા માંડ્યો કે, નદીની મધ્યમાં પહોંચી ગયા પછી થાકના માર્યા તે ડુબી જશે. તેણે પાછા જવું કે આગળ વધ્યે રાખવું? તેણે ફરી જોગમાયાને યાદ કરી; પોતાના પ્રતાપી વડદાદાને અને તેમના વડવાઓને યાદ કર્યા. આ બધાં તેની ભુજાઓમાં બળ આપે અને આ વૈતરણી પાર કરાવે એવી આરત તેના મનમાં ચાલી રહી. તેણે માનતા માની કે, જો તે વતન પાછો ફરી શકશે, તો જોગમાયાની ગુફામાં બને એટલા જલદી પહોંચી, જાતે વીણેલાં સરસ સુકા મેવા પણ ધરશે.

આ નવા વીશ્વાસના બળમાં તેના હાથપગ ઝપાઝપ ચાલવા લાગ્યા. અંતર કપાવા લાગ્યું. હવે તે નદીના મધ્ય ભાગની સાવ નજીક પહોંચી ગયો હતો. પણ થાકેય બરાબર ચડ્યો હતો. તેણે નીર્ગત થઈ, શ્વાસ રોકી આડા આડા જ હાથ પગ લંબાવ્યા. અને આ શું? તેને ખબર પડી કે તે આમ થોડો વખત પાણી ઉપર સુઈ પણ શકે છે. આ નવું બ્રહ્મજ્ઞાન તેને બહુ મીઠું લાગ્યું. હવે તે થોડાક તરવાના ઝપાટા બાદ આમ આરામ લેતાં શીખી ગયો. બે ડગ આગળ, તો એક ડગ પાછા; ઘડીક ઉભા ઉભા; તો બે ઘડીક વીરામ. આમ તેની ગાડી મંથર ગતીએ આગળ વધવા લાગી.

હવે તેણે નદીનો મોટાભાગનો પટ કાપી નાંખ્યો હતો. હવે વતનનો કીનારો નજીક દેખાતો હતો અને પેલી અજાણી ભોમકા દુર અને દુર સરી રહી હતી. તેનો વીશ્વાસ હવે વધવા લાગ્યો. મા જોગમાયા તેને મદદ કરી રહી હતી, તેના પુર્વજો અંતરીક્ષમાંથી તેને પોરસ ચડાવી રહ્યા હતા. તેનાં માબાપની, ગોઠીયાઓની યાદ; તેમને ફરી મળવાની આરજુ તેની થાકેલી રગોમાં આશાઓ જન્માવી રહી હતી. ધગધગતુ લોહી તેના હાથપગને મરણીયા પ્રયત્નો કરવા શક્તી આપી રહ્યું હતું. ગોવો કીનારાની સાવ નજીક પહોંચી ગયો. પણ હજુ છીછરો ભાગ તો દુર જ હતો. બે ચાર જ ઝપાટા અને કીનારો આવી જશે.

અને ત્યાં તેના પગને કોઈ ચીકણો સ્પર્શ થયો. એક મોટી માછલી તેને અડકીને ચાલી ગઈ હતી. તે એકદમ ચોંકી ગયો. તેના થાકેલા હાથપગમાં ભેગી થયેલી તાકાત ઓસરી ગઈ. તેના ભરાઈ ગયેલાં ફેફસાં હવે હડતાલ પર ઉતરી ગયા. હવે શ્વાસ ભરી રાખવાની તેમની ગુંજાઈશ ખતમ થઈ ચુકી હતી. તેનું ધ્યાન બેધ્યાન થઈ ગયું. જીજીવીશાના બધા સંકલ્પો કડડભુસ થઈને તુટી પડ્યા. હવે આગળ એક ડગ પણ તે જઈ શકે તેમ ન હતો. થોડા ઘણા ભરી રાખેલા શ્વાસે તેણે છેલ્લું ડુબકું ખાધું. અને તેની કાયા નદીની સપાટીની નીચે સરવા લાગી. ગોવાએ બધું ભાન ગુમાવી દીધું.

અને એક ઘેરી નીદ્રામાં તે સરકી ગયો.

**અનુક્રમણીકા**

પહેલો ગોવાળીયો

પહેલો ગોવાળીયો

## *પ્રકરણ – 5 : તારામૈત્રક*

નદીથી સહેજ ઉંચે, એક ખડક ઉપર તે ખીન્ન વદને ઉભેલી હતી. પોતાના કબીલાના કોતરથી થોડેક દુર આવેલા મામાના કબીલાથી તે હમણાં જ આવી હતી. નદીનું પુર તો ઓસરી ગયું હતું; પણ તેના શોકનું ઘોડાપુર ક્યાં ઓસરવાનું નામ જ લેતું હતું? તે વીસ વરસની, યૌવનથી છલકાતી, નવયૌવના હતી. તેની ઉમ્મરની બીજી યુવતીઓ તો બે ત્રણ છોકરાંની મા પણ બની ગયેલી હતી. તેની બીજી સખીઓ કરતાં રુપલી સાવ ભીન્ન હતી. તેને બીજી છોકરીઓની જેમ યુવાનોમાં અને બાળકોમાં રસ ન પડતો. એ વીરાંગના હતી. એને જંગલોમાં , કોતરોમાં, ગુફાઓમાં ધુમવાનો ગાંડો શોખ હતો. તે અચુક શીકારમાં બધાંની સાથે જોડાતી. રુપલીનું મન કોઈ યુવકમાં હજુ લાગતું ન હતું – સીવાય કે, ગોવો. અને તે પાગલ તો છોકરીઓ બાબત સાવ નીર્લેપ હતો. તેને તો નદી ઓળંગી સામે પાર જવાનું ઘેલું જ લાગેલું હતું.

તે નાની બાલીકા હતી ત્યારથી અવારનવાર મામાના થાનકે જતી. ગોવા અને બીજા બાળકો સાથે તેને રમવાનું બહુ ગમતું. યુવાનીમાં આવતાં એ રમત ક્યારે પ્રીત બની ગઈ; એની એને ખબર જ ન પડી. એ ગોવાના મનની રાણી બનવા ઝુરતી હતી. પણ ગોવો જેનું નામ? એ સહેજે મચક જ આપતો ન હતો. નદી પાર કરવાની ધુન સીવાય એને કાંઈ સુઝતું જ ન હતું. અને એ ધુનમાં ને ધુનમાં તો એણે પોતાના પ્રાણની આહુતી આપી દીધી હતી. ગોવો હવે પાછો આવે તે અશક્ય હતું. કાળભૈરવ એને ગ્રસી ગયો હતો. જે મલકમાંથી કોઈ પાછ્યું આવ્યું ન હતું; તે મલકમાં એ ક્યાંય ગરી ગયો હતો. તેને નદીમાં ખાબકતો જોઈ, રુપલી બેભાન બની ગઈ હતી; અને મામાના ઘરનાં બધાં તેને કોતરમાં લઈ ગયા હતા. ભાનમાં આવતાં બે જણ સાથે મામાએ તેના માબાપ પાસે પાછી મોકલી હતી.

ગોવા વીનાનું જીવતર તેને હવે અસાર લાગતું હતું. એ ચીર વીજોગણની જેમ ખાલી જીવન જીવવા માંગતી ન હતી. નદીમાં પડતું મુકીને કાળભૈરવને પોતાની આહુતી આપવા તે લાલાયીત બની ગઈ હતી. એના સમાજમાં મોટાભાગે સ્ત્રીઓ મારણને સાફ કરી, રસોઈ બનાવવાનું અને જરુરનાં હાડકાં અને ચામડાં સાફ કરી, ભેગાં કરવાનું કામ કરતી. ઝાડ પરથી ફળો અને સુકા મેવા પણ સ્ત્રીઓ જ ભેગી કરતી. એમના સમાજમાં સ્ત્રીઓ બહુ જ આદરપાત્ર ગણાતી. બધા અગત્યનાં કામ એમને પુછીને થતાં. માટે જ તો બધા કબીલાઓની સામાન્ય આરાધ્ય દેવી પર્વત પરની ગુફામાં આવેલી જોગમાયા ગણાતી. બધી સ્ત્રીઓ એનો અવતાર મનાતી. કોઈ સ્ત્રીનું મન દુખવવું એ મહાન પાપ મનાતું. એને શારીરીક હાની પહોંચાડવી કે એની ઈચ્છા વગર એની સાથે સહચાર કરવો, એ કોઈ સ્વપ્ને પણ કલ્પી ન શકતું. નદી કીનારે રહેતાં બધાં કબીલાઓની આ પરાપુર્વથી ચાલી આવતી આચાર સંહીતા હતી.

અને રુપલી એક વીશીષ્ટ સ્ત્રી હતી. કોઈ એને સમજી શકતું નહીં. એનું મન મનાવવા, એને આકર્ષવા કેટકેટલા યુવકો ઝુરતા હતા. પણ કોઈને રુપલી મચક આપતી ન હતી. હવે ગોવાના અદ્રશ્ય થયા બાદ, તો એ બધા એને સાવ

અકારા લાગવા માંડ્યા હતા. એમાંના કોઈની સાથે ઘર માંડવાની તો વાત જ ક્યાં રહી? હજુ તે મનથી માની શકતી ન હતી, કે ગોવો હવે નથી. પણ હવે કોઈ આશા રહી ન હતી. કાળભૈરવના મોંમાંથી ગોવો પાછો આવે તે અશક્ય હતું.

આવા મનના વીકારો અને ઉદ્વેગના આવેશમાં તે નદીમાં પડતું મેલવાની તૈયારી કરી રહી હતી. તેણે ખડક પરથી નીચે નજર કરી. ત્યાં જ તેને દુર ખડકની કોરમાં કાંઈક દેખાયું. તેણે બરાબર નજર કરી. કીનારા પરના એ ખડક આગળ નદી વળાંક લેતી હતી અને બે ભેખડની વચ્ચે તીરાડમાં કશુંક તરતું હતું. તેના સાહસપ્રીય સ્વભાવને આની તપાસ કર્યા વીના,  નદીમાં પડતું મેલવાનું ઠીક ન લાગ્યું. તે સફાળી દોડી. ખડકો પર ઠેકડા મારતી, તે ત્યાં પહોંચી ગઈ.

અને આ શું? ગોવાનું શરીર નીશ્ચેશ્ઠ બનીને પાણીમાં તરતું હતું. એનો જમણો હાથ આ બે ખડકોની તીરાડમાં ફસાયેલો હતો. રુપલી હાંફળી ફાંફળી બની દોડી. એની પ્રાર્થનાઓ, એની આરત જોગમાયાએ સાંભળી હતી અને કાળભૈરવના ખપ્પરમાંથી એના ગોવાને જોગમાયાએ ઉગારી આપ્યો હતો. આ જગ્યાએ નદી સાવ છીછરી હતી. રુપલીએ હીમ્મત કરી અને નદીમાં પગ મુક્યો. સાચવીને ગોવાનો હાથ તેણે છોડાવ્યો. બળપુર્વક એણે ગોવાના બન્ને હાથ પકડી એને કીનારે ખેંચ્યો. રેતીવાળા કોરા કીનારે તે એને ખેંચી લાવી. એના નાકમાંથી ધીમો ધીમો શ્વાસ ચાલી રહ્યો હતો. ગોવાને ઉંધો પાડી તેનું પેટ અને છાતી દબાવી એણે ગોવાને ભાનમાં લાવવા પ્રયત્ન કરવા માંડ્યા. ઘણું બધું પાણી એના મોંમાંથી નીકળી ગયું. પણ તેનું શરીર સાવ ઠંડુગાર હતું. એના શરીર પરનું ચામડું તો ક્યાંય સરી ગયેલું હતું.

રુપલીએ કશાય સકોચ વગર પોતાની કાયા પરનું આવરણ કાઢી નાંખ્યું; અને ગોવાની ઉપર સવાર થઈ ગઈ. એના શરીરની ગરમીથી ગોવાને ગરમાવો મળવા માંડ્યો. આ સ્પર્શની અનુભુતી રુપલી માટે નવી હતી. તેણે સખીઓ પાસેથી આ સ્પર્શની, આ આલીંગનના આહ્લાદની ઘણી વાતો સાંભળી હતી. પણ એ આનંદ માણવો તો હજુ ઘણો દુર હતો. એની સોડમાં તો એના મનના માણીગરની જડ અને નીશ્ચેશ્ટ કાયા જ હતી. ગોવો જીવન અને મરણ વચ્ચે ઝોલાં ખાઈ રહ્યો હતો. પણ રુપલી ગોવાના હૃદયના ધીમા ધીમા ધડકાર અનુભવી શકતી હતી. એને આશા બંધાણી કે, ગોવો જરુર આંખો ખોલશે. રુપલી એ શુભ ઘડીની રાહ જોઈ રહી.

ધીમે ધીમે ગોવાનું શરીર ગરમ થવા માંડ્યું. કંઈ કેટલોય સમય ગયો હશે. સાંજ ઢળવા લાગી હતી. બબ્બે દીવસના પરીતાપના અંતે, આ નવા આવીષ્કાર અને ધીમે ધીમે ગરમ બની રહેલા ગોવાના શરીરથી બંધાતી આશામાં રુપલીની આંખ મળી ગઈ. બન્ને દેહ એકમેકને ચોંટીને નદીને કીનારે પડ્યાં હતાં – એક નવા જીવનની શરુઆત પહેલાંની એ અંધારી રાત હતી.

અને ઉષાના ભરભાંખળા પ્રકાશમાં રુપલી આ ઘેરી નીંદરમાંથી જાગી. એની પડખે ગોવો સુતેલો હતો અને અનીમેષ નજરે એને નીહાળી રહ્યો હતો. રુપલીનું મન ગોવાની ખુલ્લી આંખ જોઈ નાચી ઉઠ્યું. બન્ને એકબીજાને ભેટી પડ્યા.

પહેલો ગોવાળીયો

પહેલો ગોવાળીયો

આંખમાં આંખ પરોવી અંતરના ભાવ પારખી રહ્યા. આ તારામૈત્રક એક નવી અને અણકથી બીરાદરીનું, એક નવા સાહચર્યનું, એક નવા જીવનનું પ્રતીક હતું. એ આંખોમાં કોઈ વાચા વીનાનો અન્યોન્ય પ્રત્યે પ્રેમનો એકરાર હતો. ગોવાએ હળવેકથી રુપલીના હોઠ ચુમ્યા. બન્ને દેહ મડાગાંઠ જેવા આલીંગનમાં એકમેક્ની સાથ ભીડાયા.

અને દુર ઝાડીમાંથી બે જલતી આંખ આ દૃષ્ય ઈર્ષ્યાથી નીહાળી રહી હતી.

અનુક્રમણીકા

પહેલો ગોવાળીયો

## *પ્રકરણ – 6 : મુકાબલો*

થોડીએક વાર ગોવો અને રુપલી આમ આલીંગનના બંધનમાં જકડાયેલા પડી રહ્યાં. સ્ત્રીના નગ્ન દેહના સ્પર્શના આ પહેલા અનુભવે, ગોવાની નસનસમાં પ્રચ્છન્ન રહેલું પુરુષાતન જાગી ઉઠ્યું. નવસર્જનનું બીજ કુંવારી ભોમકામાં રોપાવા સળવળી રહ્યું. અને ગોવાએ પ્રણયકેલીમાં આગળ વધવા હાથ લંબાવ્યો.

પણ રુપલીએ તેને આગળ વધતો ખાળ્યો, અને બોલી," ગોવા! હાલ્ય. જોગમાયાને પગે લાગી આવીએ.પછી તો આખી ને આખી રુપલી તારી થવા ક્યારનીય તલપાપડ છે જ ને?" એ સમાજની આ સર્વસંમત આચારસંહીતા હતી. સાવ સાદી લગ્નવીધી હતી. મળેલા બે જીવ માતા આગળ પોતાનાં હૈયાં ઠાલવતાં અને અંતરની વાણીથી એની આગળ એકમેકને સમર્પીત થવાના કોલ આપતા. એ વગર પાંગરેલો સંબંધ ટકે નહીં, એમ મનાતું.

ગોવાએ પ્રયત્નપુર્વક પોતાના ધસમસતા આવેગને ખાળ્યો. બન્ને છુટાં પડ્યાં અને ઉભાં થયાં. રુપલીએ પોતાની પથ્થરની છરી વડે, બાજુમાં ફગાવેલા ચામડાના બે ટુકડા કર્યા અને બન્નેએ એનાથી પોતાના દેહ ઢાંક્યા. મોતના મોંમાંથી માંડ પાછા આવેલા, અને ભુખના દુખે નીર્બળ બનેલા ગોવાના પગ લડખડાવા માંડ્યા. રુપલીએ એને ટેકો આપ્યો અને બન્ને જોગમાયાની ગુફાની દીશા તરફ હાલવા માંડ્યા. થોડેક આગળ જ અખરોટના ચાર પાંચ ઝાડ આવેલાં હતાં. રુપલીએ પથ્થર તાકીને અખરોટો પાડવા માંડી. આ ક્રીયાથી લયબધ્ધ ઉછળતાં તેનાં વક્ષસ્થળોને ગોવો રસપુર્વક નીહાળી રહ્યો.

અને પાછળ ઝાડીમાંની ઝેરમાં જલતી, પેલી બે આંખો પણ આ રાસ નીહાળી રહી હતી. ભુલાથી હવે પોતાનો ક્રોધ રોકવો અસંભવ બની ગયો.

ભુલો રુપલીના કબીલાથી નદીની વધારે નીચલી બાજુએ આવેલ એક કબીલાનો સભ્ય હતો. જેમ રુપલી ગોવા પાછળ પાગલ હતી, તેમ ભુલો રુપલીના રુપ પર ફીદા હતો. રુપલીને પોતાની કરવા તે ક્યારનોય વલવલી રહ્યો હતો. રુપલીને મનાવવા તેણે કાંઈ બાકી રાખ્યું ન હતું. સસલાંની નાજુક પાંસળીઓમાંથી કેટલી મહેનત કરીને તેણે ધોળી બખ્ખ માળા બનાવી હતી અને રુપલીને ભેટ આપી હતી. પણ રુપલીએ તે તીરસ્કારમાં ફેંકી દીધી હતી.

ગોવાના નદીની પેલે પાર અદ્રશ્ય થયા બાદ તેની આશા ફરીથી સજીવન બની હતી. ફરીથી જાગેલી આ આશામાં એણે રુપલી મળે તે માટે જોગમાયાની માનતા રાખી હતી. હવે જરુર પોતાની આરત ફળશે, એમ ભુલો માનવા લાગ્યો હતો. રુપલીનું દીલ જીતી લેવા એણે કમર કસી હતી. રુપલી જ્યાં જાય ત્યાં એ તેનો પીછો કરતો હતો. આગલી સાંજે રુપલી નદીમાં પડતું મુકે; તો તેને બચાવી લઈ એનું દીલ જીતી લેવાની અમુલ્ય તક ઉભી થઈ હતી. પણ ગોવાના



પહેલો ગોવાળીયો

પુનરાગમનથી એ આશા ઉપર પાણી ફરી વળ્યું હતું. ઉંડા પાતાળમાં ફંગોળાયેલી અને આકરી હતાશામાં ફેરવાયેલી તેની મહત્વાકાંક્ષા આ જોડીને આલીંગનમાં પરોવાયેલી જોઈને ભભુકી ઉઠી હતી.

ગોવાના લડખડાતા પગ જોઈ, ભુલાને આ તક ગુમાવવા જેવી નથી એની પ્રતીતી થઈ ગઈ. એણે ગોવાને કાળભૈરવના ખપ્પરમાં હોમી દેવાનો છેલ્લો મરણીયો પ્રયત્ન આદર્યો. તે ઝાડીમાંથી બહાર આવ્યો. સ્થીર રહી રુપલીને નીહાળી રહેલા ગોવાના માથાને તાકીને એક મોટો પથ્થર તેણે ઝીંક્યો. પણ રામ રાખે તેને કોણ ચાખે? રુપલીના છલકાતા રુપને આલીંગવા એ જ ક્ષણે ગોવાએ રુપલી તરફ દોટ મેલી. પથ્થર ભોંય પર પડ્યો. આ વીક્ષેપનું કારણ જાણવા ગોવાએ પાછળ નજર કરી. ‘મરું કે મારું’ એવી જીદ પર આવેલો ભુલો તેની ઉપર તુટી પડ્યો. બન્ને બાથંબાથ પર આવી ગયા. બન્નેનાં શરીર શીકારની દોડમાં કસાયેલાં હતાં અને મલ્લકુસ્તીના દાવપેચમાં પાવરધા હતા. પણ ગોવાની શક્તીઓ વૈતરણી જેવી નદી પાર કરવાને કારણે ઠીંગરાઈ ગયેલી હતી. ભુલો તેની ઉપર ચઢી ગયો, અને ચામ્રવસ્ત્રમાં સંતાડેલી છરી એણે ગોવાની છાતી પર ઝીંકી. બધી તાકાત એકઠી કરી, ગોવાએ ભુલાનું કાંડું પકડી લીધું. કાંડાની આ મુઠભેડમાં છરી ધીમે ધીમે ગોવાની છાતીની નજીક ને નજીક આવતી ગઈ. એક જ ક્ષણ અને ગોવો કાળભૈરવના ખપ્પરમાં ફરીથી હોમાઈ જવાનો હતો.

અને ત્યાં જ રુપલીએ તાકીને એક પથ્થર ફેંક્યો. સનનન કરતો એ ભુલાની પીઠ પર ઝીંકાયો. ભુલો દર્દની ચીસ પાડી ઉઠ્યો. એને તમ્મર આવી ગયાં; અને એ હેઠો પડ્યો. ગોવાએ તેની ઉપર સવાર થવા પડખું ફેરવ્યું, અને ભુલાના હાથમાંથી સરકી ગયેલી છરી તેના હાથમાં આવી ગઈ. ભયભીત બનેલો ભુલો ઉભો થઈ મુઠીઓ વાળીને નાઠો. ગોવો તેનો પીછો કરવા ઉભો થવા ગયો, પણ ભોંય પર પટકાઈ પડ્યો. તેની રહી સહી તાકાત હવે ઓસરી ગઈ હતી. ભાગી રહેલા ભુલા તરફ રુપલીએ તાકીને બીજા પથ્થરનો ઘા કર્યો, અને ફરી એનું તાકોડીપણું કામ કરી ગયું. આ વખતે ભુલાનું માથું આ જોગમાયાના કોપનો ભોગ બની ગયું. તે ચક્કર ખાઈને પડ્યો. રુપલી સફાળી દોડી, અને ભુલાની ઉપર સવાર થઈ ગઈ. તેને પુરો કરવા રુપલીએ પોતાની છરી ઉગામી.

અને પડ્યાં પડ્યાં ગોવો બરાડી ઉઠ્યો,” રુપલી, એને જવા દે. આપણે જોગમાયાની આશીષ લેવા જઈ રહ્યાં છીએ. આ ઘડી એના લોહીથી અપશુકનીયાળ ન બનાવ.” રુપલી માટે ગોવાનો પ્રત્યેક શબ્દ બ્રહ્મવાક્ય હતો. તેણે ભુલાને છોડી દીધો અને ફરી પોતાની ઢુંકડા ન ફરવાની તેને તાકીદ કરી. હતાશ બનેલો ભુલો જીવ બચાવવા ભાગ્યો, અને વેરની આગ હૈયામાં સમાવીને આ બેની નજર સામેથી દુર થઈ ગયો.

રુપલીએ ભેગી કરેલી અખરોટો પોતાના આરાધ્યદેવ ગોવાને ધરી. ગોવાએ કહ્યુ,” રુપલી, મેં નદીની પેલી પાર માનતા રાખી હતી, કે જો વતન પાછો ફરું, તો જોગમાયાને સુકા મેવા ધરીશ. હવે તો માતાજીને આ ધરીને પછી જ કાંઈ પણ ખાઈશ.”

પહેલો ગોવાળીયો

ગોવાની જવાંમર્દી, દરીયાદીલી અને જોગમાયામાં આસ્થા નીહાળી રુપલીના અંતરમાં પોતાના આ જણ માટે, હેતનાં ઘોડાપુર ઉભરાઈ આવ્યાં. તે ગોવાને ભેટી પડી. તેણે ગોવાને ટેકો દઈ ઉભો કર્યો. બન્નેએ, એકમેકના સહારે, ધીમી પણ મક્કમ ચાલે, પોતાના સોનેરી શમણામાં મશગુલ બની, જોગમાયાની ગુફા તરફ પ્રયાણ આદર્યું.

અને આ પ્રયાણ તેમના સહજીવનમાં જ નહીં, પણ કોતરવાસી કબીલાઓની વીકાસગાથામાં એક મહાભીનીષ્ક્રમણ બની રહેવા સર્જાયું હતું. આ જોડી અને તેના વારસો આવાં જ શમણાં અંતરમાં સંઘરી; માનવજાતની ઉત્ક્રાન્તી અને ઉત્થાનના નીતનવા પગથીયાં ચઢવાનાં હતાં. એમની જોગમાયામાંની શ્રધ્ધા માનવજાતની પોતાના સામર્થ્યની શ્રધ્ધામાં પાંગરવાની હતી.

## અનુક્રમણીકા

પહેલો ગોવાળીયો

## *પ્રકરણ – 7 : જોગમાયાની ગુફામાં*

આમ તો જોગમાયાની ગુફા ગોવા કે રુપલીના કોતરોથી બહુ દુર ન હતી. એ ઉબડખાબડ પ્રદેશની થોડેક જ પાછળ જોગમાયાના પર્વત ઉપરનું ચઢાણ શરૂ થતું હતું. ખરેખર તો એ એક લાંબી પર્વતમાળા હતી; જેમાંના સૌથી ઉંચા પર્વતના રસ્તે અધવચ્ચે એ ગુફા આવેલી હતી. પર્વત પરની બધી ગુફાઓમાં તે સૌથી મોટી હતી. આથી જ એ વીસ્તારના બધા ગુફાવાસીઓએ પોતાની આરાધ્યદેવી માટે એ ગુફા સર્વસંમત રીતે માન્ય રાખી હતી. એમ કહેવાતું કે બધાંના મુળ વડવાઓ આ ગુફામાં જ રહેતા હતા; અને ત્યાંથી જ વસ્તી વધતાં એ સૌ નીચે, નદી કીનારે વીસ્તારવાળી જગ્યાઓએ સ્થળાંતરીત થયા હતા. હવે જોગમાયાની ગુફામાં કોઈ રહેતું ન હતું. માત્ર પોતપોતાની માનતા પુરી કરવા અને દર પુનમે બધા ત્યાં આવતા.

રસ્તામાં ગોવાએ નદીપારના એ પ્રદેશની ઘણી બધી વાતો રુપલીને કરી. એ ઘાસના બીડમાં શીકારને શોધવાની, તેનો પીછો કરવાની કોઈ તરખડ ન હતી. જાનવરોનાં ટોળેટોળાં ત્યાં નીર્ભય ચરી રહ્યાં હતાં. અને સાવ સપાટ જમીનમાં દોડવાનું બહુ આસાન હતું. પર્વતાળ પ્રદેશની હાલાકીઓનો ત્યાં સદંતર અભાવ હતો. હા! માત્ર રહેવા માટેનાં કોતરો કે ગુફા ક્યાંય દેખાતાં ન હતાં.

રુપલી વીસ્ફારીત નયને આ અવનવી ભોમકાનાં વર્ણનો સાંભળી રહી. ગોવો તેને કોઈ પરીકથાના રાજકુમાર જેવો લાગ્યો. એની ઘણી વાતો એને સાવ ભેજાંગેપ જેવી લાગી. પણ છેવટે એ ગોવા સાથે એ વાત પર સંમત થઈ કે, એ પ્રદેશમાં વસવાટ કરવા માટે બધાંને સમજાવવાં અને ત્યાંના ધખારા - જેવા પડે તેવા - ઉકેલવા કમર કસવી. તેણે ગોવાની પડખે હમ્મેશ રહેવાના કોલ દીધા.

થાકેલો હોવા છતાં ગોવો રુપલીના સહવાસથી રાજાપાઠમાં હતો. રુપલીએ દર્શાવેલ ઉત્સાહથી એ બહુ ખુશ થયો હતો. તેને પોતાની માનતા યાદ આવી. અખરોટ જ નહીં; હરણનું તાજું માંસ પણ જોગમાયાને ધરવાનું હતું. તેણે રુપલીને આ વાત કહી. શીકારમાં રુપલી પાવરધી હતી. તેણે દુર ચરી રહેલું એક હરણ જોયું. હરણને ખબર ન પડે તેમ સાવચેતીથી, પવનની દીશા પારખી તેણે હરણ તરફ પ્રયાણ શરુ કર્યું. તેના હાથમાં અણીદાર પથ્થર હતો. નજીક પહોંચીને તેણે તાકીને પથ્થર ફેંક્યો – હરણના માથા ઉપર. હરણ તરફડીને જમીન પર પટકાઈ પડ્યું. બન્નેએ દોડીને તેને મરણ-શરણ કર્યું.

માનતાનો બધો સરંજામ હવે એમની પાસે ભેગો થઈ ગયો હતો. છેવટે બન્ને માતાજીના થાનકે પહોંચી ગયાં. હજુ તો સુરજ માથે પણ આવ્યો ન હતો. સવારની ગુલાબી ઠંડીમાં તેમણે માતાજીના ચરણે અખરોટો અને હરણનું કાળજું સમર્પીત કર્યાં અને ભાવવીભોર બની માતાને વંદી રહ્યાં. એમના હૈયાના ધબકારમાં એમણે માતાજીની હાજરી ધબકતી



પહેલો ગોવાળીયો

અનુભવી. એમની આરતનો માતાએ સ્વીકાર કર્યો હતો. હવે બન્ને જીવનભરનાં સાથી થયાં હતાં. ધરેલા પ્રસાદથી માતાજી પ્રસન્ન થયાં હતાં. પથ્થર પર ચીતરેલ માતાજીની લાલચોળ રંગની, અને સફેદ આંખોવાળી આકુતી તેમને સ્મીત કરતી જણાઈ. એની સાક્ષીએ બન્ને એકમેકના આલીંગનમાં જકડાઈ એક થયાના અવર્ણનીય આનંદમાં ઓતપ્રોત બની ગયાં.

એમનો આ સાવ સાદો, લગ્નવીધી પુરો થયો. એ કોલ હૈયાઉકલતના કોલ હતા. એમાં કોઈ કૃત્રીમતા ન હતી. એમાં કોઈ સાક્ષી જરુરી ન હતા. જ્યાં સુધી એકબીજા સાથે ફાવે ત્યાં સુધી, સાથે રહેવાના વણબોલેલા સોગંદ હતા. અને ન ફાવે તો છુટા પડતાં કોઈને કોઈ રોકી ન શકતું. ફરી નવો સાથી અને ફરી આ માતાની સાક્ષીમાં નવો સંબંધ શરુ. જો એક પક્ષે જ અસંતોષ  હોય; તો એમનો ઝગડો કબીલાના વડીલ ઉકેલી આપતા અને એ જે ચુકાદો આપે તે માન્ય ગણાતો. પણ આવા ઝગડા બહુ ન થતા. કારણકે, જીવન સંઘર્ષમાં કામ એટલું બધું રહેતું અને જીવન એટલું તો અનીશ્ચીત હતું કે, આવા કજીયા લાંબા ન ચાલતા. એ બહુ લાંબા થાય એ પહેલાં જ છુટાછેડા થઈ જતા.

પણ આ નવી જોડી તો એમના નવા નક્કોર આનંદસાગરમાં મશગુલ હતી. ગુફાની બાજુમાં વહેતા નીર્મળ પાણીના ઝરાના કીનારે બન્નેએ જમણ પતાવ્યું. અને એ પરીતૃપ્તી પત્યે તેમની સુહાગ-બપોર શરુ થઈ. એ સમાગમના આનંદના અતીરેકમાં ઝુલતાં, મંદ સમીરના વીંઝણે ક્યારે બન્ને સમાધીસ્થ થયા તે ખબર જ ન પડી.

અને એ સમાધીની મધ્યે રુપલીએ શમણું નીહાળ્યું કે તેનાં ફરજંદ કદી ન જોયા હોય તેવા ઝગમગતા, રંગબેરંગી વસ્ત્રો અને ચમકતાં રત્નો સજાવી આનંદ મંગલ કરી રહ્યાં હતાં. આનંદવીભોર બનીને એ સૌ નાચી રહ્યાં હતાં.

અને ગોવો એના શમણાંમાં મશગુલ હતો. એના પરાક્રમી સંતાનો નદીની પેલે પારથીય ઘણે આગળ, કોઈ અવનવી ભોમકા ખુંદી રહ્યા હતાં. નવા સંઘર્ષોનો સામનો કરતાં ગોવા અને એના વડવાઓના નામને ઉજાળી રહ્યાં હતાં.

પણ બન્નેના શમણાંમાં એક વાત સામાન્ય હતી. અને તે હતી જોગમાયાની મુરત. તેમની ભાવી પેઢીનાં આનંદ અને પરાક્રમની પશ્ચાત ભુમીકામાં જોગમાયાનું હસતું મુખારવીંદ તેઓ સતત અનુભવી રહ્યાં હતાં. એમના સહવાસને, અને એ થકી પેદા થનાર પેઢીઓને જોગમાયાએ આશીષ આપ્યા હતા. એમની ઈકોતેર પેઢી પરાક્રમી અને સુખી થવા સર્જાવાની હતી. આ પવીત્ર ભુમીમાં મંગળાચરણ થયેલ એ દીવ્ય સહજીવન સફળ નીવડવાનું હતું. એમની એ આનંદસમાધી, ઉત્ક્રાન્તીનાં અનેક પગથીયાંઓની હીંચ લેતી લેતી, અવનવાં, અણદીઠાં, વણઅનુભવેલાં જીવતરની પાયાની મુડી બનવાની હતી. કોઈ દીવ્ય પ્રકાશ, કોઈ દીવ્ય અનુનાદ, કોઈ અગમ્ય ભાવ અને જ્ઞાનના સીમાડાઓ તેમનાં સમસ્ત ચીત્તને આવરી રહ્યાં હતાં. આ ન સમજાય એવી ભાવસમાધી ક્યાંય સુધી ચાલતી રહી હોત; પણ ન સમજાય એવા, કોઈ વાસ્તવીક કોલાહલે બન્નેને એમાંથી જગાડી દીધાં. એ કોલાહલ ધીમે ધીમે વધી રહ્યો હતો. જ્યારે બન્ને જાગ્યાં ત્યારે તેમના ચીત્તમાં નૈસર્ગીક વૃત્તીથી ભયનો સંચાર થયો. કાંઈક નવું બખડજંતર, કાંઈક નવું જોખમ

આકાર લઈ રહ્યું હતું. બન્ને સતેજ બની ગુફામાં પ્રવેશી તેના પ્રવેશ આગળના પથ્થરની આડશે, આ કયો નવો ભય તેમને ઘેરવા ઘેરાઈ રહ્યો હતો તેનું સતેજ નીરીક્ષણ કરી રહ્યાં

અનુક્રમણીકા

## પ્રકરણ – 8 : પાછા વતનમાં

રુપલી હતાશ બની નદીમાં પડતું નાંખવા ગઈ; ત્યારથી તેના કબીલાના લોકો તેની શોધ ચલાવી રહ્યા હતા. કોઈક નદીકીનારે પણ જોઈ આવ્યા હતા; પણ કાંઠાની ભેખડ ઉપરથી તેની છેક નીચે સુતેલાં ગોવો અને રુપલી તેમને દેખાયાં ન હતાં. જંગલમાં બધે રુપલીની તલાશ કરવામાં આવી હતી. છેક પર્વત ઉપર પણ જવાનો ફરી આવ્યા હતા. પણ ક્યાંયથી રુપલીના કોઈ સગડ મળ્યા ન હતા. અને છેવટે બધાં હતાશ બનીને, અંતીમ પ્રયત્ન તરીકે, રુપલીને પાછી આપવાની આરત કરવા; પર્વત ઉપરની જોગમાયાની ગુફા તરફ વળ્યા.

ગોવા અને રુપલીને આ સૌનો શોરબકોર સંભળાઈ રહ્યો હતો. ગુફાની આડશમાંથી જ્યારે તેમણે બધા જાણીતા ચહેરા જોયા; ત્યારે બન્નેએ બહાર આવીને તેમનું અભીવાદન કર્યું. બધાંના જીવમાં જીવ આવ્યો, અને સૌ આનંદીત બની ઉઠ્યા. રુપલીએ ગોવા સાથેના નવા સંબંધની બધાંને શરમાતાં શરમાતાં જાણ કરી. રુપલીની મનોકામના જાણનારી તેની મા તો આવો સારો જમાઈ મળ્યાના હરખમાં ઘેલી ઘેલી બની ગઈ. તેણે બન્નેનાં ઓવારણાં લીધાં. બધી હતાશા ખંખેરાઈ ગઈ. આનંદના ધોધ વછુટ્યા.

બધાં જોગમાયાને નમન કરી; આ શુભ સંબંધના હરખમાં જોગમાયાના ચરણ આગળ મન મુકીને નાચ્યાં. થાકીને લોથપોથ થઈ ગયાં, એટલું નાચ્યાં. છેવટે બધું હાઉસન જાઉસન ગોવાનાં કોતરો ભણી રવાના થયું. નીચે ઉતરવાનો રસ્તો તો ક્યાંય કપાઈ ગયો.

જ્યારે બધાં લક્ષ્યની નજીક પહોંચાં ત્યારે; ગોવાના સ્વજનો શોકમાં ગરકાવ હતાં. હતાશા અને દુખની કાલીમા એમના ચહેરાને ઘેરી વળી હતી. તેમનાં ચીત્ત કાળભૈરવના કારમા પ્રકોપથી ક્ષુબ્ધ હતાં. ગોવો તો હમ્મેશ માટે વીદાય લઈ ચુક્યો હતો. રુપલીના કબીલાના બેચાર જણ રુપલીની ભાળ કાઢવા આવી ગયા હતા; અને બીજી મોંકાણના સમાચાર આપ્યા હતા. આ સમાચારે તેમના દુખ અને દર્દને ઓર વધાર્યું હતું. બબ્બે જુવાન જોધ અને આશાસ્પદ વ્યક્તીઓની પડેલી આ ખોટ જીરવી ન શકાય તેવી હતી. સૌનું જીવતર શોકની કાલીમાના ઓથારમાં ઝેર જેવું બની ગયું હતું. જાણે કે, છાતીમાં અણીદાર પથ્થર ભોંકાઈ રહ્યા હતા. હવે કોઈ આશા ન હતી; કોઈ ઉગાર ન હતો. ગોવાએ નદીની આમન્યા તોડી હતી એના કારણે આખી જાતી ઉપર જોગમાયા નારાજ હતાં. દુર્દૈવ અને વીનાશનો હવે કોઈ વીકલ્પ ન હતો. જમ પલક્યો હતો. બધાં અસહાય બની, ટુંટીયું વાળીને પોતાના બદનસીબને રડી રહ્યાં હતાં.

સુકાયેલા આંસુ અને ધુળથી ખરડાયેલા તેમના ચહેરા આ ટોળાંની વચ્ચે ગોવાને જોઈ મુસ્કરાઈ ઉઠ્યા. તેમના જાનમાં જાન આવ્યો. જોગમાયાએ તેમનો લાડીલો ગોવો પાછો આપ્યો હતો એટલું જ નહીં; તેની જીવનસંગીની પણ હવે એ કોતરોમાં રહેવા આવી ગઈ હતી. ગોવાના નદી ઓળંગવાના સાહસને જોગમાયાએ માન્ય કર્યું હતું. તેમના અંતરમાં આનંદના ઘોડાપુર ફરી વળ્યા. કદી ન બન્યું હોય તેવું બન્યું હતું. ગોવાએ નવી સીધ્ધીઓ હાંસલ કરી હતી. તેણે સફળતાથી નદી પાર કરી હતી અને તરીને પાછો પણ આવી શક્યો હતો. તેણે કાળભૈરવનો મુકાબલો કર્યો હતો અને તેને હંફાવ્યો હતો. તેણે પ્રતાપી વડવાઓનું નામ રોશન કર્યું હતું. તેણે નવી કેડી પાડી હતી. અને એ જાતીની શ્રેષ્ઠ કહી શકાય તેવી જીવનસંગીની પણ પામ્યો હતો.

ધીમે ધીમે બધાંને ભુલાનાં કાળાં કરતુતોની ખબર પણ પડી. તરત જ એક કાસદને ભુલાના કબીલા તરફ રવાના કરાયો; જેથી તેનાં કાળાં કરતુતોનો પર્દાફાશ થઈ શકે.

આનંદના આ માહોલમાં ગોવાએ જાહેર કર્યું કે, હવે ગોવો અને રુપલી નદી પારના એ નવા પ્રદેશમાં રહેવા જશે. તેણે એ પ્રદેશની નવી અને અમર્યાદ શક્યતાઓનું સવીસ્તર વર્ણન કર્યું. નદીની આ બાજુની બધી જ વ્યથાઓનો અને સમસ્યાઓનો કાયમી અંત આવી જવાનો હતો. એક નવાનક્કોર, સમ્રુધ્ધ અને બલીષ્ઠ સમાજની સંરચના હવે હાથવગી બની હતી. ગોવો આ નવા સમાજનો મોભી બનવાનો હતો. પોતાનાં સોનેરી શમણાં તેણે બધાંને ઉમંગથી વહેંચ્યાં અને પોતાના મીત્રોને આ નવા અભીયાનમાં જોડાવા લલકાર્યા.

ગોવાના ખાસ મીત્રો - પાંચો, લાખો અને કાળુ - તો આ વાત સાંભળી; આ નવા સાહસની શક્યતામાં નાચી ઉઠ્યા. બીજા દીવસે આ જુગલ જોડીના નવા સંબંધ અને નદી પારના વસવાટના નવા અભીયાન માટે જોગમાયાના આશીર્વાદ લેવા; બન્ને કબીલા ભેગા મળીને જોગમાયાની ગુફામાં આનંદ ઓચ્છવ ઉજવશે; એમ સર્વાનુમતે નક્કી થયું.

બીજા દીવસે ભુલાના ગામે મોકલ્યો હતો, તે કાસદ પાછો પણ આવી ગયો. તેણે સમાચાર આપ્યા કે, ભુલાની એના કબીલાએ હકાલપટ્ટી કરી હતી; અને ભુલો ભાગી છુટ્યો હતો. હવે બધાં સંકટ પાર પડી ગયાં હતાં. હવે કોઈ ભો રહ્યો ન હતો. ચાર પાંચ જુવાનો શીકાર કરવા ઉપડ્યા અને સ્ત્રીઓએ જોગમાયાને ધરવા જાતજાતનાં સુકા મેવા ઝાડ પરથી એક્ઠા કરવા માંડ્યા. બીજાઓએ જોગમાયાની સામે તાપણું કરવા લાકડાં ભેગાં કરવા માંડ્યા. બે ચાર સ્ત્રીઓ અને પુરુષો ગુફાને શણગારવા અને જોગમાયાના ચીત્રને ફરીથી રંગી, ઝગમગતું કરવા આગોતરા ઉપડ્યા.બાળકોની વાનરસેના આ હરખમાં ઠેકડા ભરવા લાગી.

સદીઓ પહેલાં જોગમાયાની ગુફામાં રહેતા, મુળ એક જ કબીલામાંથી ઉદભવેલા; પણ વસ્તીવધારાને કારણે તળેટીમાં, નદીકીનારાના કોતરોમાં વીસ્તરેલાં કુલ દસ કબીલાઓ હતા. બધે એક જ સરખી માન્યતાઓ, એકસરખી રસમો અને વડવાઓ માટે એકસરખું સન્માન પ્રવર્તમાન હતાં. બધા માટે જોગમાયા એકમાત્ર આરાધ્યદેવી હતી. બધાં સંપીને રહેતા. દરેકનો શીકાર-પ્રદેશ, અંતરની ઉકલતથી નીશ્ચીત હતો. સારા નરસા પ્રસંગે બધા ભેગા મળી જતા અને



પહેલો ગોવાળીયો

અવસરને માણતા; અથવા અન્યોન્યના દુખમાં દીલાસો દેવા ભાગીદાર થતા. સીધી સાદી હૈયાઉકલતવાળો અને બહુ જ સાદા નીયમો અને નીયમનો વાળો, એ સમાજ હતો. તેમના જીવનમાં કુડકપટ અથવા મોટી અને ખોટી મહત્વાકાંક્ષાઓનો સદંતર અભાવ હતો. જીવનસંઘર્ષની રોજબરોજની સમસ્યાઓ જ એટલી બધી હતી; અને સાધનો એટલાં ટાંચાં હતાં કે, બીજા કોઈ આડાતેડા વીચારો અથવા દુષ્કૃત્યો માટે સમય કે અવળમતીનો કોઈ અવકાશ જ ન હતો.

દરેક કબીલાના વડાને તે દીવસે રાતે જોગમાયાની ગુફામાં યોજાનાર આ આનંદોત્સવમાં ભાગ લેવા આમંત્રણ પાઠવી દેવાયાં. સમગ્ર વસ્તીનો સમાવેશ તો એ ગુફામાં હવે શક્ય જ ક્યાં હતો. ગોવાના નદીના સામા કીનારે જઈ; સફળતાથી પાછા ફરવાના અને ત્યાં નવો વસવાટ શરુ કરવાના તેના નુતન અભીયાનના સમાચાર પણ સર્વત્ર પ્રસરી ગયા. જ્યાં જ્યાં આ સમાચાર પહોંચ્યા; ત્યાં ત્યાં બધે નવી શક્યતાઓ માટેની નવી આશાઓ અને ઉલ્લાસ ઉભરવા માંડયાં. આનંદ અને મંગળના ઓઘ સર્વત્ર ઉમટી રહ્યા.

અને નદીના એક કીનારે ગોવો તેના ત્રણ મીત્રો સાથે, આગળ શું કરવું; તેની યોજના બનાવી રહ્યો.

અનુક્રમણીકા

પહેલો ગોવાળીયો

## પ્રકરણ – ૭ : આનંદોત્સવ

રાતના અંધકારમાં બન્ને કબીલાઓના માણસોથી અને બાકીના કબીલાઓના મુખીયાઓથી જોગમાયાની ગુફા ઉભરાઈ ગઈ. વચ્ચે તાપણું કરેલું હતું. એના પ્રકાશમાં જોગમાયાની તાજી રંગેલી લાલચોળ આકૃતી ઝગમગી રહી હતી. એની સફેદ આંખો અને તેની વચ્ચે જડેલ ગોળમટોળ, કાળા અને ચમકતા પથ્થર જાણે કે, માતાજીની અબોલ વાણીને ઉજાગર કરી રહ્યાં હતાં. એની ચારે બાજુ અને એના પગ પાસે સુદર ફુલો અને લીલાછમ્મ વેલાઓથી નયનરમ્ય સુશોભન કરવામાં આવ્યું હતું. ગુફાની દીવાલો પણ આવા જ શણગારોથી સુશોભીત હતી. ગુફાના પ્રવેશદ્વાર આગળના પથ્થરોની આડશ ખસેડી લેવામાં આવી હતી. અને ત્યાં પણ ઝાડી-ઝાંખરાં દુર કરી, વેલાઓ અને ફુલોનો શણગાર કરવામાં આવ્યો હતો. ત્રણ પ્રચંડકાય અને જોરાવર યુવાનો, હાથમાં મજબુત કડીયાળી ડાંગ ધારણ કરી, આજના આનંદોત્સવના રંગમાં ભંગ ન પડે તે માટે, ગુફાના દ્વારનું જંગલી પ્રાણીઓથી રક્ષણ કરી રહ્યા હતા.

જોગમાયાના ભીંતચીત્રની આગળ દસેય વસ્તીના વડીલો ઉભા હતા. તેમની સાથે ગોવો, રુપલી અને બન્નેનાં માવતર પણ હતાં. બન્ને વરઘોડીયાંના ચહેરા પર આનંદ અને ઉલ્લાસના પ્રતીક જેવો લાલચટ્ટાક હીંગળોક રંગ ચોપડેલો હતો. પાંચો, લાખો અને કાળુ તાપણાંની ગરમીમાં ત્રણ હરણને શેકી રહ્યા હતા. માતાની આકૃતીની લગોલગ અખરોટ, બદામ, કાજુ વીગેરેનો મોટો ઢગલો કરેલો હતો. એક ખુણામાં બે જુવાન ઢોલ પીટી રહ્યા હતા. બાકીના સૌ, તાપણાંની આજુબાજુ ઢોલના તાલે તાલે, હીંચ અને રાસડા લઈ રહ્યાં હતાં. માતાજીના પગ આગળ ઉભેલા સૌ પણ પગની ધીમી થાપ આ તાલમાં લઈ રહ્યાં હતાં. રાંધણીયાઓની હીલચાલ પણ આ તાલ સાથે તાલ પુરાવી રહી હતી. કબીલાનાં બાળકો દુર ખુણે એમની રમતમાં મશગુલ હતાં. છોકરાઓ નાની નાની લાકડીઓ લઈ શીકાર અને ધીંગાણાના ખેલ ખેલી રહ્યા હતા. છોકરીઓ પથ્થરના પાંચીકા ઉછાળી રહી હતી. તાજી પ્રસુતીથી અશક્ત, બે માતાઓ પોતાનાં નવજાત બાળને ધવડાવતી; રમતાં બાળકોને સાચવતી હતી; અને આ બધું દ્રશ્ય ભાવવીભોર બનીને નીહાળી રહી હતી.

સમગ્ર વાતાવરણ કોઈ અલૌકીક ભાવ, જોમ અને ઉન્માદથી છવાયેલું હતું. જોગમાયાની શક્તીનો પ્રભાવ દરેકનાં મન અને શરીરને અનેરા ઉત્સાહથી ભરી રહ્યો હતો. તાપણાના પ્રકાશને કારણે આગળ પાછળ ધુમી રહેલા સૌના પડછાયા જોગમાયાના સ્વરુપને જીવંત બનાવી રહ્યા હતા. એ પડછાયાની ગતીના કારણે જોગમાયાનું મુખારવીંદ જાણે કે, કાંઈક કહી રહ્યું હોય તેવો ભાસ થતો હતો. આ આભાસ સૌના મનમાં એક જ ભાવ પ્રગટાવી રહ્યો હતો. માતાજી પોતાની કૃપા સૌની ઉપર વરસાવી રહ્યાં હતાં. અને એ કૃપાથી અભીભુત, એ સઘળાં, અબુધ માનવીઓ અનેરી શક્તીનો સંચાર પોતાના દેહના કણકણમાં અનુભવી રહ્યાં હતાં. એક સરખા તાલે ઢોલ અને પગનાં નર્તન સરસ મજાની સંવાદીતા સાધી રહ્યા હતાં. ધીમે ધીમે એ તાલની ઝડપ વધતી રહી હતી. ભાવ, ભક્તી અને શ્રધ્ધા આ નાચની સાથે જુગલબંધી કરી રહ્યાં હતાં.



પહેલો ગોવાળીયો

અને આ ભાવની ચરમ સીમા આવી પુગી. ઢોલ અતી તીવ્ર તાલે ડણકવા લાગ્યો. રાસની હીંચ સપ્તમ તાલને આંબવા લાગી.

અને એ સીમાએ પહોંચતાંજ એકાએક બધું સ્થીર બની ગયું. ઢોલ રણકતો અને ડણકતો અટકી ગયો. બધા પગ સાવ સ્થીર અને નીશ્ચેષ્ટ બની ગયા. બાળકો એમની રમત અધુરી મુકીને, હવે શું થાય છે તે, જોવા, કુતુહલમાં તલપાપડ બની ગયાં. પ્રસુતાઓ એમનાં બચોળીયાંઓને કાખમાં ભરાવી ઉભી થઈ ગઈ. દ્વારપાળો પણ અંદર આવી ગયા. રાંધણકામ પણ પતી ગયું હતું. તૈયાર ભક્ષ્ય માતાજીના પગ આગળ મોટાં પાંદડા ઉપર મુકીને રસોઈયાઓ પણ ખડા થઈ ગયા. એક આધીભૌતીક ભાવસમાધી બધાંને ઘેરી વળી.

કબીલાઓના સૌથી વયોવુધ્ધ વડીલ તેમની હરોળમાંથી આગળ આવ્યા. તેમનું શરીર કોઈ અજીબો ગરીબ પ્રેરણાથી ધ્રુણી રહ્યું હતું. જોગમાયાની પરમ શક્તી તેમના મુખમાંથી પવીત્ર વાણી વાટે પ્રગટવા માંડી. પહેલાં તો આ વાણીના શબ્દો સાવ અસ્પષ્ટ અને અર્થહીન લાગતા હતા. પણ ધીમે ધીમે, સમજી શકાય તેવી બોલીમાં, એ પરાવાણીનું રુપાંતર થવા માંડ્યું. માતાજી સ્વયમ્ એ વડીલના મુખે આવીને વસ્યાં હતાં અને તેમને બોલાવી રહ્યાં હતાં.

" આજની આ વીશીષ્ઠ રાત્રીએ એક નવી શક્યતામાં આપણે સૌ પ્રવેશી રહ્યાં છીએ. આપણાં લાડીલાં રુપલી અને ગોવો એમનું સહજીવન જ શરુ નથી કરતાં; પણ નવા પ્રદેશમાં વસવાના અભરખા સેવી; એક નવા યુગની શરુઆત કરવાનાં છે. આપણી જાતીના ઘણા બધા પ્રશ્નોનો નીકાલ આવવાનો છે. માતાજીએ પોતાની કૃપા આપણી સૌની ઉપર વરસાવી છે. એના આશીષ આ જોડીને અને આપણને સૌને મળ્યા છે. એના પ્રતાપે આ જોડી નવા નવા સંશોધનો કરી આપણી અગવડોનો ઉકેલ લાવશે; એવી મારી શ્રધ્ધા છે. આજની આ પવીત્ર અને યાદગાર ઘડીએ આપણે સૌ માતાજીને સાદર વંદન કરીએ. "

અને બધાં એક ધ્યાનમાં માતાજીને વંદી રહ્યાં. એની અલૌકીક કૃપા વરસી રહી હતી. અને એ શીતળ શીકરોમાં બધાં પોતાના ચૈતન્યને ભીંજાતું અનુભવી રહ્યાં. કોઈ દીવ્ય ચેતના એમના અણુએ અણુને વ્યાપી રહી હતી. ધીમે ધીમે આ ભાવસમાધી ઓસરતી ગઈ, અને બધાં ગુફાની એ ધરતી ઉપર, પોતાના જગતમાં પાછાં આવ્યાં. હવે રાંધણીયાઓનું સ્થાન ત્રણ પીરસણીયા સ્ત્રીઓએ લીધું. અણીદાર પથ્થરની છરીઓ વડે તેમણે શેકેલાં કાળજાં બહાર કાઢ્યાં અને સાફ કરી, વડીલને આપ્યાં. વડીલે ભાવપુર્વક માતાજીને તે સુકા મેવા સાથે અર્પણ કર્યાં; અને ભાવવીભોર સ્વરે માતાજીને તે આરોગવા વીનંતી કરી. માતાની આંખ પ્રસન્નતાથી સૌને હસતી લાગી. થોડીક વારે પોતે એમાંથી એકને પ્રસાદ રુપે આરોગ્યું અને બીજાં બે ગોવા અને રુપલીને આપ્યાં. ત્રણે જોગમાયાના આ પ્રસાદથી કૃતકૃત્ય બની રહ્યાં.

માતાજીએ એમના પ્રસાદનો સ્વીકાર કર્યો હતો. એમની આરત અને એમની શ્રધ્ધાને એણે પોંખી હતી. માતાજીએ બધા કબીલાઓને સુખ અને સમૃદ્ધીની આશીષ આપી હતી. એક નવું સર્જન, એક નવું જીવન, એક નવું ઉત્થાન, એક નવી છલાંગ, ભાવીના ગર્ભમાં અંકુરીત થઈ ચુક્યાં હતાં.

પહેલો ગોવાળીયો

પહેલો ગોવાળીયો

એક સ્ત્રી સુકા મેવા આગળ લઈ આવી. ત્રણે જણીઓએ હવે બધાંને પ્રસાદની વહેંચણી શરુ કરી. સૌએ શીસ્તબધ્ધ રીતે, માતાજીએ આરોગેલો પવીત્ર પ્રસાદ ગ્રહણ કર્યો. એ પ્રસાદે તેમનાં થાકેલાં શરીરોને અનેરી શક્તીથી ભરી દીધાં. મધરાત થઈ ચુકી હતી. બધાં હવે ગુફામાંથી બહાર આવી, પર્વતની તળેટીમાં ઉતરવા માંડ્યાં. ઉંઘરેટાં હોવા છતાં બાળકો સૌથી આગળ દોડતાં હતાં. આ નવા જાગેલા ઉત્સાહમાં, એ ઢોળાવ ક્યાંયે કપાઈ ગયો. અડધી રાત વીતતામાં તો બધાં નદી કીનારે આવી પુગ્યાં અને નીંદરમાં ઘેરાઈ ગયાં. પરીતોષની ચરમસીમામાં આવૃત્ત, સૌના દીલો-દીમાગમાં ન સમજાય તેવાં શમણાં ઘુમી રહ્યાં હતાં.

અને પુનમની શીળી ચાંદનીથી મલપતી એ રાતે, જંગલના એકાંત ખુણે, એક વૃક્ષની છાયામાં, પોચા ઘાસની પથારીમાં ગોવો અને રુપલી એમની રતીકેલીમાં મશગુલ બની એકમેકમાં સમાઈ, ખોવાઈ ગયાં હતાં.

અનુક્રમણીકા

પહેલો ગોવાળીયો

# વીભાગ – 2

# સીધાં ચઢાણ

પહેલો ગોવાળીયો

અનુક્રમણીકા

# પ્રકરણ – 10 : તરાપા પ્રયોગ - 1

લાખા અને કાળુને ચેન પડતું ન હતું. ક્યારે ગોવાની જેમ નદીની ઓલી પાર જવાય? તરવાનો તો બાપ જન્મારેય એ વીચાર કરે એવા ન હતા. બન્ને મજબુત શરીરના હતા. પણ થોડી જાડી બુધ્ધીના.

ગોવાથી છાના, બીજા દીવસે સવારે એ તો બન્ને જંગલમાં ઉપડ્યા. એમનેય ગોવાની જેમ, કાંઈક પરાક્રમ કરી બતાવવાના અભરખા જાગ્યા. ખુલ્લી જગામાં આવેલું, એક મસમોટું ઝાડ પસંદ કર્યું. એના મુળની નજીક, એ તો પથ્થરની કુહાડીથી માંડ્યા ઝીંકવા. હાંફતા જાય અને કરાંઝતા જાય. દે ધના ધન...શીયાળાની કડકડતી ઠંડીમાંય પસીને રેબઝેબ બની ગયા. નાની નાની લાઠીઓ આ અગાઉ એમણે કાપી હતી. પણ આખું ઝાડ નીચે ઉતારવાનો આ પહેલો જ પ્રસંગ હતો.

બે ત્રણ કલાક આ પ્રયત્ન ચાલ્યો. ઝાડના ખાસા ઉંડે સુધી પહોંચી ગયા. પણ ઝાડ સહેજે મચક જ ન આપે. હવે એ બે થાક્યા. નીચે છાંયામાં થાક ખાવા બેઠા. પવનની ઠંડી લહેરમાં ક્યાં ઝોકે ચઢી ગયા; તે ખબર જ ન પડી. ઢળતી બપોરે બન્નેની આંખ ઉઘડી. સુકા મેવાનો નાસ્તો કર્યો; બાજુના વહેળાનું પાણી પીધું અને પાછા મળ્યા ઝીંકવા. 'ગમે તેમ થાય આજે તો આ ઝાડ નદીકીનારે લઈ જવું જ છે.' એવો સંકલ્પ કરીને બન્ને મચી પડ્યા. હવે બરાબર અડધે પહોંચી ગયા હતા. ચરડ ચરડ અવાજ આવવા માંડ્યો. એમણે એટલી અક્કલ જરુર વાપરી હતી કે, ખુલ્લી જગ્યા આગળથી, એક જ તરફથી એ ઘા કરતા રહ્યા હતા. એમ લાગ્યું કે, ઝાડ હવે ઝુકવા માંડશે. પણ એ મહાશય તો એમના એમ જ અડીખમ ઉભા હતા.

એ બેમાં લાખો જરાક વધારે બુધ્ધીશાળી હતો. તેણે કહ્યું, "ચાલ, હવે બીજી બાજુએથી ઝીંકીએ. હવે તેઓ ઝાડની પાછળના ભાગની ઝાડી તરફ ગયા અને ત્યાંથી પ્રહાર કરવા માંડ્યા. થોડાક ઘા માર્યા હશે; અને ઝાડ તો ઝુકવા માંડ્યું. બન્ને ભાગીને દુર ઉભા રહી ગયા. અને ધીરે ધીરે ઝાડ ઝુકવા માંડ્યું. જેમ જેમ તે નીચે આવવા માંડ્યું તેમ તેમ, તેની તુટવાની ઝડપ વધવા માંડી. અને છેવટે ઝાડ ધરાશાયી થઈને પડ્યું. એના આખાયે વજનના જોરથી થડનો બાકીનો ભાગ પણ મુળથી છુટો પડી ગયો. બન્નેના હરખનો તો પાર નહીં. એ ઈંડરીયો ગઢ જીત્યા હતા.

સાંજ પડવા આવી હતી. પણ હવે? આ તોતીંગને નદી સુધી શી રીતે લઈ જવું? બન્ને વીમાસણમાં પડ્યા. આ મહાકાય વજનને જમીન પર ઘસડવું શી રીતે? મજબુત વેલાના રસ્સા બનાવી ખેંચવા પ્રયત્ન કર્યો. પણ ઝાડ તો સહેજ પણ ખસે તો ને? હવે એમની તાકાત ખતમ થઈ ચુકી હતી. આખા ઝાડને ખેંચીને લઈ જવું એમના વશની વાત ન હતી. બન્ને લમણે હાથ દઈને બેઠા. આખા દીવસની મહેનત બાતલ ગઈ હતી. હવે શું કરવું?



પહેલો ગોવાળીયો

ફરીથી લાખાની અક્કલ કામ કરી ગઈ. તે કહે," હાલ્ય! બે મજબુત ડાળીઓ કાપી લઈએ. એ આપણાથી નીચે લઈ જવાશે. " સારી મજબુત બે ડાળીઓ તેમણે પસંદ કરી; અને એ તો તરત કપાઈ ગઈ.

દરેકે એક એક ડાળ ખભે મુકી અને એને ઉંચકી, એમણે નદી તરફ પ્રયાણ આદર્યું. અંધારું થતાંમાં તો બન્ને નીચે આવી પુગ્યા. નદીકીનારે ગોવો અને પાંચો મહત્વની મંત્રણા કરી રહ્યા હતા. આ બન્ને મલ્લોએ વીજયમુદ્રામાં પોતાની સીધ્ધી ગોવાને દેખાડી.

ગોવો હસી પડ્યો. તેણે કહ્યું, " અરે આ થોડી પાણીમાં તરશે? તમારૂં વજન એ શી રીતે ઝીલી શકશે?"

પણ આ બે લઠ કાંઈ માને? એમણે તો એ ડાળીઓ પાણીમાં નાખીને, મા જગદંબાને યાદ કરી, એની ઉપર ઝુકાવ્યું. માંડ માંડ એની ઉપર સવાર થયા, ત્યાં તો ડાળીઓ ફરી ગઈ, અને બન્ને પાણામાં બુડ્યા. બન્નેના મોંમાંથી રાડ ફાટી ગઈ. બાપ જન્મારામાં તર્યા હોય તો ને? ગોવા અને પાંચાએ માંડ બન્ને શુરવીરોને બહાર કાઢ્યા. થોડું પાણી પી ગયા હતા, એટલે એમને ઉંધા લટકાવીને કાઢી નાંખ્યું.

પછી ગોવાએ પાંચાને એની યોજના સૌને સમજાવવા કહ્યું. આમ તો ચારેયમાં પાંચો સહુથી વધુ હોંશીયાર હતો. પથ્થરના ઓજાર બનાવવામાં એના જેટલું કોઈ પાવરધું ન હતું. એને નીત નવા અખતરા કરવા ગમતા. એણેજ વાંસની ટોપલીઓ બનાવવાની વીદ્યા હસ્તગત કરી હતી અને બધાંને શીખવી હતી. સૌને એ ટોપલીઓ, સુકા મેવા ભરવા બહુ કામ લાગતી. બીજા કબીલાવાળા પણ એની ટોપલીઓ અને હથીયાર લઈ જતા. પેલા બે અક્કલના શુરા, જડભરતની જેમ ઝાડ કાપવામાં તુટી પડ્યા હતા; ત્યારે ગોવા અને પાંચાએ નક્કર યોજના બનાવવામાં સમય પસાર કર્યો હતો.

પાંચાની યોજના પ્રમાણે, સૌથી પહેલી જરુરીયાત એ હતી કે, સૌએ તરવાની કળા આત્મસાત્ કરી લેવી. આ સૌથી અગ્રીમ આવશ્યકતા હતી. એક માત્ર ગોવો આનો કાંઈક અનુભવ ધરાવતો હતો. તેણે અને પાંચાએ નદીના કીનારે ફરીને સૌથી છીછરો તટ ક્યાં હતો તેનું સર્વેક્ષણ કરી એક જગા પસંદ પણ કરી હતી.

પછીના દીવસે સવારે ચારે જણાએ તરવાનો પહેલો અભ્યાસ શરુ કરવાનું નક્કી કર્યું.

**અનુક્રમણીકા**



પહેલો ગોવાળીયો

## પ્રકરણ – 11 : તરણ સ્પર્ધા

બીજા દીવસે બધા નીયત કરેલી જગ્યાએ ભેગા થયા. ગોવાએ પોતાને થયેલા અનુભવો વર્ણવ્યા; અને પોતે જેટલું શીખ્યો હતો તે સૌને બતાવ્યું. પાણી છીછરૂં હતું તેથી ડુબવાનો ભય ત્યજી દઈને બધા નદીમાં ખાબક્યા. ઠંડા પાણીની સીકરોથી બધા પ્રફુલ્લીત બની ગયા. ગોવાએ એને આવડેલી બધી રીતો બતાવી. પણ કોઈને ખાસ ફાવ્યું જ નહીં.

પાંચો દુરથી આ બધી હીલચાલ જોઈ રહ્યો હતો. તેણે કહ્યું,“ આપણે એમ કરીએ. નદીના કીનારે પેલો પથ્થર છે તેને પકડીને પહેલાં પગ હલાવવાનો પ્રયત્ન કરીએ. તેણે પોતે ચીવટથી અવલોકન અને વીચાર કરીને આ રીત શોધી કાઢી હતી. પહેલાં તો તેણે પોતેજ આમ કરી જોયું. થોડીક જ વારમાં તેના પગ બરાબર હાલવા માંડ્યા. હવે બધાએ એનું અનુકરણ કર્યું.

પછી પાંચાએ સુચવ્યું કે, આપણે છીછરા પટમાં સુઈ જઈ, માત્ર હાથ હલાવીએ તો? તેણે પોતે આમ કરી જોયું, અને સૌના આશ્ચર્ય વચ્ચે તે ડુબતો ન હતો. હવે બધાં આમ કરવા મચી પડ્યા. થોડીક જ વારમાં બધાના બળીયા હાથને કારણે તરાશે એવી આશા બંધાણી.

અને પછી છેલ્લો તાસ – પાંચો હાથ હલાવતો પગ પણ હલાવવા માંડ્યો અને તે નદીના પટમાં આગળ વધી શક્યો. બધાએ તાળીઓથી આ તરણશીક્ષકને વધાવી લીધો. પાંચાએ આમ ચાર પાંચ વખત કર્યું. હવે એને ફાવટ આવી ગઈ. તેણે હીમ્મત કરીને નદીની વધારે અંદર જવાની કોશીશ કરી, અને તે ખાસું અંદર જઈ શક્યો. જેમ જેમ તેણે આ મહાવરો ચાલુ રાખ્યો, તેમ તેમ તે વધારે માહેર થતો ગયો.

અને આમ બધા સહપાઠીઓ સાથે ભણતા ગયા. બે એક કલાક આમ શીક્ષણ ચાલ્યું.

આ જ પ્રક્રીયા ચાર દીવસ ચાલુ રહી, હવે બધા ઉંડા પાણી સુધી નીર્ભય રીતે જઈ શકતા હતા. પાંચાએ જાહેર કર્યું કે, બીજા દીવસે તરણ સ્પર્ધા રાખવામાં આવશે અને જે સામા કાંઠે પહેલો પહોંચી જાય; તેને તરણવીર જાહેર કરવામાં આવશે. આખા કોતરમાં આ સ્પર્ધાની જાહેરાત કરવામાં આવી દીધી.

અને બીજા દીવસે ગોવા અને રુપલી, બન્નેના કોતરોની બધી પ્રજા નદી કાંઠે ભેગી થઈ ગઈ. નદીનું પુર જોતી વખતે જે કુતુહલ હતું તેનાથી અનેકગણી ઉત્તેજના ફેલાઈ ગઈ હતી. બધું હાઉસન જાઉસન નદીકાંઠે આ ચાર જવાંમર્દોને દાદ આપવા હકડેઠઠ ભરાયું હતું.

ચારે જણા ચામડાનો બરાબર કચ્છ વાળીને નદીના કીનારે તૈયાર થઈ બેઠા. સૌથી ઉમ્મરલાયક વડીલ સ્પર્ધા શરુ કરવાનો સંકેત આપવા બાજુમાં ઉભા રહ્યા. અને તેમણે બધાની જાણીતી, શીકાર ઉપર ત્રાટકવાની, તીણી સીસોટી

વગાડી. ચારેય જવાંમર્દો નદીમાં ખાબક્યા. સૌ સૌનાં ઘરવાળાં રાડ્યું પાડી પાડી, એમને પ્રોત્સાહીત કરવા માંડ્યા. નદીમાં તો પાણીની છોળે છોળ ઉડવા લાગી. ચારેમાંથી કોઈ પાછી પાની કરે તેમ ન હતું. બરાબરની હરીફાઈ જામી. ઘડીમાં એક આગળ નીકળે તો ઘડીમાં બીજો.

અને બધાના આશ્ચર્ય વચ્ચે કાળુ સૌથી પહેલો ઓલે પાર પુગી ગયો. પછી લાખો, પછી ગોવો અને માસ્તરજી છેક છેલ્લા! બધાંએ તાળીઓ અને સીસોટીઓથી આ નવા સાહસ અને નવી સીધ્ધીને વધાવી લીધાં. અડધો એક કલાક આરામ લઈ ચારેય પાછા આવી ગયા. આ વખતે પણ એ જ ક્રમ રહ્યો. બધાએ કાળુને વધાવ્યો, અને પાંચાને આ શીક્ષણકાર્ય સરસ રીતે પાર પાડવા માટે અભીનંદન આપ્યા.

અને સાથે જ આગલા શીક્ષણ વર્ગમાં જોડાવા માટે યુવાનો યુવતીઓની વચ્ચે પડાપડી થવા લાગી.

પણ ગોવાએ જાહેર કર્યું," હમણાં તરણ શીક્ષણ બંધ. હવેનો કાર્યક્રમ છે. સામે કાંઠેથી શીકાર સંપદા આ કાંઠે લાવવાનો." બધાંએ કીલકારીઓથી આ જાહેરાતને વધાવી લીધી.

આ જ તો વસ્તીનો રોજનો પ્રશ્ન હતો. જંગલમાંથી શીકાર શોધી, કોતર ભેગો કરવો એ બહુ જ મુશ્કેલ કાર્ય હતું. જંગલમાં બીજા ભયોથી પણ સાવધ રહેવાનું રહેતું. શીકારની સંખ્યા પણ મર્યાદીત હતી અને એ ઝાડીઓમાં એવાં તો સંતાઈ જતાં કે, તેમને શોધી કાઢવામાં જ ઘણો સમય જતો રહેતો. પથ્થર ફેંકીને તેમને પાડી નાંખવામાં પણ ઘણી વાર ઝાડ અને ઝાડી વચ્ચે નડતાં. વળી સતત કપરા ઢાળ પર ચઢઉતર કરવામાં ઘણી શક્તી વપરાઈ જતી. મારણને કોતર ભેગું કરવાનું કામ પણ જંગલ અને ઢોળાવોમાં બહુ અઘરું હતું. વરસાદની ઋતુમાં પથરાળ જમીન લપસણી બની જતી. નદીપારની અઢળક સંપદા, એ જ હવે સૌનું લક્ષ્ય બની ગયું હતું.

અને ચારેય ભેરુ બીજા દીવસના મહાભીનીષ્ક્રમણ માટે તૈયારી કરવામાં પ્રવૃત્ત બની ગયા.

**અનુક્રમણીકા**



પહેલો ગોવાળીયો

## પ્રકરણ – 12 : નવી સંપદા

તરણ સ્પર્ધા પછીના દીવસે બધા ભડવીરો નદીને પેલે પાર આસાનીથી પહોંચી ગયા. સાથે અણીદાર પથ્થર, વેલાઓનાં દોરડાં એવી બધી સામગ્રી તેમણે પીઠ ઉપર બાંધી દીધી હતી. કરાળ કાળ જેવી નદી તેમને માટે હવે માતાની હુંફાળી ગોદ જેવી હતી. કાળભૈરવનો ભય તેમને માટે ભુતકાળની સ્મૃતી માત્ર જ હતો.

કાંઠો ઓળંગી, ઘાસનું બીડ પસાર કરી ચારેએ વીશાળ મેદાનમાં પગ મુક્યો. અસંખ્ય ઘેટાં અને બકરાં કોઈ આશંકા કે ભય વગર ચરી રહ્યાં હતાં. તેમણે એક પછી એક કરીને ચાર જાનવરને બહુ જ સરળતાથી ઘેરી લીધા. તેમને ઝબ્બે કરી, ગણતરીના સમયમાં તેમણે પોતાનું કામ પતાવી દીધું.

પણ ખરી સમસ્યા હવે ખડી થઈને ઉભી રહી. આ મારણને ઘર ભેગું શી રીતે કરવું? ચારે જણે એકબીજાની પીઠ ઉપર આ બકરીઓને બાંધી દીધી. વજન ઘટાડવા પથરા અને વધારાના વેલા નદીકાંઠે જ મુકી દીધા. અને બધા નદીમાં ખાબક્યા. પણ હવે નવા બોજ સાથે તરવાનું કામ આસાન ન હતું. ગોવો માંડ પોતાની જાતને તરતી રાખી શકતો હતો. પાંચો તો આ ભારથી ડુબવા માંડ્યો. તેણે જીવલેણ ચીસ પાડી અને પાણીમાં ઉભો રહી ગયો. બધા પાછા વળ્યા.

હવે કરવું શું? ગોવો કહે," આપણે આ બકરું અહીં જ છોડી જઈએ." પણ કાળુ કોનું નામ? એ બધામાં સહુથી વધુ જોરાવર હતો. તેણે કહ્યું," પાંચો અહીં જ રહે. હું મારી બકરી પેલે પાર મુકી આવીને પાછો આવીશ. પછી પાંચાનો ભાર લઈ જઈશ. આવો કીમતી માલ કાંઈ જતો ન કરાય."

ત્રણે જણ બકરીઓનો ભાર પીઠે વહોરીને ફરી નદીના પાણીમાં ખાબક્યા. બેળે બેળે. માંડ માંડ બધા સામા કાંઠે થયા. કાળુ સીવાય કોઈના હોશકોશ ન હતા. પણ કાળુ જેનું નામ? એ તો તરત પાછો વળ્યો. વળતી ફેરીમાં બકરી બાંધેલો કાળુ અને ખાલી પીઠે પાંચો પાછા વળ્યા. હા! આ વખતે પાંચારામ પેલે પાર પહેલાં પુગી ગયા હતા!

ઘડીક હાહ ખાઈ ચારે જણા કોતરોમાં પાછા આવ્યા. બધાંએ તેમનું અભીવાદન કર્યું અને આણેલી સંપદાને રાજી થઈને આવકારી. ચારે જણે સામે પારની સમૃધ્ધીનો નજરે દેખ્યો અહેવાલ બધાને જણાવ્યો. બધાંની આંખો ચાર બની ગઈ. નવી શક્યતાઓ હવે વાસ્તવીકતા બની ચુકી હતી. જોગમાયાની અનહદ કૃપા માટે બધાં ભાવવીભોર બની રહ્યા. સામે પારથી આણેલું મારણ આખી વસ્તીને પુરતું થઈ રહ્યું, પાળેલા કુતરાં અને બીલાડાં પણ ધરાઈ ગયાં. અને છતાં વધ્યું. આ ચામડાં પણ નવી કરીશ્માવાળાં હતાં. એનો ઉપયોગ કોણ પહેલું કરે તે માટે સ્ત્રીઓમાં ચડસાચડસી પણ શરુ થઈ ગઈ! એક નવી જ ફેશનને પણ આકાર લઈ લીધો હતો!

જ્યાફત પતી ગયા બાદ સૌ હવે પછી શું કરવું તેના વીચારમાં પડ્યાં. રોજ તો આમ શી રીતે નદી તરાય? કાં તો મારણને આ પાર લાવવા માટે કોઈ નવું સાધન બનાવવું પડે, અથવા પેલે પાર જ રહેવાનું રાખવું પડે. પણ ગુફાઓ અને કોતરોમાં રહેવા ટેવાયેલી આ વસ્તીને ખુલ્લા મેદાનોમાં રહેવામાં મોટો ભય લાગતો હતો. વરસાદ આવે ત્યારે ક્યાં આશરો લેવો? વાઘ, સીંહ, દીપડા આવી જાય તો? અને જોગમાયાની ધરતી છોડે તો તેમની કૃપા પણ તેમને છોડીને જતી રહે તો? ગોવા સીવાય સૌના મનમાં આ આશંકાઓ નો ઓથાર ભરેલો હતો.

ત્યાંજ કાળુ અને લાખો બોલી ઉઠ્યા, " પર્વતના રસ્તે અમે એક ઝાડ કાપીને રાખ્યું છે. એ કોઈ રીતે કામ આવે?"

બધા એ ઠેકાણે પહોંચી ગયા. એ ઝાડની બધી નાની ડાળીઓ કાપી નાંખી અને જોર કરી કરીને એને ઢોળાવ પર સરકાવવા માંડ્યા. આટલા બધા બળીયા કામે લાગ્યા હતા, છતાં ઝાડ ચસકવાનું નામ લેતું ન હતું.

પાંચો દુર ઉભીને આ પ્રયત્નો નીહાળી રહ્યો હતો. એના ચકોર દીમાગમાં એક વાત તરત આવી કે, નાની ડાળીઓ ખસેડવામાં કોઈ તકલીફ ન હતી. એમને ઉંચકી કે રગડી શકાતી હતી. તેણે વાત મુકી કે, એના નાના નાના ટુકડા કરી ઝાડના થડની નીચે મુક્યા હોય તો? તરત કાળુ, લાખો અને બીજા મચી પડ્યા. ચાર મજબુત, નાના ગોળવા કાપવામાં આવ્યા; અને થડની નીચે ચાર જગ્યાએ તેમને સરકાવીને મુકી દીધા. અને બધા બળીયાઓએ થડને દમ ભરીને ધક્કો માર્યો.

અને સરરર કરતું એ મહાકાય થડ તો સરક્યું. ઢોળાવ પર એ તો દોડવા માંડ્યું. પહેલો ગોળવો અડધેથી વધારે આવી જતાં ભફામ્ દઈને થડની આ ગતી રોકાણી. આ નવી શોધને બધાંએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધી. બધાંએ પાંચાને આ આવીષ્કાર માટે નવાજ્યો.

પહેલું પૈડું જન્મ લઈ ચુક્યું હતું. ભાવીના ગર્ભમાં એક નાનકડું બીજ રોપાઈ ચુક્યું હતું. આ નાનકડી ઉપલબ્ધી માનવજાતને ક્યાંથી ક્યાં દોડતો કરી મુકવાની હતી.

પછી તો આ કળા ધીમે ધીમે તેમને હસ્તગત થઈ ગઈ. ક્યારે આગળ વધેલા થડને આધાર આપતો બીજો ગોળવો ઉમેરવો તે તેમને તરત આવડી ગયું. નદીની રેતી આવી જતાં આ કામ થોડું મુશ્કેલ બન્યું. પણ હવે ગોળવા વાપરવાની કળા સૌને સાધ્ય બની ગઈ હતી. આ મહાન કામ પાર પાડવાના ઉત્સાહમાં સૌના દેહ જોગમાયાની ગુફામાં આનંદોત્સવ ટાણે કર્યું હતું તેવું નૃત્ય કરી રહ્યા.

હવે દરરોજ, સામે પારથી, નવી સંપદા હાથવગી થવાની હતી. શીકાર માટે વનવન ભટકવું હવે ભુતકાળની આપદા બની જવાની હતી.

બીજે દીવસે થડને નદીના પટમાં વહેતું મુકવાનો સંકલ્પ કરી સૌ કોતર ભેગા થયા. **અનુક્રમણીકા**

પહેલો ગોવાળીયો

પહેલો ગોવાળીયો

## પ્રકરણ – 13 : તરાપા પ્રયોગ - 2

બીજા દીવસે સવારે, જોગમાયાનું સ્મરણ કરીને, મજબુત વેલાથી બાંધેલું થડ નદીમાં વહેતું થયું. સૌથી પહેલાં, પ્રયોગવીર પાંચો એની ઉપર સવાર થયો. તેણે હવે આ થડ નદીના પ્રવાહમાં વધુ પડતું વહી ન જાય, અને સામે કાંઠે પહોંચે; એ માટેની યુક્તી શોધી કાઢવાની હતી. તેણે હાથમાં એક લાંબી અને મજબુત લાઠી રાખી હતી, જેથી તેને નદીના પટમાં નીચે નાંખી, થડને હડસેલો મારી શકાય.

પહેલો જ હડસેલો, અને થડ તો ગોળ ફરી ગયું; અને પાંચારામ નદીના પાણીમાં. તે તરતા શીખ્યો હતો અને શીખવાડ્યું હતું; પણ ડુબકી મારતાં નહીં! તે કીનારાની બહુ જ નજીક હતો એટલે બીજા મીત્રો તરત નદીમાં ખાબક્યા અને પાંચાને ઉગારી લીધો. ઉંધો કરીને પી ગયો હતો, તે પાણી કાઢ્યું.

બધા નીરાશ બનીને, માથે હાથ દઈ બેઠા. આ સંઘ કાશીએ પહોંચે તેમ લાગતું ન હતું. સસ્તો શીકાર લાવવા માટે, રોજ તરીને, ડુબી જવાના ભયના ઓથારમાં ફડફડતા રહેવા કરતાં જંગલોના ધોડા શા ખોટા હતા? ત્યાં તો ભયોના મુકાબલા માટે અણીદાર પથ્થરો હતા. ત્યાં શ્વાસ ગુંગળાવી નાંખે, તેવું પાણી ન હતું. બાપદાદાઓએ અનેક સદીઓના અનુભવ પરથી સ્થાપીત કરેલી પરંપરા ખોટી ન હતી. એના વગર કોઈ ઉગાર ન હતો.

હવે શું કરવું? પાંચાને થોડી કળ વળતાં, તેનું મન વીચારે ચઢ્યું. થડને ગોળ ફરતું રોકવું હોય તો, તેને પકડી રાખવું પડે. નદીમાં તરતાં તરતાં આ કામ તો શેં થાય? નીરાશાથી તેનું મન ઘેરાઈ ગયું. આ વાત તેને અશક્ય લાગવા માંડી. પોતે તરવું એક વાત હતી, અને આટલા મોટા થડને તરતું રાખવું એ બીજી.

પણ તેની વીચારશક્તી અનેક દીશામાં કામ કરતી હતી. ગોવો પહેલી વખત નદી પાર થયો હતો; તે ઘટના ઉપર તેનું મન તરત કેન્દ્રીત થયું. એ વખતે તો નદીમાં પુર આવેલું હતું; અને તેનો પ્રવાહ ધસમસતો હતો. અને છતાં શા માટે ગોવો ડુબી ગયો ન હતો? આ થડમાં અને જે ઝાડ ઉપર ગોવો ચઢી ગયો હતો, તેમાં શું ફરક હતો? તરત તેને ખબર પડી ગઈ કે, ઝાડ કોઈ માણસે કાપેલું ન હતું. એ તો વાવાઝોડામાં જમીનદોસ્ત થયેલું હતું. એની ઘણી બધી ડાળીઓ મોજુદ હતી. ઝાડ ગોળ ફરી શકે તેમ જ ન હતું.

પાંચો તરત બરાડ્યો," આને હવે ડાળીઓ લગાવવી પડશે."

બધાને થયું કે, 'પાંચાને વીચારવાયુ થયો લાગે છે.' ગોવાએ એને પુછ્યું પણ ખરું," તારી સુધબુધ તો ઠેકાણે છે ને? પાણી પીધું છે, તે મગજ ચસકી ગયું તો નથી ને? "

પહેલો ગોવાળીયો

પાંચાએ પોતાનું અવલોકન સમજાવ્યું. બધા તેની તર્કશક્તી પર વારી ગયા. લાખારામ કહે: “હેંડો લ્યા! બીજું ઝાડ કાપી લાવીએ. હવે ડાળીઓ નહીં કાપીએ.”

પાંચાએ કહ્યું,”ના, ના. આની ઉપર ડાળીઓ ઉગાડી દઈશું.” બધા વીસ્મયથી તેની સામે જોઈ રહ્યા. પાંચો નદીના કીનારા પર પડેલો ડાળીનો એક ગોળવો ઉપાડી લાવ્યો; જેનો ઉપયોગ થડને રગડાવવા કર્યો હતો. તેણે વેલા લઈ આ ગોળવાને થડની સાથે કસીને બાંધી દીધો. સલામતી ખાતર થડની બીજી બાજુ બીજો એક ગોળવો પણ બાંધી દીધો. પછી તેણે ગોવાને અખતરો કરવા કહ્યું. તે પોતે ડુબવાના કારણે ડરી ગયેલો હતો.

ગોવો માનવજાતના આ પહેલા તરાપા ઉપર આરુઢ થયો. લાઠી વડે એણે હડસેલો માર્યો અને થડ તો હાલ્યું. બીજા ત્રણ પણ તરીને આ પહેલા તરાપા ઉપર ચઢી ગયા. દરેકના હાથમાં લાઠીઓ હતી. બધાએ સાગમટે લાઠીઓથી હડસેલા મારવાનું શરુ કર્યું. હવે તરાપો ઠીક ઠીક આગળ નીકળી ગયો હતો.

પણ આગળ જતાં નવી મુશ્કેલી ઉભી થઈ. હવે લાઠીઓ ટુંકી પડતી હતી. તરાપો તો નદીના વહેણમાં, કોતરોથી દુર તણાવા લાગ્યો. લાઠીઓ વડે આકસ્મીક જ બધા પાણી કાપવા લાગ્યા. અને સૌના આશ્ચર્ય વચ્ચે તરાપો થોડો સામા કીનારા તરફ ખસ્યો. હવે બધા હડસેલવામાંથી હલેસવામાં પ્રવૃત્ત થયા અને દમ દઈને મચી પડ્યા.

તરાપાની શોધ પછી, હલેસાંની આ નવી શોધ આકસ્મીક જ થઈ ગઈ હતી.

સામે કાંઠે પહોંચી, શીકાર પતાવી, બધી મતા થડ સાથે બાંધી દેવામાં આવી. આવ્યા હતા તેમ બધા પાછા કોતરો ભેગા થયા. આ વખતે તો તેમણે વીસેક બકરાં માર્યાં હતાં. બધી બાનુઓ માટે નવી ફેશનનાં, ધોળાં બખ્ખ જેવાં, ચામડાં હાજર હતાં!

દસેક દીવસ આ પ્રવૃત્તી એકધારી ચાલી. દરેક વખતે નવા આવીષ્કારો થતા રહ્યા. પાંચાએ બીજી વીસેક ડાળીઓ આ થડ સાથે બાંધી દીધી હતી.થડ હવે આ ડાળીઓની નીચે રાખવામાં આવ્યું હતું. હવે થડ ઉપર વળગીને બેસવાનું ન હતું. આરામથી પલાંઠી વાળીને, તરાપા ઉપર બેસવાની, સરસ સગવડ થઈ ગઈ હતી. અનુભવે, પહોળાં ફણાવાળાં હલેસાં પણ બનાવી દીધાં હતાં. આનાથી હવે તરાપો તીવ્ર વેગે સામે પાર જઈ શકતો હતો.

રુપલી અને બીજી સ્ત્રીઓએ સરસ મજાનાં, લીલા ચટ્ટક, વેલા અને ફુલોથી વસ્તીના આ પહેલા વાહનને શણગાર્યું. હવે તો આ નવા તરાપાની સહેલ બીજા બધાંએ પણ માણી. યુવતીઓ અને ઘરડેરાં પણ નદીની સહેલ લઈ આવ્યાં. તરાપા વીદ્યામાં બરાબર ફાવટ આવી જતાં બાળકોની વાનરસેના અને કુતરાં પણ આ લહાવો લઈ ચુક્યાં હતાં. હવે કામ પણ બહુ ઓછું થઈ ગયું હતું. મોજમજાના કરવાના દીવસો આવ્યા હતા. નદીના પ્રવાહને કાળા માથાના માનવીએ નાથ્યો હતો. હવે તે નાવીક બન્યો હતો.

પહેલો ગોવાળીયો

પહેલો ગોવાળીયો

તેની જીવનનાવ હવે અનેક અણજાણ્યા પ્રદેશોમાં સ્વૈરવીહાર કરવાની હતી. નહીં કલ્પેલાં, નવાં સ્વપ્નો આકાર લેવાનાં હતાં. નવી સમ્પત્તી અને નવા ભયો. નવી સગવડો અને નવી વ્યથાઓ. નવાં સુખ અને નવાં દુખ. એક પ્રચંડ ભવીતવ્યનાં કમાડ આ ગોળવા, આ તરાપા, આ હલેસાંએ ખોલી દીધાં હતાં. બધી જુની વ્યવસ્થા કડડભુસ્સ થઈને તુટી પડવાની હતી. એક નવો જ સમાજ બહુ જ નજીકના ક્ષીતીજમાં ઉગી રહેવા તલપાપડ બનીને તૈયાર ઉભો હતો.

આ પ્રક્રીયા અપરીવર્તનશીલ હતી. મોજમજાની જ નહીં પણ મુશકદોડની પણ આ પ્રથમ શરુઆત હતી. હવે અટકવાનું ન હતું. અને હવે છટકવાનું પણ ન હતું. નદીનું ધસમસતું પુર તો એક જ દીવસમાં ઓસરી ગયું હતું; પણ આ પ્રવાહ તો બીન-બ-દીન બળવત્તર થવાનો હતો.

એ પ્રવાહ માનવીને ક્યાંથી ક્યાં લઈ જવાનો હતો; તેની તો માત્ર જોગમાયાને જ ખબર હતી. કે તેને પણ નહીં?!

**અનુક્રમણીકા**

પહેલો ગોવાળીયો

## *પ્રકરણ – 14 : નેસડો*

# એક વરસ પછી...

રુપલી:" "હાલ્ય ગોવા! બાબલાને જોગમાયાને પગે લગાડી આવીએ. હવે ત્રણ મહીનાનો તો થઈ ગયો."

ગોવો: " "હા! મનેય મનમાં ક્યારનું એમ થતું હતું. આ અહીંના કામમાંથી તો ક્યારેય નવરાશ નહીં મળે.""

અને બન્નેએ ચાંદો મોટો થાય, એ દી સાંજે જવાનું નક્કી કર્યું. હજુ કાલે જ એને કાળભૈરવ ગળી ગયો હતો, એની ચુંગાલમાંથી ફરી એક વાર ઉગરતાં ચાંદાને બે અઠવાડીયાં લાગવાનાં હતાં.

હવે તો આખો કબીલો મેદાનોના પ્રદેશમાં વસવા આવી ગયો હતો. જો કે, કોતરો અને ગુફાઓ જેવી રહેવાની મજા તંબુમાં ક્યાં હતી? ત્રણ વળીઓને બાંધી, જમીનમાં ગાડી, ચારે બાજુ મોટાં ચામડાં બાંધી, નાનકડી જગ્યામાં બે જણ સુખે દુખે પડ્યાં રહેતાં. નીચે ઘાસની પથારી. પણ એમાં ગમે ત્યારે ઘુસીને કીડા વીતાડતા. પણ એ સીવાય કોઈ છુટકારો ન હતો. દરરોજ નદી ઓળંગીને પેલે પાર જવાનું વધારે કષ્ટદાયક હતું.

ધીમે ધીમે કરતાં, દસ કબીલામાંથી સાત કબીલા આ પાર વસવા આવી ગયા હતા. દરેકની પાસે પેલે પાર જવા પોતપોતાનો તરાપો હતો. ત્રણ કબીલાવાળાને જીવવાની આ રીત પસંદ આવી ન હતી. એ લોકોને પર્વત અને જંગલ ઉપર શીકાર કરવાની પરંપરા છોડવામાં શાણપણ લાગ્યું ન હતું. મેદાનોમાં ન મળતા સુકા મેવાની સાટે એ લોકો અહીંનું વધારાનું મારણ અને ચામડાં મેળવી લેતાં. આ આદાન પ્રદાનની નવી પ્રક્રીયા પણ આ નવા પ્રસ્થાન થકી ઉદ્ભવી હતી. આ બન્ને પક્ષે ફાયદાકારક પણ હતું.

મેદાનમાં વસ્તી પણ કુદકે ને ભુસકે વધતી જતી હતી. કામનું ભારણ ઓછું થયું હતું. ડુંગરાળ પ્રદેશ કરતાં રોગચાળો અને મરણ પણ ઘટ્યાં હતાં. પણ શીકારીઓ વધતાં શીકાર દુર ભાગવા માંડ્યો હતો. આથી હવે તેઓ સવારના નીકળી પડતા અને દુરથી શીકાર મેળવી સાંજે પાછા આવતા.

અમુક કબીલાવાળાઓએ નવી રસમ અપનાવી હતી. એમણે એમના તંબુ જ નદીથી દુર ગાડ્યા હતા. જેમ જેમ શીકાર દુર થતો જતો, તેમ તેમ એ લોકો તંબુઓ પણ આગળ લઈ જતા. એ લોકો ભટકતા થઈ ગયા હતા. નીત નવી જગ્યાએ નવી ઉત્તેજના એમને વધારે પસંદ આવતી. નવી નવી જાતનાં પ્રાણીઓ સાથે મુકાબલો પણ થતો. અને જાતજાતનાં ચામડાં પણ મળવા માંડ્યા હતા.

નદીથી ઘણે દુર એક મોટું સરોવર હતું. એક કબીલાએ તો છેક એ સરોવરને કાંઠે વસવાટ શરુ કર્યો હતો. ત્યાં નવી જાતનાં ફળોનાં અનેક ઝાડ પણ હતાં. કેળાં, કેરી, જામફળ, દ્રાક્ષ હવે વપરાતાં હતાં. સરોવરમાં મોટી માછલીઓ પણ હતી. પાતળા રેસાના છેડે અણીદાર હાડકાંનો હુક અને કીડા બાંધી માછલીઓ પકડવાની કળા આ કબીલાવાળાઓએ સાધ્ય કરી હતી. શીકારની પાછળ દોડવા કરતાં આ બહુ જ સરળ કામ હતું. નાના છોકરાંઓ પણ આ કરી શકતા હતા. આથી તેમણે સરોવરના કાંઠા પર પોતાનો વસવાટ બનાવ્યો હતો.

આમ નદી કીનારે ટેકરાઓમાં, થોડીક જ જગામાં, અને સદીઓથી એક જ ઢાળે રહેનારી, આ પ્રજા ઘણા મોટા પ્રદેશમાં વીસ્તરી ગઈ હતી. હવે જીવનપધ્ધતી પણ જાત જાતની અને ભાતભાતની બનવા માંડી હતી. દરેક જગ્યાની પોતાની એક અલગ રસમ વીકસવા માંડી હતી. પરીવર્તનનો વાયરો જોરદાર ઝડપે ફુંકાવા માંડ્યો હતો.

પણ આપણા આ ચાર ભેરુઓએ તો કદી જુદા ન પડવાનો સંકલ્પ કર્યો હતો. ગોવા અને રુપલી વચ્ચે ઉપરોક્ત સંવાદ ચાલી રહ્યો હતો; એટલામાં, તેમના તંબુ પાસે બીજા ત્રણેય ભેરુ આવી પુગ્યા.

પાંચો: " કેમ ગોવા! આમ સુનમુન બેઠો છે? "

ગોવો : " અમે પુનમ પર જોગમાયાની ગુફામાં જવાનો વીચાર કરીએ છીએ. આ બાબલાને પગે લગાડવા."

ત્રણે ભાઈબંધો બોલ્યા, " હેંડ લ્યા, અમેય હારે આવશું. આ કાળુનો બાબલો ય એવડો જ થ્યો છે ને? "

આમ બે અઠવાડીયા પછીનો કાર્યક્રમ નક્કી થઈ ગયો. ત્યાં લાખાની નજર ગોવાના તંબુની બાજુમાં બાંધેલ એક બકરી અને તેના એક નાના બચ્ચાં ઉપર પડી.

લાખો: " કેમ આને કાલ માટે બાંધી રાખ્યાં છે?"

રુપલી:" ના લાખાભાઈ. ચાર દી' પહેલાં મને આ બચાડાં બચ્ચાં અને એની મા પર હેત આયું, તે ગોવાને કહ્યું કે, આને મારીશ નહીં. બકરીનાં આંઉ બવ ભરેલાં હતાં; એમાંથી દુધ દોહીને મારા બાબલાને પાયું. મારું બહુ ઓછું આવે છે; તે આજે બચાડો બરાબર ધરાઈને સુતો છે."

ત્રણે દોસ્ત બોલી ઉઠ્યા," લે કર વાત. આ નવી વાત લાવ્યાં, તમે તો."

રુપલી," ઈમને ય હવે અમારી હારે ફાવી ગયું છે. ઈમનેય જંગલી જનાવરનો ભો ઓછો થયો છે ને! "

ગોવાએ હસીને કહ્યું, :" જ્યારનો આ બાબલો આયો છે, ત્યારની આ રુપલી બદલાઈ જ ગઈ છે. એનું હેત હવે ચારે કોર્ય ઉભરાય છે!"

પહેલો ગોવાળીયો

બધાને જાનવર પાળવાની આ રીત સાવ અજબ લાગી. રક્ષણ માટે કુતરા અને ઉંદરનો ત્રાસ ઓછો કરવા બીલાડીઓ તો બધા પાળતા; પણ ભક્ષ્યને પાળવાની આ રીત તેમને નવી જ લાગી. પાંચાનું ફળદ્રુપ ભેજું તરત વીચારે ચઢી ગયું. એને વીચારે ચઢી ગયેલો જોઈ, ગોવાએ કહ્યું," કેમ લ્યા, પાંચા, શો વીચાર કરે છે? "

પાંચો ," આવા ઘણા બધાં બકરાં પાળ્યાં હોય તો? શીકાર માટે દોડવાનું જ નહીં. બાંધેલા એકને વધેરી દેવાનું. અને રોજ દુધ મળે એ નફામાં. ખાલી એમને માટે પાણી અને ઘાસ લાવવા પડે એ જ ને? "

બધા પાંચા પંડીતની બુધ્ધી ઉપર વારી ગયા. પણ કાળુ તરત બોલ્યો. " એ તો વરુ અને શીયાળ પેંધા પડ્યા નથી ત્યાં લગણ. રાતેય એમનાથી આ બકરાંને બચાવવા જાગતા રહેશો? આ તો મોટી પળોજણ ઉભી કરી. "

પણ પાંચો જેનું નામ, હાર માને તો પાંચો શાનો? એ કહે , " તંબુની ચારે પાસ ઝાડ વાવી દેવાનાં. વરુ કે શીયાળ થોડા કુદીને આવવાના છે?"

બધાને થયું કે ફરી આને વીચારવાયુ થયો લાગે છે. અધા એની મશ્કરી કરવા લાગ્યા. રુપલી પણ ખી ખી કરતી એમાં જોડાઈ. " પાંચાભાઈ! કેટલાં ઝાડ વાવશો? અને ત્યાં લગણ તો આ બકરીને અમે નહીં તો વરુ ક્યારનીય ચાંઉ કરી જશે."

પાચો," કાલે વાત. બધાને કાલે ભેગા કરી; લાઠીઓ રોપી દેશું."

હવે બધાંને પાંચાનો પ્લાન સમજાયો. હમ્મેશની જેમ પાંચો વધુ મગજવાળો પુરવાર થયો હતો.

બીજા દીવસે આજુબાજુમાં રહેતા બધા જુવાનીયાઓની ટોળી થોડે દુર આવેલા ઝાડીવાળા વીસ્તારમાં પહોંચી ગઈ. દસ બાર ઝાડ જમીન દોસ્ત થઈ ગયાં. એમની સીધી સીધી ડાળીઓ ભેગી કરી, અને ગોવાના તંબુની બહાર ઠાલવી. એ પછીના દીવસે પાંચાની દોરવણી હેઠળ, ગોવાના તંબુની ચારેબાજુ લાઠીઓની વાડ ઠોકાઈ ગઈ. એ લાઠીઓની વચ્ચે કાંટા અને ઝાંખરાં પણ લગાવાઈ ગયાં. બકરીબાઈ અને એના બચ્ચાને માટે સરસ મજાની વાડ બની ગઈ હતી. એક નહીં પણ દસ બકરી રાખી શકાય એટલી જગ્યા થઈ ગઈ હતી. એક બાજુ ખાડો કરી, નદીનું પાણી પણ ઠાલવી દીધું. રુપલી અને બીજી સ્ત્રીઓ બીજી ચાર બકરીઓને બચ્ચાં સાથે પકડી લાવી; અને વાડમાં આશરો આપ્યો. હવે તો આ બધીઓને બાંધવાની જરુર પણ ન હતી. ભયથી થોડી શાંત પડી એટલે એ બધીય આ નવા આશરામાં મહાલવા લગી.

ગોવો અને રુપલી હવે વાડીવાળાં બન્યાં હતાં.

અને અનુકરણને કેટલી વાર? એક અઠવાડીયામાં તો આજુબાજુના બધા તંબુઓ વાડોથી ઘેરાઈ ગયા. અને બધે બકરીઓ અને ઘેટાં પુરાઈ ગયાં.

પહેલો ગોવાળીયો

પુનમ આવતાં પહેલાં એક માના પ્રાણી-પ્રેમમાંથી, પહેલો નેસડો આકાર લઈ ચુક્યો હતો.

## અનુક્રમણીકા

## *પ્રકરણ – 15 : પુનમનો મેળો*

નદી પાર કરી નવાં પ્રસ્થાન શરુ કરનાર ગોવો, બધા કબીલાઓનો માનીતો નેતા બની ચુક્યો હતો. તેને ખબર ન પડે એ રીતે, પુનમના દીવસે જોગમાયાના દર્શનનો કાર્યક્રમ બધે જાહેર થઈ ચુક્યો હતો. બધી વસ્તીએ ત્યાં ભેગા થવું; એવો સંદેશો બધાને મોકલવામાં આવ્યો હતો.

અને એ શુભ દીવસ આવી પહોંચ્યો. બધા કબીલાઓ પોતપોતાની મતાનું પ્રદર્શન કરવા આતુર હતા. હવે માંડ જ એકેબીજાને મળાતું હતું, એથી એ આકાંક્ષા પણ પુરી થવાનો હરખ હતો. જુવાનીયાંઓને નવા કે નવી સાથીદારોને જોવાની, જાણવાની અને પ્રણય વીકસાવવાની પણ આતુરતા હતી.

આમ જાતજાતની અભીલાષાઓની વચ્ચે નદીના એ જુના કાંઠે બધા ભેગા મળ્યા. સૌનો હરખ તો માતો ન હતો. આટલા બધા લોકોને આવેલા જોઈ ગોવો અને રુપલી તો આશ્ચર્યચકીત થઈ ગયા. બધાંએ હેતથી રુપલીના બાબલાનાં ઓવારણાં લીધાં. સસલાંની પાંસળીના મણકાથી બનાવેલી માળાઓ તેને પહેરાવી. કોઈ તેને માટે નદીની રેતમાંથી ભેગી કરેલાં નાનકડા શંખોની માળા લાવ્યું હતું. તે તેને પહેરાવી. એ બચાડો નાનકડો જીવ તો આ બધા ધસારાથી ગભરાઈને ભેંકડા તાણવા લાગ્યો.

ગોવાની વસ્તી પાળેલી બકરીઓ સાથે લાવી હતી. ચામડાની કોથળીઓમાં રાખેલું, બકરીઓનું દુધ નાનાં બાળકોને હોંશથી પીવડાવવામાં આવ્યું. બકરીઓને પુરવાની વાડ અને નેસડો બનાવ્યાની વાતો બધાને આશ્ચર્યમાં ગરકાવ કરી દેતી હતી. પાછા વળતાં બધાં આ નવતર પ્રયોગને નજરે નીહાળવા આતુર હતા.

રઝળતા ડફેરો શીકાર કરેલા પ્રાણીઓનાં અવનવા ચામડાં અને શીંગડાં લઈને આવ્યા હતા. એમાંયે સાંઢનાં મોટાં અને વજનદાર શીંગડાં બધાના કુતુહલનો વીષય બન્યાં હતાં. એ વળી એવી ખબર પણ લાવ્યા હતા કે, બહુ દુરનાં ઘાસના મેદાનોના બીજા છેડે એક બીજી વધારે મોટી નદી હતી અને તેમાં પહાડ જેવા મોટા, મોટી સુંઢવાળા અને લાંબા દાંતવાળા, કોઈક અજાયબ જાનવરો મોટા ટોળામાં વસતા હતા. નદીમાં ભયાનક દેખાવના, પથ્થર જેવા,મોટાં જડબાં, અણીદાર દાંત અને લાંબા તાકાતવાળા પુંછડા ધરાવતા હીંસક જળચર પણ રહેતાં હતાં. આ બધી ખબરો સાંભળી સમગ્ર વસ્તી એ વીસ્તારની મુલાકાત લેવા તત્પર બની હતી.



પહેલો ગોવાળીયો

સરોવરના કીનારે રહેતો કબીલો જાતજાતનાં ફળો અને માછલીઓ સાથે લાવ્યો હતો. આ તો સાવ નવીજ ખાદ્ય સામગ્રી હતી. કેળાં, કેરી અને જામફળ જેવાં રસાળ ફળો તો બધાંને બહુ જ ભાવ્યાં. માછલી પકડવાની કળા પણ એક જણ બધાને બતાવતો હતો.

મુળ કોતરના વાસીઓ હેરતભરી આંખે આ બધી નવી સંપદા નીહાળી રહ્યાં. એમને પોતાની મુળ રસમ નીભાવવાના નીર્ણય ઉપર શંકા-કુશંકા પણ થવા માંડી.

એમાંનો એક જુવાનીયો તો બોલ્યો પણ ખરો, "હેંડો લ્યા! આપણેય એ સરોવરને કાંઠે રહેવા જઈએ."

પણ એમના વડીલો મક્કમ હતા. એક વૃધ્ધ વડીલ તરત કરડાકીથી બોલી ઉઠ્યા, "આપણા બાપદાદાઓએ સ્થાપેલી પરંપરા કદી ન તોડી શકાય. જોગમાયાનો કોપ વહોરવો હોય, તો આ બધા ચાળા કરો. ખબરદાર કોઈ આ સુધારાવાળાઓ સાથે જોડાયા તો." વાતાવરણમાં ગરમી આવી ગઈ. વડીલોની આજ્ઞા ઉથાપવી એ આ પ્રજાના સ્વભાવમાં ન્હોતું, પણ વીદ્રોહની આગ જવાનીયાંઓના હૈયામાં જલવા લાગી.

આનંદોત્સવ વખતે માતાજીએ પ્રેરેલી શુભવાણી ઉચ્ચારનાર, પેલા સૌથી વૃધ્ધ વડીલે આ વડીલને ખાળ્યા. નહીં તો આ વીવાદ મારામારી ઉપર આવી જાત.

વસ્તી એટલી તો બધી હતી કે, નદીકીનારાની જગા હકડેઠઠ ભરાઈ ગઈ હતી. કોઈએ રુપલીને પુછ્યું,"અલી એ! આ બાબલાનું નામ શું રાખ્યું છે?"

રુપલી કહે," એ જોગમાયાના દર્શન કરે પછી, માતાજી જે સુઝાડે તે."

જોગમાયાની ગુફામાં હવે એક કબીલાનો સમાવેશ પણ મુશ્કેલથી થાય તેમ હતું. બધા વારાફરતી ઉપર જઈ માતાજીને ભોગ ધરાવી આવ્યા. કોતરોમાં રહેતા એક વડીલ ગુફામાંની વ્યવસ્થા સંભાળવા રોકાયા હતા. અને માતાજીને ધરાવાતા બધા ભોગની પ્રસાદી વગર મહેનતે આત્મસાત્ કરતા હતા! ગોવો અને રુપલી પણ ત્રણ ગોઠીયાઓ અને તેમની પત્નીઓ સાથે જોગમાયાને પગે લાગી આવ્યા. સાથે ગોવા અને રુપલીનાં માવતર પણ હતાં.

ગોવાની માએ કહ્યું," આનું નામ કાનો રાખીએ તો?" બધાએ આ નવતર નામને વધાવી લીધું.

આમ ને આમ સુરજ ઢળવાની વેળા થઈ ગઈ. સુરજનો લાલચોળ ગોળો પશ્ચીમાકાશમાં ડુબું ડુબું થઈ રહ્યો હતો. પુર્વમાં કથરોટ જેવડો મોટો ચાંદો ઉગી રહ્યો હતો. વીહાની નજર હમ્મેશની જેમ આકાશ તરફ જ હતી. તે બોલી ઉઠ્યો," ગોવો પાછો આવ્યો અને આપણે માતાજીની ગુફામાં ઓચ્છવ મનાવ્યો હતો એવો જ દીવસ આજે છે. જુઓ હરણીયું ચાંદો ઉગતાંની સાથે જ માથા ઉપર આવી ગયું છે."

પહેલો ગોવાળીયો

વીહો સરોવર કાંઠે રહેતી વસ્તીનો, આધેડ વયનો, પુરુષ હતો. રાત્રે તેની નજર આકાશ સામે જ તાકેલી રહેતી. સુતા પહેલાં ક્યાંય સુધી, તે તારાઓ અને ચન્દ્રને નીહાળ્યા કરતો.

વીહાની વાત સાંભળી પાંચાએ કહ્યું," દર વર્ષે આપણી બધી વસ્તી આ રીતે અહીં મળે એવું નક્કી કરીએ તો?"

બધાંએ આ સુચનને ઉમળકાથી વધાવી લીધું. જોગમાયાની છત્રછાયામાં પુનમનો આ મેળો હવે કાયમી બની રહેવાનો હતો.

પણ બધાં ભેગાં થયાનો આનંદ અને ઉલ્લાસ આમ થોડોજ વાતોના વડાંથી સંતોષી શકાય? કાનાને ઓવારણાં લેતી, અને વારંવાર તેડીને વ્હાલ કરતી, બધી સ્ત્રીઓ ઉભરાઈ રહેલા પોતાના હરખને વાચા આપવા આતુર હતી. એવામાં કાળુએ ડફલી હાથમાં લીધી અને જુના અને જાણીતા લયમાં વગાડવા માંડી. બધાં ભેગાં થઈ ગયાં. એમના પગ નર્તન કરવા માંડ્યા. લાખા ને બીજા જુવાનીયાઓએ પણ પોતાના ઢોલ સાબદા કર્યા. અને આનંદોત્સવ જેવા ઉન્માદથી મેળો છલકાઈ ઉઠ્યો. ઢોલના ધબુકે, નવી જીવનપધ્ધતીને વાચા આપતાં નર્તનના નવલા પ્રકારો ઉપસવા માંડ્યા. એ ઉલ્લાસ-ગીતોમાં હવે માછલીઓ, કેરીઓ, સાંઢ અને હાથી પણ ડોકીયાં કરવા માંડ્યા. ડફેરોના નાચની હીંચ તો એકદમ અદભુત હતી. શીકારની પાછળ ભાગતા રહેવાનો એમનો ઉન્માદ નાચમાં પ્રતીબીમ્બીત થતો હતો.

ક્યાંય સુધી આ હરખના ઓઘ ઉઘલતા રહ્યા. ચન્દ્રની શીતળ ચાંદની નદીકીનારે ભેગા થયેલી આ બીરાદરીને હળુ હળુ પ્રકાશમાં ન્હવડાવવા માંડી. શ્રમથી ઉપજેલા પ્રસ્વેદને સુકવતી, પવનની લહેરખીઓ દીલો દીમાગને ઠંડક આપતી હતી.

અને ત્યાજ 'અરેરે!' કરતી, એક સ્ત્રીની ભયાનક ચીસ ઉઠી.

સૌથી વૃધ્ધ વડીલ જ્યાં બેઠા હતા, ત્યાં જ ઢળી ગયા હતા. એમની બાજુમાં બેઠેલી એમની જીવનસાથી ડોસીએ આ ચીસ પાડી હતી. બધો તાલ બંધ પડી ગયો. રંગમાં ભંગ પડી ગયો હતો. વડીલો તરત ત્યાં પહોંચી ગયા. ક્ષણેકમાં જ જાહેરાત થઈ કે, બધા કબીલાઓના આદરપાત્ર એ વડીલનું પ્રાણપંખેરુ ઉડી ગયું હતું. શોકની કાલીમાએ નર્તનની લાલીમાને ગ્રસી લીધી. કાળભૈરવથી સૌનાં આ સુખ, આ શાંતી, આ ઉન્માદ, આ સમૃધ્ધી જીરવાયાં ન હતાં. એના પ્રકોપે જાતીના સૌથી વધુ આદરપાત્ર વડીલનો ભોગ લીધો હતો.

ઉંઘ ન આવી ત્યાં લગણ સ્ત્રીઓએ મરશીયા ગાયા કર્યા. પુરુષો દરેક ધ્રુવપંક્તીએ શોકની મરણચીસ પુરાવતા રહ્યા. બાળકો કાંઈક અઘટીત બન્યું છે, એ જાણી શીયાંવીયાં બની એકમેકને ચોંટીને ગલવાઈ રહ્યાં; અને ડુસકાં ખાતાં ખાતાં નીંદરને શરણે ગયાં. બીજા દીવસની સવાર સુધી નદીકીનારે જ રોકાઈ, મોંસુઝણું થતામાં એમની અંતીમક્રીયાનો સંકલ્પ કરી; રુદીયામાં ભારેલો અગ્ની સમાવી, સાવ શુન્યમનસ્ક બની, ઘેરાતી અને કકળતી આંખોએ. અડધા ઉંઘરાટાં, સૌ માંડ માંડ નીદ્રાદેવીને શરણે ગયાં.

**અનુક્રમણીકા**

## પ્રકરણ – 16 : ઉત્તરક્રીયા

બીજા દીવસની વહેલી સવારે અમુક જુવાનીયાઓ અને સશકત વડીલો સદગતની અંતીમ ક્રીયા માટે નીકળ્યા. જોગમાયાની ગુફા જે પર્વત ઉપર હતી તેનાથી આગળ, પર્વતની પેલે પાર, એક ઉંડી ખીણ હતી. ત્યાં મરણ પ્રસંગ વીના કોઈ કદી જતું નહીં - શીકાર માટે પણ નહીં. એ કાળભૈરવની ખીણ કહેવાતી હતી. એ રસ્તે નીચે જતાં એક બીજી ગુફા હતી. એમાં બહુ અંદરના ભાગમાં, ચારે બાજુ કાળમીંઢ પથ્થરોની વચ્ચે ગુફા બહુ જ ઉંડે સુધી વીસ્તરેલી હતી. ત્યાં હમ્મેશ, ધોળે દહાડે પણ, કાળું ઘોર અંધારું રહેતું હતું.

મશાલો લઈને બધા એમાં નીચે ઉતર્યા. ઝાડની એક મજબુત ડાળી સાથે, વેલાઓ વડે, ગુજરી ગયેલા વડીલનો દેહ કસીને બાંધ્યો હતો. બે જણ એને ખભે ટેકવીને ચાલતા હતા. એ થાકે ત્યારે બીજા બે જણ આ ભાર પોતાના ખભે લઈ, આગળ વધતા હતા. બે જણા મશાલથી અજવાળું પાથરી, આગળનો રસ્તો બતાવતા હતા. એ મશાલના અજવાળાથી ગુફાની દીવાલો ઉપર લાંબા અને કાળા પડછાયા પડતા હતા અને ભયાનક દ્રશ્ય ખડું કરતા હતા. જાણે ગુફાની દીવાલો આ પડછાયાઓથી જીવંત બની ગઈ હતી. ઠેક ઠકાણે ગુફાની ઉપરની છતમાંથી ખારવાળું પાણી ઝમી ઝમીને ચીત્રવીચીત્ર, રંગબેરંગી ઝુમ્મરો અને થાંભલાઓ લટકી રહ્યા હતા. એના પડછાયા પણ આ ભયંકરતામાં ઓર વધારો કરતા હતા.

હવે સમથળ જગ્યા આવી હતી. આગળ વળાંક લઈ, ગુફા પેલી કાળઝાળ ખીણમાં ખુલતી હતી, એમાંથી ચળાઈને થોડો પ્રકાશ આવતો હતો. ગુફાના એ બીજા નાનકડા પ્રવેશ દ્વારમાંથી સુસવાટા મારતો પવન, કાળજું કંપાવી નાંખે તેવી તીણી સીસોટીઓ સાથે પ્રવેશતો હતો. કાચાપોચા તો થથરી જાય એવા એ અવાજો કાળભૈરવની વાણી છે; એમ મનાતું. આથી માત્ર મરણ પછીની અંતીમ ક્રીયા માટે જ લોકો અહીં આવતા. સ્ત્રીઓ અને બાળકોને તો અહીં આવવાનો નીષેધ જ હતો.

ડાઘુઓએ હવે ગુફાના તળીયે શબને ઉતાર્યું. ગુફાના ઢોળાવના કારણે વરસાદનું પાણી અહીં માટી ઘસડી લાવતું હતું. કોઈક અકળ ફાટમાંથી ભરાયેલું વરસાદનું પાણી પર્વતની અંદર ઉતરી જતું હતું. બહુ થોડું પાણી જ ગુફાના આ સૌથી નીચલા ભાગમાં ભેગું થતું હતું. એ સુકાતાં જુના શબો ઉપર માટી પથરાઈ જતી હતી. વરસાદ બંધ થતાં, બે ત્રણ દીવસે આ પાણી સુકાઈ જતું હતું. વળી અહીં ગુફાની બાજુઓ પર ખડક નહીં પણ, માટીના થરના થર જામેલા હતા. આ જગ્યા કાળભૈરવની ગુફાની સૌથી ઠંડી અને ભેજવાળી જગા હતી. આથી જ અંતીમક્રીયા માટે આ જગા પેઢીઓથી વપરાતી હતી. મરણ બાદ મૃતાત્માને અહીં શાંતી અને ઠંડક મળે છે, એમ મનાતું.

બે જુવાનીયાઓએ લાંબા અણીદાર પથ્થરો વડે એક લાબો ખાડો બનાવ્યો; અને શબને એમાં સુવાડ્યું. સાથે લાવેલા હરણના શબને પણ આ ખાડામાં સાથે મુક્યું. મૃતાત્મા માટે આ ભોગ ધરાવવાનો ચાલ હતો. દરેક ડાઘુ પોતાની સાથે હાડકાંઓની માળાઓ અને ફુલો લાવ્યો હતો. તે પણ દરેકે શબની ઉપર ચઢાવી. હવે બધા શાંત બની ઉભા રહ્યા.

બીજા એક વયોવૃધ્ધ વડીલે કરુણ સ્વરોમાં સદગતને અંજલી આપતાં કહ્યું,

" ઓ! કાળભૈરવ, અમારા આ પુજ્ય વડીલ એમના જીવનના અંતે, તમારી પનાહમાં આવ્યા છે, એમના આત્માને શાશ્વત શાંતી આપજો."

અને બધા શાંત બની ઉભા રહ્યા. સુસવાટા મારતા પવનની સતત સીસોટીઓ દ્વારા કાળભૈરવે નવાગંતુક મૃતામાનો સ્વીકાર કર્યો.

હવે બધા બાજુના માટીવાળા થરો પરથી માટી ખોદવામાં પ્રવૃત્ત થયા. થોડીક જ વારમાં મરનાર વડીલ અને હરણનાં શબો માટી નીચે દબાઈ ગયા. મરનારનો પુત્ર હવે ગુફાના સાંકડા થતા થોડેક ઉંચે આવેલા ભાગમાં આગળ વધ્યો. એક જ જણ ડોકું બહાર કાઢી શકે એટલું બાકોરું એ છેડે હતું. એણે એમાંથી નીચે નજર કરી. આંખ ન પહોંચી શકે એટલા અગાધ ઉંડાણ સુધી અને જોતાંજ ચક્કર આવી જાય એવી, ખીણ તેને દેખાઈ. પર્વતની ખડકાળ દીવાલ અહીંથી સીધી નીચે સુધી ધસી જતી હતી. આ જ તો કાળભૈરવનું નીવાસસ્થાન હતું. તેણે છેલ્લી મરણપોક પાડી. ખીણની સામેની બાજુના પર્વત પરથી આ મરણપોકના ભયાનક પડઘા પડતા રહ્યા. કાળભૈરવે અટ્ટહાસ્ય વડે મૃતાત્માને પોતાની પનાહમાં હવે લીધો હતો.

હવે સૌ આવ્યા હતા, તે રસ્તે કોઈ પણ અવાજ કર્યા વીના પાછા વળ્યા. બપોર થતાંમાં તો સૌ નીચે નદીકીનારે આવી ગયાં. મરનારના શોકમાં આજે સૌએ કાંઈ જ ખાવાનું ન હતું. માત્ર બાળકોને ભોજન આપી સૌએ નત મસ્તકે મૃતાત્માને અંજલી આપી. ધીરે ધીરે મરનારના ગુણગાન ગાતી વાતો શરુ થઈ. મરનારની વયોવૃધ્ધ પત્નીને અને પુત્રને બધાંએ દીલાસો આપ્યો.

હવે સૌ પોતપોતાને થાનકે જવા પ્રવૃત્ત થયા. તરાપાઓ ભરાવા લાગ્યા. હજુ જુના કોતરોમાં જ રહેતા કબીલા નદીકીનારે આવેલા પોતાના સ્વસ્થાને જવા પ્રવૃત્ત થયા. આ છેલ્લી ટુકડીના વડીલથી બધાના ગયા બાદ બોલ્યા વીના ન રહેવાયું." જોયું ને! નદી ઓળંગી એનું પરીણામ? આ એકલો નહીં, નદીની ઓલી પાર જનારાં બધા કાળભૈરવના ખપ્પરમાં હોમાઈ જવાના છે."

જુવાનીયાઓ મુંગે મોંએ આ અવળવાણી સાંભળી રહ્યા. વડીલોની આમન્યાને કારણે એમનાથી કાંઈ બોલાય તેમ ન હતું. પણ નદી ઓળંગનારની સમૃધ્ધી જોઈ એમની આંખો પણ ઈર્ષ્યામાં સળગી જતી હતી. સૌના અંતરની આ કડવાશને આ શબ્દો વાચા આપી રહ્યા હતા.

પહેલો ગોવાળીયો

પહેલો ગોવાળીયો

પુનમના મેળાના બીજા દીવસે, અંધારીયાની શરુઆતની સાથે, વૃધ્ધ મુખીયાના મરણના કાળઝાળ ઓથારમાં અને ઈર્ષ્યાના દાનવના દાવપેચમાં વીખવાદના વીષવૃક્ષનાં બીજ રોપાઈ ચુક્યાં હતાં.

## અનુક્રમણીકા

પહેલો ગોવાળીયો

# પ્રકરણ – 17 : નેસડાની મુલાકાતે

નદીની પેલે પાર રહેનારા પોતપોતાને થાનકે જતાં પહેલાં ગોવાના નેસડે રોકાયા. સૌને માટે આ સાવ અવનવી રહેવાની રીત રહી. પેઢીઓથી મુક્ત ચરતાં પ્રાણીઓનો પીછો કરી, તેમને ઝબ્બે કરી ક્ષુધા સંતોષવી, એ જ એકમાત્ર વીકલ્પની સૌને ખબર હતી. પણ આમ પ્રાણીઓને પાળી પણ શકાય એ એક સાવ નવો જ વીચાર હતો. જીવન સંઘર્ષની દોડમાંથી સાવ નવરા થઈ જવાની આ તો પ્રક્રીયા હતી. રુપલીની આ શોધ ઉપર સૌ ફીદા થઈ ગયા.

પાંચાના ભેજામાંથી પેદા થયેલા વાડા પણ એક સાવ નવો જ વીચાર હતો.

સરવરીયે રહેતો વીહો બોલી ઉઠ્યો, " તમે તો આ જનાવરોને આકાશના તારાની જેમ બાંધી દીધા."

પાંચો " અલ્યા! વીહા, તારા એ તારાય આખી રાત ફરતા રહે છે. આ તો આપણે બહાર કાઢીએ તો જ ચસકી શકે. તું ત્યારે તારા જ જોયા કર. "

અને વીહો કોઈ અગમ વીચારમાં ડુબી ગયો. ગોવો બોલી ઉઠ્યો," કેમ વીહા, શું વીચારમાં ડુબી ગયો?"'

સદા દુર દુરના આકાશી પદાર્થો અને અવનવા વીશ્વના ખયાલોમાં જ રમમાણ રહેતો વીહો ધીરે રહીને કોઈ અગમવાણીથી ઉચર્યો, "તમારા આ નેસડા જોઈ, મને કાંઈક અવનવું દેખાઈ રહ્યું છે. કાંઈક સાવ સમજણ ન પડે તેવું - આ તારાઓથી પણ વધારે જટીલ."

ગોવો,": અલ્યા! કાંઈ સમજાય એવું બોલ ને."

વીહો ," મને સમજાતું હોય તો હું તમે સમજાવું ને? મને કોઈ નવી જ દુનીયાઓ દેખાઈ રહી છે - કદીય ન ભાળી હોય એવી. તમારા આ નેસડાએ કદાચ એને જન્મ આપ્યો છે. જેમ આ તારાઓ આટલે દુર છે, તેમ જ તમે શરુ કરેલી આ બાંધકામની રીત તમને, મને, આપણને, સૌને ક્યાંના ક્યાંય લઈ જશે; એમ મને દેખાઈ રહ્યું છે. કુદરતે આપેલા વસવાટના સ્થાને રાતના આશરા માટે આપણે તંબુઓમાં રહેવાનું શરુ કર્યું. પણ આપણે તો મુક્ત જીવ જ હતા. તમે શરુ કરેલા આ વાડામાં જેમ આ પશુઓને તમે બાંધી દીધા છે, તેમ આપણે પણ બંધાઈ જઈશું. પછી આપણે મુક્ત રીતે ફરતા નહીં રહીએ. એણે સર્જેલી માયામાં આપણે એવા જકડાઈ જઈશું કે,એ બંધનની ચુંગાલમાંથી છુટવા આપણે પાછા ગુફાઓનો આશરો લેવો પડશે. આ નેસડા વધતા જ જશે. માણસો પણ પોતાને રહેવાના આવા વાડા બનાવશે. પછી એની સગવડ અને સલામતીથી બધા એટલા ટેવાઈ જશે કે, એનાથી છુટી જ નહીં શકે. મને માણસને રહેવા માટેના, પહાડ જેવા ઉંચા, વાડાઓ બનતા દેખાઈ રહ્યા છે. એમાં આપણે કલ્પી પણ ન હોય, તેવી સગવડો હશે. જીવન વધારે



પહેલો ગોવાળીયો

ને વધારે જટીલ બનતું જશે. એ સગવડો મેળવવા આપણે શીકાર માટે દોડીએ છીએ એનાથી પણ વધારે દોડવું પડશે. દોડતા જ રહેવું પડશે. એમાં કોઈ આરામ અને શાંતી નહીં હોય."

સૌ વીહાની આ અવળવાણી સાંભળી હેબતાઈ ગયા. વીહા માટે સૌને માન હતું, એ કોઈએ ન જોયું હોય તેવું જોઈ શકતો. એને સુરજ, ચાંદો અને તારાઓ અલકમલકની વાતો કહી જતા. કોઈની નજર ન પહોંચે ત્યાં એની નજર પહોંચતી.

આ ગંભીરતા અને અસમંજસને તોડતો કાળુ બોલી ઉઠ્યો, " "હેંડ હેંડ વીહા! તને અમારી અદેખાઈ આવે છે, એટલે આમ અવળું અવળું બોલે છે. એક વાર અમારી જેમ નેસડો બનાવી જો, પછી તું ય એના મોહમાંથી બહાર નહીં આવે."

વીહો કહે," "હું એ જ તો કહું છું. આ માયા આપણને બરાબરના ફસાવવાની છે - આપણે શીકારને ફસાવીએ છીએ તેમ. અને એમાં તો રોજે રોજ મરવાનું. આ હરણ તો એક જ વાર મરે છે. આપણા વારસો તો મરતા જ રહેશે. જીવવાનું સાવ દોહ્યલું બની જવાનું છે."

આ આર્ષદ્રષ્ટાની અમંગળ વાણી અને એણે ઉભા કરેલા ઓથારમાંથી ઉભી થયેલી ગમગીનતાને દુર કરતો લાખો બોલી ઉઠ્યો ," એ બધી વાતો અમને ન સમજાય. હવે એમ કહે, અમને ઓલ્યા, પહાડ જેવા, મસમોટા જનાવર ક્યારે બતાવે છે?'

વાતનો આ વળાંક સૌને ગમ્યો. વીહો પણ એના દીવાસ્વપ્નમાંથી બહાર આવ્યો. આવતી પુનમે દરેક કબીલાના ત્રણ ચાર સશક્ત જુવાનો સરવરીયે ભેગા થશે, એમ નક્કી થયું. ત્યાંથી બધા ભેગા થઈને એનાથી ઘણે દુર આવેલી મોટી નદી અને એન કાંઠેના હાથીઓના એ પ્રદેશની મુલાકાત લેવાનું નક્કી કરી , બધાં છુટાં પડ્યા.

પણ વીહાની વાત ભમતારામ જેવા ડફેરોના મનમાં બરાબર જચી ગઈ. સદા ફરતા અને વીચરતા રહેતા એમની ચીત્તવૃત્તીને પણ આ નેસડા ગમ્યા નહોતા. પોતાની જીવન પધ્ધતીમાં વીશ્વાસ દ્રઢ કરીને એ લોકો આગળ વધ્યા.

અનુક્રમણીકા



પહેલો ગોવાળીયો

## પ્રકરણ – 18 : હાથીનો શીકાર

અને એ પુનમ આવી પહોંચી, બધા સરવરીયા નેસમાં ભેગા થયા. વીસેક જણનો કાફલો ભેગો થયો હતો. ત્યાંથી બધા વહેલી સવારે દખણાદા હાલવા માંડ્યા. આખો દી આમ ચાલતા રહ્યા; ત્યારે એક મોટી નદી નજરે પડી. મુળ વતનના કોતરો જેને કાંઠે આવેલા હતા; તે નદી કરતાં તો આ ક્યાંય મોટી હતી. સામો કાંઠો માંડ દેખાતો હતો.

બધા એ પહાડ જેવા નવતર પ્રાણીને જોવા આતુર હતા. પણ થાક બરાબરનો લાગ્યો હતો. બીજા દીવસે વહેલી સવારે કામકાજ આરંભવાનું નક્કી કરી બધા આરામ કરવા પોદળાની જેમ પડ્યા. બીજે દીવસે વહેલી સવારે તરાપા બનાવવાનું કામ આરંભાયું. ઝપાઝપ ચાર તરાપા તૈયાર થઈ ગયા. દરેકમાં પાંચ પાંચ જણ આરુઢ થયા. અહીં નદીનો પ્રવાહ સાવ મંદ હતો. જમીન પણ સાવ સપાટ હતી. ક્યાંય કોઈ પર્વત નજરે પડતો ન હતો.

નદીમાં અડધે પહોંચ્યા હશે, ત્યાં જ ગોવો બરાડી ઉઠ્યો,: એ દેખાય! “

બધાની આંખો વીસ્ફારીત બનીને નજીક આવેલા સામા કાંઠા પર મહાલતા હાથીઓના ટોળા ઉપર કેન્દ્રીત થઈ. આટલાં મોટાં પ્રાણી તેમણે કદી ભાળ્યાં ન હતાં. એમની તોતીંગ કાયા, સતત હાલતા રહેતા સુપડા જેવા કાન અને લાંબા દંતશુળ જોઈ બધા આશ્ચર્યચકીત બની ગયા.

દરેક તરાપા ઉપર એ લોકો ઉંચકી શકાય એટલા પથ્થર લાવ્યા હતા. કીનારે ઉતરીને બધા એક હાથી ઉપર અણીદાર પથ્થર ફેંકવા લાગ્યા. ચીડાઈને હાથીએ એમની તરફ દોટ મુકી. એના જાડા ચામડા પર આની કોઈ અસર થઈ લાગતી ન હતી.

બધા મુઠીઓ વાળીને તરાપાઓ તરફ ભાગ્યા. માંડ માંડ જીવ બચાવી મુળ કીનારે સૌ પહોંચ્યા. લાખો કહે,” આ પ્રાણીને આપણે કદી મહાત ન કરી શકીએ. ચાલો પાછા.”

પણ એમની જવાંમર્દીને આ પડકાર હતો. વીચારમાં મગ્ન પાંચા પંડીતની સામે બધા જોઈ રહ્યા. એના મગજમાં કાંઈક ગડમથલ ચાલી રહી હતી.

અને છેવટે એ બોલ્યો,” ખાડો ખોદો.”

કાળુ : “ અલ્યા! પાંચીયા, તારું મગજ તો ઠેકાણે છે ને? કેમ તને ખાડામાં પડવાની ઈચ્છા થઈ છે?”



પહેલો ગોવાળીયો

પાંચો : "જુઓ. હાથીઓનું ટોળું દુર જતું રહે ત્યારે આપણે એક મોટો ખાડો ખોદી નાંખીએ. એની અંદર ઝાડપાનના વેલા અને કચરો ભરી દઈએ. પછી ટોળાની બીજી બાજુ જઈ; હોકારા પડકારા કરતા એ ટોળાને ખાડા તરફ આવવા મજબુર કરીએ. એકાદ બે હાથી તો જરુર એ ખાડામાં ફસાશે જ. "

ગોવાએ પાંચાની પીઠ થાબડી. એ પછીના દીવસની સવાર પડતાં સામો કીનારો હાથીવીહોણો નજરે પડ્યો. પાંચાની યોજના પ્રમાણે એક મોટો ખાડો ખોદી , એને પાંદડાં, નાની ડાળીઓ, વેલા વીગેરેથી ભરી દીધો. બે જણા અગાઉ હાથીઓની ભાળ કરવા ગયા હતા, તે વાવડ લાવ્યા કે, નદીથી થોડે દુર મેદાનમાં ટોળું ચરે છે.

ત્રાજા દીવસની સવારે કાફલો લપાતો છુપાતો, હાથીઓના ટોળાંની બીજી પાર પહોંચી ગયો. હવે પવન એમના તરફથી ટોળા તરફનો હતો. બધા મેદાનમાં આવ્યા અને મોટેથી અવાજો કરવા લાગ્યા. એક જણ સાથે લાવેલ ઢોલ પણ વગાડવા માંડ્યો. હાથીઓનું ટોળું માણસોની વાસ અને અસહ્ય ઘોંઘાટની આ હરકતથી વાજ આવી જઈ; નદી તરફ વળ્યું.

પાંચાની વીચારપુર્વકની યોજના મુજબ બે હાથી ખાડામાં ફસાઈ ગયા. હવે બધા ચુપ બની તાશીરો જોતા રહ્યા. ટોળાના હાથીઓએ આ બે ફસાયેલા સાથીઓને કાઢવા વ્યર્થ પ્રયત્નો કર્યા, પણ આ કામ એમને માટે અશક્ય જ હતું. એ બે હાથીઓને એમના નસીબ પર છોડી, ટોળું નદીકીનારે આગળ વીદાય થઈ ગયું.

બાકીની કામગીરી હવે સરળ હતી. પથ્થરો અને અણીદાર ભાલા મારી મારીને, બેય હાથીઓને મરણ શરણ કરતાંય ખાસ્સી વાર લાગી. પણ હવે આ મારણને ઘરભેગું કરવાનો પ્રશ્ન ઉભો થયો. સાથે લેવાય એટલું માંસ અને ખાસ તો લાંબા ચાર દંતશુળ કાઢી, બધા સરવરીયા તરફ રવાના થયા.

અને સરવરીયાની વસ્તી કદી ન જોયા હોય તેવા દંતશુળ જોવા ભેગી થઈ ગઈ.

વીહો તરત બોલી ઉઠ્યો, "જોગમાયાની ગુફામાં, માતાજીને આ દંતશુળ અર્પણ કરીએ તો?"

બધાંએ સર્વાનુમતીએ આ સુચન સ્વીકારી લીધું. માતાજી આ નવા શણગારથી જરુર પ્રસન્ન થશે અને સમગ્ર વસ્તીને આશીષ આપશે એવી બધાંને તરત ખાતરી થઈ ગઈ.

હાથીના આ શીકારની વાત બધા કબીલાઓમાં વાયરાની જેમ ફેલાતાં વાર ન લાગી. જાતીના જુવાનોના આ નવા સાહસની બધે વાહ વાહ થઈ ગઈ - સીવાય કે, કોતરોમાં રહેતી વસ્તી. એમના પેટમાં તો ઈર્ષ્યાની આગ સળવળી ઉઠી.

**અનુક્રમણીકા**

પહેલો ગોવાળીયો

પહેલો ગોવાળીયો

# વીભાગ - ૩

# પ્રતીશોધ

**અનુક્રમણીકા**

# પ્રકરણ – 19 : ઓતરાદા પ્રયાણ

ભુલો પર્વત ઉપર ચઢતો જ ગયો. ચઢતો જ ગયો. છેક સમી સાંજરે તે પર્વતની ટોચ ઉપર પહોંચ્યો. રસ્તામાં માંડ એકાદ સસલાનો શીકાર તે કરી શક્યો હતો. બેળે બેળે આગ પેટાવી તેણે ક્ષુધા સંતોષી હતી. એક નાના ઝરામાંથી પાણી પણ મળી ગયું હતું. ભુખની આગ તો સંતોષાઈ હતી; પણ અંતરમાં બળબળતી હુતાશણીને ક્યાં કોઈ કરાર હતો?

સુસવાટા ભર્યા પવનના ઝપાટા ચામડાના આવરણને થપથપાવી, તેના દેહને થરથરાવી રહ્યા હતા. કડાકા અને ફડાકા જેવા અવાજો તેના કપડાંમાંથી નીકળતા હતા. તેના મગજમાં ચાલી રહેલા તુમુલ યુધ્ધને આ અવાજો વાચા આપી રહ્યા હતા. તેના જીવતરમાં હવે કેવળ કડવાશ જ ભરેલી હતી - નકરી કડવાશ. કોઈ સાથી નહીં; કોઈ સહારો નહીં; કોઈ આશરો નહીં. તે સાવ એકલો અને અટુલો પડી ગયો હતો.

જુવાનીની હરકતોનાં સાપોલીયાં સંતોષી શકે તેવી કોઈ નમણી કાયા તેના નસીબમાં ન હતી. અપ્સરા જેવી રુપલી તો શું, કોઈ ગંદો, ગોબરો, કદરુપો, નારીદેહ પણ તેની વાસના સંતોષવા મળે તેમ ન હતું. એની મનમાનીતી, જન્નતની હુર જેવી નારીના હાથે હાર ખાઈ તેને નાસી જવું પડ્યું હતું. એ વખતે અડધાં ઢંકાયેલાં અંગોમાંથી નીતરતા રુપલીના જોબનનું ચીત્ર હજી પણ તેની વાસનાને નીરર્થક ભડકાવી રહ્યું હતું. રુપલીનાં ઝુલી રહેલાં ખુલ્લાં, માંસલ સ્તન; અડધા ઓઢેલા ચામડાંમાથી ડોકીયાં કરી રહેલી, કેળના થાંભલા જેવી, ભરાવદાર જાંઘો; અને ચામડાની પાછળથી તસતસતા નીતંબ, હજુ તેની નજર સમક્ષ નાચી રહ્યાં હતાં. નમણા નારીદેહની એ અંગભંગીઓ, ન સંતોષી શકાય તેવી તેની વાસનાને નીરર્થક ભડકાવી રહ્યાં હતાં. એક ચપટીમાં જેને તે ચોળી, મસળી અને ભોગવી શકે તેમ હતું; તે છોકરીએ તેને ભગાવ્યો હતો. તેની મર્દાનગીની આનાથી વધુ ક્રુર હાંસી બીજી શું હોઈ શકે?

‘ આના કરતાં તો ગોવા સાથે હાથોહાથની મારામારીમાં તે મરણ શરણ થયો હોત તો સારું.’

એવા વીચારે તેનું મન ખાટું અને કડવું થઈ ગયું હતું. જીવનમાં હવે કોઈ રસકસ ન હતો. કોઈ આશા ન હતી. જીવતર ઝેર જેવું બની ગયું હતું.

તેને પર્વતની એક કોર ઉપરથી પડતું મેલવાનો વીચાર પણ આવી ગયો. એ બાજુ નજર નાંખતાં જ ચક્કર આવે તેવી, સીધા ઉતરાણ વાળી, ઉંડી ખીણ હતી. તેણે એ દીશામાં એક ડગલું ભર્યું, પણ એ ઉંડા ગહ્વરને જોઈ એક લખલખું આવી ગયું. તેણે પગ પાછો વાળી લીધો.

‘ તે જાતે મરી પણ ન શકે તેવો કાયર હતો.’ સાવ નીર્ગત બની તે પોતાની જાતને કોસતો રહ્યો.

પહેલો ગોવાળીયો

પર્વતની પાછલી કોર, નીચે દખણાદી દીશામાં, એની જાણીતી નદી, વતનનાં એ વહાલાં કોતરો અને સામેના કીનારાનાં હરીયાળાં મેદાનો દેખાતાં હતાં. છેક દક્ષીણના ક્ષીતીજમાં એક બહુ જ મોટી નદી હોય તેમ પણ લાગતું હતું. આ બે નદીઓની વચ્ચે એક મોટું સરોવર પણ દ્રષ્ટીગોચર થતું હતું.

બાળપણની નીર્દોષ રમતો અને સાથીઓ સાથેના નીર્વ્યાજ ખેલ તેને યાદ આવી ગયાં. ભુલાના પીડીત હૃદયને આ આહ્લાદક દ્રશ્ય અને ભુતકાળની આનંદ ઉલ્લાસની પળોની યાદ થતાં, થોડીક આશાયેશ વળી. જગત તેને બહુ જ વીશાળ ભાસ્યું. તેનો આક્રોશ અને કડવાશ થોડાં હળવાં થયાં.

‘ કેટલા ખોબા જેવા પ્રદેશમાં એ અને બીજા કબીલાઓ રહેતા હતા? કેટલી નાનકડી એ દુનીયા હતી? અને ઓતરાદી દીશાનો પ્રદેશ તો સાવ અજાણ્યો છે. દુર દુર સુધી કેવળ સુકો ભંઠ પ્રદેશ જ.. સાવ વેરાન રણ. ત્યાં જોઈ વસ્તી હશે ખરી? જોગમાયા જાણે.’ એક ઝાટકા સાથે તેણે જોગમાયાની યાદ ભુલાવી દીધી. હવે એ તેની આરાધ્ય મા  ન હતી. તેને પોતાની જાત ઉપર આવ્યો હતો; તેના કરતાં વધારે તીરસ્કાર જોગમાયા ઉપર આવી ગયો.

ભુલાના મનમાં આવા વીચારો ચાલી રહ્યા હતા. ગોવા અને રુપલી સાથેની અથડામણ બાદ તે પોતાના ઘેર ગયો હતો, પણ પોતાના જ ઘરવાળાંઓએ તેને હાંકી કાઢ્યો હતો. બીજા કબીલાઓમાં પણ એ મુઠભેડની અને ભુલાની બદકાર રીતભાતની જાણ લઈ વાયરો કરી વળ્યો હતો. ત્યાં એણે ધા નાંખી જોવા અને આશરો લેવા વીચાર કર્યો હતો; પણ ગોવાની વધતી જતી લોકપ્રીયતા તેનાથી સાંખી શકાય તેમ ન હતી. નદીકીનારાના કોતરોના કોઈ કબીલા તેને હવે સંઘરે તેમ રહ્યું ન હતું. ભુલાની હાલત ત્રીશંકુ જેવી બની ગઈ હતી. કોણ જાણે કેટલાય દહાડા તે ગાંડાની કની જંગલમાં ભટક્યો હતો. પણ ત્યાં ક્યાં એકલા રહેવાય એવું હતું? જોગમાયાની ગુફામાં પણ તેણે કેટકેટલી આરતો કરી હતી, પણ જોગમાયા તે સાંભળતી ન હતી. તેનો જોગમાયા પરનો વીશ્વાસ અને શ્રધ્ધા હવે નષ્ટ થઈ ગયાં હતાં.

પોતાની દુર્ગતી ઉપર એક ઉંડો નીસાસો નાંખી, ભુલો પર્વતની ઓતરાદી કોર તરફ ઉતરવા માંડ્યો. ઉતરવાનો રસ્તો ધાર્યા કરતાં ઘણો લાંબો અને અગવડવાળો હતો. પણ ચઢવા કરતાં ઉતરવાનું બહુ સરળ હોય છે તેની પ્રતીતી તો તેને ક્યારની થઈ ગઈ હતી!

તેણે ઝડપભેર ખીણમાં પ્રયાણ આદર્યું. અંધારું થતામાં તો તે પર્વતની બીજી કોર તરફ ઉતરી ગયો હતો. અહીં પ્રદેશ સાવ જુદો ભાસતો હતો. સાવ આછાં પાતળાં જ ઝાડ હતાં. કાળભૈરવની ખીણ પણ આનાથી વધારે લીલોતરીવાળી હતી. આગળ તો સાવ નાનાં ઝાંખરાં જ હતાં.

થાકીને અને હતાશામાં ગરકાવ થઈને ભુલો એક ઝાડ નીચે લથડીયું ખાઈને પડ્યો. એની આંખ મીંચાવામાં હતી, ત્યાં જ કાંઈક ઠંડો સ્પર્શ થયો. અને ફુફકારાનો અવાજ સંભળાયો. અંધારામાં એને કાંઈ દેખાતું ન હતું; પણ હાથ ફેરવતાં

કોઈ જાડો સાપ પસાર થઈ રહ્યો હોય તેમ તેને લાગ્યું. તે ભયભીત બનીને, અડબડીયાં ખાતો દોડ્યો. ખુલ્લા મેદાનમાં જ સલામતી વધારે રહેશે એ ખયાલથી તે ડગમગતા પગે આગળ ચાલ્યો.

‘ આગળ જવા કરતાં સાપે તેને દંશ દઈ, કાલભૈરવની કને પહોંચાડી દીધો હોત તો સારું.’ એવો કુવીચાર પણ તેને આવી ગયો. પણ જીજીવીષા ક્યાં તેને છોડે તેમ હતી? પણ હવે તો એક ડગલું પણ તેનાથી આગળ ચાલી શકાય તેમ ન હતું.

તે બેભાન બનીને એ અજાણી ભોમકામાં ઉંડી નીંદરમાં ફસડાઈ પડ્યો.

અનુક્રમણીકા

પહેલો ગોવાળીયો

## પ્રકરણ – 20 : ભુલાનું ભીષણ સ્વપ્ન

જેમ જેમ રાત ઢળતી ગઈ, તેમ તેમ અંધકાર વધારે ને વધારે ગાઢ થતો ગયો. પવનના સુસવાટા ઝાંખરાંઓમાથી પસાર થઈને તીણી ચીસો પાડતા હતા. ભુલાના અજાગૃત ચીત્તમાં વ્યાપેલ હતાશાનો અંધકાર અને અમાસની એ ઘોર અંધારી રાતની જુગલબંધી કોઈ ખોફનાક રાસડે હીંચ લઈ રહી હતી.

અને ત્યાં જ દુરથી કોઈ તીવ્ર અટ્ટહાસ્યનો ભયાનક અવાજ જાગી ઉઠ્યો. ભયનું એક લખલખું ભુલાના રોમે રોમને કંપાવી ગયું. અનેક આકૃતીઓના અટ્ટહાસ્યનો એ અવાજ જેમ જેમ નજીક આવતો ગયો, તેમ તેમ ભુલાનું સમગ્ર અસ્તીત્વ થરથરી ઉઠ્યું.

ટોળે ટોળાં વળીને, ભયાનક નાચ નાચતાં હાડપીંજરો ભુલાને ઘેરી વળ્યા. તેમની આંખોના ખાલી બાકોરામાંથી લીલા ભુરા રંગનો, ઝેરીલો રંગ ચમકી રહ્યો હતો. એમના બોખાં જડબામાંથી લાલ અને કેસરી રંગની જ્વાળાઓ ઓકાઈ રહી હતી. બન્ને હાથ વડે તાબોટા પાડવાથી થતી સુકાં હાડકાંની થપાટો ભયાનક નાદ જગાવી રહી હતી. કોઈ અજાણ્યા ખુણેથી, કાનના પડદા ફોડી નાંખે તેવા, ડાકલાં અને ડમરુના અવાજો આવી રહ્યા હતા. આ મોતના તાંડવનો રાસડો જેમ નજીક આવતો ગયો તેમ તેની ભયાનકતા બળવત્તર બનતી ગઈ. છેવટે એ બધી ભુતાવળ ભુલાને ઘેરીને સ્થીર ખડી થઈ ગઈ.

ભુલાને જાણે કે, એનો પ્રાણ બહાર આવી રહ્યો હોય એવી ભયાનક સંવેદના ઘેરી વળી. એક હાડપીંજરે તેની તરફ હાથ લંબાવ્યો; અને તેના હોવાપણાને બળપુર્વક બહાર ખેંચી કાઢ્યું. ભુલાનું ખોળીયું જેમનું તેમ પડી રહ્યું; પણ ભુલો તેની બહાર આવી ગયો. તેણે જોયું કે તે પણ હવે એક નરકંકાલ બની ગયો હતો. માત્ર તેના તાજાં હાડકાં ઉપર ચોંટેલાં માંસ અને ટપકતાં લોહીનાં ટીપાં, તેની આકૃતીને વધુ જુગુપ્સાપ્રેરક બનાવતાં હતાં. આ હાડપીંજરી ભુતાવળના નાચમાં તે પણ ભળી ગયો.

હવે તેને નારીદેહને ભોગવવાની કોઈ વાસના રહી ન હતી. ગોવા કે કોઈ પણ પ્રતીસ્પર્ધી ઉપર આધીપત્ય જમાવવાની મહત્વાકાંક્ષા પણ શેષ રહી ન હતી. હવે તે આ ભયાનક ભુતાવળનો એક ભાગ બની ગયો હતો. આ ભયાનક રાસડા લેતાં લેતાં, આગ અને ઝેર ઓકવાની રંગત અનેરી હતી. ક્યાંય સુધી આ રાસ ચાલતો રહ્યો. ભુલાને તેની હવે કોઈ બીક કે જુગુપ્સા ન રહ્યાં.

છેવટે ઉષાનાં આછાં કીરણોના ઉજાસમાં ભુલાની આંખો ખુલી. તેના નીર્ગત બનેલા દેહમાં ફરી પ્રાણનો સંચાર થયો. શબવત્ બનેલા શરીરની તેને ફરી અનુભુતી થઈ. તેણે પગની આંગળીઓ હલાવી જોઈ. તે હાડપીંજરનો ભાગ ન લાગી પણ પુર્વવત્ હાડમાંસની બનેલી તે અનુભવી રહ્યો. જેમ જેમ ભરભાંખળું થતું ગયું, તેમ તેમ તેની ચેતના જાગૃત થવા



પહેલો ગોવાળીયો

માંડી. તેની જુની જાત, તેનું એ પુરાણું હોવાપણું નષ્ટ થઈ ગયું હતું. એક નવા ભુલાએ એ ખોળીયામાં જન્મ ધારણ કર્યો હતો – એક જ જીવન લક્ષ્ય સાથે –

પ્રતીશોધ... પ્રતીશોધ... પ્રતીશોધ...

ભુલો ઉઠ્યો. તેની બધી અશક્તી અને હતાશા ગાયબ થઈ ગયાં હતાં. તે સપાટાભેર ચાલવા માંડ્યો. તેના ખોળીયામાં કોઈ રાક્ષસી તત્વે નીવાસ કર્યો હતો. કોઈ અજાયબ તાકાત તેને નવા ભવીતવ્ય તરફ દોરી, ખેંચી રહી હતી. આગળ એક નાના તળાવમાં તેણે હાથ મોં ધોયાં. તળાવના પાણીમાં પોતાનું પ્રતીબીંબ તે નીહાળી રહ્યો.

એ કોઈ બીજું જ જણ હતું.

એક પાટલા ઘો બાજુમાંથી ધીમે રહીને સરકી. લપાક દઈને તેણે પુંછડી પકડી, તેને ઝાલી લીધી. આવો શીકાર પહેલી જ વાર તેને હાથ ચડ્યો હતો. આ દલદલમાં બીજું તો શું હાથ આવે? જે મળ્યું તે સહી. હવે આનાથી તો તેણે જીવતર ટકાવવાનું હતું ને? ભુખ સંતોષી, પાણી પી તે આગળ વધ્યો.

નવી મળેલી આંતરીક તાકાત અને આ ખોરાક, પાણીના બળે તે આગળ ને આગળ ચાલતો જ રહ્યો - વધારે ને વધારે ઉત્તર તરફ. કોઈ નવો સાથ મળી જાય તેની આકાંક્ષામાં.

**અનુક્રમણીકા**

પહેલો ગોવાળીયો

## પ્રકરણ – 21 : નવા પ્રદેશમાં

કેટલા દીવસ ભુલો ઓતરાદા ચાલતો રહ્યો હશે; તેનું તેને કોઈ ભાન ન હતું. પણ જેમ જેમ એ આગળ ધપતો ગયો; તેમ તેમ વધુ ને વધુ વેરાન પ્રદેશ આવતો ગયો. પાણીના રણદ્વીપ વધુ ને વધુ ઘટતા ગયા. તેણે ઘોના ચામડામાંથી સાચવીને મશક બનાવી લીધી હતી; જેમાં તે પાણી ભરી શકતો હતો. એકલતા તેને હવે સદી ગઈ હતી. પણ વધતી જતી ઠંડી ખાળવા તેણે પહેરેલું ચામડું હવે પુરતું ન હતું. કોઈ મોટું પ્રાણી આ પ્રદેશમાં મળવું પણ શક્ય ન હતું.

અને એક મળસકે તે ઠંડીમાં ઠુંઠવાતો હતો; ત્યારે તેને કોઈ નવીજ જાતના વરસાદની અનુભુતી થઈ. ચાંદની રાતમાં તેણે સફેદ ફુલો વરસતાં અનુભવ્યાં - સાવ ગાભલા જેવાં, પણ ઠંડાગાર ફુલો. ઉઘડતા ઉજાસમાં તેણે એક અદભુત દ્રશ્ય નીહાળ્યું. સમસ્ત પ્રદેશ ધોળી બખ ચાદરથી ઢંકાઈ ગયો હતો. હવે તો પાછું ફરી શકાય તેમ પણ ક્યાં હતું? આ ઠંડી કબરમાં ઠુંઠવાતા ઠુંઠવાતા જ તેણે મોતને ભેટવાનું છે; એમ તે વીચારવા લાગ્યો. અને એવામાં દુરથી કોઈના નજીક આવવાનો સંચાર થતો લાગ્યો. બરફથી ઢંકાયેલા એક ઝાંખરાની ઓથે તેણે છુપાવા વ્યર્થ પ્રયાસ કર્યો.

પણ થોડીજ વારમાં ચાર વીશાળકાય, રાની કુતરાઓ ભસતા ભસતા તેની તરફ દોડી આવ્યા અને તેને ઘેરી વળ્યા. આજુબાજુમાં હતાં એ થોડાઘણા પથ્થરોથી તેણે એમના આક્રમણને ખાળવા પ્રયાસ કર્યો. આ કુતરાઓની તરત પાછળ બે પહાડ જેવી ઉંચી, લાલચોળ મોંઢાવાળી અને માથાથી પગ સુધી જાડા ચામડાના લીબાશમાં ઢંકાયેલી બે માનવ આકૃતીઓ દ્રષ્ટીગોચર થઈ.

‘ કુતરાઓએ ફાડી ખાધો હોત તો વધારે સારું થાત.’; એવા વીચારે ભયનું એક લખલખું તેને કંપાવી ગયું. કોઈ અજાણી ભાષામાં પેલી આકૃતીઓએ કુતરાઓને પાછા બોલાવ્યા. ભુલાને કશુંક પુછ્યું, જેમાંનો એક શબ્દ પણ ભુલો સમજી શક્યો નહીં. એણે કેવળ ઈશારાથી સમજાવ્યું કે, તે દક્ષીણ દીશામાંથી આવ્યો છે. દુર ક્ષીતીજમાં સાવ નાનકડી દેખાતી પર્વતની કોર તરફ તે ઈશારો કરે છે, એ પેલા સમજી શક્યા હોય તેમ ભુલાને લાગ્યું.

પેલા બે જણાઓએ પોતાની સાથે લાવેલા, ચામડાની વાધરીઓમાંથી બનાવેલા, દોરડા વડે તેને મુશ્કેટાટ બાંધ્યો અને બે બાજુએ તેને બાવડેથી પકડી આગળ ચાલવાનો ઈશારો કર્યો. ઠંડી અને ભયથી ભુલો ધ્રુજી રહ્યો હતો. એક જણાનું ધ્યાન તે તરફ ગયું. તેણે પોતાના શરીર ઉપરથી ઉતારીને એક જાડું ચામડું ભુલાને ઓઢાડ્યું. તેણે આવા બે ચામડાથી પોતાનો દેહ ઢાંક્યો હશે તેમ ભુલાને ખબર પડી. આભારની લાગણી ભુલાના મુખ ઉપર ઉભરી આવી. પેલાએ ભુલાનો આ ભાવ સમજ્યો હોય તેવું સ્મીત કર્યું.



પહેલો ગોવાળીયો

આમ ચાલતાં ચાલતાં બપોર પડી ગઈ. રસ્તામાં એક કદાવર રીંછ સાથે આ ટુકડીની મુઠભેડ થઈ. બે કુતરા અને આ બે કદાવર શીકારીઓએ મળીને રીંછનો ખાતમો બોલાવી દીધો. હાથમાં રાખેલા એક મજબુત લાકડા સાથે તેમણે શીકારને બાંધી દીધો. એનો એક છેડો એમણે ભુલાના ખભા સાથે બાંધી દીધો અને બીજો છેડો એક જણે પોતાના ખભે લઈ લીધો. બીજો જણ એ બન્નેની આગળ આ હાઉસન જાઉસનને દોરતો ચાલ્યો. ઓલ્યા મહાકાય, જંગલી કુતરા તો આગળ ને આગળ દોડ્યે જતા હતા.

સાંજ પડતાંકને એક મોટા રણદ્વીપ આગળ આ લશ્કર આવી પહોંચ્યું. ભુલાએ જોયું કે, ત્યાં લાકડાંની વળીઓની આસપાસ વીંટાળેલા ચામડાં વાળા, વીસેક તંબુઓ ખોડેલા હતા. થોડીએક કદાવર બાંધાની સ્ત્રીઓ બહાર આવી અને આ ટોળીનું અભીવાદન કર્યું. સાથે પકડી લાવેલા, એક કાળા અને નવતર ઠીંગુજીને બધીઓ ટીકી ટીકીને જોઈ રહી. થોડી વારે જુદી જુદી દીશાઓમાંથી બીજી ટુકડીઓ પણ આવી પહોંચી. દરેક ટુકડીએ શીકાર કરીને લાવેલી મતા એ સ્ત્રીઓને હવાલે કરી. સ્ત્રીઓ હવે એ દીવસના શીકારને પકવવાના કામમાં પરોવાઈ. પથ્થરની એક શીલા ઉપર એક પ્રભાવશાળી પુરુષ બેઠો હતો. તેણે ભુલાને પકડનાર એ બે જણાને ભુલાને છોડવા હુકમ આપ્યો; અને ભુલાને પોતાની પાસે આવવા જણાવ્યું. ઈશારાથી ભુલાએ લળી લળીને તે સરદારનું અભીવાદન કર્યું. જમીન ઉપર નીચા પડી તેની શરણાગતી સ્વીકારવાનો ભાવ વ્યક્ત કર્યો.

ભુલાનો આ વીવેક સરદાર સમજ્યો હોય તેમ લાગ્યું. ભુલાએ પોતાની છાતી ઉપર હાથ મુકી, **‘ભુલો’** એમ બોલી પોતાની ઓળખ આપી. સરદારે **‘જગ્ગો’** એમ બોલીને પોતાની ઓળખ આપી. ભુલાને હૈયાધારણ બેસી કે, હવે તેનું જોખમ ઓછું થયું છે.

ધીમે ધીમે ઈશારાઓથી ભુલાએ સમજાવ્યું કે, તે ક્ષીતીજમાં બહુ દુર દેખાતા પર્વતોની બીજી તરફથી આ પ્રદેશમાં ઉતરી આવ્યો છે. જગ્ગા સરદાર અને તેના સાથીઓની આંખો આશ્ચર્યમાં ચમકી ઉઠી. તેમને માટે દક્ષીણની પર્વતમાળા અભેદ્ય હતી. ત્યાં દુનીયાનો છેડો આવતો હતો! ભુલાએ કોઈ અજાયબ રીતે અકસ્માત જ આ અભેદ્ય પર્વતમાળામાંથી પસાર થતો એક માત્ર પગદંડી શોધી કાઢી હતી. આ રતુમડી અને કદાવર બાંધાની પ્રજા એ પર્વતની કોર સુધી ધુમી વળેલી હતી; પણ એ પગદંડી એમની નજરે પડી ન હતી.

થોડી વારે તાપણાની ચારે બાજુ આ નાનકડી જમાત ભેગી મળી અને જમણ પતાવ્યું. એક તંબુ તાબડતોબ ઉભો કરી દેવામાં આવ્યો અને ભુલાને એમાં આશ્રય અપાયો.

રાતના અંધકારમાં ભુલો એની નીયતીએ એને કેવા પ્રદેશમાં અને કેવા અજાણ્યા લોકોના પનારે લાવી દીધો છે; તેના વીચાર કરતો રહ્યો. તેની દ્રઢ બનેલી સંકલ્પશક્તી આ નવી શક્યતાથી બળવત્તર બનવા માંડી. તેણે મનોમન નક્કી કર્યું કે; ‘તે એમને માટે કામનો માણસ છે.‘ તેની પ્રતીતી, જગ્ગા અને તેના સાથીઓને કોઈ પણ રીતે કરાવવી; અને તેમની સાથે મૈત્રી વધારવી.

પહેલો ગોવાળીયો

પહેલો ગોવાળીયો

ભવીષ્યની યોજનાઓ ઘડતાં ઘડતાં ભુલાની આંખો મીંચાઈ ગઈ.

અનુક્રમણીકા

## પ્રકરણ – 22 : અવનવો સમાજ

નવા પ્રદેશમાં આવ્યે ભુલાને એક મહીનો થઈ ગયો. તે હવે આ નવા લોકો સાથે ઠીક ઠીક ભળી ગયો હતો. તેમની ભાષા પણ તે સમજતો અને બોલતો થઈ ગયો હતો.

તેણે તળેટીમાં ઉતર્યા બાદ, જે દલદલ પસાર કર્યું હતું; તેનો જગ્ગાના થાનકથી અંત આવતો હતો. આગળનો પ્રદેશ સપાટ ઘાસના મેદાનોનો હતો. અહીં વરસાદ બહુ જ ઓછો પડતો; પણ સ્નો અને બરફની વર્ષા થકી ઘાસને ઉગવા જરુરી પાણી મળી જતું હતું. વસંત અને ઉનાળાની મોસમમાં, માથોડાં ઉંચું, અડાબીડ ઘાસ ઉગી નીકળતું. ભાગ્યેજ ક્યાંક ઉંચા ઝાડ જોવા મળતાં.

એ ઘાસના આધારે પાંગરતી જીવસૃષ્ટી પર્વતની પેલે પાર આવેલી સૃષ્ટી કરતાં સાવ નીરાળી હતી. અહીં બે માથોડા ઉંચા બાઈસનોનાં ટોળે ટોળાં હતાં. તેમનાં ચામડાં આકરી ઠંડી ખાળી શકે તેવાં ખદ્દડ હતાં. એ બાઈસનના શીકાર પર નભતાં રીંછો પણ અહીં પાર વગરનાં હતાં. એ બાઈસનોએ ચરતાં છોડેલા ઘાસના નીચલા હીસ્સા પર સસલાં, કાળીયાર, ખીસકોલી વી. નાનાં પ્રાણીઓ નભતાં. વળી એમના પર નભતાં શીયાળ, રાની બીલાડા, જરખ, વરુ જેવાં પ્રાણીઓ પણ ઘણી સંખ્યામાં જોવા મળતા.

અહીંના માણસો પણ રુક્ષ અને ભરાવદાર વાન વાળાં હતાં. બાઈસનનો શીકાર એ લોકો આસાનીથી કરતા. માંસાહારી જંગલી પ્રાણીઓનો શીકાર પણ એ કરતા. આ કામમાં વરુ જેવા, ઉંચા, ભરાવદાર પાળેલા કુતરા તેમની સહાય કરતા. ભુલાએ જોયું કે નવા પ્રદેશમાં બહુ જુજ પથ્થરો હતા. આથી શીકાર માટે આ લોકો સાવ નીરાળી જ રસમ અપનાવતા. મજબુત કડીયાળી ડાંગ સાથે ચામડાની મજબુત વાધરી બાંધેલું ધનુષ્ય આ લોકો વાપરતા. એનાથી છોડેલા તીર બહુ દુર સુધી તાકી શકાતા – અને તે પણ અચુક સ્થાન ઉપર. એ તીરોની અણીદાર ટોચ ઉપર કોઈ નવી જ જંગલી વનસ્પતીનો રસ ચોપડવામાં આવતો હતો. તીર સહેજ જ વાગતાં, પ્રાણી બેભાન બની જતું. આથી અહીં શીકાર બહુ સરળતાથી થતો. આ નવી રસમ જોઈ ભુલાને લાગ્યું કે, કેવળ પથ્થરો પર આધારીત કોતરવાસીઓની શીકાર અને રક્ષણની પધ્ધતી સાવ પછાત હતી.

એક દીવસ આમ જ શીકારની પાછળ પડેલી એક નાનકડી ટોળી સાથે ભુલો જઈ રહ્યો હતો. તેણે જગ્ગાને પુછ્યુ,” જગ્ગા, મને એક વાતની સમજ નથી પડતી. તમારે ત્યાં આટલી બધી સ્ત્રીઓ છે તો પણ તે કેમ તમારી સાથે શીકારમાં આવતી નથી?”



પહેલો ગોવાળીયો

જગ્ગો, " એમનું આમાં કામ નહીં. એમનું કામ રાતે અમારી ભુખ ભાંગવાનું, છોકરાં જણવાનું, અને મોટાં કરવાનું. કેમ તમારી બૈરીઓ શીકાર કરે? "

ભુલાએ કહ્યું," અમારે ત્યાં તો સ્ત્રીઓને અમે બહુ માન આપીએ. એમના કહ્યા પ્રમાણે જ બધો વહેવાર ચાલે."

જગ્ગો હસી પડ્યો. " એટલે જ તું આવો નીર્માલ્ય છે. મરદ એટલે મરદ. અને બૈરાં એટલે બૈરાં. તમારા ભગવાન પણ બૈરી જ હશે. "

ભુલો, " હા જ તો. અમે તો જોગમાયાની કૃપા માંગ્યા વગર એક ડગલું પણ ન ચાલીએ."

જગ્ગો ખડખડાટ હસી પડ્યો," આજે પુનમ છે. ચાલ આજે સાંજે તને અમારા ભગવાનની આરતનો નાચ અને જાહેર જલસો માણવા મળશે. ધરાઈને રંગત માણજે."

સાંજે અંધારું થતાં બધાં ભેગાં થયાં. આકાશમાં આખા ચન્દ્રની ચાંદની જામી હતી. વચ્ચે મોટું તાપણું કરવામાં આવ્યું. ચામડે મઢેલા એક મોટા ઢોલ ઉપર બે સ્ત્રીઓ નાની ડાંગથી પીટતી હતી. એક જણ બાઈસનની ખોપરી માથે ચડાવી, મોટું ચામડું પહેરી; ધુણવા માંડ્યો. જગ્ગાએ હાથમાં ડાંગ લીધી અને પેલાને હળવેકથી ફટકારવા માંડ્યો. બીજા પણ ધુણતા ધુણતા આ નકલી શીકારમાં જોડાયા. આ તાલ બરાબર જામતો ગયો. ચીંચ વધતી ગઈ. પેલો બાઈસન વેશધારી હવે લથડવા લાગ્યો. અને છેવટે નીચે ગબડી પડ્યો. બધાંએ તાળીઓના ગડગડાટથી આ બનાવટી શીકારની સફળતાને વધાવી લીધી.

ભુલો ," પણ તમારા ભગવાન ક્યાં?"'

જગ્ગો ," આ બાઈસન જ અમારા ભગવાન. એ લથડીને પડે; ત્યારે એમની કૃપા અમારા ઉપર ઉતરી ગણાય."

ભુલો તો ભગવાનના આ સ્વરુપને જોઈને અચંબો જ પામી ગયો. અહીં ભગવાન પુજ્ય નહીં પણ વધ્ય હતા!

ખાવાનું પત્યું અને પછી ભોગવીલાસ શરુ થયો. તાપણાના તાપે બધી ઠંડી ગાયબ થઈ હતી. બધાં નીર્વસ્ત્ર બની ગયાં. કોઈ વનસ્પતીમાંથી બનેલો આસવ પી બધા છાકટા બની ગયા. જેના હાથમાં જે વીજાતીય વ્યક્તી આવી; તેની સાથે જાહેરમાં જાતીય સમાગમ શરુ થયો. એક સ્ત્રી ભુલાને પણ વળગી! ભુલાએ તેન બળપુર્વક દુર કરવી પડી. મોડી રાતે તાપણું ઓલવાતાં, આ બધો વીલાસ ખતમ થયો અને સૌ પોતપોતાના તંબુ ભેળા થયા.

ભુલાને હવે આ જાતીની મનોવૃત્તી સમજાઈ. અહીં ભગવાન વીશેની માન્યતા સાવ નીરાળી હતી. સ્ત્રીઓનો કોઈ આદર નહોતો. એ તો કેવળ ભોગનું સાધન ગણાતી હતી. સ્ત્રીઓ પણ આ જ માહોલમાં ઘડાયેલી હતી. આચાર વીચારનો કોઈ છોછ અહીં નહોતો. આ અવનવા સમાજના આચાર વીચાર જોઈ ભુલો હેબતાઈ જ ગયો.

પહેલો ગોવાળીયો

પહેલો ગોવાળીયો

ભુલાને પોતાના સંસ્કાર માટે ઘડીભર ગૌરવ થયું. પણ તેને થયેલા અન્યાય, અપમાન અને અવજ્ઞાની ઘટના ઘણા વખત બાદ તાદૃષ્ય થઈ ગઈ. તેનો સુષુપ્ત રોષ પુનઃ જાગૃત થઈ ગયો.

અનુક્રમણીકા

## પ્રકરણ – 23 : ખાન

ભુલાને આ અવનવા સમાજની ઘણી બધી વાતો સમજમાં આવતી ન હતી. આ સમાજના રીતરીવાજ, ઈશ્વર માટેની કલ્પના, સાવ બીન્ધાસ્ત જાતીય વહેવાર એ બધું એને અજીબોગરીબ લાગતું હતું. બાળકોના ઉછેરની જવાબદારી કોઈ લેતું ન હતું. સાવ બાળપણથી એ જંગલનાં ઝાડની જેમ ઉછરતાં. બસ! ચાલતાં થાય ત્યાં સુધી જ માની સાથે એ રહેતાં. એ જેવાં છુટાં થાય ત્યારે માવડીઓ છુટકારાનો દમ ખેંચતી. પુરુષો તો આ બાબતમાં સાવ બેધ્યાન રહેતા. માત્ર જુવાનીના ઉંબરે આવી પુગેલા છોકરાઓને શીકારની કેળવણી આપવામાં જ તેમની જવાબદારી પતી જતી.

ભુલાને લાગ્યું કે, નદી કીનારે કોતરોમાં વસેલો તેનો સમાજ આમના કરતાં વધારે વ્યવસ્થીત હતો. આ પ્રદેશનું હવામાન પણ ઘણું વધારે વીષમ હતું. પણ એક વાત તેને સમજાઈ ગઈ કે. આ બધાં કારણોને લીધે આ પ્રજા વધારે જોરાવર હતી. તાકાતના મુકાબલામાં આ પ્રજા એના જુના સાથીઓને ક્યાંય પાછા પાડી દે; તેની તેને ખાતરી થઈ ગઈ.

આવા બધા વીચાર કરતો ભુલો આળસ મરડીને તેના તંબુની બહાર આવ્યો. બીજાં બધાં પણ બહુ જ મોડાં ઉઠ્યાં હતાં. જગ્ગો એના તંબુની બહાર કાંઈક ગડપથલ કરતો જણાયો. ભુલો તેની નજીક જઈ પહોંચ્યો. જોયું તો, તે એક તંબુમાંથી ચામડાં બહાર કાઢતો હતો; અને થપ્પીઓ કરી, રસ્સાથી બાંધતો હતો.

ભુલો ," તમે આટલાં બધાં ચામડાં ભેગાં કર્યાં છે; તેનો ઉપયોગ શો?"

જગ્ગો," કાલે સવારે હું ખાનને મળવા જવાનો છું. આ બધાં એને આપવાનાં છે. તું મારી સાથે આવીશ?"

ભુલો, "ખાન કોણ?"

જગ્ગો ," ખાન અમારા જેવી ઘણી બધી વસ્તીનો હાકેમ છે. બધાંએ એને ખંડણી ચુકવવી પડે. દર વરસે એક વાર અમારે એને ગામ જવાનું. ત્યાં જલસો થાય, એ માણવાનો અને એમાં આ બધી સામગ્રી એને ધરવાની. એ અમને ઈનામમાં ચમકતા પથ્થરો આપે, તે અમે અમારી બાયડીઓને આપીએ. ત્રણ ચાર દીવસ ત્યાં રહી અમે બધા પાછા."

હવે ભુલાને આ અવનવા પ્રદેશની સ્ત્રીઓના અંગ પરનાં ચકમકતા પથ્થરોનું રહસ્ય સમજાયું.

પહેલો ગોવાળીયો

ભુલો ," હાકેમ એટલે શું? અને ખંડણી એટલે?"

જગ્ગો. " લે કર વાત. તને હાકેમ અને ખંડણી શું, એ ખબર જ નથી? તારા દેશમાં કોઈ હાકેમ ન હોય? એને દર વર્ષે ખંડણી ન ચુકવવી પડે? એનું કહ્યું બધાંએ માનવું ન પડે?"

ભુલો ," ના રે ના. અમારા કબીલાના જે સૌથી ઘરડા વડીલ હોય તે અમારા પુજ્ય. અમે તો એમનું કહેવું પ્રેમથી સાંભળીએ. એ તો અમારે માટે બાપથી પણ વીશેષ ગણાય. એ તો અમને પ્રેમથી દોરવણી આપે. અમારે એમને કશું આપવાનું ન હોય. બધા કબીલાવાળા આ વૃધ્ધોને સરખું જ માન આપે. "

જગ્ગો ," પણ આવા કબીલા કેટલા?"

ભુલો ," દસેક તો ખરાજ."

જગ્ગો ," એ બધાંનો ઉપરી કોણ?"

ભુલો ," અમારે એવો કોઈ ઉપરી ન હોય. અમને તો એવી કોઈ જરુર કદી લાગી નથી; અને એવો વીચાર પણ અમને કદી આવ્યો નથી. શા માટે તમારે ખાનનું કહ્યું માનવું જોઈએ? મને ઘણા વખતથી થતું હતું કે, તમે જરુર હોય તેના કરતાં ઘણો વધારે શીકાર કરો છો. એ શું ખાનને માટે કરો છો?

જગ્ગો," હા જ તો વળી. ખાનને ચામડાં આપીએ; તો જ તે અમને મોતી અને ચળકતા પથ્થર આપે. "

ભુલો ," આ પથ્થર ભલે સારા દેખાય છે, પણ એ શા કામના?"

જગ્ગો," એ પથ્થર ઉપર તો અમારી બાયડીઓ ગાંડીતુર હોય છે. એ પહેરાવીએ તો જ એ અમારા પર રીઝે. નહીં તો એ બધીયું અમને હાથ પણ લગાડવા ન દે."

ભુલો , " ધારોકે, તમે એકસંપથી આ બધું બંધ કરી દો તો? શીકારની અને ચામડાં તૈયાર કરવાની કેટલી બધી મહેનત ઓછી થઈ જાય? "

જગ્ગો, " તારી આંખે જ ખાનનો રુઆબ અને તાકાત જોજે ને. બધી સમજ આપોઆપ પડી જશે."

ભુલાને થયું,' આ ઉંચો કદાવર બાંધાનો અને ધનુષબાણ વાપરતો જગ્ગો જેનાથી ડરતો હોય, તે ખાન કેવો જોરાવર હશે?'

આખી સવાર ચામડાંની થપ્પીઓ બાંધવાનું કામ ચાલ્યું. બધાએ પોતાનાથી ઉચકાય એટલાં ચામડાંની થપ્પીઓ બનાવી દીધી. સ્ત્રીઓએ પ્રાણીઓનાં શીંગડાંઓની ભારીઓ બનાવી હતી. જમણ પતાવીને બપોરે બે ત્રણ સીવાયના



પહેલો ગોવાળીયો

બધા જુવાનો ખભે આ બધો સરંજામ બાંધીને નીકળ્યા. બે ત્રણ જણા શીકાર અને રક્ષણ માટે પાછળ રહી ગયા હતા. એક થપ્પી ભુલાએ પણ પોતાના ખભે બાંધી.

બધું હાઉસન જાઉસન હવે ઉત્તર અને પુર્વ દીશા તરફ જવા નીકળ્યું.

**અનુક્રમણીકા**

પહેલો ગોવાળીયો

## પ્રકરણ – 24 : ખાનના ગામમાં

આખો કાફલો વીસેક દીવસ ચાલતો રહ્યો. સાથે વજન હોવાને કારણે એમની ઝડપ ઘણી ધીમી હતી. બે કીશોર વયના છોકરાઓ માત્ર શીકાર કરી જમવાની વ્યવસ્થા કરતા હતા. ધનુષ બાણ સાથે હોવાને કારણે આ કામ પ્રમાણમાં ઘણું સહેલું હતું. એમનો ઉત્સાહ અનેરો હતો. એ બે છોકરાઓ તો ખાનની સેવામાં રહી જવાના ઉત્સાહમાં દોડતા અને કુદતા હતા. વતન છોડવાની આ તાલાવેલી ભુલાને ન સમજાઈ. એની પોતાની તો વાત જ અલગ હતી. એ તો વખાનો માર્યો આ અવનવા દેશમાં આવી ગયો હતો. એક નીસાસો ફરીથી ભુલાના મોંમાંથી અનાયાસે નીકળી ગયો.

ભુલાએ જગ્ગાને પુછ્યું," આ બે છોકરા ખાનને ત્યાં રહી જવા કેમ આટલા બધા તલપાપડ છે?"

જગ્ગો , " તું જોજેને? ખાનની સેવામાં રહેવું એ શું વાત છે? હું ખાનના બાપની સેનામાં પાંચ વરસ રહ્યો હતો. ખાનની સેનામાં કામ કરે એને બધો અનુભવ મળી જાય. એ કશેથી પાછો ન પડે. એટલે જ તો અમારી વસ્તીનો મને સુબો બનાવ્યો છે."

સેના શું ને સુબો શું? ભુલાને આ બધી વાતોમાં કાંઈ સમજ ન પડી. બધી ઉટપટાંગ વાતો.

એ લોકો જેમ જેમ આગળ વધતા હતા, તેમ તેમ જાતજાતનો પ્રદેશ આવતો જતો હતો. ઝાડ પણ સાવ જુદી જ જાતનાં હતાં, સાવ અણીયાળાં અને પાતળી સળી જેવાં પાન હતાં, નીચેથી પહોળાં અને ટોચ ઉપર સાવ સાંકડાં એ શંકુ આકારનાં ઝાડ ભુલાએ પહેલી જ વાર જોયાં. પ્રાણીઓ અને પક્ષીઓ પણ જાતજાતનાં અને કદી ન જોયાં હોય તેવાં હતાં.

છેવટે બધા ખાનના ગામની નજીક પહોંચી ગયા. ભુલાએ જોયું કે, તેમની જેમ બીજી દીશાઓમાંથી આવી બીજી ટોળીઓ પણ આવી રહી હતી. બધાની પાસે ખાનને ભેટ આપવા માટેનો જાતજાતનો સામાન હતો.

ખાનના ગામમાં તો હૈયે હૈયું ભીંસાય એટલી ભીડ હતી. જોગમાયાના મેળામાં કદી આટલી તો શું, આનાથી દસમા ભાગની ભીડ પણ થતી ન હતી. ખાન તરફથી બધાના પડાવ માટે વ્યવસ્થા કરાઈ હતી. સાથે લાવેલા સામાનનો મોટા ભાગનો સામાન ખાનના માણસોને આપી, જમણ પતાવી, બધા આરામ કરવા સુતા. બીજા દીવસે ખાનના દરબારમાં જલસો થવાનો હતો અને બધા તેની આતુરતાપુર્વક રાહ જોઈ રહ્યા હતા.

બીજા દીવસની સવારે ભુલાએ જોયું કે, જાતજાતના માણસો વીવીધ જાતની વસ્તુઓ લઈને હાટડીઓ માંડીને બેઠા હતા. જાતજાતના પથ્થર, મોતી, શંખ, કોડીઓ, છીપલાં, ઝબકારા મારતાં ઝવેરાત, વીવીધ પ્રાણીઓનાં ચામડાં, જાતજાતની વનસ્પતીઓ અને ઓસડો, કોઈક સફેદ દુધ જેવો ભુકો, અને બીજી ઘણી બધી વસ્તુઓ – જેના ઉપયોગ



પહેલો ગોવાળીયો

વીશે ભુલાને કાંઈ ખબર ન હતી. ઘણાં ઉંટો પર સામાન બાંધીને લાવ્યા હતા. બધા પોતે લાવેલી વસ્તુઓના વીનીમયથી આવી વસ્તુઓની આપલે કરતા હતા. આવો નજારો ભુલાએ બાપ જન્મારે જોયો ન હતો.

જગ્ગાએ કહ્યું"આમાંના ઘણા લોકો તો બહુ દુરથી આવે છે. મોતી, શંખ, છીપલાં એ બધું તો છેક દરીયા કીનારેથી આવે છે. કેટકેટલા સોદાગરોની પાસે હાથબદલી થઈને આ સામાન અહીં સુધી પહોંચ્યો છે."

ભુલો ," દરીયો એટલે શું?"'

જગ્ગો," એ તો મેંય જોયો નથી. પણ એમ કહે છે કે, જેને બીજે છેડે જમીન જ ન હોય તેવી એ ગંજાવર નદી છે. એનું પાણી ખારું ઉસ જેવું હોય. પી જ ન શકાય. આ સફેદ ભુકો દેખાય છે ને? એ પણ એ દરીયાનાં પાણીમાંથી બને છે. લે ચાખી જો. "

ભુલાએ એની જીંદગીમાં પહેલી વાર ફાકડો ભરીને મીઠું મોંમાં મુક્યું. થુ.. થુ..થુ.. કરીને એ થુંકી નાંખવું પડ્યું.

ભુલાએ કટાણું મોં કરી પુછ્યું, " આનો શો ઉપયોગ?"

જગ્ગો ," આજે જલસો પતે પછી ભોજનમાં મળશે. માંસ ઉપર જરીક જ નાંખવાનું, એ ખાવાનો સ્વાદ તો ચાખી જોજે. પછી સાદું માંસ તને ભાવશે નહીં. "

ભુલો તો આ અવનવા દેશની બધી હેરતભરી નવી નવાઈઓ ડોળા ફાડીને જોતો જ રહ્યો. ત્યાં જ એક ઉંટ બેઠું હતું તે એકદમ ઉભું થઈ ગયું. ભુલો તો અડબડીયાં ખાઈ ગયો. એની ઉંચાઈ જોઈને એને ચક્કર આવી ગયાં. આજુબાજુના દસબાર જણ આ જોઈ ખડખડ હસી પડ્યા.

જગ્ગો, ભુલો અને એમની ટોળી હવે આગળ વધ્યા. હાટની પાછળ ભુલાના માણસો જાતજાતના અંગકસરતના ખેલ કરતા હતા. એમના કદાવર શરીર ઉપર ચમકતું અને ચીકણું કશુંક પ્રવાહી ચોપડેલું હતું. એમની કુસ્તીના દાવપેચ જોઈ ભુલાને એમ થયું કે, એકાદ જણ આમાં જરુર ખતમ થઈ જશે.

એક જગ્યાએ થોડા જુવાનીયા અને સ્ત્રીઓ કો'ક ઢોલના તાલે નાચી રહ્યાં હતાં. એક જણ સાથે લાંબી વાંસની નળીમાંથી તીણો અને સુરીલો અવાજ કાઢી રહ્યો હતો. પણ આ નાચ ભુલાની વસ્તી કરતાં સાવ જુદી જ જાતનો હતો. ગોળ ગોળ ચકરી લેતાં લેતાં થોડી થોડી વારે એ લોકો જબ્બર તાકાતથી ઉંચે ઉછળતા હતા. એમની તાકાત જોઈને ભુલો તો અચંબો જ પામી ગયો.

આગળ જતાં મેદાન બહુ મોટું થતું જતું હતું. જગ્ગાની ટોળી છેવટે જલસાની એ જગ્યાએ પહોંચી ગઈ.

**અનુક્રમણીકા**

પહેલો ગોવાળીયો

પહેલો ગોવાળીયો

## પ્રકરણ – 25 : ખાનનો દરબાર

ભુલાએ કદી આટલી બધી માનવવસ્તી ભેગી થયેલી જોઈ ન હતી. એમના બધા કબીલાઓ મેળા વખતે ભેગા થતા ત્યારે પણ આટલી મેદની ન થતી. અહીં તો તેણે કદી ન જોયું હોય તેટલું મોટું મેદાન હતું. વચ્ચેની ખુલ્લી જગાની ત્રણ બાજુએ સંખ્યાબંધ લોકો ભેગા થયા હતા. એમની વચ્ચે એક રસ્તો જુદો રાખવામાં આવ્યો હતો; જેની રક્ષા તીરકામઠાં ધારી સૈનીકો કરતા હતા. ચોથી બાજુએ થોડો ઉંચાણવાળો ભાગ હતો. ત્યાં પણ હાથમાં ભાલા અને તીરકામઠાં લઈને ખાનના માણસો ચોકી કરી રહ્યા હતા.

હજુ વધારે ને વધારે માણસો મેદાનમાં આવતા જ જતા હતા. જાતજાતના વેશ અને દેખાવવાળા માણસો ભેગા થયા હતા. દેખીતી રીતે આ પ્રદેશની બહારના ઘણા લોકો પણ આ જલસામાં હાજર હતા. જગ્ગાની ટોળીના આવ્યા બાદ ખાસ્સો સમય વીતી ગયો. બધા આતુર નયને ખાનના રસાલાની રાહ જોઈ રહ્યા હતા.

અને છેવટે ખાનની સવારી આવી પહોંચી. મેદનીની વચ્ચે રાખેલા રસ્તા પરથી ચાલીસેક ઘોડા પર બેઠેલા સવારોની ટોળીએ પ્રવેશ કર્યો. રવાલચાલે ચાલતા ઘોડા; તેમની ઉપર સવાર થયેલા કદાવર બાંધાના, ભાલા અને તીરકામઠાં ધારણ કરેલા, છાતી ઉપર ચામડાના મજબુત બખ્તર પહેરેલા અને માથાં પણ મજબુત ચામડાંથી ઢાંકેલા સૈનીકોનું દ્રશ્ય ભુલા માટે સાવ અપરીચીત હતું. તેણે બાપ જન્મારામાં ઘોડા જેવાં પ્રાણીઓ અને આવા બખતરધારી સૈનીકો જોયા ન હતા. છેલ્લા અસવારના હાથમાં એક લાંબો દંડો હતો, જેની ઉપર પાતળા ચામડા પર રંગ લગાવેલી ધજા ફરફરી રહી હતી. લાલ રંગની એ ધજાની વચ્ચે સફેદ રંગમાં ખોપરીનું ચીત્ર દોરેલું હતું.

આ બધા સવારોની હાર પત્યા બાદ એક ઘોડા ઉપર એક પ્રતાપી પુરુષ બેઠેલો હતો. તેની બાજુમાં બીજા ઘોડા ઉપર એક પ્રતાપી સ્ત્રી પણ સવાર થયેલી હતી. બન્નેના શરીર ઉપર ઝગારા મારતાં આભુષણો લટકી રહ્યાં હતાં. બન્નેના માથે રત્નોથી જડેલો મુગટ પણ ચમકી રહ્યો હતો.

ભુલાને સમજતાં વાર ન લાગી કે, એ ખાન અને એની રાણી હતાં. એમની પાછળ દસેક ઘોડા ઉપર બીજા પ્રતાપી સ્ત્રીપુરુષો સવાર હતાં. એ ખાનનાં અંતરંગ વર્તુળના દરબારીઓ હતાં. બધાંનો પ્રતાપ સુર્યના તેજને પણ ઝાંખું પાડી દેતો હતો.

મેદનીએ આ સૌને જયઘોષ અને હર્ષોલ્લાસથી આવકાર્યા. ગગનભેદી નાદોથી મેદાન ગાજી ઉઠ્યું. બીજા છેડે, મંચસ્થાનની બાજુમાં લયબધ્ધ તાલમાં, દસેક મોટા ઢોલ પર દાંડી પીટી પીટીને સ્વાગત ગીત વગાડવામાં આવી રહ્યું હતું. તેમની આગળ દેવલોકની અપ્સરા જેવી, અત્યંત સ્વરુપવાન, લગભગ અર્ધનગ્ન સ્ત્રીઓ ઢોલના તાલે તેમના લચકીલા દેહ, લોભામણી રીતે ડોલાવતી નાચી રહી હતી. લોકમેદનીમાં ઘણા પણ આ તાલે આનંદમાં નાચી રહ્યાં હતાં.



પહેલો ગોવાળીયો

'ખાનનો જય હો!" ના નારા સતત જાગતા રહ્યા. મેદનીમાં અનેક લોકો ફુલો લઈને આવ્યાં હતાં. એ સૌ ખોબલે ખોબલે ખાન અને તેની રાણી ઉપર પુષ્પવર્ષા કરતા રહ્યા. અમુક લોકો લાલ રંગનો પાવડર જેવો કોઈક પદાર્થ પણ ટોપલીઓમાં લાવ્યા હતા; અને તેની વર્ષા આ જોડી ઉપર કરતા હતા.

સમગ્ર દ્રશ્ય ભુલાને સ્વર્ગ જેવી કોઈક અજાણી ભોમકામાં આવી ગયો હોય તેવો ભાસ કરાવતું હતું. તેને આ પ્રદેશમાં આવતાં પહેલાં સ્વપ્નમાં જોયેલું હાડપીંજરોનું ભયાનક નૃત્ય યાદ આવી ગયું. તેને ઘડીક સંશય થયો કે, તે કોઈ સ્વપ્ન તો નથી જોઈ રહ્યો ને? તેણે પોતાના હાથ ઉપર ચીમટો ખણી જોયો. આ સ્વપ્ન નથી પણ સત્ય છે; તેની ખાતરી થતાં તે અહોભાવથી ગલવાઈ રહ્યો.

ધીમે ધીમે આ સરઘસ મેદાનના બીજા છેડે આવેલા ઉંચા ઓટલાની નજીક પહોંચી ગયું. બધા ઘોડા પરથી નીચે ઉતર્યા. ખાન અને રાણીએ પોતાનું સ્થાન ગ્રહણ કર્યું. તેમની બે બાજુએ બીજા દરબારીઓ બીરાજ્યા.

બધો શોરબકોર અને ઢોલના નાદ બંધ થયા. જનંતની હુર જેવી નાચતી લલનાઓ ડાહી ડમરી બનીમ અદબમાં ઉભી રહી ગઈ.

મંચની આગળ અને આજુબાજુના સૌ એકી અવાજે બોલી ઉઠ્યા ," વીરોમાં મહાન વીર, જેના પ્રતાપ આગળ સુર્ય પણ ઝાંખો પડે છે, તેવા સમસ્ત જગતના સ્વામી, ખાનનો જય હો ! " ખાન અને તેની રાણીએ ગૌરવમાં હાથ લાંબા કર્યા અને આ અભીવાદન સ્વીકાર્યું.

પછી મેદાનમાં ઘોડેસ્વારોના હેરતભર્યા પ્રયોગો શરુ થયા સઘન તાલીમ પામેલા અસવારો દોડતા ઘોડાઓ ઉપર જાતજાતબા ખેલનું પ્રદર્શન કરવા લાગ્યા.

જગ્ગો બોલી ઉઠ્યો,"પાંચ વરસ પહેલાં હું અહીં સેના નાયક હતો; ત્યારે આ ઘોડાને નાથવાની અને કેળવવાની શરુઆત થઈ હતી. આટલા જ વરસમાં આ લોકો કેટલા જાનબાજ અને હોંશીયાર થઈ ગયા છે? દુનીયામાં કોઈ ખાનની તોલે ન આવી શકે. "

અને આકસ્મીક જ ભુલાને ગોવો યાદ આવી ગયો.

**અનુક્રમણીકા**



પહેલો ગોવાળીયો

# પ્રકરણ – 26 : મલ્લકુસ્તી

ઘોડેસ્વારીના દાવ પત્યા પછી અંગકસરતના દાવ આવ્યા. શરીરને કેળવીને કેટલું કસી શકાય છે; તેનું આ અભુતપુર્વ પ્રદર્શન હતું. આમેય બળવાન અને કદાવર કાયાની આ પ્રજા શરીર સૌષ્ઠવ અને શરીરની કેળવણી માટે કેટલી જહેમત ઉઠાવતી હતી, તેનો ખ્યાલ ભુલાને આવી ગયો. એક બાજુએ જાતીય સંબંધોના તેમના નીરંકુશ અનાચાર હતા ; તો બીજી બાજુએ આ પાબંદી પણ હતી.

અને છેલ્લે આવી - શરીરની તાકાતની કસોટીની ચરમસીમા રુપ મલ્લકુસ્તી. આઠ અલમસ્ત સાંઢ જેવા મલ્લો મેદાનમાં આવી ગયા. બબ્બે મલ્લો વચ્ચે કુસ્તીના દાવપેચ ખેલાવા માંડ્યા. હોંકારા પડકારા અને મેદનીની ઉશ્કેરણી વચ્ચે એક પછી એક મલ્લ ચીત થતા ગયા. આખી મેદનીમાં શરીરબળમાં આ મલ્લોનો મુકાબલો કરી શકે તેવું, કોઈ જ ન હતું. છેલ્લે બે મલ્લો વચ્ચેનો મુકાબલો આવી ઉભો. પહાડ જેવા આ બે મલ્લો માત્ર દેખાવમાં જ ભયજનક નહીં પણ બળમાંય સર્વશ્રેષ્ઠ હતા. એમની વચ્ચેની મુઠભેડ બહુ લાંબી ચાલી. એકબીજાને પકડમાં લઈ જમીનદોસ્ત કરવા માટે બરાબરનો ગજગ્રાહ ચાલ્યો. બેમાંથી એક પણ નમતું જોખે તેમ ન હતો. મુઠ્ઠીઓના બેફામ મારની તેમના પોલાદી સ્નાયુઓ પર કોઈ જ અસર થતી ન હતી.

છેવટે જીતમલ્લે બીજાને કેડેથી પકડી ઉંચો કર્યો અને જમીન પર પછાડ્યો. અસહ્ય દર્દથી પેલો કરાંઝી ઉઠ્યો. જીતમલ્લ તેની ઉપર ચઢી જઈ પોતાનો વીજય પુરવાર કર્યો.

તે મોટેથી બરાડ્યો. “ છે કોઈ માઈનો પુત તૈયાર, મારી સાથે મુકાબલો કરવા?“

ભુલો આ મલ્લકુસ્તી ધ્યાનથી નીહાળી રહ્યો હતો. તેને લાગ્યું કે, આ અવસર ગુમાવવા જેવો નથી. તે મેદનીની બહાર મેદાનમાં આવી ગયો. તેણે જીતમલ્લને પડકાર્યો. જીતમલ્લ તેને જોઈએ તુચ્છકારમાં હસ્યો.

“ અલ્યા મગતરા! તારે ઘેર જઈ માનું દુધ ધાવીને પાછો આવ.”

આખી મેદનીએ આ તુચ્છકાર અને મશ્કરી ખડખડાટ હાસ્યથી ઝીલી લીધાં. વાત પણ વાજબી જ હતી. જીતમલ્લની સરખામણીમાં ભુલો સાવ બાળક જેવો જ લાગતો હતો. ક્યાં જીતમલ્લની સાડા છ ફુટ ઉંચી, પહાડ જેવી કદાવર કાયા અને ક્યાં સવા પાંચ ફુટ ઉંચો અને નમણા બાંધાનો ભુલો? પણ ભુલો મક્કમ પગે આગળ વધ્યો. તેનું મગજ અત્યારે એક જ ધ્યેયથી અભીભુત હતું. તેણે સમગ્ર મલ્લકુસ્તી બરાબર ધ્યાનથી નીહાળી હતી અને પોતાની વ્યુહરચના અંગે બરાબર ગાંઠ વાળી હતી.

તે જેવો જીતમલ્લની નજીક સરક્યો તેવી તરત જ જીતમલ્લે દોટ મુકી. ભુલાની નજર બરાબર જીતમલ્લની હીલચાલ ઉપર હતી. જીતમલ્લ તેને પકડી  શકે તેની એકાદ ક્ષણ પહેલાં જ તે ચાલાકીથી બાજુમાં સરકી ગયો અને દુર દોડી ગયો. ક્રોધમાં ધુવાં પુવાં થયેલો જીતમલ્લ વળીને તેની તરફ ધસમસતો દોડ્યો. ફરીથી ભુલાએ તેનો દાવ ચુકાવ્યો. આમ ત્રણ ચાર વખત થયું. જીતમલ્લ હવે થાકી ગયો હતો. બધા મલ્લો સાથેની મુઠભેડમાં તે આમેય થાકેલો તો હતો જ. હવે તેના  ક્રોધે માઝા મેલી દીધી. એક પ્રચંડ ત્રાડ પાડી તે ભુલાને ચપટીમાં ચોળી નાંખવા  છેલ્લા શ્વાસ પર આવી ગયો હતો. આ મગતરું તેની કલ્પના બહાર ચપળ હતું.

આ વખતે ભુલો લગારેય ચસક્યો નહીં. જીતમલ્લે તેને બન્ને હાથ વડે ઉપાડી ફંગોળ્યો. ભુલો આ માટે તૈયાર જ હતો. તેણે હવામાં જ પોતાનું  સમતોલન જાળવી લીધું અને જમીન પર પડી , બેધ્યાન બની ગયાનો ડોળ કરતો પડ્યો રહ્યો. જીતમલ્લ તેને કચડી નાંખવા કુદ્યો. ભુલો બાજુમાં ગલોટીયું ખાઈ, ચપળતાથી ઉભો થઈ ગયો. હવે જીતમલ્લ જમીન પર પડેલો હતો.  ભેગા  થયેલા થાકથી હાંફેલી ભારે  કાયા  અને ક્રોધથી વીચલીત  થયેલા મગજને કારણે, તે તરત ઉભો થઈ શકે તેમ ન હતું. એક ક્ષણના પણ વીલંબ વીના ભુલાએ પોતાની બધી તાકાત ભેગી  કરી, જીતમલ્લના ગુહ્ય ભાગ પર કચકચાવીને  લાત મારી દીધી. ગેંડા જેવો જીતમલ્લ તરફડવા માંડ્યો. ભુલાએ બીજી ત્રણ લાતો એ જ જગ્યાએ તાકીને ઝીંકી દીધી. જીતમલ્લ હવે સમ્પુર્ણ રીતે ભાન ગુમાવી ચુક્યો હતો. ભુલો તેની છાતી પર ચઢી ગયો.

દુર્ધર્ષ જીતમલ્લ જીતાઈ ગયો હતો. ન બનવાનું બની ગયું હતું. એક મગતરાંએ અલમસ્ત ગેંડાંની ઉપર વીજય મેળવ્યો હતો. સમગ્ર મેદનીએ  ગગનભેદી નાદોથી ભુલાના વીજયને આવકાર્યો. કેટલીય સ્ત્રીઓ આ વીદેશી વીજેતાને પોતાનો કરવા દોડી અને તેને ચુંબનો અને આલીંગનોથી ઓતપ્રોત કરી દીધો. જગ્ગો દોડીને ભુલાની નજીક પહોંચી ગયો. તેણે એ બધીઓયને ભુલાથી દુર હડસેલી. હવે બન્નેએ  આ બધાંથી છુટકારો મેળવી ખાન તરફ નજર કરી. ખાન તેમને પોતાની પાસે બોલાવી રહ્યો હતો. બન્ને ખાન પાસે પહોંચી ગયા. ખાને ભુલાને અભીનંદન આપ્યા.

ખાને પુછ્યુ," કોણ છે આ ચાલાક વીર?"

જગ્ગો ," ઉંચી પર્વતમાળાની  પેલે પારની પ્રદેશમાંથી આવેલો મારો મહેમાન ભુલો."

ખાન ," આજથી એ મારો થઈ ગયો. "

ભુલાને આ જ તો જોઈતું હતું, આ માટે તો તેણે આ સાહસ બહુ જ વીચારપુર્વક અને અગમચેતીભરી વ્યુહરચનાથી હાથ ધર્યું હતું.

ખાને આ જલસો બરખાસ્ત  કરતાં જાહેર કર્યું ," આજની મલ્લકુસ્તીનો વીજેતા ભુલો, આજથી મારો સલાહકાર બને છે. દરેક પ્રદેશમાંથી આવેલ સુબાને એક ઘોડો અને ચાર ઘોડીઓ આપવામાં આવશે. જગ્ગાને બે ઘોડા અને આઠ

ઘોડીઓ મળશે. આનાથી સામ્રાજ્યનું રક્ષણ વધારે સારું થઈ શકશે. જે જુવાન છોકરાઓ અહીં તાલીમ લેવા આવ્યા છે, તે સૌ પાંચ વરસ પછી બધી યુધ્ધ કળામાં હોંશીયાર બની, પોતાના ગામ પાછા ફરશે અને આપણા સામ્રાજ્યના અડીખમ થાંભલા બની રહેશે."

મેદનીએ એકી અવાજે ખાનની આ જાહેરાતને વધાવી લીધી.

અનુક્રમણીકા

પહેલો ગોવાળીયો

## પ્રકરણ – 27 : ખાનનો નવો મીત્ર

ખાનનો મીત્ર બન્યા બાદ, ભુલાનાં માન એકદમ વધી ગયાં. આ પરદેશી બટકો બધાનો માનીતો બની ગયો. ખાસ કરીને સ્ત્રીઓ તો તેનો સહવાસ પામવા અને આવા ચાલાક જણનું બીજ ધારણ કરવા પડાપડી કરવા લાગી. સ્ત્રીસંગનાં ભુલાના બધા ઓરતા રંગે ચંગે સંતોષાવા માંડયા. ખાનની ખાસ માનીતી અને રાજદ્વારી વારાંગના જુમ્નોના ઘેર ભુલાને કાયમી નીવાસ આપવામાં આવ્યો હતો. જુમ્મો સૌથી વધારે સ્વરુપવાન અને ચાલાક સ્ત્રી હતી, અને ખાન અને ઉચ્ચ સરદારોની જાતીય ભુખ સંતોષતી. બધી સ્ત્રીઓ તેની ઈર્ષ્યા કરતી. ભુલાના સહવાસમાં તે ભુલાની ભાષા શીખવા માંડી.

દરરોજ ખાન એકાદ કલાક ભુલાની સાથે વાતચીત કરતો. ભુલાને આ પ્રદેશની બધી યુધ્ધકળા પણ શીખવવામાં આવી. ખાસ તો ઘોડેસ્વારી. ચાર વરસ આમને આમ જ નીકળી ગયાં

અનેક વાર એ ખાનની મંડળીની સાથે જુદા જુદા પ્રદેશોની મુલાકાતે જતો. જાતજાતના અને ભાતભાતના અનુભવો તેને થવા લાગ્યા. ભુલાની અંદર કોઈક અજાયબ અને આમુલ પરીવર્તન આકાર લેવા માંડ્યું. ખાનના સહવાસે તેના પ્રચ્છન્ન ગુણો ઉભરવા માંડ્યા. નવા અને વીશાળ પ્રદેશોમાં પરીભ્રમણના કારણે તેનું ક્ષીતીજ હવે વીશાળ બન્યું હતું. કોતરોમાંથી ભાગ્યા બાદ, ભુતાવળોના અનુભવ બાદ તેના વ્યક્તીત્વમાં આ સાવ નવો જ વળાંક હતો.

એક દીવસ ખાન અને ભુલો ઘોડા ઉપર ફરવા નીકળ્યા. ક્ષીતીજમાં ઘણે દુર લાંબી પર્વતમાળા દેખાતી હતી. ભુલો તે જોઈ ગંભીર બની ગયો.

ખાને પુછ્યું, “ કેમ? વતનની યાદ આવી ગઈ કે શું?”

ભુલો , “ વતન યાદ તો આવે જ ને?”

ખાન ,” કેમ અમારી સુંદરીઓ તને પસંદ ન આવી? કે પછી તારી કોઈ પ્રીયતમા યાદ આવે છે? ”

ભુલો, “ ના, ના, એવું તો કાંઈ નથી.”

ખાન “ તમારે ત્યાં પણ આવી જ ઠંડી હોય છે?”

ભુલો ,” ના, અમારે ત્યાં તો કદી આટલી ઠંડી પડતી નથી. ઉલટાનું ઉનાળામાં તો ઘણી ગરમી પડે. ”

ખાન ,” મને એ પ્રદેશ જોવાની ઘણી ઈચ્છા થાય છે.“



પહેલો ગોવાળીયો

ભુલો ," આપની ઈચ્છા એટલે,,, એ પ્રદેશ પણ તમારી હકુમતમાં આવ્યો જ સમજો."

ખાન ," તું મારા મનની વાત બરાબર સમજી ગયો. તું મારા લશ્કરને રસ્તો બતાવ અને હું તને ત્યાંનો સુબો બનાવીશ."

ભુલો એકદમ ગંભીર બની ગયો. હવે તેને કોઈ પ્રત્યે વેર રહ્યું ન હતું, ગોવા માટે પણ નહીં. અહીં ભોગવેલી, રુપ રુપના અંબાર જેવી અનેક લલનાઓ આગળ તો રુપલી પણ ઝાંખી પડી જાય તેવી હતી. તેણીની માયા પણ ગાયબ થઈ ગઈ હતી. વતન માટેનો પ્રેમ તેના હ્રદયમાં ઉભરાઈ આવ્યો.

ભુલાએ કહ્યું," એક શરતે. "

ખાન ," તું કહે તે શરત મને મંજુર છે."

ભુલો ," મારો દેશ મને બહુ વ્હાલો છે. બને તેટલી ઓછી જાનહાની થાય; તે રીતે તમારી મનોકામના સીધ્ધ થાય તો મને આનંદ થશે."

ખાન રત્નપારખુ હતો. તેણે ભુલાને ઘોડા પરથી ઉતરવા કહ્યું, અને નીચે ઉતરી ભુલાને ભેટી પડ્યો. તેણે કહ્યું," ભુલા! તું મારી આ છેલ્લી પરીક્ષામાંથી પણ પાર ઉતર્યો છે. રાજા વીર તો હોવો જ જોઈએ; પણ ઉદાર પણ હોવો જોઈએ. બધા સુબાઓ પાસેથી મારી આ પાયાની જરુરીયાત છે. હું રાજા છું. બધા મારું શાસન સ્વીકારે છે. પણ પ્રજા સૌથી વધારે મહાન છે. દેશની સમૃધ્ધીનો આધાર પ્રજા ઉપર છે. રાજાનું કામ એમનું રક્ષણ કરવાનું અને એમને સાચી દોરવણી આપવાનું છે."

ભુલાને જગ્ગાના શબ્દો યાદ આવી ગયા. 'ખાન જેવો રાજા આખી દુનીયામાં બીજો કોઈ ન મળે." તેણે ખાનને સાષ્ટાંગ વંદન કર્યા. બન્ને મીત્રો પાછા ફર્યા. ખાને બધા સલાહકારોની સભા બોલાવી, અને પોતાનો ઈરાદો જાહેર કર્યો. બધા શુરવીરો આ નવા સાહસ માટે તલપાપડ થઈ ગયા. ઘણા વખતથી કોઈ યુધ્ધ થયું ન હતું. આ સાવ નવા પ્રદેશમાં જવાની વાત સૌને આકર્ષક લાગી.

હવે ખાને કુચની યોજના બનાવવા માંડી. એ સમયે તો એ પ્રદેશમાં ઉનાળો ચાલતો હતો.અત્યારે નીકળે તો ભુલાના પ્રદેશમાં પહોંચતાં પહોંચતાં શીયાળો બેસી જાય. પર્વતમાળા ઓળંગવા માટે ખાનને એ સમય ઠીક ન લાગ્યો. આથી શીયાળો ઉતરતાં તરત પ્રસ્થાન કરવાનું તેને યોગ્ય લાગ્યું. ખાનના મુખ્ય મંત્રીએ સુચન કર્યું કે દરેક સુબો પોતાના શ્રેષ્ઠ દસ સૈનીકો મોકલે. આમ ખાનના સામ્રાજ્યના પચાસ સુબાઓના પાંચસો સૈનીકો ભેગા થાય. એમની સાથે ખાનના પોતાના પાંચસો રક્ષકો ઉમેરતાં, હજારની સેના તૈયાર થાય. આ પ્રચંડ યોજના જાણી ભુલાની તો ચાર આંખો થઈ ગઈ. આ તો કીડી ઉપર કટક લઈ જવા જેવી વાત હતી. તેણે કહ્યું, ' આ યોજના જરુર સફળ નીવડશે. '

બીજા દીવસે ખાસ કાસદો નીકળી પડ્યા અને શીયાળો ઉતરતાં બધાને જગ્ગાના ગામમાં ભેળા થવાનો આદેશ અપાઈ ગયો.

આખા પ્રદેશમાં આ નવા અભીયાનની શક્યતાથી ગરમી આવી ગઈ.

પણ ભુલાના મનના અજ્ઞાત પ્રદેશમાં સંતાઈને સુતેલી, પ્રતીશોધની આગ આ પ્રદેશની  નવી શોધની ઉપલબ્ધીમાં ફરીથી ભભુકી ઉઠી હતી.

અનુક્રમણીકા

પહેલો ગોવાળીયો

# વીભાગ – 4

# મહાભીનીષ્ક્રમણ

પહેલો ગોવાળ

અનુક્રમણીકા

# પ્રકરણ – 28 : નદીની પેલે પાર

વીહાના મનને ચેન ન હતું. તેને ન ગમતાં ઘણાં પરીવર્તનો આકાર લઈ રહ્યા હતા.

કાળુ વીહાની આગળ પોતાની હૈયાવરાળ કાઢી રહ્યો હતો. " જો ને વીહા! આ તારલાઓ તને કાંઈ કહે છે? મારી બકરીઓ મરતી રહે છે; અને ગોવાની તો વધતી જ રહે છે. એણે વાડોય કેટલો મોટો કરી નાંખ્યો? મારા કરતાં બમણો થઈ ગયો છે. પાંચોય મારા કરતાં વધારે જોરાવર બની ગયો છે."

વીહાએ છેલ્લા દસ દીવસમાં દસમી વાર, આ રોદણાં વ્યગ્ર ચીત્તે સાંભળ્યાં હતાં બવીહાના મનમાં વીચારો ઘોળાવા લાગ્યા,

' છેલ્લા એક મહીનાથી એક અજાણ્યો, પુંછડીયો તારો સુરજ ડુબતાંની સાથે જ આકાશમાં દેખાતો હતો. નક્કી કાંઈક અઘટીત બનવાનું. નહીં તો ગોવાનો આ જીગરી દોસ્ત આમ ગોવાની અદેખાઈ શેં કરે?'

વીહાએ કહ્યું," જો કાળુ! ગોવો આપણો મુખીયો છે; તે એમ જ હોય. તારે તો એથી રાજી થવું જોઈએ."

કાળુ,"અલ્યા! હું તો ગમે તેમ કરીને મન મનાવી લઉં છું. પણ મારી ઘરવાળી તો આ ચંત્યામાં રાતે ઉંઘતી નથી; અને મને ઉંઘવા દેતી નથી."

વીહો ," તે તારા મનમાં શું ઉકેલ દેખાય છે?"

કાળુ," મને થાય છે કે, પેલી બીજી નદીના કીનારે જઈને હું અને લાખો વસીએ અને અમારો અલગ નેસડો બનાવી દઈએ. "

વીહો," તને એમાં ઠીક લાગતું હોય તો એમ કર; પણ બધા જુદા જુદા પડી જશો અને કાંઈક આફત આવશે તો શી રીતે ભેગા થશો? "

કાળુ ," અરે! એમ તે હોય કાંઈ? સાદ પડતાંની સાથે, દોસ્તની મદદે અબઘડી ધોડી ના આવું? "

વીહાએ કાળુનો બરડો થાબડ્યો. બીજા દી પાંચો આવી જ હૈયાવરાળ વીહા પાસે કાઢી ગયો. વીહાએ એને પણ આવી હૈયાધારણ આપી. પણ એને હવે ધોળે દહાડે પણ, ઓલ્યો પુંછડીયો તારો દેખાવા લાગ્યો.

બીજા અઠવાડીયે કાળુ અને લાખો કુટુમ્બ કબીલા સાથે, પોતાનાં ઢોર હાંકીને, વીદાય થયા. ગોવા અને રુપલીએ ભારે હૈયે એમને વીદાય આપી. છેલ્લા બે મહીનામાં આ ચોથી ટુકડી વીદાય લઈ રહી હતી. હવે ગોવાના નેસડામાં દસ જ



પહેલો ગોવાળીયો

વાડા બાકી રહ્યા હતા. ગોવાએ એક ઉંડો નીસાસો મુક્યો. કોતરોમાં રહેતા હતા; એ વખતની બીરાદરી, વધતા જતા લોભને કારણે નેસ્ત નાબુદ થઈ રહી હતી.

એક સાંજે ગોવાએ વીહાને પુછ્યું," વીહા ! તને શું લાગે છે? મેં કે રુપલીએ કોઈ દી' આ દોસ્તોને માઠું લાગે તેવું, એક પણ વેણ કાઢ્યું નથી; તોય આમ કેમ થાય છે? "

વીહાએ ગોવાને પુંછડીયો તારો બતાવ્યો અને કહ્યું," નક્કી જોગમાયાની અવકૃપા થઈ લાગે છે."

બન્ને જણાએ નક્કી કર્યું કે, જોગમાયાની પુજા રોજ થાય, તે માટે નેસડામાં એક જુદો તંબુ રાખવો અને એમાં પથ્થર નહીં તો માટીની દીવાલ પર ચીતરામણ કરી, રોજ માતાની પુજા કરવી.

અને તરત જ આ વીચાર અમલમા મુકાઈ ગયો. સરવરીયા નેસડાઓના રહેવાસીઓએ તો ક્યારનું આવું જુદું મંદીર બનાવ્યું જ હતું ને? હવે ગોવાની જોગમાયા જુદી અને સરવરીયાની જુદી અને ઓલી ગુફાની મુળ જોગમાયા જુદી. પેલા ફરતારામ ડફેરો તો ફરતી જોગમાયા પહેલેથી જ રાખતા હતા!

પણ ગોવાને એક વાતની નીરાંત હતી, ઢોરની વસ્તી દીન-બ-દીન વધતી જતી હતી. ઘી દુધની નદીયું વહેતી હતી. અને આટલા બધા નેસડા અલગ થયા છતાં, વસ્તી એમની એમ હતી. એટલું ખરું કે, નેસડામાં હવે બાળબચ્ચાં વધારે, ને મરદ ઓરત ઓછાં થઈ ગયાં હતાં. સામેના કાંઠે હવે માત્ર એક જ કબીલો રહ્યો હતો. બાકીના બધા આ કાંઠે આવી ગયા હતા.

**અનુક્રમણીકા**

પહેલો ગોવાળીયો

## પ્રકરણ – 29 : લશ્કર

પર્વતની ઓલી પારનો પ્રદેશ ઘોડાઓના ડાબલાઓથી ગાજી ઉઠ્યો. હજાર સૈનીકોની સેના દખણાદી દીશામાં પ્રયાણ કરી રહી હતી. એમાં ત્રણસો ઘોડેસવાર હતા અને બાકીના ચાલતા સૈનીકો હતા. સૌથી તેજીલા દસ ઘોડેસ્વારોની એક ટુકડી આગળ હતી; અને નવા પ્રદેશની બરાબર ભાળ કરી, દીવસના પડાવનું સ્થાન નક્કી કરતી. કોઈ જોખમ હોય તો, તેનું પણ તે ધ્યાન રાખતી. ભુલો આ ટોળીના આગેવાનની સાથે સવાર હતો.

જેમ જેમ ભુલો આગળ ધપતો ગયો; તેમ તેમ વસંત ઋતુએ આ ભુખ્ખડ પ્રદેશમાં જે પરીવર્તન આણ્યું હતું; તેની તેને પ્રતીતી થતી ગઈ. બધે રળીયામણી છવાઈ ગઈ હતી. થોડાક જ સમયના મહેમાન હોવા છતાં, ઠેર ઠેર ફુલો ખીલી ઉઠ્યાં હતાં. પીગળેલા બરફના પાણીથી ઠેર ઠેર નાનાં નાનાં ઝરણાં, ઝરા, વહેળા અને નાનકડી, અલ્પકાલીન નદીઓ ઉભરાઈ આવ્યાં હતાં. એમાં છબછબીયાં કરી, રવાલચાલે પાર કરવાનું ઘોડાઓને પણ ગમતું. પાણીની સાથે જાતજાતની જીવસૃષ્ટી પણ ઉભરી આવી હતી. કદીક એ જંતુઓનો ઉપદ્રવ ખાળવાનું મુશ્કેલ પણ બનતું. ઠેર ઠેર પશુઓનાં ટોળાં ચરતાં નજરે ચઢતાં હતાં. અવનવા, રંગબેરંગી પંખીઓ દખ્ખણમાંથી પાછા વળ્યાં હતાં; અને એમની પ્રણયલીલામાં અને નવા માળા બનાવવામાં વ્યસ્ત હતાં.

એક ઝરાને કાંઠે ભુલાને એ કરાળ કાળી રાતની યાદ આવી ગઈ. હાડપીંજરોના એ ડરામણા નૃત્યની યાદે એની કાયામાં ભયનું એક લખલખું ફરી વળ્યું. ગોવા સાથેની એ છેલ્લી મુઠભેડ, રુપલી દ્વારા પરાભવ, કોતરોની વસ્તીએ આપેલો જાકારો, દુર્ગમ પર્વતમાળાને ઓળંગી ઓતરાદી દીશામાં પ્રયાણ, એ ગોઝારું સ્વપ્ન, પ્રતીશોધની એ પ્રતીજ્ઞા, નવા પ્રદેશના અવનવા અનુભવો, ખાનના દરબારમાં ફરીથી સાંપડેલું સન્માન, જગ્ગો સાથેની રંગત અને સંગત - આ બધાં વીતી ગયેલા જીવતરના દૃષ્યો તેના સ્મરણપટમાં ઉપસી આવ્યા.

‘ સમો કેવો બદલાતો રહે છે? હુંયે કેટલો બધો બદલાઈ ગયો છું? મોતને તાળી આપીને કેટકેટલા અનુભવો થયા? વતનમાં પાછા વળ્યા બાદ શું થશે? ગોવો, રુપલી, કાળુ, લાખો. પાંચો, વીહો બધા શું કરતા હશે? આવી પડનાર આ દુર્ગમ આપત્તીનો એ લોકો શી રીતે પ્રતીકાર કરશે? જોગમાયાનો જાદુ ખાનના આ મહાભીનીષ્ક્રમણને નાકામીયાબ તો નહીં બનાવી દે ને?’- આવા અનેક વીચારોથી તેનું મન ઘેરાઈ ગયું.

બાકીના ઘોડેસ્વારો ધીમી ચાલે ચાલતા; કારણકે, તેમની સાથે ઘણો બધો સામાન હતો. તંબુઓ, હથીયારો, રસોઈનો સામાન, ઓઢવા પાથરવાનો સામાન વીગેરે ઘણું બધું. રસ્તામાં શીકાર કરવાનું પણ તેમને ફાળે રહેતું. હજાર માણસને પહોંચી વળે તેટલું મારણ મેળવી તેને પડાવની જગ્યા સુધી આ સેના લઈ આવતી. રસોઈ માટે જરુરી લાકડાં પણ તેમણે ભેગાં કરવાનાં રહેતાં હતાં. ખાન, જગ્ગો અને ખાનના અમુક ખાસ સરદાર સાથીઓ આ ટોળીની સાથે રહેતા હતા; અને શીકારની અને નવા પ્રદેશમાં સંશોધનની મોજ માણતા હતા.

સાતસો પગપાળા જવાંમર્દોની સેના એક અજીબોગરીબ યુધ્ધતાનથી કુચકદમ કરતી હતી; અને અવારનવાર યુધ્ધનાદના પોકારો કરી દસે દીશાઓ ગજવી ઉઠતી હતી. નવા પ્રદેશની અવનવી વાતો અને વતનમાં માણેલી રંગતોના ગપાટા વચ્ચે, અદમ્ય ઉત્સાહથી દીવસના પડાવ સ્થળ સુધીનું અંતર ક્યાં કપાઈ જતું, તેની ખબરેય ન પડતી.

બધાની સાથે આગલા દીવસની વધેલી રસોઈ બાંધેલી રહેતી; જે રસ્તામાં સવારના ભોજનની ગરજ સારતી. પાણીની તો કોઈ કમી જ ન હતી આ ઋતુમાં પ્રયાણ કરવાના, ખાનના ડહાપણ ભરેલા નીર્ણયને કારણે આખી યાત્રા નીર્વીઘ્ને અને અદમ્ય ઉત્સાહની સાથે પસાર થઈ રહી હતી.

બપોરે સુરજ બરાબર માથે હોય ત્યારે નવો પડાવ મંડાતો. ઘોડેસ્વારો તો ઘણા વહેલા એ સ્થળે આવી પહોંચતા. કોઈ નદી કે વહેળાના કાંઠે પડાવની જગ્યા નક્કી કરાતી. જીવજંતુઓના રાફડા નજીકમાં ન હોય તેની તકેદારી પણ રખાતી. ફટાફટ અગ્ની પ્રગટાવી, રસોઈની વ્યવસ્થા શરૂ થઈ જતી. રાતની ઠંડીને ખાળવા તંબુઓ ખોડાઈ જતા. પડાવની વચ્ચે સૌથી મોટો અને આકર્ષક તંબુ ખાનનો રહેતો. તેની ઉપર સેનાની વીજયપતાકા ફરફરી રહેતી. પગપાળા સૈનીકો આવી રહે, ત્યારે તો બધી વ્યવસ્થા તૈયાર થઈ જતી.

બપોરનું જમણ જમી, કુચનો થાક ઉતારી, સાંજના ટાણે શૌર્યથી સભર રમતગમતો ચાલતી. યુધ્ધની તાલીમ અપાતી અને લેવાતી. ઘોડેસ્વારો પણ પોતાના કૌશલ્યને પારખી જોતા. અંધારું ઢળવાની સાથે સૌને ગમતીલો બાઈસનનો નાચ શરૂ થતો. એ જ એમના આરાધ્યદેવની પુજા હતીને?

અને હજારની સેનામાં એક બાઈસનના શીકારના મૃત્યથી થોડું જ મનોરંજન મળે? જુદા જુદા પ્રદેશમાંથી આવેલા સૈનીકો એમની રસમ પ્રમાણે જુદી જુદી જાતના નાચ કરતા. અમુક જણા સ્ત્રીઓનો વેશ ધારણ કરી; લટકાળી ચાલ અને નખરાંથી લાંબા ગાળાથી પડેલી ખોટ માનસીક રીતે પુરી પાડતા. ખાન અને તેના સરદારોની મંડળી રોજ અલગ અલગ ટોળીઓની સાથે આ રંગત અને પુજનમાં ભાગ લેતી અને સૌના ઉત્સાહને પોરસાવતી રહેતી. આખા દીવસની કુચનો થાક આ રંગતમાં ક્યાંય વીસરાઈ જતો.

નાચતાં નાચતાં રાતની ચાદર પડાવની ઉપર છવાઈ રહે ત્યારે આખી સેના સોડ તાણીને, નવા પ્રદેશમાં અવનવા પરાક્રમોના સપનાંઓમાં ગરકાવ થઈ જતી

**અનુક્રમણીકા**

પહેલો ગોવાળીયો

## પ્રકરણ – 30 : ડ્રેગન

આવી જ કોઈક રાતે આખી છાવણી નીદ્રામાં ગરકાવ હતી. ચાર દીશામાં આઠ રખોપાઓ ખડે પગે ચોકી કરતા બેઠા હતા. દરેક દીશામાં બબ્બે જણ આ અગત્યના કામ માટે નીયુક્ત હતા. દરેક દીશામાં બેમાંથી એક જણ આરામ કરતો અને બીજો ચોકી. દરેક ઠેકાણે બે મોટી મશાલો ભડકતી હતી. એના ઉજાસમાં દીવસે રમ્ય લાગતી, આસપાસની ઝાડી ભુતાવળ જેવી ભાસતી હતી. પણ એમાં ધબકતા જીવનનો કોઈ અણસાર જણાતો ન હતો. આમ આખી રાત દેખીતા નીર્વીઘ્ને પસાર થઈ રહી હતી.

. અમાસની એ ઘનઘોર મધરાતે, ઘોર અંધકાર છવાયેલો હતો. તમરાં જેવાં જીવજંતુઓનો અવાજ પણ શમી ગયો હતો. કશા અણસાર વગરની એ નીસ્તબ્ધતામાં રખોપા પણ થોડાક બેધ્યાન બને એ સ્વાભાવીક હતું. અને ત્યાંજ એક દીશામાંથી કાળજું કંપાવી નાંખે તેવો, સુસકારા જેવો કોઈ અજાણ્યો અવાજ સંભળાયો.

એ દીશામાંનો ચોકીયાત ઉંઘરાટી આંખે અવાજની દીશામાં નજર કરે ન કરે; ત્યાં તો એક મહાકાય, વીકરાળ ડ્રેગન સામેની ઝાડીમાંથી ધસી આવ્યો. એની કાયા કોઈ મગરમચ્છને પણ પાછો પાડી દે, તેવી લાંબી હતી; અને તેનાથીય લાંબી તેની પુંછડી હતી. એના ખુલ્લા મોંમાંથી લપકતી જીભમાંથી જાણે કે, આગની લાલ જ્વાળાઓ ઓકાઈ રહી હતી. એની મોટી આંખો લીલા અને ક્રુર પ્રકાશથી ચકળવકળ થતી હતી. એના ટુંકા, પણ જાડા પગના આધાર પર, તેનું શરીર ઢસડાતું હતું. એ વારે ઘડીએ જમીન પર પુંછડી અફાળતો હતો; અને એ અફડાટે ઝાડીઓનો કચ્ચરઘાણ વળી જતો હતો. જાણે કે, વીનાશનું એક ઘોડાપુર કાળાભમ્મર અંધકારમાંથી ધસી આવી રહ્યું હતું. એની દોટમાં જ આખી છાવણીનો કચ્ચરઘાણ કરી શકે; તેવી તેની તાકાત જણાતી હતી.



Giant Iguana



પહેલો ગોવાળીયો

. આ ભયાનક દૃશ્ય જોઈ, એ ચોકીયાતના તો મોતીયા જ મરી ગયા. એની નીંદર તો ક્યાંય વેરણ થઈ ગઈ હતી. એણે પોતાના સાથીને ઢંઢોળીને જગાડ્યો. બન્નેએ થઈ શકે તેટલા પ્રયત્નો કરી; પોતાની પાસે પડેલા પથ્થરો ડ્રેગન પર નાંખવા માંડ્યા. પણ ડ્રેગનની પથ્થર જેવી, જાડી ચામડી પર આની કોઈ જ અસર ન થઈ. એ તો વધારે ગુસ્સામાં ફુંફવાડા નાંખવા માંડ્યો. એ જોઈ ભયના માર્યા ચોકીદારોએ મોટી રાડ નાંખી. બીજી દીશામાંના ચોકીદારોએ પણ આ પોકમાં સાથ પુરાવ્યો. આ બધા અવાજોથી આખી છાવણી જાગી ગઈ. બેબાકળા બનેલા સૈનીકો આંખો ચોળતાં ડ્રેગનનું આ ભયાનક સ્વરુપ જોઈ થરથર કાંપી ઉઠ્યા. આવું નવતર પ્રાણી તેમણે કદી જોયું ન હતું. હાથમાં જે પથ્થર આવ્યો તેનો વરસાદ ડ્રેગન પર થવા લાગ્યો. અમુક શુરવીરો તો અણીદાર પથ્થરના ભાલા લઈ ડ્રેગનની નજીક પહોંચી, તેના પગ અને શરીર પર ઘા કરવા માંડ્યા.

પણ ડ્રેગન પર આની કોઈ જ અસર થતી ન હતી. તેણે એક ચોકીયાતને મોંમાં ઘાલીને ચાલવા માંડ્યું. જોકે, તેની મહાન કાયાને કારણે તેની ચાલ સાવ ધીમી હતી. તેની અવીરત ચાલને કોઈ રોકી શકવા સમર્થ ન હતું. બધે કાગારોળ મચી ગઈ. આ બધી ધમાલ, હોંકારા, પડકારા અને ચીસો સાંભળી, છાવણીની છેક વચ્ચે આવેલા સરદારો પણ જાગી ગયા. ખાન, ભુલો અને જગ્ગો પણ આંખો ચોળતાં ચોળતાં પોતપોતાના તંબુઓની બહાર આવી; મશાલોના આછા ઉજાસમાં આ અભુતપુર્વ દૃષ્ય નીહાળી હેબતાઈ ગયા. ભુલાએ પોતાના હાથ ઉપર ચીમટો ખણી ચકાસી જોયું કે, 'પેલા હાડપીંજરોના ખોફનાક નાચ જેવું આ ભયાનક સ્વપ્ન તો નથી ને?' પણ આ તો જીવતે જીવ આવી પડેલી, સાવ નવતર આપત્તી હતી.

. ડ્રેગનની દોટ હવે છાવણીના મધ્ય ભાગ તરફ ફંટાઈ. તેના મોંમાં સપડાયેલો ચોકીયાત મરણ ચીસો નાંખી રહ્યો હતો. છાવણીના સૈનીકોના ઉહાપોહથી ડ્રેગન ચીડાયો હતો; અને ઉશ્કેરાટમાં, વધારે સુસકારા બોલાવતો હતો. તેની મહાકાય પુંછડી વધારે જોરથી તંબુઓ સાથે અફળાતી હતી અને તેમને પળમાં ધરાશાયી કરી રહી હતી.

પરીસ્થીતીનું નીરીક્ષણ કરવા તે છાવણીની વચોવચ આવીને ઉભો. તેનાથી થોડેક જ દુર ખાનનો તંબુ હતો. તંબુની બહાર ખાન તેના ચાર અંગરક્ષકોની સાથે ઉભેલો હતો. બે અંગરક્ષકોના હાથમાં મોટી મશાલો હતી. એ મશાલોના અજવાળામાં ખાનનું ક્રોધાયમાન મુખારવીંદ ઝગમગી રહ્યું હતું.

ખાન બોલ્યો," મશાલનું અજવાળું બરાબર ડ્રેગનના મોં પર જાય એ રીતે મશાલ ફેરવતા રહો."

જેમ જેમ ડ્રેગન નજીક આવતો ગયો, તેમ તેમ ખાનના મોં પર શાંતી છવાવા માંડી. તેના બત્રીસ લક્ષણા સ્વભાવના પ્રતાપે, આ નવી આપત્તીનો શી રીતે પ્રતીકાર કરવો; તે અંગે તે મક્કમ અને શાંત મને, વીચારવા માંડ્યો. ક્ષણનાય વીલંબ વગર તેણે આ ભીષણ પરીસ્થીતીનો અંદાજો કાઢી લીધો. તેનો નીર્ધાર અને વ્યુહ હવે નક્કી હતાં. તેણે તંબુની બાજુમાં પડેલા પથ્થરોના ઢગલામાંથી વીણીને ડ્રેગન સાથે મુકાબલાના પોતાના નીર્ણયને અનુરુપ થાય તેવા બે



પહેલો ગોવાળીયો

ચાર પથ્થર વીણી લીધા. તેની ધારદાર અને દેદીપ્યમાન આંખો, તેના તેજસ્વી નીર્ણયનું પ્રતીબીંબ પાડતી ચમકી ઉઠી. તેની આખી કાયા આ નીર્ણયનો અમલ કરવા પ્રતીબધ્ધ બની રહી.

તેનો પથ્થર ધાર્યું નીશાન પાડી શકે એટલા અંતરે ડ્રેગન આવતાં; ખાને એક સાવ નાનકડો, પણ અણીયાળો પથ્થર સીધો. ડ્રેગનની એક આંખ તરફ ફેંક્યો. ધાર્યું નીશાન ચુકે તો તે ખાન શાનો? ડ્રેગનની જમણી આંખ બરાબર વીંધાઈ ગઈ. બીજો એવો જ પથ્થર; બીજું લક્ષ્યવેધી નીશાન; અને ડ્રેગનની ડાબી આંખ પણ વીંધાણી.બન્ને આંખોમાથી લોહીની ધારો વહેવા માંડી.

આંધળો બની ગયેલો ડ્રેગન, ભયાનક દર્દની ચીંધાડ સાથે, ભોંય પર પટકાઈ, ઉંધો વળી ગયો. તેની બન્ને આંખોમાંથી મશાલોના આછા ઉજાસમાં પણ, લોહીના ફુવારા નીકળતા દેખાયા. તેના ખુલ્લા થયેલા મોંમાંથી સખત ઘવાઈ ગયેલો ચોકીદાર બહાર ઢળી પડ્યો. તેનું મોત હવે હાથ વેંતમાં હતું. પણ ડ્રેગનનું નાજુક પેટ હવે ખુલ્લું થઈ ગયું હતું. આ કુમળા મર્મસ્થાન પર સેંકડો પથ્થરોની વર્ષા થવા માંડી. દસ બાર અણીદાર, પથ્થરના ફણાવાળા ભાલાઓના ઉપરાઉપરી ઘા પણ થવા લાગ્યા. લોહીના ફુવારાઓથી ધરતી તરબોળ થઈ ગઈ. થોડીક વારમાં જ તરફડીયાં મારતો અને મરણચીસો પાડતો, તે ભયાનક ડ્રેગન માણસજાતની સામુહીક સંહાર શક્તી આગળ હારી ગયો. એના છેલ્લા શ્વાસ ગણાવા લાગ્યા. બધાએ પ્રચંડ જયઘોષ સાથે એમના લાડીલા નેતા ખાનના આ વીજયને વધાવી લીધો.

હવે ખાને તેનું હમ્મેશ યાદ રહી જાય તેવું બ્રહ્મવાક્ય સુણાવ્યું. "તમે જોયું હશે કે, આ રાક્ષસના શરીર પર પથ્થર નાંખવાનો કે ભાલા ઉગામવાનો કશો જ અર્થ ન હતો. દુશ્મનની નબળી કડી પર વાર કરતાં આપણે સૌ શીખીએ. ગમે તેવા સંજોગો હોય; આપણે ધૈર્ય અને એકાગ્રતા ગુમાવવા ન જોઈએ."

બધાએ તાળીઓના ગડગડાટથી ખાનને ફરીથી વધાવી લીધો. નસીબ સંજોગે ડ્રેગન ફરીથી ઉઠવા ન પામે; તે માટે વધારાના ચાર સૈનીકો તેની પાસે ચોકી કરતા રહ્યા. મરણ પામેલા સૈનીકની અંત્યેષ્ટી વીધી બીજા દીવસે સવારે કરવી; તેવો નીર્ણય લેવાયો. આખું સૈન્ય ફરીથી નીંદરદેવીને શરણે થયું. પણ એ બીજી નીદરમાં પણ સૌને ડ્રેગન અને ખાનનો એ અજોડ મુકાબલો નજીકના ભવીષ્યમાં આવી પડનાર, નવા યુધ્ધના અજાણ્યા પડકારો માટે પ્રેરતો રહ્યો

---

**નોંધ :** ખાનના મુકાબલાની પ્રેરણા બાઈબલની **'ડેવીડ અને ગોલીઆથ'** ની પ્રખ્યાત વાર્તા પરથી મળી છે - તેનો સાભાર સ્વીકાર

**અનુક્રમણીકા**

પહેલો ગોવાળીયો

## પ્રકરણ – 31 : પર્વતની તળેટીમાં

જેમ જેમ લશ્કર આગળ વધતું ગયું; તેમ તેમ, દુરથી દેખાતી ગીરીમાળા નજીક આવતી ગઈ; અને મોટી અને મોટી થવા માંડી. આખાયે ક્ષીતીજને તેણે ઘેરી લીધું; અને આકાશને પણ તે પડકારવા લાગી. વળી આજુબાજુનો પ્રદેશ પણ સાવ વેરાન થવા માંડ્યો. શીકાર મળવો હવે બહુ જ મુશ્કેલ હતો. ઘોડેસવારો સાથે હોવાને કારણે ઘાસવાળા પ્રદેશમાંથી એ લોકો શીકાર મેળવી લાવતા. પણ આને કારણે લશ્કરની આગેકુચ બહુ જ ધીમી થઈ હતી. પાણી મળવું પણ મુશ્કેલ હતું. પર્વત ઉપર જમા થયેલા બરફના પીગળવાથી થોડા ઘણા નાના ઝરા અને સાવ નાની અને સુકાવાની તૈયારીમાં હોય તેવી નદીઓ જ પાણીનો સ્રોત હતાં. હજાર માણસો માટે એ પાણી અને એ શીકાર માંડ પુરા પડતાં. ગરોળી અને સાપ જેવા સરીસૃપ પ્રાણીઓથી ધીમે ધીમે સૈનીકો અને સરદારો ટેવાવા માંડ્યા. હવે છાવણીની સાંજની રંગતોનું સ્થાન પ્રાર્થના અને પરમ તત્વને દયાની યાચનાએ લેવા માંડ્યું. કેમ કરીને આ મુસીબત દુર થાય અને પર્વતની નજીક પહોંચી જવાય; તે જ ચીંતા ખાનને કોરી ખાવા લાગી.

આ એ જ પ્રદેશ હતો; જ્યાં ભુલાએ ગરોળીઓ આરોગીને પોતાનો માર્ગ પસાર કર્યો હતો. મહીનાઓના રઝળપાટથી ભરેલી પોતાની એ દુર્ગતી ભુલાને બરાબર યાદ આવવા માંડી. ભુતાવળના ભયાનક નૃત્યનું એ દુઃસ્વપ્ન પણ તેના માનસને આક્રોશતું રહ્યું. ફરીથી પ્રતીશોધની દબાઈ ગયેલી લાગણી બળવત્તર બનવા માંડી. જો કે, ખાનના રાજ્યમાં અને ખાનની દોસ્તીએ એમાં પરીવર્તન આવ્યું હતું.

“ ખાનના દેશની ઘણી રીત રસમો મારા સાથીઓએ અપનાવવા જેવી છે. તીરકામઠાં અને ઘોડેસવારીના પ્રતાપે આ સેના દુર્જેય છે. કોઈ પ્રજા આ સાધનોનો મુકાબલો ન કરી શકે. ગોવાનો પરાજય નીશ્ચીત જ છે. પણ એ બધું પતી ગયા પછી, આ બે જાતીઓનો મનમેળ થાય; અને મારા વતનીઓ વીકાસના નવા પંથે વળે તો કેવું સારું?”

આવા વીચારોમાં બદલાયેલા ભુલાનું મન પરોવાયેલું રહેતું.

ખાન વારંવાર ભુલાને પુછતો ,” હજુ પર્વતો કેટલા દુર છે? કેટલા દીવસ ત્યાં પહોંચતા લાગશે?”

પણ ભુલા પાસે તેનો કોઈ ઉત્તર ક્યાં હતો? તેણે જે માનસીક સ્થીતીમાં રસ્તો પસાર કર્યો હતો; તેમાં તેને સમયનું ભાન જ ક્યાં હતું?

ભુલાએ કહ્યું,” મને તો આ દલદલ પસાર કરતાં ખાસ્સો સમય લાગ્યો હતો. આખો શીયાળો મેં અહીં વીતાવ્યો હતો. જગ્ગાના થાનકે પહોંચ્યા બાદ તરત જ સુરજની ગરમી વધવા માંડી હતી અને ઘાસ અને ફુલો ઉગવા માંડ્યા હતા. પણ એ વખતે તો હું એકલો હતો; અને મારી ચાલવાની ઝડપ ઘણી ધીમી હતી. આપણે તો એનાથી ઘણા વધારે ઝડપથી આગળ વધીએ છીએ. ”

પણ ખાનના માથે બહુ મોટી જવાબદારી હતી. આખી સેનાની સુખાકારી માટે તે જવાબદાર હતો. તેણે ઘોડેસવારોની એક ટુકડીને છેક પર્વતની લગોલગ જઈ અંદાજ લગાવવા મોકલ્યા. દસ જ દીવસમાં એ ટુકડી સારા સમાચાર લઈ પાછી આવી ગઈ. એમના અંદાજ પ્રમાણે – ';બીજા વીસ દીવસ બાદ સેના ત્યાં પહોંચી શકશે. ત્યાં પર્વત પર બકરીઓ અને બીજાં જનાવરો પણ છે અને પાણી પણ સારા પ્રમાણમાં છે.'

આ શુભ સમાચાર જાણી સેનામાં હરખની લાગણી પુનઃ સ્થાપીત થઈ. બધાને હવે એ નવા પ્રદેશમાં પહોંચી જવાની તાલાવેલી થવા માંડી.

અને છેવટે લશ્કર પર્વતની સાવ લગોલગ આવી પહોંચ્યું. હવે થોડેક જ આગળ ચઢાણ શરૂ થતું હતું. લશ્કરના તંબુઓ ખોડાઈ ગયા. દલદલમાંનો આ છેલ્લો પડાવ હતો. જે રસ્તો પસાર કરતાં ભુલાને પાંચ મહીના લાગ્યા હતા તે માત્ર દોઢેક મહીનામાં જ સેનાએ કાપી નાંખ્યો હતો. ઘોડા અને તીરકામઠાં આ સીધ્ધી માટે ખરા કામમાં આવ્યાં હતાં.

ભુલા અને બીજા સાથીઓ સાથે, ખાન જાતે આગળની યાત્રાની જાતતપાસ કરવા નીકળી પડ્યો. પણ બે જ કલાકમાં પર્વત પરનો ઢોળાવ અત્યંત કપરો બની ગયો. સીધું ચઢાણ અને સાવ નાની ચઢવાની જગ્યા. ઘોડા આગળ ચઢી શકે તેમ ન હતું. એકલદોકલ જણને માટે પણ આ કામ દુષ્કર હતું. ભુલો આવ્યો ત્યારે તો તે માંડ માંડ નીચે ઉતર્યો હતો. પણ હવે તો ભયાનક ઉંચાઈ વાળા પર્વતની ટોચ સર કરી, તેનીયે પાર જવાનું હતું. અને તે પણ ઘોડાઓ અને બધા સાજ સરંજામ સાથે. જે રસ્તે ભુલો નીચે તળેટીમાં આવી પહોંચ્યો હતો તે રસ્તે તો આ કામ અશક્ય જ હતું.

ખાન વીચારમાં પડી ગયો. 'શું આખું અભીયાન મોકુફ રાખવું પડશે? પર્વતની લગોલગ પહોંચીને, છેવટે કુદરત આગળ હાર સ્વીકારવી પડશે?' ખાને બધા સરદારોને મસલત માટે ભેગા કર્યા અને પોતાની મનોવ્યથા તેમની આગળ ઠાલવી. સૌ આ નવી અને મુશ્કેલ પરીસ્થીતીમાં શું કરવું તેના મનોમંથનમાં ગરકાવ થઈ ગયા. ત્યાં જ જગ્ગાના મગજમાં ઝબકારો થયો

જગ્ગો ," ખાન બહાદુર! મને એક રસ્તો સુઝે છે. આપણે છાવણીનો પડાવ અહીં રાખીએ તો કશો વાંધો નથી. કોઈ તકલીફ વગર અહીં ખાવા પીવાની સગવડ થઈ જશે. પણ ત્રણ ચાર ઘોડેસવારની બે ટુકડીઓ પર્વતની સમાંતરે, બે વીરુધ્ધ દીશામાં તપાસ કરવા જાય. આપણે ક્યાંક આ પર્વતોની અભેદ્ય દીવાલ તુટતી હોય; તેની તપાસ કરીએ. આપણું નસીબ હશે, તો ક્યાંક ઘોડાઓ પસાર થઈ શકે તેવો રસ્તો મળી પણ આવે."

ખાનને આ વાતમાં તથ્ય જણાયું . બધા સરદારો પણ આ નવી આશાથી ઉત્સાહમાં આવી ગયા. અને બીજા દીવસે એક ટુકડી જગ્ગાની અને બીજી ટુકડી ભુલાની સરદારી નીચે રવાના થાય એમ નક્કી થયું. લાંબા સમયના આ નીષ્ક્રીય પડાવ માટે મને કમને સૌ તૈયાર થઈ ગયા.

બીજા દીવસની સવાર પડી અને ચાર ચાર ઘોડેસવારોની બે ટુકડીઓ સામસામી દીશામાં જવા રવાના થઈ. ખાન અને બીજા સરદારોએ તેમને સફળ થવા માટે શુભેચ્છા આપી. આખી સેનાએ જયજયકારના નાદથી આ નવા અભીયાનને વધાવી લીધું. ઢોલીઓએ જોર જોરથી સૌના ઉત્સાહને દ્વીગુણીત કર્યો.

અને આ જ ક્ષણે, દુર દુર, પર્વતની ટોચ ઉપરથી છ આંખો આ બધો તાયફો નીહાળી રહી હતી.

**અનુક્રમણીકા**

પહેલો ગોવાળીયો

# પ્રકરણ – 32 : જોગમાયાની ગુફામાં

દર વરસની જેમ જોગમાયાની ગુફામાં બધા નેસડાના પ્રતીનીધીઓ ભેગા થયા હતા. વરસે એક વખત આમ ભેગા થવાનો રીવાજ હજુ પળાઈ રહ્યો હતો. જોગમાયાની આરાધના શરુ થવાની તૈયારીઓ ચાલતી હતી. નદી પાર કર્યા પહેલાં આવા વખતે જે રોનક રહેતી; તેમાં ઘણા ફેરફારો થયા હતા. પૈડાંની શોધ પછી શોધાયેલા ચાકડાના પ્રતાપે બનતાં માટીનાં વાસણો; અવનવા રંગ અને કુમાશવાળા ચામડાંના વસ્ત્રો; નદી કીનારેથી મળી આવતાં રુપાળા શંખલાંઓની માળાઓ; દુર દુરની મોટી નદીના કાંઠે ઉગતાં કેળ અને અશોકનાં વૃક્ષોનાં પાંદડાઓના શણગાર; માતાજીને ચડાવેલા રંગબેરંગી અને વીવીધ જાતનાં ફુલો... આ બધાંથી માતાજીની ગુફા ઘણી વધારે સુશોભીત લાગતી હતી.

પણ અડધો અડધ નેસડાના પ્રતીનીધીઓ હાજર ન હતા. ગોવાને આ અસુયા અને આવા સમ્મેલનમાં ઘટતો જતો રસ પસંદ ન હતાં. દુર વસતા જાતીભાઈઓની વધતી જતી સમૃધ્ધી આ માટે જવાબદાર હતી. કદાચ ગોવાની સૌથી વધારે સમૃધ્ધી માટેની ઈર્ષ્યા પણ આ માટે જવાબદાર હતી. ઝગમગાટ અને શણગાર વધ્યાં હોવા છતાં, ઘટતી જતી આત્મીયતા ઉડીને આંખે વળગે તેવી હતી. જે વડીલ માતાજીની પુજામાં અગ્રસ્થાન ધારણ કરતા હતા, તે તો માતાજી પાસે પહોંચી ગયા હતા. બીજા વડીલનો ધાક એમના જેટલો ન હતો. વધેલી સમૃધ્ધી પણ કદાચ વડીલોના ઘટતા જતા પ્રભાવ માટે  જવાબદાર હતી.

માતાજીની આરાધના શરુ થવાની તૈયારી હતી, એટલામાં ત્રણ જુવાનીયાઓ ગોવાની નજીક આવ્યા. એમાંના એકે ગોવાના કાનમાં કશુંક કહ્યું. રાબેતા મુજબની આરત શરુ થઈ અને રંગે ચંગે પતી પણ ગઈ. પ્રસાદ વહેંચાય તે પહેલાં આગળ ઉભેલા ગોવાએ કહ્યું ,"આપણા ત્રણ યુવાન મીત્રો પર્વતની ઓલી કોરની સહેલગાહે ગયા હતા. એમણે ઓતરાદી ખીણમાં કાંઈક અવનવું ભાળ્યું હતું. એમના મોંએથીજ આપણે એ વાત સાંભળીએ."

એમાંના એક જણે કહ્યું," અમે આગોતરી તૈયારી કરનારાઓ તરીકે વહેલા આવી ગયા હતા. સફાઈનું કામ પતી ગયું; એટલે, દર વખતની જેમ અમે એ બાજુ સહેલ કરવા ગયા હતા. પણ એ ભેંકાર ખીણમાં અમે એક અવનવું કૌતુક ભાળ્યું. કાળા ચામડાના અસંખ્ય તંબુઓ બાંધેલા હતા અને કોઈક અજાણી વસ્તીનો અણસાર આવતો હતો. ખાસી હીલચાલ પણ જણાતી હતી. અત્યાર સુધી કદી આવું નવતર અમે ભાળ્યું નથી."

કાળુ ," ગમે તે હોય. આ પર્વત પર એ થોડા જ ચઢી શકવાના હતા?" બધાને ખબર હતી કે, પર્વતની એ કોર સીધી સટ હતી અને એ ઓતરાદી ખીણમાં ઉતરી શકાય તેવો કોઈ રસ્તો ન હતો.

પણ ગોવાના મનમાં આ વાતને આમ ઉવેખી નાંખવી યોગ્ય લાગતું ન હતું. તેણે વીહાને પુછ્યું ," વીહા! તારું મન આ બાબત શું કહે છે? તારાઓને  પુછી જો, એ કાંઈ અણસાર આપે છે? "

વીહો ," મને તો કે'દીના અમંગળ અણસાર થયા જ કરે છે ને?"

ગોવો ," જો આ નવી વસ્તી આપણા માટે તકલીફ ઉભી કરે તો?"

પાંચો ," ગોવા! તું નાહકની ફીકર ન કર. એમ થશે તો આપણે બધાએ ભેગા મળીને એમનો મુકાબલો કરવાનો."

પણ ગોવા અને વીહા વગર કોઈને આ વાતમાં કાંઈ માલ ન લાગ્યો; કે રસ પણ ન પડ્યો. બધા એમની રંગતમાં ખોવાઈ ગયેલા હતા. સમય થયે સૌ પોતપોતાના નેસમાં જવા રવાના થયા. પણ ગોવા અને વીહાએ બીજા દીવસે વહેલી સવારમાં, પર્વતની એ કીનાર તરફ .નજર નાંખી દેવાનું નક્કી કર્યું. .એ બન્ને તે રાતે જોગમાયાની ગુફામાં રોકાયા.

બીજા દીવસે સવારે વહેલા, જાત તપાસ માટે ઓતરાદી ખીણ તરફની પર્વતની એ ધાર તરફ બન્ને વળ્યા. ચારેક કલાકે એ ત્યાં આવી પહોંચ્યા. નીચે ખીણ બહુ ઉંડી હતી . એની કોરથી નજર નાંખી શકાય એટલે દુર ક્ષીતીજમાં સુકું, સપાટ મેદાન હતું. પણ પર્વતની લગોલગ સાવ નાના દેખાતા, કાળા અનેક તંબુઓનો સમુહ દૃષ્ટીગોચર થતો હતો. બહુ જ ઝડપથી કોઈક આકારો આમથી તેમ દોડી રહ્યા હતા. એમને દેખીતી રીતે જાનવરોની જેમ ચાર પગ હતા. પણ આશ્ચર્યજનક રીતે એમને બે માથાં હોય તેમ જણાતું હતું. ઘણે દુર નીચે હોવાના . કારણે એમના આકાર સ્પષ્ટ રીતે કળી શકાય તેમ ન હતું. પણ આવા નવતર જીવ એમણે કદી ભાળ્યા ન હતા.

વીહો ," ગોવા! કાળુ અને પાંચાની વાત . મને તો સાચી લાગે છે. આ નવતર વસ્તી પર્વતની ઉપર કોઈ સંજોગોમાં ચઢી ન જ શકે. તું તારે બેફીકર રહે."

વીહા જેવા ડાહ્યા જણની આ હૈયાધારણ મળ્યે, ગોવાને ટાઢક થઈ. બન્ને નીશ્ચીંત બનીને ઘર તરફ જવા ઉપડ્યા.

પણ નીચે તળેટીમાં જે યોજનાઓ ઘડાઈ રહી હતી; તેનો તો ગોવાને સ્વપ્ને પણ ક્યાં ખ્યાલ હતો?

**અનુક્રમણીકા**

# પ્રકરણ – ૩૩ : ઘાટની શોધ

જગ્ગાએ ઉંચાણ તરફ જતો રસ્તો પસંદ કર્યો હતો. જગ્ગાનું એમ માનવું હતું કે પર્વતની ટોચ પાસેથી સામે પાર ઉતરવાનો કોઈ રસ્તો મળી આવશે. ભુલો એનાથી વીરુધ્ધ દીશામાં નીકળ્યો હતો. એને એમ લાગતું હતું કે એમ જતાં નદીકીનારાની લગોલગ કદાચ પહોંચી જવાય.

જેમ જેમ જગ્ગાની ટોળી આગળ વધતી ગઈ, તેમ તેમ પર્વતમાળા તો વધારે ને વધારે ઉંચી થતી ગઈ. ત્રણ દીવસ આમ નીષ્ફળ પ્રયત્ન કરી, હતાશ થઈ જગ્ગો પડાવ તરફ પાછો વળ્યો.

આની સરખામણીમાં ભુલાનું નસીબ વધારે જોર કરી ગયું. પડાવેથી નીકળ્યાના બીજા જ દીવસે પર્વતમાળા થોડીક નીચે ઉતરતી જણાઈ. અને થોડે દુરથી બીજો પર્વત શરુ થતો જણાયો. ભુલાને આશા બંધાઈ કે, એ બેની વચ્ચે કોઈ રસ્તો હોવો જોઈએ. જેમ જેમ તેની ટુકડી આગળ વધતી ગઈ તેમ તેમ આ ઢોળાવ નીચે આવતો ગયો.

હવે ભુલાએ પોતાના સાથીઓને પર્વત તરફ દોર્યા. ખાસ ચઢાણ ન હતું; પણ ગીચ જંગલ શરુ થઈ ગયું. ઝાડી ઝાંખરાં અને ઝાડ કાપતાં કાપતાં એ લોકો આગળ વધ્યા. હવે બન્ને બાજુએ પહાડ દેખાતા હતા અને વચ્ચે ગીચ જંગલમાંથી આગળ વધવાનું હતું. ઘોડાઓ સાથે આગળ વધવું મુશ્કેલ હતું. આથી એક સાથીને ઘોડાઓના રક્ષણ માટે મુકી; બાકીના સૌ પગપાળા આગળ વધ્યા. હવે ઝાડ કાપવાના ન રહ્યા; અને આગળ વધવાની ઝડપ વધતી ગઈ. રાત પડતાં તાપણું કરી ત્રણે જણે પડાવ નાંખ્યો. બધા આખા દીવસનો થાક ઉતારતા આડા પડ્યા.

ત્યાં જ ભુલાના એક સાથીને કાંઈક શંકા પડી. તેને દુર કાંઈક ચળકતું દેખાયું. હજુ તો તે ભુલા અને બીજા સાથીઓને સાવધ કરવા જતો હતો; એટલામાં જ એક વાઘ અને બે વાઘણ તેમની ઉપર તુટી પડ્યા. સદભાગ્યે બધા જાગતા જ પડ્યા હતા.

ભુલાએ બુમ પાડી , “અરે! આગવાળું એકેક લાકડું ઝાલી લો.” ઝપાટાભેર સૌએ આ સુચનાનો અમલ કર્યો. ભયની ભયાનક ચીંધાડ સાથે વાઘસેના પાછી પડી, ભાગી ગઈ. ભય તાત્કાલીક તો દુર થયો; પણ બધાંની ઉંઘ વેરણ બની ગઈ હતી. આ જંગલમાં વાઘોની વચ્ચે આખી રાત શેં પસાર થશે?

એક સાથીએ રસ્તો સુચવ્યો ,” આપણે ચાર બાજુએ તાપણાં કરી દઈએ. અને એક એક જણ વારાફરતી ચોકી કરતો રહે.” આમ ભયના ઓથાર વચ્ચે બેળે બેળે રાત તો નીકળી ગઈ.

મળસ્કું થવાની તૈયારી હતી, અને ભુલાની આંખ ખુલી ગઈ. તેને જુની એક યાદ તાજી થઈ ગઈ. એના કોતરમાંથી બે ચાર મીત્રો સાથે એ નદીથી દુર જંગલ તરફ શીકારની શોધમાં ગયો હતો. પણ થોડે આગળ જતાં આમ જ વાઘ સાથે મુઠભેડ



પહેલો ગોવાળીયો

થઈ હતી. એક સાથીને ઉપાડીને વાઘ જંગલમાં ભાગી ગયો હતો. ત્યારથી એના કોતરના લોકો એ દીશામાં શીકારે જવાનું ટાળતા હતા.

ભુલાને મનમાં વીચાર આવ્યો. " જો નસીબ જોર કરતું હોય તો આમને આમ આગળ વધતા રહીએ તો, કદાચ નદી કીનારો આવી જાય."

સવાર પડ્યું. બીજા એક સાથીએ કહ્યું ," હું તો પાછો જતો રહું છું. આગળ તો વધારે વાઘ સામા આવશે. આમ આવા ઘનઘોર જંગલ્કમાં આગળ વધવાનું ખોટું સાહસ આપણે ન કરવું જોઈએ. " બીજાએ પણ એમાં ટાપશી પુરાવી.

બન્નેએ પાછા ફરવા જીદ પકડી. તેમને ડર હતો કે આગળ જતાં વધારે સંખ્યામાં વાઘોનો મુકાબલો કરવો પડે તો? ભુલાએ તેમની વીરતાને પડકારી અને ખાલી હાથે પાછા જવામાં ખાનના રોષનો ભોગ થવાની ચેતવણી પણ આપી. બેળે બેળે ભુલો તેમને બે દીવસ ધીરજ ધરવા અને પોતાની સાથે રહેવા સમજાવી શક્યો.

છેવટે ત્રણે જણે આગળ યાત્રા શરૂ કરી. ચઢવાનો ઢોળાવ તો ખાસ ન હતો, પણ જંગલ વધારે ને વધારે ગાઢ થતું જતું હતું. બન્ને બાજુ અત્યંત ઉંચે સુધી પર્વતની દીવાલ તેમને ઘેરીને ઉભી હતી. ભુલાએ બહુ મુશ્કેલીથી સાથીઓને સમજાવ્યું કે, બધી સેના ભેગી મળીને આ જંગલનો જરુરી ભાગ કાપી કોતરી નાંખે તો; બે પર્વત વચ્ચેનો રસ્તો બની જાય. પણ હાલ તો બધાએ ગીચ ઝાડી વચ્ચેથી ટાંચા સાધનો વડે જ માર્ગ કરવાનો હતો. ઝાડી અને ઝાંખરાને કાપતાં કાપતાં ટુકડી દક્ષીણ તરફ આગળ વધી.

જોકે, આ માર્ગ સાવ સીધો ન હતો. રસ્તો ક્યાંક થોડોક ઉપર અને ક્યાંક થોડોક નીચે અને વાંકો ચુંકો જતો હતો. ચારેક વળાંક પસાર કરીને પાંચમા દીવસે, આગળ ચાલતાં, એક જણને દુર નીચે, કાંઈક લાંબું અને ચળકતું નજરે ચઢ્યું. તેણે એની તરફ ભુલાનું ધ્યાન દોર્યું. ભુલાની અનુભવી આંખ જેના કીનારે પોતાનાં કોતર આવેલાં હતાં, તે નદીને તરત પારખી ગઈ. તેના મોંમાંથી હરખની રાડ નીકળી ગઈ - " આ તો અમારી જ નદી ! "

જોકે હજુ નદી તો સાવ પાતળી લીટી જેવી જ દેખાતી હતી. પણ આ નવી શોધથી નવા પ્રગટેલા ઉત્સાહમાં બધા નાચી ઉઠ્યા . હવે પાછું ફરવાનું કોઈ નામ લે તેમ ન હતું. બીજા બે દીવસ, અને રસ્તો દેખીતી રીતે નીચે તરફ ફંટાવા લાગ્યો. ત્રીજા દીવસે તો ત્રણે જણ નદીના કીનારે આવીને ઉભા રહી ગયા.

બે પર્વત વચ્ચેનો ઘાટ એમને મળી ગયો હતો. બધા ઝાડી, ઝાંખરાં અને નડતાં ઝાડ કાપવામાં આવે તો ઘોડા પર આખો ઘાટ બે જ દીવસમાં વટાવી દેવાય; એવો અંદાજ નીકળ્યો. નદીમાં મન મુકીને બધા ન્હાયા; અને સફરનો થાક ઉતારી, હળવા ફુલ જેવા બની ગયા. હવે વળતી મુસાફરી શરુ થઈ. રસ્તામાં ઠેર ઠેર તરત મળી જાય તેવા સગડ મુકતાં મુકતાં, સૌ આવ્યા હતા એ જ રસ્તે પાછા વળ્યા. જ્યાં ઘોડા બાંધ્યા હતા, ત્યાંથી ચોથા સાથીને લઈને બધા લશ્કરની છાવણી તરફ પાછા વળ્યા.

પહેલો ગોવાળીયો

પડાવે પહોંચીને ભુલાએ ખાનને આ શુભ સમાચાર આપ્યા. ખાન તો ભુલાને ભેટી જ પડ્યો. મલ્લકુસ્તી પછી ભુલાની આ બીજો અગત્યની સીદ્ધી હતી.. આ શોધ આવનાર વર્ષોમાં એક ક્રાંતીકારી અન્વેષણ પુરવાર થવાની હતી. ભાવીના ગર્ભમાં લપાઈને પડેલા, બે સાવ વીપરીત સંસ્કૃતીઓનાં મુઠભેડ, સંઘર્ષ અને એકીકરણની પ્રક્રીયાનો પ્રસવ હવે હાથવેંતમાં હતો.

અનુક્રમણીકા

પહેલો ગોવાળીયો

## *પ્રકરણ – 34 : વ્યુહ રચના*

ખાનના તંબુમાં બધા સરદારો ભેગા થયા હતા.

ખાન :" મીત્રો! તમને બધાને ભુલાએ કરેલી બહુ જ અગત્યની શોધ વીશે ખબર છે. આ શોધ વગર આપણે આખી સેના આ દુર્ગમ પર્વતને પાર ન જ કરી શકત. હું આપણા બધા વતી ભુલાને આ માટે મારા અંતરથી મુબારકબાદી આપું છું. હવે અહીં હાજર રહેલ સૌને આગળ આપણે શું કરવું તે માટે સુચન આપવા હું આમંત્રણ આપું છું."

બધાએ પોતપોતાના વીચાર રજુ કર્યા. વીષદ અને સર્વગ્રાહી ચર્ચા વીચારણા બાદ, બધા એ વાત પર સંમત થયા કે, ભલે વાર થાય; પણ નવા પ્રદેશમાં પુરી તાકાત સાથે અને પુરી તૈયારી બાદ જ ચઢાઈ કરવી જોઈએ. વળી એ પ્રદેશના લોકોને આવનાર આપત્તીનો આગોતરો ખ્યાલ આવી ન જાય એ માટેની તકેદારી પણ રાખવી જોઈએ.

બહુ જ વીચારવીમર્શ બાદ ખાને નીર્ણય લીધો કે,

" ભુલા અને જગ્ગાની સાથે ખાસ ચુંટી કાઢેલા, સૌથી બહાદુર, વીસ સૈનીકોની એક ટુકડી પર્વત પર સીધું ચઢાણ કરી, જગદંબાના મંદીર સુધી પહોંચી જશે અને ગુપ્તતા સાથે, નદીની બીજી તરફ શું ચાલી રહ્યું છે; તેની તપાસ કરતી રહેશે. હું બીજા સરદારો, ઘાટના નવા રસ્તામાંથી ઝાડ, અને ઝાડી ઝાંખરાં દુર કરી તેને ત્રણ ત્રણ ઘોડેસ્વાર એક સાથે મુસાફરી કરી શકે તેટલો પહોળો બનાવવાના કામ પર યુદ્ધના ધોરણે કાર્યવાહી શરુ કરીશું. રસ્તાની લંબાઈ જોતાં, ભુલાના અંદાજ પ્રમાણે, આ કામ એક મહીનામાં પુરું થવું જોઈએ. આથી આવતી પુનમ પર આખી સેના નદીકીનારે પહોંચી જશે; તેમ મને લાગે છે. અને ત્યાર બાદ આક્રમણ! "

આખી કામગીરી ચાંદો ફરી આખો બને ત્યાં સુધીમાં પુરી થઈ જશે; તેવો અંદાજ પણ કાઢવામાં આવ્યો. આ નીર્ણયની જાણ થતાં, લાંબી સફરથી અને કશી કામગીરી વીના, રાહ જોઈને કંટાળેલી સેનામાં નવો ઉત્સાહ ફરી વળ્યો.

ઝાડ કાપી રસ્તો કરવાના કઠણ કામ માટે બહુ જ પથ્થરોની જરુર હતી. આથી એક ટુકડી પર્વત પરથી આ માટે જરુરી પથ્થરો ભેગા કરી, કુહાડીઓ બનાવવાના કામમાં લાગી ગઈ. આ બહુ જ મુશ્કેલ કામ હતું કારણકે, ઝાડ કાપી શકે તેવા ધારદાર પથ્થરો તૈયાર કરવા; એ બહુ જ ધીરજનું કામ હતું. વળી ઝાડ કાપવાની શરુઆત કર્યા બાદ, એક કુહાડી બહુ થોડાક જ સમય માટે ધારદાર રહી શકે તેમ હતી. આથી કામ શરુ કરવાની સાથે સતત નવી કુહાડીઓ બનાવતા રહેવાનું હતું. આ કામના અનુભવી સૈનીકોને આ ટુકડીમાં જોતરવામાં આવ્યા.

આખા પડાવ માટે રોજના ખોરાક અને પાણીની વ્યવસ્થા કરવાનું કામ પણ બહુ જ મોટું હતું. વળી ઘાટના આ રસ્તા પર ઘણી મોટી સંખ્યામાં વાઘનો સામનો પણ કરવાનો હતો. આથી કાબેલ શીકારીઓની એક ટુકડીને આ જ કામ સોંપવામાં આવ્યું. જો કે, અત્યાર સુધી રણપ્રદેશમાં પડેલી આપદાઓ દુર થઈ ગઈ હતી. પર્વત ઉપર ઝરા અને

વનસ્પતીના કારણે પુરતા પ્રમાણમાં ફળો, શીકાર અને પાણી મળતાં હતાં. વનસ્પતીઓના જાણકાર બે વૈદરાજો અને પ્રમાણમાં કમજોર પણ સેવાવૃતીવાળા બે મદદનીશો ઘવાયેલા કે માંદા પડેલા સૈનીકોની સુશ્રુષામાં સતત જોડાયેલા રહેતા હતા. જંગલમાંથી ઓસડીયાં અને વેલાઓના પાટા તેમની પાસે હમ્મેશ હાજર રહેતા હતા.

એક નાની ટુકડી ઘાટના રસ્તે આગળ અને આગળ વધી, જરુરી માહીતી એકઠી કરવા માટે રોકવામાં આવી. કયાં કયાં ઝાડ પાડવા તેનો નીર્ણય લેવો અને આવી પડનાર જોખમોનો અંદાજ કાઢવો; એ આ ટુકડીનાં કામ હતાં. ઓછામાં ઓછી મહેનતે વધુ લાંબો રસ્તો રોજ તૈયાર થાય તે આ સર્વેક્ષણ પર આધારીત હતું.

એમ પણ નક્કી થયું કે દર આંતરે દહાડે ભુલા અને જગ્ગાની ટુકડીના બે પગપાળા સૈનીકો, આવજા કરી; ખાનને સતત માહીતી આપતા રહેશે; અને ખાનની સુચનાઓ તેમને પહોંચાડતા રહેશે. ખાનની દુરંદેશી અને વહીવટી કાર્યદક્ષતાના પ્રતાપે, આ આખીયે વ્યવસ્થા ઉભી થઈ શકી હતી.

આગંતુક ચઢાઈનું કામ હવે તડામાર ચાલુ થઈ ગયું હતું. આ અગાઉ, નવા પ્રદેશો પર આધીપત્ય જમાવવાના, તેના પીતાના પરાક્રમોમાં જોડાઈને ખાનની શક્તીઓ કીશોર વયથી જ ઘડાઈ હતી. પણ અત્યાર સુધીમાં હાથમાં લેવાયેલ સાહસો કરતાં, આ અભીયાન ઘણું વધારે મહત્વાકાંક્ષી અને વીકટ હતું. બાહોશ રાજકર્તા તરીકે ખાનને માટે આ બહુ જ ઉત્તેજક અને અત્યંત ધીરજ માંગી લે તેવો પડકાર હતો. આખીય સેના નવા પ્રદેશમાં આ નવતર સાહસ માટે તલપાપડ બનીને ઝઝુમી રહી હતી.

અનુક્રમણીકા

પહેલો ગોવાળીયો

## પ્રકરણ – 35 : જગદંબાની ગુફામાં મંત્રણા

ભુલો અને જગ્ગો જગદંબાના ચીત્રની સામે ઉભા હતા. તેમની સાથે તેમના બધા સાથીદારો પણ હતા. મંદીર કચરાથી ભરેલું હતું. દેખીતી રીતે તેની સારસંભાળ બરાબર રખાતી ન હતી.

ભુલો ચીત્રવીચીત્ર મનોભાવોમાં ખોવાઈ ગયો. આ એ જ જગ્યા હતી; કે જ્યાં બાળપણથી યુવાનીના અનેક દીવસો ગુજર્યા હતા. એના ચીત્તમાં અનેક યાદો ઉભરાઈ આવી. અહીં એના સંસ્કારોનું ઘડતર થયું હતું. અહીં એણે અનેક પુજાઓ થતી જોઈ હતી. અહીં જ એણે માના ખોળામાં બેસી જગદંબાના મુખારવીંદ સામે અહોભાવ અને ભયના મીશ્ર ભાવોથી, બાળસુલભ કલ્પનાઓ કરી હતી. અહીં જ તે કીશોરાવસ્થાના સાથીઓ સાથે શીકારની રમતો રમ્યો હતો. અહીં જ એણે એકલા આવીને રુપલીને પામવાની જગદંબાને અરજ કરી હતી. સ્વદેશ છોડીને ભાગતાં પહેલાં, અહીં જ તેણે કડવા વખ ચીત્તે, વેર વાળવાના કસમ ખાધા હતા.

પોતે કેટલો બધો બદલાઈ ગયો હતો? એક ક્ષણ માટે તેને પોતાના માટે તીરસ્કાર થઈ આવ્યો. ભુલાને ઝેર ખાઈ મરી જવા જેવું લાગ્યું. એના પેટમાં વીણાંચુંટા થવા લાગ્યા.

‘ મેં બાપદાદાનો વીશ્વાસઘાત કર્યો છે. હું ખુટલ છું, ભાગેડુ અને નામર્દ. મારાં સ્વજનોનો મેં દ્રોહ કર્યો છે. હું જીવવાને પણ લાયક નથી. ‘

પણ આ સાથે તેને રુપલી દ્વારા થયેલો માનભંગ, માદરેવતનથી ખાનના પ્રદેશ સુધીની ભયાનક મુસાફરી, હાડપીંજરોના નાચનું દુઃસ્વપ્ન, નવા પ્રદેશમાં પ્રાપ્ત કરેલી સીદ્ધીઓ, ખાનના દરબારમાં સ્વપ્રયત્ને પ્રાપ્ત કરેલું માનભર્યું સ્થાન, જુન્નોની સેવા, રુપરુપના અંબાર જેવી, અનેક સ્ત્રીઓ સાથે માણેલી રંગરેલીઓ, ભવીષ્યમાં નીશંક પ્રાપ્ત થનારા નવા વીજયો... આ બધું પણ તત્ક્ષણ યાદ આવી ગયું. એની આખી જીંદગીનો ચીતાર એની સામે ખડો થઈ ગયો. હવે એ પાછો વળી શકે તેમ ન હતો. નવા અવતારની આ નવી ભુમીકા જ હવે તેણે બજાવવાની હતી.

જગ્ગાએ ભુલાના ખભે હાથ મુક્યો અને બોલ્યો, "કેમ, દોસ્ત! કેમ આટલો બધો ઉદાસ થઈ ગયો? પાછા ફરવા વીચારી રહ્યો છે, કે શું?"

ભુલો,: " ના રે ના ! એવું કશું નથી. આ તો મારી માનું મંદીર. "

પણ જગ્ગો તેના મનોભાવો કળી ન શકે તેટલો અબુધ થોડો જ હતો? તે ભુલાનો ભુતકાળ બરાબર જાણતો હતો. તેણે ભુલાને કહ્યું," હવે તો તને વેર વાળવાની તક મળવાની છે. તારે તો નવી આશામાં નાચવું જોઈએ અને તારા ભગવાનના એ માટે આશીર્વાદ માંગવા જોઈએ. ચાલ આપણે શીકાર લઈ આવીએ અને તારી જગદંબાને ચઢાવીએ."

ભુલો કશું બોલ્યા વીના બધા સાથીઓની સાથે મંદીરની બહાર આવ્યો. ભુલો અને જગ્ગો બહાર એક પથ્થર પર બીરાજ્યા. બીજા સાથીઓ શીકારની શોધમાં આજુબાજુ ઉપડ્યા.

થોડી વારે એ લોકો એક હરણને મારીને લઈ આવ્યા. સાથે એક જણને પણ દોરડા વડે બાંધીને કેદ કરી લાવ્યા હતા. ભુલો તરત બાનાને ઓળખી ગયો. નદીના કોતરોમાં રહેતા એક માત્ર કબીલાનો તે સભ્ય હતો. તેણે પણ ભુલાને ઓળખી કાઢ્યો.

ભયભીત બની ગયેલા અને થરથર કાંપતા બાનાના જીવમાં જીવ આવ્યો તે બોલ્યો: " અરે! ભુલા, તું અહીં ક્યાંથી? અમે તો એમ માનતા હતા કે, તું તો કાળભૈરવને ધામ પહોંચી ગયો છે. આ બધા કોણ છે? એમની પાસેથી મને છોડાવ."

ભુલાએ બાનાને બંધનમુકત કરવા હુકમ કર્યો. ગોરા, ઉંચા, પહોળા અને જમદુત જેવા લાગતા, આ માણસો ભુલાને આટલું બધું માન આપે છે, તે જોઈ બાનો તો ચકીત જ થઈ ગયો. ગોવાની વસાહત માટે એના કબીલાને સખત અણગમો હતો. આ નવા અનુભવે એક નવી નક્કોર શક્યતાને જન્મ આપ્યો હતો. જાતજાતના વીચાર એના મનમાં પાંગરવા અને ઉભરાવા લાગ્યા. જગદંબાના ભુલા પર ચાર હાથ હતા એમ બાનાને લાગ્યું. તેને ભુલો ગોવા કરતાં પણ મહાન ભાસવા લાગ્યો.

ભુલો અને બાનો વાતે વળગ્યા. થોડીક જ વારમાં ભુલાને નદી પારની વસાહતોની, એમણે સાધેલી અભુતપુર્વ પ્રગતીની, હાથીઓના પ્રદેશની.... એમ ઘણી બધી બાતમી પ્રાપ્ત થઈ ગઈ. ભુલાએ બાનાને રક્ષણની બાંહેધરી આપી. ભુલા પસેથી, ખાનના અપ્રતીમ સામર્થ્યની માહીતી મેળવી બાનાની આંખો ચાર થઈ ગઈ. જો બાનો અને તેનો કબીલો ખાનને મદદ કરશે, તો ખાન પાસે તેને મોટું ઈનામ અને પદ અપાવશે; તેવું વચન ભુલાએ આપ્યું.

ભુલાએ જગ્ગાને બાનાનો પરીચય કરાવ્યો, બાનાના કબીલાનો સહકાર મળવાની શક્યતા જાણી, જગ્ગો તો ભુલાની હોંશીયારી અને વીચક્ષણતા પર આફરીન થઈ ગયો. બે તીરંદાજ સૈનીકો સાથે બાનાને તેના કબીલા તરફ જગ્ગાએ વીદાય આપી.

થોડીવારે બાનો કબીલાના બે મુખીયા સાથે પાછો ફર્યો. જગદંબાની સાક્ષીએ જગ્ગો, કબીલાના વડીલો, અને દુભાષીયા તરીકે ભુલાની વચ્ચે લાંબી મંત્રણાઓ ચાલી. એકમેકને સહકાર આપવાના કોલ દેવાયા. માતાની હાજરીમાં દેશદ્રોહના કરાર નક્કી કરાયા. આખી વાત એકદમ ગુપ્ત રાખવાના વડીલોએ સોગન ખાધા.

લોહીનું એક પણ ટીપું પાડ્યા વગર, ખાનની વીજયયાત્રાનું પહેલું ચરણ સફળ બન્યું હતું. બીજા દીવસની સવારે, એક સૈનીક આ શુભ સમાચાર ખાનને પહોંચાડવા, ઓતરાદી દીશામાં નીકળી ચુક્યો હતો.

**અનુક્રમણીકા**

પહેલો ગોવાળીયો

## પ્રકરણ – 36 : અતીતનાં એંધાણ

સ્વપ્ન અને જાગૃત અવસ્થાની વચ્ચે ઝોલાં ખાતા ગોવાને એની ઝુંપડીની બહાર કોઈ દર્દથી કણસતું હોય તેવો ભાસ થયો. ભળભાંખળું થવામાં હતું. એનો ઉઠવાનો સમય પણ થઈ ચુક્યો હતો. ગોવો આંખો ચોળતો બહાર આવ્યો.

આછા ઉજાસમાં તેને જમીન પર કોઈ પડેલું હોય તેમ લાગ્યું. તે તેની નજીક ગયો અને તે માનવ આકૃતીને ઢંઢોળી. ભીનાં ભદ ચામડાંથી લદબદ કોઈ સ્ત્રી કણસી રહી હતી. તેને હાથ અડાડતાં તે ઠંડોગાર લાગ્યો. ગોવો ઝુંપડીમાં ગયો અને રુપલીને ઉઠાડી. બન્નેએ ઉંચકીને તે સ્ત્રીને અંદર આણી. રુપલીએ અગ્ની પેટાવ્યો. આગના આછા ઉજાસમાં બન્નેએ તેને ઓળખી કાઢી. એ તો નદીપારનાં કોતરોમાં રહેતી, પણ રુપલીના પીયરના કબીલાની મન્નો હતી - બાનાની પત્ની.

રુપલીએ મન્નોને નીર્વસ્ત્ર કરી, તાપણાંની નજીક ખસેડી. થોડીક વારે આગની ગરમીથી મન્નોના દેહમાં ગરમાવો પથરાવા લાગ્યો. તેનું કણસવાનું બંધ થયું. અને તે ઉંઘમાં પડી ગઈ. તેને ચામડું ઓઢાડી રુપલી નીત્યકર્મમાં પલોટાઈ. સુરજ માથે થવામાં આવ્યો ત્યારે મન્નોએ આંખ ખોલી. ઝુંપડીના આંગણમાં કાનો એના મીત્રો સાથે રમતો હતો. મન્નોએ એને બુમ પાડી બોલાવ્યો, અને કહ્યું," કાના! જા તારી મા કે બાપાને બોલાવી લાવ."

કાનાએ ગમાણમાં જઈ રુપલીને આ સમાચાર આપ્યા. રુપલી બધું કામ પડતું મુકી દોડતી આવી પુગી. મન્નોને ગરમાગરમ શેઢકડું દુધ પીવડાવ્યું. હવે તેને શરીરે બરાબર ઠીક છે, એની ખાતરી થતાં રુપલી બોલી," કેમ મન્નો! આટલી રાતે નદી તરીને કેમ આવી? ત્યાં બધું બરાબર તો છે ને? કેમ તારે બાના હારે કાંઈ બોલચાલ થઈ છે

ભયભીત અને રડમસ ચહેરે મન્નોએ કહ્યું," રુપલીબેન, ગોવાભાઈને બોલાવી લાવો. મારે તમારી બન્નેની સાથે બહુ અગત્યની વાત કરવાની છે."

રુપલીએ કાનાને હાકોટો મારી, ગોવાને અબઘડી બોલાવી લાવવા કહ્યું. થોડીક વારે ગોવો હડી કાઢીને આવી પહોંચ્યો. તેને પણ મન્નોના આમ આકસ્મીક આવવાનું રહસ્ય જાણવાની બહુ ઉત્કંઠા હતી.

ગોવો આવી જતાં મન્નો હીબકાં ભરતાં બોલી," ગોવા ભાઈ અને રુપલીબેન! એ લોકો બહુ ભયંકર માણસો છે. એમની પાસે ચામડાની દોરી બાંધેલી, વાંકી, પાતળી સોટી છે અને તેનાથી બીજી સોટી દુર સુધી શીકાર તરફ ફેંકે છે. અને એક જ ઘાએ હરણ ભોંય ભેગું. બહુ ઉંચા અને કદાવર એ લોકો છે. એ તમને બધાંને મારી નાખવાના છે."

ગોવાને આ ઉટપટાંગ વાતમાં કશી ગતાગમ ન પડી. તેણે કહ્યું," બરાબર સમજણ પડે તેવી વાત કર. તું કોની વાત કરે છે? કોણ છે એ લોકો? ક્યાં છે? "

મન્નો રડતાં રડતાં બોલી," સાવ અજાણ્યા એ લોકો છે. કશી સમજણ ન પડે તેવી ભાષા બોલે છે. પર્વતની પેલે પારથી દુરના પ્રદેશમાંથી એ લોકો આવેલા છે. મારા બાનાને ઢોર માર મારી, દોરડા વડે બાંધીને એ લોકો લઈ ગયા હતા. એમની સાથે આપણા મલકમાંથી ગાયબ થઈ ગયેલો ભુલો પણ છે. પણ ભુલાએ એને છોડાવ્યો. ભુલો તો એ બધાનો સરદાર બની ગયો છે. બધા એનું કહ્યું માને છે. ભુલાને એમની ભાષા પણ આવડે છે. અમારા બધા વડીલો અને એ લોકો સાથે જગદંબાના મંદીરમાં વાતો પણ થઈ છે. અમારા વડીલો તો બહુ જ હરખમાં આવી ગયા છે; અને એવી વાતો કરે છે કે, 'હવે ગોવાનું ગુમાન ઓછું થશે. આ બધા એની સાન ઠેકાણે લાવશે.' મને તો આ ઠીક ન લાગ્યું. આમ સાવ અજાણ્યા લોકોનો શેં ભરોસો કરાય? આખી રાત મને આ વાત જાણી ઉંઘ જ ન આવી. આથી મારા વરને ઉંઘતો મેલી હું મધરાત પછી નદીમાં ખાબકી અને બેળે બેળે તમને આ ખબર આપવા આવી છું. હેં ગોવા ભાઈ! આપણી જાતનું હવે શું થશે? " આટલું બોલતામાં તો મન્નો ધ્રુસકે ને ધ્રુસકે રડવા માંડી.

હવે ગોવાના મનમાં ગેડ બેઠી. તેણે પર્વતની ટોચની પેલે પારના દલદલમાં ભેગી થયેલી છાવણી યાદ આવી ગઈ. એ લોકો અભેદ્ય પર્વત પાર કરવામાં સફળ થયા લાગતા હતા. હવે એ અજ્ઞાત ભય સાવ નજીક આવીને ઉભો થઈ ગયો હતો. એ અજાણ્યા લોકો ગોવાની જાતી કરતાં વધારે સશક્ત હોય તેમ જણાતું હતું; અને તેમની પાસે વધારે હીંસક, વધારે શક્તીશાળી શસ્ત્રો પણ હોવાની પુરી શક્યતા હતી. કદાચ એમની સંખ્યા પણ ઘણી વધારે હશે. ખુટલ ભુલાએ એમને વેરની આગમાં ખેંચીને આણ્યા છે, તે વાત નીર્વીવાદ હતી. રુપલીને પણ ભુલા સાથેની એ મુઠભેડ યાદ આવી ગઈ. જો ગોવાએ ભુલાને કાળભૈરવના થાનકે પહોંચતો કરતાં ન રોકી હોત; તો આ કાળોતરો દીવસ ન આવ્યો હોત. પણ હવે આમ વીચાર કરવાનો કોઈ અર્થ ન હતો. આવનાર આપત્તીનો મુકાબલો કર્યા બ્વગર કોઈ આરો ન હતો.

ગોવાએ મન્નોને પુછ્યું," એ લોકો કેટલા છે?"

મન્નોએ પાંચ આંગળીઓ ચાર વખત બતાવી.

ગોવો કહે." લે, તું નકામી ગભરાય છે. હું એક જ હાકોટો કરું અને આપણી બધી વસ્તી ભેગી કરું તો આખો નદી કીનારો ઉભરાઈ જાય એટલી આપણી વસ્તી છે." ( એ જમાનામાં ક્યાં અક્ષરજ્ઞાન કે અંકજ્ઞાન વીકસેલું હતું?)

મન્નો કહે," ના , ગોવા ભાઈ , એમ નથી. એમનો કોઈ ખાન કરીને મોટો માણસ છે. અને એને ભુલો અને તેનો જગ્ગા નામનો બીજો સાથી આગેવાન બહુ માનથી યાદ કરે છે. એ બન્નેએ અમારા વડીલોને એમ કહ્યું છે કે, ખાન તો આપણી જગદંબા કરતાંય વધારે તાકાતવાળો છે. અમારો કબીલો ખાનને મદદ કરે તો, ખાન અમને બહુ મોટું ઈનામ આપશે એમ ભુલાએ કહ્યું છે. કાલે રાતે સુતાં સુતાં બાનાએ આ બધી વાત મને કહી, અને મારી ઉંઘ હરામ થઈ ગઈ."

ગોવાએ મન્નોને સાંત્વના આપી. અંધારી રાતે નદી પાર કરીને, અને પોતાના જાનને જોખમમાં નાખીને આ અગત્યની માહીતી પુરી પાડવા માટે ગોવાએ મન્નોનો પાડ માન્યો. ગોવા અને રુપલીએ મન્નોને હવે પેલે પાર ન જવાની સલાહ આપી અને પોતાની સાથે રોકાઈ જવા કહ્યું.

પહેલો ગોવાળીયો

હવે મન્નોને જીવે ટાઢક થઈ. એણે જગદંબાને માથે રાખીને પોતાની જાતી માટે કાંઈક સારું કર્યું છે, તેવી તેને ખાતરી થઈ ગઈ. તે હવે નીશ્ચીંત બનીને રુપલીને કામમાં મદદ કરવા લાગી.

ગોવાએ તેની સાથે રહેતા સાથીઓને તાત્કાલીક બોલાવ્યા. કલાકેક મંત્રણાઓ ચાલી. સાંજ પડે તે પહેલાં તો દસ સંદેશવાહકો બધા કબીલાઓને આ મોંકાણના સમાચાર પહોંચાડવા બધી દીશામાં નીકળી પડ્યા.

એ બધાના ગયા પછી ગોવાએ પાંચાને પુછ્યું ," પાંચા , તું આ બાબતમાં શું સલાહ આપે છે ? "

પાંચો બોલ્યો ," ગોવા, એમની પાસે આપણા કરતાં વધારે શક્તીશાળી સાધનો હોય તેમ લાગે છે. જો ખરેખર તેમ હશે, તો આપણી બધી વસ્તી ભેગી થાય; તો પણ આપણે તેમનો મુકાબલો ન કરી શકીએ."

ગોવો," તો શું કરવું?"

પાંચો , " મને લાગે છે કે, હું એકદમ ચોરીછુપીથી સામે પાર પહોંચી જાઉં, અને એ સાધનો કેવાં છે, તે જાણી લાવું. પછી આપણે પણ એવાં સાધનો બનાવવાની કળા શીખી લઈએ."

ગોવો," તારી વાત તો સાવ સાચી છે. પણ તારે બહુ મોટું જોખમ વેઠવું પડે. અને તને ગુમાવવો પડે, તે આપણી જાતને કદી ન પોસાય."

પાંચો ," ગોવા, તું મારી ફીકર ન કર. મને મારી જાતને સંભાળતાં આવડે છે. પણ આ કામ કર્યા વગર આપણો આરો નથી."

કમને ગોવાએ પાંચાને આ અભીયાન માટે પરવાનગી આપી અને તેને સફળતા મળે, તે માટે જગદંબાને અરજ કરી. અને તે જ રાતે અંધારપીછોડાનો લાભ લઈ પાંચો નદીપાર કરી ગયો. હવે બહુ જ મોટી આપત્તીનાં વાદળ ઘેરાવા માંડ્યા હતાં. બધા સાથે મળે; અને પાંચો સફળતાથી  નવાં શસ્ત્રો બનાવવાની કળા જલદી શીખી લે;  તો જ એ આપત્તીનો મુકાબલો શક્ય બને એમ ગોવાને પ્રતીતી થઈ ગઈ.

એ રાતે રુપલીએ ગોવાને રોજ કરતાં વધુ  વ્હાલ કર્યું. એને એ સમજાઈ ગયું કે, હવે આખી જાતના અસ્તીત્વનો આધાર ગોવા ઉપર છે.

અનુક્રમણીકા



પહેલો ગોવાળીયો

# વીભાગ – 5

# સંઘર્ષ

પહેલો ગોવાળીયો

અનુક્રમણીકા

## *પ્રકરણ – 37 : પહેલો જાસુસ*

નદી ઓળંગીને પાંચો ઓલી પાર પહોંચ્યો; ત્યારે હજુ ઉષારાણી પધાર્યાં ન હતાં. પાંચાએ ઝડપથી એના કદમ બાનો રહેતો હતો તે કોતરો તરફ ભરવા માંડ્યા. અજવાળું થાય અને નીત્યક્રીયાઓ માટે કોતરવાસીઓ નદીકીનારે આવી પહોંચે; તે પહેલાં એણે છુપાવાની વ્યુહાત્મક જગ્યા શોધી કાઢવાની હતી.

બાનાના કોતરોની સામે નદીકીનારે નાનકડું મેદાન હતું. કોતરવાસીઓની બધી સામાજીક પ્રવૃત્તી ત્યાં થતી હતી. એ મેદાનની નજીક આવેલા એક મોટા ઝાડની ઉપર પાંચો ચઢી ગયો. એણે એવી ડાળ પસંદ કરી, જેના ઉપરથી તે મેદાનમાં થતી હીલચાલ પર નજર નાંખી શકે. તેને આ જગ્યાએ આખો દીવસ પસાર કરવાનો હતો. રાતે અગમચેતી વાપરીને તેણે શીકાર અને પીવાનું પાણી પોતાની પાસે રાખ્યાં હતાં,

સુરજ ઉંચો આવતાં સુધી અનેક લોકો નદીએ જઈ , નીત્યકર્મ પતાવી પાછા કોતર ભેગાં થતાં હતાં. પણ શીકારે જવાની કશી પ્રવૃત્તી જણાતી ન હતી. પાંચાને આશ્ચર્ય થયું. ‘જરુર કાંઈક સામાજીક કાર્ય થવાનું લાગે છે.’ અને પાંચાની માન્યતા સાચી પડી. સુરજ ઠીક ઠીક ઉંચે આવતાં મેદાનમાં  કોતરવાસીઓ ભેગા થવા માંડ્યા. સ્ત્રીઓ, પુરુષો, બાળકો – બધાં. સૌ આતુરતાથી કોઈના આવવાની રાહ જોઈ રહ્યાં હતાં.

અને ત્યાં એ લોકો આવી પહોંચ્યા. ઉંચા, પહોળા અને ગૌરવર્ણના એ લોકો હતા. માત્ર એક ભુલો જ એમનાથી અલગ તરી આવતો હતો. પાંચાએ તરત એને ઓળખી નાંખ્યો. ધીક્કારનું એક લખલખું પાંચાના દેહને હચમચાવી ગયું.

‘આ દેશદ્રોહી, આ કરમચંડાળ, આ નપાવટ જણ આખી જાતીને માટે એક મોટો પડકાર લઈ આવ્યો છે. ગોવાએ નદી ઓળંગી, તે પછી થયેલી બધી પ્રગતી રસાતાળ જવાને આરે આવીને ઉભી છે. આ નવી આપત્તી આ નરાધમના કારણે ઉભી થઈ છે.  પણ પાંચાએ પ્રયત્નપુર્વક પોતાનો ક્રોધ અંદર ને અંદર સમાવી લીધો. એને વાચા આપવાનું તેને પોસાય તેમ ન હતું.

હવે નવી ટોળીનો નાયક કશુંક અગડં બગડં બોલવા લાગ્યો. થોડી વારે ભુલાએ બોલવા માંડ્યું. પાંચો એ સાંભળી શકાય એટલો નજીક ન હતો. પણ બધી વસ્તીએ ભુલાની વાતને તાળીઓથી વધાવી લીધી.,

પછી નવા આગંતુક માણસોમાંથી એક આગળ આવ્યો. તેના હાથમાં બધાની જેમ એક વાંકી અને દોરી બાંધેલી સોટી હતી. તેના ખભા પર સીધી સોટીઓનો ભારો હતો. તેણે એક સીધી સોટી લઈ, દોરી સાથે પકડી અને પછી વાંકી સોટીને જોરથી ખેંચીને છોડી દીધી. એ સીધી સોટી સડસડાટ, એક ઝાડ  તરફ  ફંગોળાઈ અને  ઝાડના થડમાં ખુંપી ગઈ, આમ ત્રણ વખત તેણે તીર છોડ્યાં. બધા હેરતભરી નજરે આ નવતર શસ્ત્રને નીહાળી રહ્યાં. પાંચાને એની ઉપયોગીતા અને વેધકતા તરત સમજાઈ ગયાં. પથ્થર અને ભાલા કરતાં આ બેશક વધારે અસરકારક શસ્ત્ર હતું.



પહેલો ગોવાળીયો

પછી તો નવા આગંતુકો બધા કોતરવાસીઓને આ કળા શીખવવા લાગી ગયા. એક જણે સ્ત્રીઓને કામે લગાડી દીધી. આગલા દીવસે લાવેલા સોટીઓ અને પથ્થરોના ઢગલા આગળ ધનુષ અને બાણ બનાવવાની કામગીરી શરુ થઈ ગઈ. સોટીઓના છેડે અણીદાર અને પાતળા પથ્થરો ઝાડના ગુંદર વડે ચીપકાવાતા હતા. થોડીક સોટીઓના બે છેડે આંતરડાની દોરી કસકસાવીને બંધાઈ રહી હતી.

પાંચો ધ્યાનથી આ નવી કળાનો અભ્યાસ કરતો રહ્યો. તેને મનમાં થયું; ‘ બસ ! એક નમુનો મળી જાય; તો કામ પુરું થઈ જાય.” સુરજ માથે આવ્યો. બધાં ભોજનની ધમાલમાં પડ્યા. ફરી આરામ બાદ આની આ જ પ્રવૃત્તી શરુ. પાંચાએ મનમાં ગાંઠ વાળી દીધી.

અને છેવટે રાત પડી. ધનુષ અને બાણનો ઢગલો એમનો એમ રાખી સૌ કોતરો ભેળા થવા માંડ્યા. અને અંધારું થતામાં તો મેદાન ફરીથી નીર્જન બની ગયું. નવા આગંતુકો એમના આશ્રયસ્થાન તરફ વીદાય થયા. હવે કોઈ ચકલું પણ નહીં ફરકે તેની ખાતરી થતાં પાંચો ઝાડ પરથી નીચે ઉતર્યો અને એક ધનુષ અને થોડાં બાણ લઈ અંધકારમાં ગરી ગયો.

સવારમાં ગોવાની ઝુંપડીની બહાર બન્ને મીત્રો આ નવી સંપદાની ચકાસણી અને વાપરવાની કળા આત્મસાત કરવામાં મશગુલ બન્યા; ત્યારે માનવ જગતસ્નો પહેલો જાસુસ પોતાનું કામ સફળતાથી પાર પાડવાનો અસીમ સંતોષ માણી રહ્યો હતો.

***

બીજા ચાર જ દીવસ ... અને પાંચાએ નદીકીનારે ઉગતા વાંસની સોટીઓમાંથી વધારે સારી ગુણવત્તાનું, વજનમાં સાવ હલકું અને મુળ બાણ કરતાં અનેક ગણું દુર જઈ શકે તેવું શસ્ત્ર વીકસાવી દીધું હતું. ગોવો પાંચાને ભેટી પડ્યો. ગોવાના નેસમાં તરત જ આ નવા સાધન બનાવવાની કામગીરી ચાલુ થઈ ગઈ.

**અનુક્રમણીકા**



પહેલો ગોવાળીયો

## પ્રકરણ – 38 : જંગલમાં પીછેહઠ

નવા શોધાયેલા ઘાટમાંથી લશ્કર પસાર થઈ શકે, તે માટેની કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી હતી. ખાન જાતે તેનું નીરીક્ષણ કરતો હતો. એક સાથે હજાર માણસો કામ કરતાં હોવાથી, એ ગાઢ જંગલ ગાજી ઉઠ્યું હતું. રોજનાં અનેક ઝાડ કુહાડીઓના પ્રહારોથી ધરાશાયી થઈ રહ્યાં હતાં. પ્રકૃતી ઉપર સંસ્કૃતીનું આ અતીક્રમણ અભુતપુર્વ હતું. કપાયેલા થડોમાંથી રાતવાસો કરનારાઓનાં નીવાસ બનતાં હતાં; જે વાઘોની ટોળીઓથી રાતના પ્રહરીઓનું રક્ષણ કરતાં હતાં. દીવસે તો  કામ કરનારાઓના હોકારા, પડકારા અને ઝાડ ધરાશાયી થવાના અવાજોથી જંગલી જાનવરો દુર ભાગી જતાં. પણ રાતની નીસ્તબ્ધ શાંતીમાં આ ટોળકીઓ પર હીંસક પશુઓ ત્રાકટવાની તક જવા ન દેતા.

લગભગ ચોથા ભાગનું જંગલ સાફ થઈ ગયું. ખાને ઘોડેસ્વાર સેનાને આગળ ધપવા હુકમ કર્યો. હવે સેનાને મેદાનમાં રાખવી પોસાય તેમ ન હતું. ખાને જંગલની અધવચમાં જ પડાવ ખસેડવાનો નીર્ણય લીધો. પણ ઝાડ કાપતાં ઠુંઠાં જમીન સરસાં રહી ગયાં હતાં. અનેક ઘોડાઓના પગે ઈજાઓ થવા માંડી. સાફ થયેલો રસ્તો પાર કરતાં સેનાને આખો દીવસ નીકળી ગયો.

ભયાનક જંગલમાં અને બન્ને બાજુએ ઉંચા પહાડોની વચ્ચે સેનાએ નવો પડાવ નાંખ્યો. ઘોડાઓ આ માહોલથી ટેવાયેલા ન હતા. ઘવાયેલા ઘોડાઓ દર્દથી કણસતા હતા. એમને પાટાપીંડી  અને જમણ વીગેરે પતાવતાં મધરાત ઢુંકડી આવી ઉભી. ચોકીયાતો સીવાય સૌ માંડ ઉંઘમાં ગરકાવ થાય; એટલામાં તો એક ખુણેથી બુમરાણ ઉઠી. વાઘોની એક મોટી ટોળી બે ઘોડાઓ પર ત્રાટકી હતી. એમની અને ચોકીયાતો વચ્ચે રાતના અંધકારમાં ઝપાઝપી અને બુમરાણમાં આખી સેના બેબાકળી જાગી ઉઠી. વાઘોના પંજાથી ઘવાયેલા ઘોડાઓની મરણચીસોથી બાકીના ઘોડા ભડક્યા અને બાંધેલાં દોરડાં તોડી પાછા ભાગ્યા. ચારેબાજુ અંધાધુંધી ફેલાઈ ગઈ. રાતના અંધકારમાં સેનાને દોરવણી આપી નીયંત્રણમાં રાખવી એ લગભગ અશક્ય કામ હતું.

બેબાકળો બનેલો ખાન અને બીજા સરદારો, આ અણધારી આપત્તી માટે સાબદા ન હતા. આ અણધાર્યા દુશ્મન સામે તેની સેના નીસહાય બની તીતરબીતર થઈ ગઈ. સવારના ઉજાસમાં ખાને હુકમ આપ્યો ," આપણે મેદાન વીસ્તારમાં પીછેહઠ કરવાની છે."

અને આ સીવાય બીજો કોઈ વીકલ્પ પણ ક્યાં હતો?  સુરજ માથે આવતાં સુધીમાં લશ્કર માંડ ઠરીઠામ થયું. ખાનના તંબુમાં નીરાશ વદને સરદારો ભેગા થયા.

ખાન: "હવે આપણે શું કરવું જોઈએ?"

એક સરદાર," ઘોડેસ્વાર દળ સાથે આગળ વધવાનો ખ્યાલ આપણે છોડી દેવો જોઈએ."



પહેલો ગોવાળીયો

બીજો સરદાર:" ઝાડ કાપવાની આપણી રીત બરાબર નથી. છેક મુળમાંથી ઝાડ ન કાપવાને કારણે આપણું લશ્કર બહુ ધીરેથી આગળ વધે છે. એક જ દીવસમાં આખો ઘાટ પસાર કરી દેવાય; તો જ જંગલમાં રાતવાસો ટાળી શકાય. "

ખાન :" પણ તો તો આપણે બે ત્રણ પુનમ પતે ત્યાં સુધી રાહ જોવી પડે. આપણા માણસોનો જુસ્સો પણ ધીમો પડી જાય. "

આમ બહુ ચર્ચાઓ ચાલી. વતનમાંથી કુચકદમ કરીને નીકળ્યા હતા, તે જુસ્સો તો ગાયબ થઈ ગયો હતો. બધાના ચીત્તને નીરાશા ઘેરી વળી હતી. ખાન માથે હાથ દઈ બેસી પડ્યો. તેને ઘડીક આ સાહસ હાથ લેવા માટે પસ્તાવો પણ થઈ આવ્યો. તેને પોતાનું બાળપણ સાંભરી આવ્યું.

તે માંડ ચાર વરસનો હતો. તેના મા અને બાપની સાથે તે તંબુમાં બેઠો હતો. સામે આગમાં તાજો જ શીકાર શેકાઈ રહ્યો હતો. એના બાપે એક મોટો ટુકડો એને આપ્યો હતો. બહુ ભુખ્યા થયેલા ખાને તે આખો મોંમાં ઘાલ્યો હતો. પણ પછી તો ન ચવાય કે ન બહાર કઢાય કે, ન તો કાંઈ બોલાય. તેની માએ તેના બરડામાં ઠુંસો મારી માંસનો એ ટુકડો બહાર ઓકાવી દીધો હતો; અને શીખ આપી હતી કે, " ગમે તેટલા ભુખ્યા હોઈએ; પણ જેમ ખવાતું હોય , તેમ જ ખવાય. આખો કોળીયો ગળવા જઈએ તો ઓકી કાઢવા વારો આવે."

ખાનને સમજાઈ ગયું કે, આખું લશ્કર ઘાટ ઓળંગે તે માટે તેણે રાહ જોવી જ રહી. તેને એ પણ સમજાઈ ગયું કે, નવી વ્યુહરચના કરવી જરુરી છે. તેના બત્રીસલક્ષના મને તરત રસ્તો શોધી કાઢ્યો.

ખાને સત્તાવાહી સ્વરે પોતાનો નીર્ણય જાહેર કર્યો," મારી સાથે અડધી સેના પગપાળા ઘાટ પાર કરી, નદીકીનારે જગ્ગા અને ભુલાને મળશે. બાકીની સેનાનો નાનકડો ભાગ મેદાનના પડાવમાં ઘોડાઓની સાચવણી કરશે. અને બાકીના સૈનીકો ઘાટમાંથી ઝાડી, ઝાંખરાં અને મુળસોતાં ઝાડ દુર કરવાનું કામ ચાલુ રાખશે. જ્યારે આખો ઘાટ ઝડપી સફર માટે પુર્ણ રીતે તૈયાર થાય; ત્યાર બાદ જ ઘોડેસ્વાર દળ, પુરઝડપે, દીવસના અજવાળામાં ઘાટ પાર કરી નદીકીનારે પડાવ નાંખશે. એ દરમીયાન જગ્ગા અને ભુલાની સાથે નદીપારના પ્રદેશમાં શી રીતે કુચ કરવી તે હું નક્કી કરીશ. "

બધા સરદારોએ આ ડહાપણ ભરેલા નીર્ણયને વધાવી લીધો. હવે પહેલો ઘા ઘોડેસ્વાર દળ વગર જ કરવાનો હતો. ખાને આ નીર્ણય અને અડધી સેના સાથે, ઘાટની વચ્ચેથી કુચકદમ શરુ કરી.

**અનુક્રમણીકા**



પહેલો ગોવાળીયો

# પ્રકરણ – ૩૯ : પહેલો હુમલો

ગોવો નદીકીનારે ઉભો હતો. તેની બાજુમા પાંચો પણ હતો. ગોવાના ચહેરા પર નીરાશા અને શોકની કાલીમા છવાયેલી હતી. ગોવાને નદીમાં પુર આવ્યું હતું. તે ઘટના યાદ આવી ગઈ. તે વખતે નદી બન્ને કીનારે ધસમસતી વહેતી હતી અને કોતરોની બધી વસ્તી એ અભુતપુર્વ ઘટના જોવા ખડી હતી. પણ આજે પુર નદીમાં ન હતું – કીનારા પર હતું. સામે કીનારે કીડીયારાંની જેમ સાવ અજાણ્યા લોકોની ભીડ ઉભરાઈ હતી. કોક કોક કોતરવાસી કબીલાના સભ્યોની સરખામણીમાં તેમની ઉંચી કાયા તરત વર્તાતી હતી. તેમનો ગૌર વર્ણ પણ તરત પરખાઈ આવતો હતો.

ગોવાને મરી જવાનું મન થઈ આવ્યું. તેણે મોકલેલા સંદેશના જવાબમાં માત્ર ત્રણ જણ જ આ આપત્તીનો મુકાબલો કરવા હાજર થયા હતા – ગોવાના જુના અને જાણીતા સાથીઓ – કાળુ, લાખો અને વીહો. બીજા કોઈ નવી છાપરી બાંધવાના કામમાં વ્યસ્ત હતા; તો કોઈ વાડો મોટો કરવાના કામમાં. કોઈની સ્ત્રીને બાળક આવવાનું હતું. કાંઈ ને કાંઈ બહાના હેઠળ એ બધાએ ગોવાને સાથ આપવાનું ટાળ્યું હતું. ગોવાની સેનામાં ગણીને દસ જણ જ હતા. અને સામે ગણ્યા ગણાય નહીં એટલા. વળી સામેના દુશ્મનને ગોવાની બાજુની બધી માહીતી હતી.

ગોવાનું મન ખાટું થઈ ગયું. આ માટે તેણે નદીના પુરનો મુકાબલો કર્યો હતો? જીવતરની બધી પુંજી રસાતાળ જવાની હતી. પાંચો ગોવાના મનના ઉદવેગો સમજતો હતો. તેણે ગોવાના ખભે હાથ મુક્યો અને બોલ્યો,

” ગોવા. તું નાહક ચીંતા કરે છે. આપણાં નવાં શસ્ત્રો તેમના કરતાં વધારે શક્તીશાળી છે. અને આ નદી માતા આપણી સૌથી મોટી રખેવાળ છે. “ આમ કહી તેણે પુરી તાકાતથી એક બાણ છોડ્યું. નદીની મધ્ય સુધી તે પહોંચી ગયું. પછી તેણે ખાનની સેનાના ધનુષ બાણ વાપરી તીર છોડ્યું. તે માંડ અડધે સુધી જ જઈ શક્યું.

પાંચાએ ઉમેર્યું.” એમાંનો એક પણ જણ આ બાજુ આવી શકે, તો હું મારી માના પેટનો જણ્યો નહીં. “ પાછળ ઉભેલા લાખા ને કાળુએ પણ આમાં હોંકારો પુરાવ્યો.

અને ત્યાં જ સામે કશીક મોટી હીલચાલ થતી હોય તેમ જણાયું. ચાર અલમસ્ત અંગરક્ષકોથી ઘેરાયેલો અને આખી સેનાનો ઉપરી જણાતો એક પરદેશી હુકમો આપતો હોય; તેમ લાગ્યું. થોડીક વારમાં ચાર તરાપા નદીમાં તરતા મુકાયા. એ દરેકમાં બે જણ એને હાંકનારા હતા. એક જણ વચ્ચે ઉભો હતો. તે દરેક ટુકડીનો નાયક હોય તેમ લાગતું હતું. તેની છાતી અને માથું કાળા ચામડાંના આવરણથી ઢંકાયેલાં હતાં. સાથે બીજા ચાર સૈનીકો ધનુષ તાકીને બેઠેલા હતા.

ગોવો અને તેના સાથીઓ નદી કીનારાના, માથોડા ઉંચા ઘાસમાં સંતાઈ ગયા. પાંચાએ કહ્યું,” હું કહું ત્યારે તાકીને તીર એ લોકો પર છોડજો. પહેલાં તરાપો હાંકનારને ઢાળી દેવા કોશીષ કરજો. “



પહેલો ગોવાળીયો

તરાપાઓ નદીની મધ્યમાં આવ્યા અને એક સામટા દસ તીર છુટ્યાં. એમાંના પાંચ કારગત નીવડ્યા અને પાંચ તરાપા ચાલકો ઘવાઈને નદીમાં ડુબવા માંડ્યા. બીજું શરસંધાન અને બીજા પાંચ નદી ભેગા. સૈનીકોએ બેબાકળા બની તરાપાઓને નીયંત્રીત કરવા પ્રયત્ન કર્યા. પણ આ માટેની આવડત તેમનામાં ન હતી. એક તરાપો તો બધા સૈનીકો એક બાજુએ થઈ જતાં ઉંધો વળી ગયો. બાકીના ત્રણમાં પણ બીજા તીરમારાથી બધા સૈનીકો મરણ શરણ થયા. ત્રણે તરાપા નદીના વહેણમાં ખેંચાવા લાગ્યા.

ગોવો તો પાંચાને ભેટી જ પડ્યો. ડુબતો તરાપો નદીની આ તરફ ધીમે ધીમે ખેંચાઈ આવ્યો. એના સરદારે એની કોરાણ પકડી રાખી હતી. બીજા સૈનીકો તો એક બાજુએ હોઈને, નદીમાં ઉથલી પડવાના કારણે તણાઈ ગયા હતા. ગોવો અને તેના સાથીઓ નદીમાં ઉતર્યા અને તે સરદારને ઘેરી લીધો. તે ઘણું પાણી પી ગયો હતો અને તેના પહેરવેશને કારણે બેબાકળો બની ગયો હતો. બે જણાએ એના વાઘા નીચે ઉતાર્યા અને તેને ઉંધો કરી ભરાયેલું પાણી કાઢી નાંખ્યું.

ગોવા અને તેના મીત્રોએ આટલું જાડું ચામડું કદી જોયું ન હતું. ઠંડા પ્રદેશના બાઈસનનું એ ચામડું હતું. કોઈ તીર એને વેધી શકે તેમ ન હતું. દોરડા વડે તેને મુશ્કેટાટ બાંધી; બધા આ પહેલા વીજયના ઉલ્લાસમાં નાચવા અને કુદવા લાગ્યા. આખાયે મુકાબલાનો યશ પાંચાના અફલાતુન ભેજાને કારણે હતો.

પણ પાંચો? એ તો ઉંડા વીચારમાં લીન હતો. તેને બીજા હુમલાની ચીંતા થવા લાગી હતી.

ગોરા બંદીવાનની ઉપર નજર રાખવાનું કામ વીહાને સોંપાયું. વીહો ભાષાઓની બાબતમાં ઠીક ઠીક જાણકાર હતો. તે પક્ષીઓની બોલી સમજી શકતો હતો. તેને તારાઓ વાત કહી જતા. આખી બપોર અને સાંજ તેણે ગોરા બંદીવાનની સાથે ગડમથલ કરીને ખાન, ખાનના પ્રદેશ, ઘોડેસ્વાર સેના વી,ને લગતી માહીતી કઢાવી લીધી. તેનું મન ખીન્ન થઈ ગયું. ભલે આજે ગોવાની જીત થઈ હતી' પણ ખાનની તાકાત છેવટે સર્વોપરી થવાની, એ નીશ્ચીત હતું. મધરાત થઈ પણ વીહાને નીંદર વેરણ થઈ ગઈ હતી. તે ઉઠ્યો અને નદીકીનારે પહોંચી ગયો.

બારશનો ચન્દ્ર પુર્વાકાશમાં ઉગ્યો ન ઉગ્યો અને ઘનઘોર વાદળોથી ઘેરાઈ ગયો. ભવીષ્ય કથન કરતા તારાઓ પણ હાજર ન હતા. દુરના એક ઝાડ પરથી ઘુવડની ચીસ વીહાને સંભળાઈ. એ જ સમયે એક મોટી ઉલ્કા ખરી અને સમસ્ત પ્રદેશને ક્ષણ ભર માટે પ્રકાશીત કરી ગઈ. વીહાને દેખાયું – ગોવાનો નેસડો ભેંકાર લાગતો હતો. આવનાર સર્વનાશ અને તબાહી પોકારી પોકારીને ઘુવડની ચીસમાં રુપાંતરીત થતાં હતાં. બધા અણસાર તેની આ માન્યતાને અનુમોદન આપતા હતા. પોતાની હતાશા અને ભાવીદર્શન વીહો કોઈને કહી શકે તેમ ન હતું. એ ઓથાર તો તેણે એકલા જ વેંઢારવાનો હતો.

ઉંડો નીસાસો નાંખીને વીહો પાછો વળ્યો. ગોરો બંદીવાન ગાયબ થઈ ગયો હતો. બાજુના દીવા પાસે તેને બાંધેલાં દોરડાં બળેલાં પડ્યાં હતાં.

**અનુક્રમણીકા[ આ પુસ્તક ' ઉંઝા ' જોડણીમાં છે. ]**

**સુચના - કોઈ પણ પ્રકરણ પર જવા માટે, તેના શીર્ષક પર કર્સર રાખી, કન્ટ્રોલ બટન દબાવી ' ક્લીક ' કરો.**

પહેલો ગોવાળીયો

પહેલો ગોવાળીયો

## પ્રકરણ – 40 : બીજા હુમલાની તૈયારી

ગોરો બંદીવાન તરીને સામે પાર પહોંચ્યો ત્યારે હજુ ઉષાની લાલીમા પ્રગટવાની વાર હતી. આપણે તેને સરળતા ખાતર ગોરો જ કહીશું. ખાનના તંબુની બહાર, ખડેપગે જાગતા, ચોકીદારે તેને ખાનના પ્રદેશની ભાષામાં પડકાર્યો; પણ પોતાની જ ભાષામાં મળેલા જવાબથી તેને તરત ઓળખી લીધો.

ચોકીદાર ," લે! સરસ વાત થઈ. આપણામાંથી બધા બચી ગયા. એ બાજુના શા ખબર છે?"

ગોરો," ત્યાં તો ક્યાં કોઈને આપણું તીર અડ્યું જ હતું? પણ ખાલી બે હાથની આંગળી ગણાય એટલા જ માણસ ત્યાં છે. અને થોડીક સ્ત્રીઓ અને બાળકો."

ચોકીદાર," ખાન બહુ ચીડાયેલા છે. એમની તાકાતને આ તો બહુ મોટી લપડાક પડી. લે! હવે તું થોડોક આરામ કર અને ખાન ઉઠે ત્યાં સુધીમાં તાજો થઈ જા. "

ગોરો આડો પડ્યો તેવો જ ઉંઘી ગયો. સવારના સુરજ ખાસો ઉંચે આવ્યો ત્યારે ખાનના તંબુમાં સભા ભરાણી. ખાનનો મીજાજ ફાટેલો હતો. બાનો અને તેના કબીલાના મુખીયાના મોં તો કાળી મેંશ જેવા હતા.

બાનાએ ખાનની ભાંગીતુટી ભાષામાં કહ્યું," અમારા તો કેટલા બધા જણા કાળભૈરવને ત્યાં પહોંચી ગયા?"

ખાન પાસે આનો કશો જવાબ ન હતો. તેણે એટલું જ કહ્યું ," અમારા લોકો જેવાં ચામડાં ઓઢ્યાં હોત તો એમના આ હાલ ન થાત. પણ તમે કોઈએ મને આ વાતની તો માહીતી આપી જ ન હતી કે, ગોવા અને એના માણસો પાસે આટલા શક્તીશાળી ધનુષ બાણ છે. તમને આટલી પણ ખબર નથી?"

બાનાનું પડેલું મોં જોઈ ભુલાએ પુછ્યું ," બાના! કહે ના કહે, પણ તમે લોકો અમારાથી કશુંક છુપાવો છો."

બાનો રડી પડ્યો. તેણે હવે મોંકાણની ખબર આપી કે, 'મન્નો અઠવાડીયાથી ભાગી ગઈ છે. રુપલીના બાપના કબીલાની હોવાને કારણે મોટે ભાગે તે સામે પાર પહોંચી ગઈ હોય તેમ લાગે છે.'

ખાન," તારી બાયડીને રડવાનો આ વખત છે? કોઈ મને એમ તો કહો કે, આટલા ટુંકા વખતમાં એમની પાસે ધનુષ બાણ શી રીતે આવી ગયાં."

ભુલો ," મહારાજા! તમે પાંચાની કાબેલીયત નથી જાણતા."

ખાન ," પાંચો કોણ છે?"

ભુલો ," ગોવાનો સૌથી વધારે અક્કલવાળો સાથી. એણે મન્નો પાસેથી મળેલી માહીતીના આધાર પર, ગમે તેમ કરીને આપણા હથીયારો મેળવીને; એમની વધારે સારી નકલ કરી લીધી લાગે છે."

આટલી વાત ચાલતી હતી , એટલામાં ગોરો તંબુમાં પ્રવેશ્યો અને ખાનને કુરનીશ બજાવી. ખાનના મુખ પર એને જોઈને થોડોક ઉજાસ આવ્યો.

" ચાલ, તું બચી ગયો એટલું સારું થયું." ખાને તેને મુબારકબાદી આપી.

ગોરાએ સારા સમાચાર આપ્યા ," મહારાજ! ત્યાં માંડ બે પંજાની આંગળીઓથી ગણાય એટલા માણસ છે. "

ખાન ," તને જરુર ખાતરી છે?"

ગોરો," હા ! ગોવા અને બીજાના હાવ ભાવ પરથી એમને પણ આપણી મોટી સેનાની ચીંતા થતી હોય તેમ મને લાગતું હતું."

ખાન થોડીક વાર વીચારમાં પડ્યો. તેણે જાહેર કર્યું. આપણી પાસે હાલ એક પણ તરાપો બચ્યો નથી. તાબડતોબ છ નવા તરાપા બનાવવાની વ્યવસ્થા કરો. આ વખતે તરાપા પરનો દરેક જણ આપણે ત્યાંથી લાવેલાં ચામડાં ઓઢીને જ તરાપા પર ચઢશે."

બાના અને મુખીના મોં પર હરખ ફેલાઈ ગયો.

પણ બાનો રડમસ ચહેરે બોલ્યો," પણ મારી મન્નો મને ક્યારે પાછી મળશે?"

ખાને કડક અવાજે કહ્યું, "એને પકડી રાખવા જેટલી તાકાત તારામાં આવે; ત્યારે. સામે કીનારે પહોંચશો એટલે બધીય મન્નો આપણી જ છે !"

કોઈ કોતરવાસીઓ આ કરડાકી ન સમજે તેટલા ભોળા ન હતા. આટલા દીવસોમાં એમની સ્ત્રીઓ સાથેના અભદ્ર વ્યવહારથી એમને આ પરદેશીઓને સાથ આપવા બદ્દલ પસ્તાવો તો થતો જ હતો. આવનાર કાળઝાળ ભવીતવ્યના ખ્યાલે એ સૌ થરથરી ગયા. પણ હવે પાછાં ડગલાં ભરી શકાય તેવી કોઈ શક્યતા ન હતી. અને ગોવાને બરબાદ કરવાની લાલચ નાનીસુની પણ ન હતી. સભા બરખાસ્ત જાહેર થઈ; અને બધાં કામે વળગી ગયાં.

————

કીનારાની બીજી બાજુ પણ આજ વખતે ગોવાના નેસડામાં બધાં સ્ત્રી પુરુષો ભેગા થયાં હતાં.

ગોવાએ કહ્યું ," મને ચોક્કસ ખાતરી છે કે, બીજો હુમલો તરત નહીં થાય; કારણકે, નવા તરાપા એકદમ જલદી તો શી રીતે બનવાના? "

પાંચો ," હા! પણ જ્યારે ફરી હુમલો થશે ત્યારે બધાંએ જાડાં ચામડાં જ ઓઢેલાં હશે. એમની પાસે એનો તોટો નહીં જ હોય. આપણાં તીર એમને હવે રોકી પણ નહીં શકે. અને આપણી પાસે એમનાં તીર વેઠી શકે તેવો કશો લેબાસ પણ નથી. "

રુપલીના મગજમાં ઝબકારો થયો. " પાંચા ભાઈ લાકડીઓ ઓઢી લો તો?"

ગોવાએ રુપલીને ઠપકારી," રુપલી આ લડાઈની વાત છે- મજાકની નહીં."

રુપલી, " હુંય ક્યાં મજાક કરું છું? ભુલાના પથ્થરથી તને કોણે બચાવ્યો હતો; તે ભુલી ગયો? મારી પાસે આ સમસ્યાનો ઉકેલ છે. "



પહેલો ગોવાળીયો

ગોવો ," કાંઈક નક્કર છે કે, કાના જેટલું પોચું પોચું?! "

રુપલી હસીને બોલી ," આજે સાંજે તને પહેલો અભેદ્ય બનાવી દઈશ, મારા રાજા !"

બધા હસીને છુટાં પડ્યાં. પણ પાંચો બધાથી દુર, નેસડાની ઓલી પા ઝાડીઓમાં ગરકી ગયો.

સાંજે બધાં ફરી ભેગાં થયાં ત્યારે ગોવાના માપનું, વાંસની પાતળી સોટીઓના બે થર બાંધી, ઉપર નીચે ચામડું મઢેલું પહેરણ અને ખાલી બે આંખો જ ખુલ્લી રહે તેવું શીરસ્ત્રાણ તૈયાર હતાં. રુપલીના ચકોર ભેજાની અને સીવણકળાની આ પેદાશ હતી. બધાંની હાજરીમાં રુપલીએ સ્વહસ્તે ગોવાને આ વાઘા પહેરાવ્યા. કાળુની તીરંદાજીથી એની ચકાસણી પણ થઈ ગઈ. હવે ગોવો કાલાગ્નીની જેમ દુર્ધર્ષ બન્યો હતો. બધા પુરુષોએ એકી અવાજે આ નવા બખ્તર અને શીરસ્ત્રાણ ને વધાવી લીધાં.

પણ લાખો જેનું નામ? તે બરકી ઉઠ્યો ," ભાભી! તમે તો તમારા વરને સાચવી લીધો; પણ અમારે બધાંએ શહીદ થવાનું?"

" તમારી બધાંની બાયડીઓને કાલે સવારે કામે લગાડી જ દેવાની છું. આ વાઘા પરીક્ષામાંથી પાર ઉતરે એની જ રાહ જોતી હતી."

બધાંના મનમાં ગોવા અને રુપલી માટેનું માન અનેક ગણું વધી ગયું. આ બે જણે જ તો આખી કોમને સમૃધ્ધીના સવાદ ચખાડ્યા હતા ને? અને આવી પડેલી આ આપત્તીમાં પણ ગોવો જ તેમનો તારણહાર હતો ને?

રુપલીએ પાંચો ક્યાંય ન દેખાતાં કહ્યું ," પણ પાંચા ભાઈ ક્યાં ગરક થઈ ગયા?"

ગોવો ,"એ લાલો ક્યાં લાભ વીના લોટે તેવો છે? એ કશીક ફીરાકમાં હશે!"

અનુક્રમણીકા

પહેલો ગોવાળીયો

## પ્રકરણ – 41 : બીજો હુમલો

ચાર દીવસ પછી ..

નદીની કોતરો તરફની બાજુ અણધારી પ્રવૃત્તીથી ધમધમી ઉઠી હતી. છ નવા તરાપા તૈયાર થઈને નદીના કીનારે લાંગરવાની રાહ જોઈને પડ્યા હતા. છ ગોરા સરદારો બાઈસનના ચામડાના બખ્તરો પહેરીને તૈયાર ઉભા હતા. બાર કોતરવાસીઓ આ નવા લેબાસ ધારણ કરવાની ગડમથલમાં પડ્યા હતા. એમણે આ લબાચાઓ સાથે તરાપા ચલાવવાની તાલીમ આ દીવસોમાં લઈ લીધેલી હતી. બીજા સૈનીકો પણ આ અભેદ્ય પહેરવેશ ધારણ કરી ઓલી ‘પા નવો હુમલો કરવા તલપાપડ હતા.

બધી તૈયારી પુરી થતાં ખાન, જગ્ગો , ભુલો અને બીજા સરદારોની ટુકડી નદીકીનારે આવી પહોંચે તેની જ રાહ જોવાતી હતી. છેવટે એ બધા આવી પહોંચ્યા. એમની પાછળ, મને કમને ખેંચાતા, ઢસડાતા મુખીયા અને બાનો પણ હતા.

ખાને બધી તૈયારીનું જાતે નીરીક્ષણ કર્યું; અને સંતોષમાં તેનું મુખારવીંદ ઝળહળી ઉઠ્યું. આ વખતે વીજય નીશ્ચીત હતો. ખાને જાહેર કર્યું,” સામેથી છોડાતાં તીર હવે આપણા કોઈ સૈનીકને ઉની આંચ આપી નહીં શકે. આ છ તરાપા સામે કાંઠે પહોંચે ત્યારે એ લોકો કરતાં આપણી સંખ્યા છ ગણી હશે. એમને ઘેરી લઈ અથવા ભાગે તો એમનો પીછો કરી, છયે તરાપા તરત પાછા આવી જશે. અને બીજી ટુકડી રવાના થશે. આખા દીવસમાં આવા દસેક ફેરા કરી સામેની બાજુ પુરો કબજો આપણે જમાવી લેવાનો છે.”

ભુલાએ આ વક્તવ્યનું ભાષાંતર કોતરવાસીઓને સંભળાવ્યું.

બધાએ હર્ષનાદોથી આ જાહેરાતને વધાવી લીધી. બધા અપુર્વ ઉત્સાહથી થનગની ઉઠ્યા. ગોવાની અને સામે પારના મેદાન વાસીઓની વધતી જતી તાકાત અને સમૃધ્ધીને જબરદસ્ત લપડાક પડવાની હતી. છેવટે જેની બહુ રાહ જોવાઈ રહી હતી, તે બીજો હુમલો અમલમાં મુકાયો. છ તરાપાઓએ ધીમી ગતીએ નદીકીનારેથી સામેની તરફ પ્રયાણ આદર્યું.

.....

સામેની પાર ચોકી માટે ઉભેલા કાળુ અને લાખાએ અગમચેતીનો ઢોલ ક્યારનોય પીટ્યો હતો. ગોવાના ચારેક સાથીઓ નવાં સોટી બખ્તર પહેરી નદીકીનારે આવી પહોંચ્યા. છેક પાછળ ચામડાંનો મોટો પીંડો ઉંચકી પાંચો અને બીજો એક નેસવાસી ધીમે ધીમે આવતા હતા.

ગોવાએ કહ્યું,” પાંચા, તારી નવી ચાલ કરગત ન નીવડી તો આપણે આજે મરાઈ જવાના.”

પાંચો તેના આયોજનમાં મક્કમ હતો. તેણે કહ્યું,” ગોવા, મા જગદંબા આપણી સહાય જરુર કરશે.”

પણ મોટા ભાગના બીજા મેદાનવાસીઓ શંકા કુશંકામાં ગરકાવ હતા. આજે મોત નીશ્ચીત હતું. સામે કાંઠે પ્રવર્તમાન ઉત્સાહનો અહીં સદંતર અભાવ હતો. બધો આધાર હવે જગદંબા ઉપર અને પાંચા ઉપર હતો.

પાંચાએ કહ્યું ," આવી રહેલા તરાપાઓમાં હવે બધાએ જાડાં બખ્તર પહેરેલાં છે. આથી આપણે તેમને પોણી નદી સુધી આવવા દેવાના છે. ત્યાર બાદ મારું આ પોટલું એમનો મુકાબલો કરશે. કાલે મેં તમને બધાંને શીખવાડ્યું છે; તેમ એકસાથે એમાંનો સરંજામ વાપરવાનો છે.

---

અને બન્ને તરફ બધા કાગડોળે હવે શું થાય છે; તે જોઈ રહ્યા. તરાપાઓ નદીની મધ્યમાં આવી ગયા; પણ સામેની પારથી કોઈ તીર વર્ષાનો અભાવ હતો. તરાપાઓમાં બેઠેલા સૌને કાંઠા પર ભેગા થયેલા ગોવાના માણસોના ચીત્ર વીચીત્ર લીબાસ જોઈ શંકા થવા માંડી. તેમના સરદારોએ એકબીજા સાથે સંતલસ કરી, " કદાચ આપણાં તીર એમના આ નવા પહેરવેશને ભેદી નહીં શકે તો? "

છયે તરાપાઓમાંના મુખ્ય સરદારે જાહેર કર્યું ," તો પછી આપણે ઉતરીને, મોટા પથ્થરોની આપણી ગદાઓ વડે એમની ઉપર હુમલો કરવો પડશે."

તરાપાઓ હવે પોણી નદી પાર કરી ચુક્યા હતા. પણ સામેથી કોઈ હીલચાલ ન થઈ. તરાપાના સરદારોએ બધા સૈનીકોને એકસાથે સામે પારની ટોળી પર તીરવર્ષા કરવા એલાન આપ્યું. પણ એમના આશ્ચર્ય વચ્ચે તીર અથડાઈને નીચે પડી જતા હતા; અથવા સામેવાળાના લેબાસમાં ખુંચી જતા હતા. પણ તે કશો ઘા કરવા કે ઈજા પહોંચાડવા કાબેલ ન હતા.

ખાન અને તેના સરદાર સાથીઓ પણ આ નીહાળી રહયા હતા. ખાને રોષમાં માથું કુટ્યું. તેણે ભુલાને કહ્યું ," તમારા પાંચાએ ફરીથી કમાલ કરી દીધી. "

ગોવાની બાજુ બધા રુપલીની આ કરામતથી નાચી ઉઠ્યા. એમની નાયીકા પણ ગોવા કે પાંચા જેટલી કાબેલ પુરવાર થઈ હતી. હવે પાંચાએ એનું પોટલું છોડ્યું. એમાં બારેક ખાસ તીર હતાં અને ઝાડની પાતળી અને સુકી ડાળીઓનો ભારો હતો. પાંચાએ આ બધું કીનારા પર ઠાલવ્યું. સાથે લાવેલા અંગાર વડે તેણે ડાળીઓમાં અગ્ની પ્રગટાવ્યો.

તેણે બબ્બે તીર છ જણને સુપ્રત કર્યા; અને કહ્યું ," આપણે ગઈકાલે તાલીમ લીધી છે તે પ્રમાણે, આ તીરની અણી પર બાંધેલ પોટલી સળગાવીને, તાકીને તીર તરાપાઓની બરાબર વચ્ચે પડે તેમ છોડવાના છે."

એકી સાથે છ તીર સન સન કરતાં અને બળતાં બળતાં તરાપાઓ તરફ આગળ વધ્યાં. તરાપાઓવાળાને શું થઈ રહ્યું છે; તે સમજ પડે તે પહેલાં આ તીર ઉંચેથી તરાપાઓની મધ્યમાં લાંગર્યા. તેમની ટોચ પરની બળબળતી ઝાળ થોડેક નીચે બાંધેલ ચામડાની પોટલીને અડી ન અડી ત્યાં તો એ પોટલી સળગી ઉઠી. એમાં ભરેલી ચરબી આ જ્વાળામાં હોમાઈ અને છયે તરાપાઓ પર આગની જ્વાળાઓ ભભુકવા લાગી. તરાપામાં બેઠેલા સૌ ભયભીત બનીને બેબાકળા બની ગયા. માની ન શકાય તેવી અને કદી કલ્પી પણ ન હોય તેવી આ આપત્તીથી બધા હતપ્રભ બની ગયા. નાસભાગ શરુ થઈ ગઈ. તરાપાઓએ સમતુલન ગુમાવ્યું અને બધા નદીના પાણીમાં ખાબક્યા. ભારેખમ પહેરવેશને



પહેલો ગોવાળીયો

કારણે બહુ ઓછા તરતા રહી શક્યા. નદીનું પાણી પણ આ જગ્યાએ બહુ જ ઉંડું હતું. બે જણ મેદાન વાળો કાંઠો નજીક હોવાના કારણે ત્યાં તરી આવ્યા અને બંદી બની ગયા. બીજા તરીને પાછા જવાનો નીષ્ફળ પ્રયત્ન કરી બુડી મુઆ.

ખાન અને તેના સરદારો આ ભયાનક દુર્ઘટનાના મુક સાક્ષી બની રહ્યા. ખાને ગોવાની સમગ્ર સેના કરતાં છ ગણાં સૈનીકો અને આત્મ વીશ્વાસ ગુમાવ્યાં હતાં. ગુસ્સામાં ખાને પગ પછાડ્યા. ભુલા, જગ્ગા અને બીજા બધા લમણે હાથ દઈ, પડી ગયેલા ચહેરે આ અપ્રતીમ પરાભવથી પોતાના નસીબને દોષ દેવા લાગ્યા.

ગોવાની તરફ તો ઉલ્લાસ માતો ન હતો. જગદંબાએ પાંચા અન રુપલીને સમયસર પ્રેરણા આપી હતી. મા તેમની સાથે હતી. કાળભૈરવ દુશ્મન પર કોપાયમાન હતો. બધા એકબીજાને તાલી દઈ નાચવા અને કુદવા માંડ્યા. બધાએ ગોવા અને પાંચાને ઉંચકી લીધા અને તેડીને નેસ તરફ લઈ ગયા. સ્ત્રીઓ અને બાળકોએ એમના વીજેતા બનેલા ભડવીરોને પોંખી લીધા.

બીજો હુમલો કરુણ રીતે અસફળ રહ્યો હતો. ખાનની પાશવી તાકાતનો પાંચાની બુધ્ધી સામે ફરી એકવાર કારમો પરાભવ થયો હતો.

[ આ પુસ્તક ‘ ઉંઝા ‘ જોડણીમાં છે. ]

**સુચના - કોઈ પણ પ્રકરણ પર જવા માટે, તેના શીર્ષક પર કર્સર રાખી, કન્ટ્રોલ બટન દબાવી ‘ ક્લીક ‘ કરો.**

**અનુક્રમણીકા**

પહેલો ગોવાળીયો

## પ્રકરણ – 42 : ખાનની પીછેહઠ

ચાર દીવસ પછી સવારના પહોરમાં .....

કાળુનો સાથી સફાળો દોડતો ગોવાના વાડામાં પ્રવેશ્યો. “ભાગી ગયા ... ભાગી ગયા..” ચઢેલા શ્વાસે તે માંડ માંડ બોલી શક્યો.

બીજા હુમલામાં ખાનના આક્રમણને બુરી રીતે પરાસ્ત કરવા છતાં, ગોવાને નદીકીનારો સાવ રેઢો મુકવાનું યોગ્ય લાગ્યું ન હતું. આથી દુરંદેશી વાપરી, બે માણસોને તેણે દીવસ રાત, સામે કીનારે ચાલી રહેલી હીલચાલની ઉપર સતત નજર રાખવા રોક્યા હતા. દીવસની ચોકી પતે ત્યારે નવા બે જણ નદીકીનારે આવી જતા. પણ આ ચાર દીવસ સામે કાંઠે ભેદી નીષ્ક્રીયતા વર્તાતી હતી. નવા કોઈ તરાપા બનાવવામાં આવ્યા હોય; તો પણ તે નદીકીનારે લવાયા ન હતા. દેખીતી રીતે મોરચો ઠંડો પડી ગયો જણાતો હતો.

તે દીવસે સવારે કાળુ અને બીજો જણ આ રીતે ચોકી કરતા હતા; ત્યારે કાળુએ તેના સાથીને આ ખબર આપવા દોડાવ્યો હતો. આ ખબર જાણી બધા નદીકીનારે દોડી ગયા. સાચે સાચ સામેનું માનવ કીડીયારું જે રસ્તે આવ્યું હતું, તે રસ્તે નદીના કીનારે કીનારે પાછું જઈ રહેલું દેખાયું. દેખીતી રીતે ખાને પીછેહઠ કરવાનો નીર્ણય લીધો હોય તેમ જણાતું હતું. ગોવા અને તેના સાથીઓ, સ્ત્રીઓ અને બાળકો આ નવતર ઘટના જાણીને હર્ષોલ્લાસમાં આવી ગયા. ભય હવે દુર થયેલો જણાતો હતો. લાખો તો ઢોલ વગાડી નાચવા લાગ્યો.

પણ ગોવાના મનમાં હજી ચેન ન હતું. તેણે કહ્યું ,” આપણે બે બંદીઓ પાસેથી મળેલી માહીતીને ભુલવી ન જોઈએ. ખાન પાસે હજુ તો ઝડપથી દોડતા નવતર પ્રાણીઓ પર સવાર થયેલી સેના અકબંધ છે; જે હજુ સુધી આપણે જોઈ જ નથી. આટલી બધી તાકાત હોવા છતાં ખાન ખાલી હાથે પાછો જાય , તે મારા મનમાં બેસતું નથી. જરુર આમાં તેની કોઈ ચાલ હોવી જોઈએ.”

વીહા અને પાંચાએ આમાં સાદ પુરાવ્યો.

પાંચો કહે,” ગોવા, આપણે એમ કરીએ. બે જણ આપણી બાજુએ નદીના કીનારે કીનારે આ સેના શું કરે છે; તે જાણવા તેમની ઉપર નજર રાખતા રહે; અને કાંઈ ભયજનક લાગે તો એક જણ આવીને આપણને ખબર આપી જાય.“

બધાએ સમ્મતીમાં ડોકાં ધુણાવ્યાં. લાખો અને બીજો એક જણ આ કામ માટે તૈયાર થઈ ગયા; અને નદીકીનારે ખાનની સેનાની સાથે સાથે ચાલવા માંડ્યા.



પહેલો ગોવાળીયો

કલાકેક પસાર થયો અને મોટા ભાગની સેના સામેથી અદ્રશ્ય થઈ ગઈ. માંડ પચાસેક માણસો જ હવે સામે કીનારે રહ્યા હતા. ખાને નવા તરાપા બનાવ્યા હોય તેમ જણાતું ન હતું. દેખીતી રીતે ત્રીજો હુમલો થવાના કોઈ ચીહ્ન જણાતાં ન હતાં. જોગમાયાના સતે મેદાનવાસીઓને મદદ કરી હતી. હવે શાંતીથી જીવન પુર્વવત બની જશે તેવી આશા બંધાઈ હતી.

વળી આ ચાર દીવસમાં ધીમે ધીમે, સરવરીયા ગામ અને બીજા ત્રણ ચાર નેસમાંથી વધારાની મદદ પણ આવી પહોંચી હતી. ધુમતા ફરતા ડફેર લોકોમાંથી પણ થોડાક, ગોવાને મદદ કરવા આવી પહોંચ્યા હતા. ગોવાના સાથીઓની બે અદભુત જીતના સમાચાર બધે પહોંચી ગયા હતા. આ સમાચાર જાણી, ગોવાના મનમાં ઉપજેલો અવીશ્વાસ દુર કરવાનું એમને મુનાસીબ લાગ્યું હતું. ગોવાની પ્રતીષ્ઠામાં વધારો થયો હતો. હવે ગોવા પાસે પચાસેક માણસો ભેગા થયા હતા.

તાબડતોબ આ નવી કુમકને ધનુષ બાણ ચલાવવાની તાલીમ આપવાનું કામ પાંચાએ હાથમાં લીધું હતું. રુપલી અને બીજી સ્ત્રીઓએ એમને જરુરી નવાં હથીયારો બનાવવાનું કામ ઝડપથી આટોપવા માંડ્યું. બધાંને માટે વાંસની સોટીઓનાં બખ્તર અને શીરસ્ત્રાણ પણ બની રહ્યાં હતાં. વીજયના કેફે ગોવાના નેસને પ્રમાદી બનાવ્યો ન હતો. કોઈ પણ નવા આક્રમણને પહોંચી વળવા બધા એકસુરે, એકતાલે કામગરા બન્યા હતા. નવા આવનારાઓ મોડા પડ્યાની ભોંઠપ દુર કરવા બમણો ઉત્સાહ પ્રદર્શીત કરી રહ્યા હતા.

પણ ટોળાંથી સ્વભાવવશ દુર રહેતો વીહો કોઈક જુદા જ અણસાર અનુભવી રહ્યો હતો. પહેલા હુમલા પછીની રાતમાં એને મળેલ ભવીષ્ય દર્શનને એ વીસરી શકે તેમ ન હતું. બે બંદીઓ ઉપર હવે સતત ચોકી રાખવામાં આવતી હતી; અને આ ચાર દીવસમાં એમની પાસેથી તેણે બેળે બેળે ઘણી માહીતી મેળવી હતી. ખાનના પ્રદેશની લાક્ષણીકતા, એમના રીવાજો, એમની રહેણી કરણી, આદતો, ધાર્મીક માન્યતાઓ, એ બધાં વીશે એને આછો આછો ખ્યાલ આવવા માંડ્યો હતો. એ લોકોનાં શીથીલ ચારીત્ર્ય સ્ત્રીઓ માટે બહુ મોટો ભય નીવડે તેમ વીહાને ખબર પડી ગઈ. એના જાતભાઈ બહેનો માટે આ નવતર વીદેશીઓ બહુ ભયંકર ખતરા રુપ નીવડી શકે તેમ જણાતું હતું. ઘોડા નામના અત્યંત ઝડપથી દોડી શકતા જાનવર પર એ લોકો સવાર થઈ શકતા હશે; અને પગપાળા ચાલનાર કરતાં ઘણી ઝડપે અંતર કાપી શકતા હશે; એ વાત નીશ્ચીત જણાતી હતી. જો એ ઝડપી સેના નદી પાર કરી આ બાજુ આવી જાય તો કોઈ સંજોગોમાં ગોવાના આ પચાસ જણ તો શું; પણ બધી વસ્તી ભેગી થઈ જાય તો પણ ખાનની જીત નક્કી હતી.

ફરી વીહાએ ઉંડો નીસાસો મુક્યો અને જોગમાયાને અંતરથી અરજ કરી કે, વસ્તીમાં પ્રવર્તમાન ઉત્સાહ અને હર્ષ ટકેલાં રહે; અને લાખો એવા સમાચાર સાથે પાછો ફરે કે, ખાને ખરેખર પીછેહઠ કરી છે.

**અનુક્રમણીકા**



ઝડ્ડો ગોવાળીયો

## પ્રકરણ – 43 : સાણસા વ્યુહ

લાખો અને તેનો સાથી નદીકીનારાના ઘાસમાં લપાતા છુપાતા, સામેના કીનારા પર મંદ ગતીએ સરકી રહેલા કીડીયારાંને અનુસરતા ગયા. બપોર થતામાં તો પડાવ નંખાયો. આટલા બધા માણસોનો ભોજન સમારંભ કાંઈ જેમ તેમ થોડો જ પતી શકે? ભોજન બાદની વામકુક્ષી પણ ખરી જ ને? અને થોડી વારમાં તો સુર્ય પશ્ચીમ દીશામાં ઢળવા માંડ્યો. સંધ્યાના રંગો બરાબર ખીલી ઉઠ્યા હતા. પશ્ચીમાકાશ લોહીયાળ રંગે રંગાઈ ચુક્યું. એની આરપાર લાલચોળ આંખ કરીને ઢળી રહેલો તામ્રવર્ણી સુર્ય લાખા અને તેના સાથીને ડારી રહ્યો.

લાખાએ કહ્યું ," આ સુરજની જેમ ખાનનો સુરજ પણ આથમી જશે."

બન્ને આ મધુર કલ્પનાને વાગોળી રહ્યા. રાતનું અંધારું ઢળી વળ્યું; અને બન્ને કીનારે સોપો ઢળી ગયો.

આમ જ બીજો દીવસ પસાર થવામાં હતો; ત્યાં લાખાને સામી પાર પાછા વળી રહેલા લશ્કરથી ઘણે દુર કાંઈક પ્રવૃત્તી જણાઈ. જેમ જેમ લાખો તેની નજીક આવતો ગયો; તેમ તેમ વીગતો સ્પષ્ટ થવા માંડી. થોડાએક માણસો કોતરોની વચ્ચેના એક ઢોળાવ પરથી મોટા તરાપા નદીકીનારે લાવી રહ્યા હોય, તેમ જણાયું. લાખો અને તેનો સાથી દોડીને તે જગ્યાની બરાબર સામે પહોંચી ગયા. થોડીએક વારમાં તો નદીકીનારે દસેક તરાપા એકઠા કરવામાં આવી દીધા હતા.

લાખાને તરત સમજાયું," અરેરે! આ તો નદીની આ બાજુએ આવવાનો દાવ ઘડાતો લાગે છે." તેની આંખો ભયભીત બનીને કોડા જેવી થઈ ગઈ. એ બે એકલ દોકલ જણ કોઈ સંજોગોમાં આટલી મોટી સંખ્યામાં તરાપા પર સવાર થઈને આવતીકાલે નદી પાર કરનાર સેનાનો મુકાબલો કરી શકે તેમ ન હતું. કરાલ કાળ જેવો ખાન તેનો ત્રીજો સપાટો ફેરવવાનો ભયાનક દાવ ખેલી રહ્યો હતો.

તેણે તેના સાથીને કહ્યું," હું અહીં છુપાઈને આવતીકાલે સવારે આ તરાપા પર નદી પાર કરનારાઓનો મુકાબલો કરવા કોશીશ કરીશ. પણ તું આ ખબર આખી રાત દોડતો રહીને ગોવાને આપી આવ. ક્યાંય સહેજ પણ રાતવાસો કરવા રોકાણો તો તને જોગમાયાની આણ છે."

તેના સાથી જવાબ વાળ્યો," લાખા! તું મને કાચી માટીનો ધારે છે? મારા જાનની પરવા કર્યા વીના મોંકાણના આ ખબર હું ગોવાને સવાર થતાંમાં જ પહોંચાડી ના દઉં; તો મારી માડીનો જાયો નહીં. પણ લાખા તું એકલે હાથે આટલા બધાનો સામનો શી રીતે કરી શકીશ? તું પણ મારી હારે જ આવે તો?"

લાખાએ તેનો બરડો થાબડ્યો અને કહ્યું," હું થોડીક વાર પણ એ લોકોને નદી પાર કરતાં રોકી શકું તો, આપણી વસ્તીને આ નવા ભયને પહોંચવાની તૈયારી કરવાનો સમય મળી જશે. માટે તું મારી ચીંતા કર મા; અને ક્ષણનો પણ વીલંબ કર્યા વીના નીકળી પડ."

અને બીજે દીવસે સવારે તો ગોવા અને તેના સાથીઓને આ નવી આપત્તીની જાણ થઈ ગઈ. ખાનનો આ નવો પેંતરો ખતરનાક હતો. તેની સેનાનો મોટો ભાગ આ કીનારે આવી પુગવાનો હતો. એકલો લાખો તેનો કોઈ સંજોગોમાં મુકાબલો કરી શકે તે આકાશ કુસુમવત હતું.

ગોવાએ તેના બધા સાથીઓને એક્ઠા કર્યા; અને આ નવી આપદાનો શી રીતે મુકાબલો કરવો, તે માટે સલાહ સુચનો માંગ્યા. પાંચા જેવા પાંચાની બુધ્ધી પણ બહેર મારી ગઈ હતી. જ્યાં સુધી બન્નેની વચ્ચે નદી હતી; ત્યાં સુધી પાંચાના શસ્ત્રોના સહારે બધા સહીસલામત હતા. તેમનો વાળ પણ વાંકો થઈ શકે તેમ ન હતું. પાંચો લમણે હાથ દઈ, નીચા મસ્તકે બેસી પડ્યો.

ગોવાએ વીહા તરફ નજર નાંખી. ઓછું બોલનાર પણ બહુ ઉંડી સમજવાળા વીહા માટે ગોવાને બહુ આદર હતો. ઉમ્મરમાં તે મોટો હતો; એટલું જ નહીં; પણ એની નજર કાળને પણ વીંધી દુરના ભાવીને પારખી શકતી.

વીહાએ નીરાશાજનક અવાજે કહ્યું ," ગોવા! અત્યાર સુધી જોગમાયાએ આપણને સહાય કરી છે; પણ ઓણી ફેરી ખાનનો સપાટો આપણને ખતમ કરી નાંખે તેમ છે. બે બાજુના સાણસામાં આપણે ફસાવાના છીએ, તે નક્કી છે."

ગોવો કહે," પણ એનો કોઈ ઈલાજ?"

વીહો, :" એમાં તો પાંચો કાંઈક વીચારી કાઢે તો.. પણ મને એક વાત બહુ જરુરી લાગે છે.":

ગોવો," શું?"

વીહો, "આપણી સ્ત્રીઓ અને બાળકોને સહેજ પણ ઢીલ કર્યા વીના, અહીંથી દુર, સલામત સ્થળે ખસેડી દેવાં જોઈએ. આ વીદેશીઓ નીર્દય છે. મહીનાઓથી સ્ત્રીસંગ વીના રહેવાના કારણે એ બધા ભુરાંટા બનેલા હશે. આપણી સ્ત્રીઓના એમના હાથે બહુ ભુંડા હાલ થશે."

ગોવાને આ નકારાત્મક વેણ પાછળ રહેલી વીહાની મનોવેદના સમજાઈ. તેણે તત્કાળ બધા નેસવાસીઓને એકઠા કર્યા અને સ્પષ્ટ રીતે કહ્યું." વીહો બધી સ્ત્રીઓ અને બાળકોને બને તેટલો દુર લઈ જશે. સાથે દસેક બકરીઓ પણ લઈ જજો,"

રુપલી આ પ્રસ્તાવનો વીરોધ કરવામાં અગ્રેસર હતી. " અમે લોકો તમને કાળના મોંમાં મુકીને શી રીતે ભાગી જઈ શકીએ ? જ્યાં તમે લોકો ત્યાં જ અમે "



પહેલો ગોવાળીયો

ગોવાએ સત્તાવાહી અવાજે કહ્યું," રુપલી આ વાદ વીવાદ કરવાનો કે લાગણીશીલ બનવાનો સમય નથી. જમ પલકવાનો છે. બહુ મોટી સંખ્યામાં દુશ્મનનો આપણે સામનો કરવાનો છે. આપણાં બાળકોને આ સંકટમાંથી બચાવી લેવાનાં છે. એમનું જતન કરવાનું છે. તે કામ તમે સ્ત્રીઓ જ કરી શકશો. તમારી પોતાની સલામતી ખાતર નહીં પણ એમને ખાતર, વીહો જે કહે છે; તે ભારોભાર અક્કલવાળી વાતને તમારે બધાંએ માનવાની જ છે."

અને છેવટે બધાંની સમજાવટ બાદ રુપલી આ વાત સાથે મને કમને સમ્મત થઈ.

હીજરત માટે જરુરી બધો સામાન ભેગો કરવામાં આવ્યો અને છેવટે વીદાયની કપરી વેળા આવી પહોંચી. સૌ પોતપોતાની જીવન સંગીનીઓને ભેટ્યાં; અને બાળકોને વ્હાલભરી ચુમી ભરી બધાંએ ભારે હૈયે તેમના સ્વજનોને વસમી વીદાય આપી. અને હીજરતી કાફલાએ દખણાદી દીશામાં પારોઠનાં પગલાં ભર્યાં.

રુપલીએ છેલ્લી નજર તેના પ્રાણપ્રીય ગોવલા પર નાંખી. હવે કદી એ ચાર આંખનું તારામૈત્રક ફરી યોજાવાનું ન હતું. એ આંખોની આડે આંસુઓનો પડદો ફેલાયેલો હતો; અને એકબીજાનાં છેલ્લાં દર્શનને ધુંધળું બનાવી રહ્યો હતો. વીરહનો ન જીરવી શકાય તેવો ઓથાર એમનાં શેષ જીવન પર્યંત તેમનાં હૈયાં પર મણ મણનો પથરો બનીને ટીંગાયેલો રહેવાનો હતો. ન જીરવી શકાય તેવી એકલતા રોજના હુંફાળા સાથનું સ્થાન લઈ લેવા સર્જાઈ ચુકી હતી.

સવારના ઉજળા પહોરનો સુર્ય પણ ઘનઘોર, કાળાં ડીબાંગ વાદળોથી ઘેરાયેલો હોય તેવો ભાસતો હતો. એક ચીબરી દુર ઝાડ પર અરણ્યરુદન કરી રહી. તેનો વલવલાટ દુખી હૈયાંઓની વ્યથાને સુર આપી રહ્યો હતો.

અને ધીમે પગલે હીજરતી કાફલો દખ્ખણના ક્ષીતીજમાં અદ્રશ્ય બની ગયો. પણ ખાનના નાગચુડ જેવા જલ્લાદ સાણસામાંથી અણમોલ રત્નો છટકી ગયાં હતાં.

**અનુક્રમણીકા**

પહેલો ગોવાળીયો

## પ્રકરણ – 44 : કાળઝાળ આગ

ગોવાના નેસથી બે દીવસના અંતરે, નદીના નીચાણવાસમાં તે દીવસની સવારે સાવ અલગ જ નજારો હતો. ગોવાના નેસમાં છવાયેલી નીરાશા અને ભયની કાલીમાનો અહીં સદંતર અભાવ હતો. સામા કીનારે કોઈ જ વીરોધ નડવાનો ન હતો; તેની ખાતરીથી આખી સેના થનગનતી હતી. ઉત્સાહ અને તાકાતના તરવરાટમાં સૈનીકો ઉછળતા અને કુદતા, વીજયગીતો ગાઈ રહ્યા હતા. દસ દસ તરાપાઓ નદીને પાર કરવા તલપાપડ બની નદીનાં મોજાંની સાથે હાલમ ડોલમ થતા હતા. છેવટે બધી તૈયારીઓ પુરી થતાં, દસેય તરાપાઓ તરતા મુકાયા. દરેક પર બખ્તરધારી છ જણા સવાર હતા. સામે છેડેથી કશોય પ્રતીકાર ન થતાં, પહેલી વાર ખાનની સેનાના એક નાનકડા હીસ્સાએ નદી પાર કરી.

લાખાએ પહાડ જેવા ઉંચા અને ગોરા વાનના બે બંદીઓ જ જોયા હતા. પણ અહીં તો તેવા, જાડાં ચામડાંના બખ્તર અને શીરસ્ત્રાણ પહેરેલા સાઠ સાઠ જણા જમદુતની જેમ ઉભા હતા. દુર ઘાસમાં સંતાયેલા લાખાને કાળભૈરવ યાદ આવી ગયો. અહીં તો તેના દુતો જેવી લાગતી આખી સેના હાજરાહજુર હતી. અને એનાથી ઘણી મોટી આફત તો સામે કીનારે તરાપા પાછા વળે તેની રાહ જોઈ રહી હતી.

લાખાના આખાયે શરીરમાં ભયનું લખલખું ફરી વળ્યું. જીવતે જીવ, સાક્ષાત કાળભૈરવના દરબારમાં પહોંચી ગયો હોય; તેવી અનુભુતી તેને થવા લાગી. ક્ષણીક મુર્છામાં તેને કાળભૈરવ આકાશમાંથી અટ્ટહાસ્ય કરતો અને સત્યાનાશનો બીહામણો ઢોલ વગાડતો ભાસ્યો. તેના તાંડવ નૃત્યમાં તેને આખી ધરતી કાંપતી લાગવા માંડી. ઉપરથી આગ ઝરતો સુર્ય જાણે ધગધગતો લાવા ઓકી રહ્યો તેમ, લાખાની આખી કાયા ગરમ લ્હાય બની ગઈ. તેનું થરથરતું શરીર પસીને રેબ ઝેબ બની ગયું.

કોઈ સંજોગોમાં લાખો આ જમદુતોની સામે બાથ ભીડી શકે તેમ ન હતું. લાખો ઘાસના બીડમાં મુઠીઓ વાળીને નાઠો. સામેની દીશામાં તેજ ગતીથી વાતો પવન તેની દોડને હંફાવતો હતો. તેની બધી તાકાત કામે લગાડવા છતાં, તે પુરતી ઝડપથી ભાગી શકતો ન હતો. તેને પુંછડું ઉંચું કરી, પગ પછાડતા રાક્ષસી પાડા પર સવાર થયેલો અને મોંમાંથી આગ ઓકતો કાળભૈરવ ખુદ તેનો પીછો કરી રહ્યો હોય તેમ લાગ્યું. એના મોંમાંથી લપકતી આગ તેને એક જ ઘડીમાં ભસ્મીભુત કરી દેશે તેમ લાગવા માંડ્યું. સદભાગ્યે સામેથી વાતો પવન આ આગને તેની નજીક આવવા દેતો ન હતો. થોડીક જ ઘડીઓ અને કાળભૈરવ એક જ સપાટામાં તેના પ્રાણ હરી લેશે , તેમ લાખાને નીશ્ચીત લાગ્યું.

પણ ..

થોડેક દુર ભાગીને લાખો અચાનક ઉભો રહી ગયો. તેના મનમાં સો સો વીજળીઓ ત્રાટકે તેવો ઝબકારો થઈ આવ્યો. લાખાએ પોતાના પેટ પર ચુંટલી ખણી જોઈ. કાળભૈરવ તેને ડારતો ન હતો; પણ કાંઈક અગડં બગડં રસ્તો બતાવી



પહેલો ગોવાળીયો

રહ્યો હતો. સાદા સીધા અને થોડાક મુરખ જેવા લાખાના મગજમાં કાળભૈરવના પ્રતાપે, વીચારોની વણઝાર વીજઝડપે ઉમટવા લાગી હતી.

કોઈક અજાણી શક્તીએ તેને ઉશ્કેર્યો. જાણે કે તે લાખો જ રહ્યો ન હતો. તે કાળભૈરવનો દુત બની ગયો હતો. તે નીચે બેસી ગયો અને શરીર પર ઓઢેલા ચામડાંમાં વીંટી રાખેલા બે ચકમક પથ્થર હાથમાં લીધા. આજુબાજુથી સુકું ઘાસ એકઠું કર્યું. આઠ દસ પ્રયત્ને ઘાસની નાનકડી પુળીમાં આતશ પ્રગટ્યો. તેણે ઘાસનો એક લાંબો પુળો એમાં ઉમેર્યો. આગ વધારે પ્રદીપ્ત બની. બીજો પુળો લઈ તેણે ઘાસના બીડમાં થોડે થોડે અંતરે પલીતા મુકવા માંડ્યા. ઘાસ લીલું હોવાના કારણે આગ પકડતાં થોડીક વાર જરુર લાગી. પણ છ છ ફુટ ઉંચું ઘાસ અનેક જગ્યાએ સળગવા લાગ્યું. લાખો થોડેક દુર ઉભો રહીને તેની આ નવી, હેરતભરી કામગીરીને નીહાળી રહ્યો.

સુસવાટા મારતા પવને હવે બાકીનું કામ સંભાળી લીધું હતું. પ્રચંડ આગની એક દીવાલ લાખાથી દુર અને દુર, ઓલ્યા કાળમુખાઓ તરફ મંથર ગતીએ ધસવા લાગી હતી. કાળભૈરવે લાખાને પોતાની ગોદમાં લીધો હતો. હવે તે તેનો પનોતો પુત્ર બન્યો હતો. સામી સેનાને ઝબે કરવા, એક અવનવી યુક્તી કાળભૈરવે તેને આ આપતકાળમાં સુઝાડી હતી. લાખો આનંદના અતીરેકમાં નાચવા અને કુદવા લાગી ગયો.

સામેના સૈનીકો અને સરદારો તેમના તરફ સરકી રહેલી આગની દીવાલ જોઈ કીંકર્તવ્ય વીમુઢ બની ગયા. આગેકદમ કરવાના હુકમના સ્થાને નદીના પટમાં પીછેહઠ કરવાના હુકમો અપાયા. નદીના પટમાં ઉભા ઉભા, બધા વકાસેલા મોંએ તેમની તરફ ધીમી ગતીએ સરકી રહેલી આ આપત્તીને નીહાળી રહ્યા. સામે પાર પહોંચી ગયેલા ખાલી તરાપાઓ ફરીથી ભરવાને બદલે ત્યાં પણ બધા આ નવો ફીયાસ્કો વીવશતાથી જોઈ રહ્યા. જ્યાં સુધી આગ ઠરી ન જાય; અથવા સામે પારના ઉતરાણના સ્થળેથી દુર જતી ન રહે, ત્યાં સુધી બધી પ્રવૃત્તી સ્થગીત કરી દેવી પડી.

ફરી વાર ખાને પગ પછાડ્યા. ગુસામાં તેનો ચહેરો લાલચોળ બની ગયો. દુરંદેશીના ખજાના જેવા એ રાજપુરુષને તરત જ સુઝી આવ્યું કે, સામે પાર આગનો ભય દુર થાય તો પણ કોઈ શીકાર હાથ લાગવાનો ન હતો, તેની સેનાએ ધીકતી ધરા પર જ કુચ કદમ કરવાની હતી.

ખાને નીષ્ક્રીય બની, હાથ જોડીને ઉભેલા પોતાના સરદારોને હુકમ આપ્યો," આપણે અહીં મંજીરાં વગાડતાં ઉભા રહેવાનું નથી. આગ દુર થઈ જાય પછી પણ સામે પાર ખાવા માટે કશો જ શીકાર આપણને મળવાનો નથી. સામા કીનારે, બધાં જાનવર આગથી ડરીને દુર દુર ભાગી ગયાં હશે. આપણા સૈનીકોને ખાલી ઉભા રહેવા કરતાં આપણા કીનારે શીકાર શોધી, જમવાની વ્યવસ્થા કરવામાં જોતરો."

કાળભૈરવ ગોવાની વસ્તીના સહારે આવ્યો હતો. ખાનને માટે, પરાજયના નાના ભાઈ જેવી, આ ઠીક ઠીક લાંબી નીવડે તેવી રુકાવટ હતી. સાણસા વ્યુહનું આ પાંખીયું એક બે દીવસ માટે થંભી ગયું હતું. નેસની સ્ત્રીઓ અને બાળકોને સલામત જગાએ હીજરત કરી જવા માટે જરુરી સમય જોગમાયાએ નહીં પણ કાળભૈરવે બક્ષ્યો હતો.

અને આ અભુતપુર્વ કામગીરીની ગોવાને ખબર આપવા, લાખો તેજ કદમથી નેસ તરફ પાછો વળ્યો. **અનુક્રમણીકા**

પહેલો ગોવાળીયો

## પ્રકરણ – 45 :  ઘમસાણ યુધ્ધ

લાખો પરાક્રમ કરીને પાછો આવ્યા બાદ બે એક દીવસે ખાનની સેના આવી પહોંચશે; તેવો અંદાજ ગોવા અને પાંચાને હતો. પણ સાત દીવસ થઈ ગયા; છતાં કોઈ હીલચાલ જણાતી ન હતી. ખાનના લશ્કરે  જ્યાં પડાવ કર્યો હતો; તે જગ્યાએ ગોવાએ બીજા બે જાસુસ રાખ્યા હતા. પણ એમના તરફથી પણ કોઈ વાવડ ન હતા. આ શાંતી અકળાવનારી હતી.

અને છેવટે એક જણ પાછો આવ્યો. તે વીચીત્ર સમાચાર લાવ્યો હતો. તેણે ખબર આપી,

" ખાનની સેના બળી ગયેલા ઘાસના મેદાન તરફ તો આવી ગઈ છે. પણ પડાવ નાંખીને પડી છે.  પડાવની અંદર કશીક પ્રવૃત્તી ચાલતી હોય તેમ લાગે છે; પણ તે શું છે તે ખબર પડતી નથી. સેનાનો અડધો ભાગ ગોવાના નેસ તરફ આવવાના બદલે દખણાદી દીશામાં કુચકદમ કરી ગયો છે. મારો સાથી એના સગડ ચાંપતો ગયો છે; પણ કશા સમાચાર લઈ પાછો આવ્યો નથી."

ગોવા અને પાંચાને કશું સમજાયું નહીં. ખાનની વ્યુહરચના શી છે; તેનો અંદાજ કળવો બહુ મુશ્કેલ હતું.

પાંચો," ગમે તે હોય; આપણે મુકાબલાની તૈયારીઓમાં ઢીલ ન કરવી જોઈએ. આગ ફેંકતાં તીર બનાવવાનું આપણે ચાલુ જ રાખીએ."

કાળુ," આ ઢીલને કારણે બીજી એક રીતે આપણને બહુ મોટો ફાયદો થયો છે,. વીહો , સ્ત્રીઓ અને બાળકો અત્યાર સુધીમાં મોટી નદીની ઓલે પાર હાથીઓના પ્રદેશમાં પહોંચી ગયા હશે. હવે એ બધાં સહીસલામત થઈ ગયાં હશે."

ગોવો ," કાળીયા, પહેલી વખત તેં અક્કલવાળી વાત કરી !"

બધા ખડખડાટ હસી પડ્યા. ઝળુંબી રહેલા કાળઝાળ  ભયની વચ્ચે આ હળવાશ બધાને ઠીક ઠીક માફક આવી.

આમ વાત ચાલતી હતી, ત્યાં જ દુર ક્ષીતીજમાં કાંઈક હીલચાલ જણાઈ. બળી ગયેલા ઘાસને કારણે હવે દુર સુધી જોઈ શકાતું હતું. એક કાળી લીટી ક્ષીતીજ પર દેખાણી. ધીમે ધીમે એ લીટી મોટી થતી ગઈ. થોડીક વારમાં કાળા બખ્તર પહેરેલું એક ટોળું નજીક આવી રહ્યું છે; તે નીર્વીવાદ હતું. ગોવાએ બધાને સાબદા બનવા અને આગ ફેંકતા તીર તૈયાર રાખવા જણાવ્યું. એમને ચેતાવવા આગનાં થોડાક તાપણાં પણ તૈયાર કરવામાં આવ્યા.

પાંચાએ કહ્યું ," હું કહું ત્યારે એક સાથે એમની ઉપર આ તીરનો મારો ચલાવવાનો છે."



પહેલો ગોવાળીયો

થોડોક સમય વીત્યો અને ખાનની સેના તીર પહોંચી શકે તેટલી નજીક આવી ગઈ. ગોવાના સાથીઓએ તાકીને આગ ઓકતા પચાસ તીર એક સાથે વીંઝ્યાં. પણ આ શું? સામેની સેનાના અમુક સૈનીકો ચામડાની મશકમાં પાણી ભરીને લાવ્યા હતા. તીરમાંથી છુટી થઈ ઢોળાયેલી ચરબી આગ પકડે ન પકડે, તે પહેલાં એની ઉપર પાણીની વર્ષા થઈ અને આગ હોલવાઈ ગઈ. તરાપાઓ પર અમોઘ પુરવાર થયેલું પાંચાનું શસ્ત્ર, હવે સાવ બેકાર હતું. સામેના બધા સૈનીકોએ બાઈસનના ચામડાંનાં બખ્તર પહેરેલાં હોવાથી સાદાં તીર પણ સાવ અર્થહીન જ હતાં.

ગોવાની તરફે સોપો પડી ગયો, હવે તો હાથોહાથની લડાઈનો કોઈ જ વીકલ્પ ન હતો. ગોવાએ આદેશ આપ્યો,"ધનુષ્યબાણ બાજુએ મુકીને પથ્થરના ફણાં વાળા ભાલા હાથમાં પકડો."

સામેની સેનાની આગલી હરોળને ઓળંગીને ખાન અને તેના ચાર સાથીઓ આગળ આવ્યા. તેમના હાથમાં ઝાડની મજબુત ડાળીઓ સાથે મોટા કદના પથ્થર બાંધેલી ગદાઓ હતી. બહુ તાકાત અને ચપળતાથી તેઓ આ ગદાઓ વીંઝતા ગોવાના સાથીઓ પર ધસી ગયા.

ઘમસાણ યુધ્ધ મચી ગયું. બન્ને બાજુ લોથની લોથ પડવા માંડી. પણ ચામડાના બખ્તર વીંધીને મરણતોલ ઘા કરવામાં ભાલા બહુ કામીયાબ ન રહ્યા. એની સામે પ્રચંડ જોરમાં બલીષ્ટ ભુજાઓ વડે વીંઝાતી ગદાના પ્રહારમાં રુપલીનાં બનાવેલાં વાંસની સોટીઓના બખ્તરોની તો કડેડાટી બોલી ગઈ. ગદાનો એક જ ઘા અને ગોવાનો એક સાથી ખતમ.

થોડીક જ વારમાં ગોવાને સમજાઈ ગયું કે, આ મુકાબલાનો કશો અર્થ ન હતો. આમ જ લડાઈ ચાલુ રહે તો ખાનની સેંકડોની સેના સામે તેના પચાસે પચાસ નવજુવાનો ખપી જાય. તેણે પીછેહઠ કરવાનો આદેશ આપ્યો. બધા મુઠીઓ વાળીને ભાગ્યા .

અને આ શું ?

એ દીશામાંથી પણ આવી જ બીજી સેના યુધ્ધના સ્થળ તરફ કુચ કદમ કરતી આવતી જણાઈ. બેબાકળા બનીને ગોવાએ નદી તરફ નજર કરી, કદાચ તરાપાઓ લાંગરી સામે પાર ભાગી જવાય, પણ સામેની બાજુના ચાર તરાપા નદીની મધ્ય સુધી આવી ગયા હતા. ખાનના સાણસાએ ત્રણ તરફથી ગોવાને ઘેરી લીધો હતો.

અસહાય બનેલો ગોવો કાંઈ વીચારી શકે તે પહેલાં, ખાને કશુંક મોટેથી કહ્યું. તરત ભુલાએ એનું ભાષાંતર કરીને મોટે અવાજે વીજયઘોષ કર્યો અને કહ્યું," ગોવા ! જાન બચાવવી હોય તો શસ્ત્રો નીચે મુકી શરણે થાઓ; નહીં તો તમારામાંનો એક જણ પણ બચી શકશે નહીં."

બે ઘડી બન્ને બાજુએ બધા ગોવો શું જવાબ આપે છે ; તેની રાહ જોતાં અટકી ગયા. ગોવો જોગમાયાને યાદ કરી રહ્યો હતો. તેના જાતીભાઈઓને સહાય કરવા તેણે જોગમાયાને મનોમન કાકલુદી કરી. તેની મીંચેલી આંખોએ જોગમાયાની મ્લાન સુરત નજરે ચઢી. જોગમાયા પણ ચોધાર આંસુએ આક્રંદ કરી રહ્યાં હોય; તેવો ભાસ ગોવાને થયો. હવે કશો

ઉપાય ન હતો શરણાગતી સીવાય હવે કોઈ આરો ન હતો. ગોવાએ પાંચા સાથે ઝડપી સંતલસ કરી અને પોતાના હાથમાંના ભાલા ફેંકી દીધા. ગોવાના બધા સાથીઓ પણ તેને અનુસર્યા.

ખાન અને જગ્ગાએ કશીક મસલત કરી અને જગ્ગાએ સત્તાવાહી સ્વરમાં જાહેર કર્યું ,"શરણે આવેલા બધા અમારી રૈયત છે. કાલે સવારે ખાન બહાદુરનો દરબાર ભરાશે અને તેમાં આગળ માટેના નીર્ણયો જાહેર કરાશે." ભુલાએ આ જાહેરાત મેદાન વાસીઓને કહી સંભળાવી.

ખાનની સેનાના સૈનીકો આગળ આવ્યા અને બબ્બે જણ ગોવા અને તેના સાથીઓને દોરડાથી બાંધીને ગોવાના નેસ તરફ દોરી ગયા. ગોવાના દસ સાથીઓ અને ખાનના પાંચ સૈનીકો  મરણ શરણ થયા હતા. ગોવાના બાકીના ચાલીસ સાથીઓ પોતાના જ થાનકમાં ખાનના બંદીવાન બની રહ્યા.

વીહાની મનોવ્યથા અને તેનું ભાવીદર્શન કરુણ રીતે સાકાર થયાં હતાં. હવે આવનારાં સર્વનાશ અને તબાહીને કોઈ રોકી શકે તેમ ન હતું.  ખાનની સેનાની પાછળ ડોકાં દેતું બળેલું ઘાસ આ ભવીતવ્યનું અમંગળ પ્રતીક બનીને બીહામણું હાસ્ય કરી રહ્યું.

**અનુક્રમણીકા**

પહેલો ગોવાળીયો

## પ્રકરણ – 46 :  ગોવાનો ખાન સાથે મેળાપ

બપોરનું જમણ પત્યા બાદ, ખાને ગોવાને પોતાના તંબુમાં બોલાવ્યો. ખાનના સૈનીકોએ ગોવાના નેસના વાડામાં, ગોવાના તંબુ કરતાં ઘણો મોટો તંબુ તાબડતોબ ઉભો કરી દીધો હતો. હવે ગોવાને બાંધેલાં દોરડાં છોડી નાંખવામાં આવ્યા હતા. માત્ર ચાર સશસ્ત્ર સૈનીકો જ તેની આજુબાજુ ચોકી માટે સાથે હતા.

ગોવાનો તંબુ તો ખાનના તંબુ આગળ દરીદ્રની ઝુંપડી જેવો હતો. ગોવાના તંબુમાં પ્રવેશદ્વારના સ્થાને રાખેલ ચામડું આડું કરવામાં આવે તો અંધારું  થઈ જતું, અને જમીન પર તો સુકું ઘાસ જ પાથરેલું રહેતું.  ખાનના આ કામચલાઉ તંબુને ત્રણ બારીઓ હતી; જેમાંથી તંબુમાં ઉજાસ ફેલાયેલો હતો. જમીન પર પણ હરણમાં ચમકતાં ચામડાં પાથરવામાં આવ્યા હતા. તંબુની દીવાલો પર ખાનના પ્રદેશમાંથી લાવેલ મોતી, ચમકતા પથ્થર અને બાઈસનની ખોપરીઓ જેવી મુલ્યવાન ચીજોના શણગાર કરેલા હતા. અરે! આનંદોત્સવ વખતે જોગમાયાની ગુફાનો શણગાર પણ આની આગળ ઝાંખો પડે તેવો હતો.

આવા ઝાકઝમાળ તંબુમાં ખાન, જગ્ગો અને ભુલો વાઘના ચામડાંઓથી મઢેલ લાકડાંઓના ખડકલાથી બનાવેલ મોટા ઓટલા પર બેઠેલા હતા. ખાને ઈશારો કરી સૈનીકોને તંબુની બહાર જવાનું કહ્યું; અને ગોવાને માનભેર પોતાની સાથે ઓટલા પર બેસવાનું આમંત્રણ આપ્યું. ગોવો ક્ષોભમાં થોડો ગલવાયો; પણ જોગમાયાને યાદ કરી, ઉન્નત મસ્તકે ઓટલા પર સામે બેઠેલા મહાનુભાવોને નીહાળી રહ્યો. ભુલા સાથે નજર મળતાં તીરસ્કારની એક લહેરખી ગોવાના મુખ પર ફરી વળી. આણે જ આખી જમાતનો દ્રોહ કર્યો હતો. આણે જ આ તબાહીને ખેંચીને આણી હતી. રુપલીએ દયા કરી તેને જવા ન દીધો હોત તો એ આજથી વર્ષો પહેલાં કાળભૈરવના શરણે થઈ ગયો હોય. પણ ખાન સાથેની હવે પછીની વાતચીતમાં, ભુલાની અનીવાર્યતા સમજીને ગોવો આ કડવો ઘુંટડો, કમને ગળી ગયો.

ખાને કહ્યું ," ગોવાજી! અમારા સામ્રાજ્યમાં આપનું સપ્રેમ સ્વાગત છે. હવે આપણી વચ્ચે કોઈ દુશ્મનાવટ નથી."

ગોવો મરડમાં બોલ્યો," આપ દુશ્મન બનીને આવ્યા છો. અમારે તો ક્યાં કોઈની સાથે એમ હતું?"

ખાન ," જે થયું તે આપ ભુલી જાઓ. તમારી વીરતા અને નવી વીદ્યાઓ હાંસલ કરવાના તમારા સામર્થ્યને મારી સો સલામ. હવે આપને મારા  મીત્ર બનવાનું મારું આમંત્રણ છે."

ગોવો, " મીત્ર શાના ? અમે તો તમારા શીકાર છીએ."

ખાન," હા! મને અવનવા પ્રદેશો મારી હકુમતમાં આણવાનો શોખ જરુર છે. બોલો તમારી સાથે હું કેવો વ્યવહાર કરું?"

ગોવો," મને મીત્ર કહ્યો છે, તો મીત્રને  છાજે તેવો."



પહેલો ગોવાળીયો

ખાન ," મારા વતી તમારા પ્રદેશનું શાસન કરવાનું સ્વીકારશો? "

આ વાક્ય ગોવાને સંભળાવતાં ભુલાના પેટમાં તેલ રેડાયું. ખચીત ખાનને ભુલા કરતાં ગોવો વધારે ગુણવાન અને ચાલાક જણાયો હતો. ખાન સાથેની તેની મીત્રતાનો અંત આવતો તેને જણાયો. તેણે કરેલી બધી જફા એળે જશે કે શું? મોંમાં આવેલો કોળીયો ઝુંટવાઈ જશે કે શું?' ભુલાને ખાનની આ ઉદારતા બીનજરૂરી અને પોતાનાં હીતને જોખમાવતી લાગી. પણ તેની પાસે ખાનની ઈચ્છાનો કોઈ વીકલ્પ પણ ક્યાં હતો?

ગોવો," અમે સ્વતંત્ર હતા, ત્યારે પણ હું કોઈ જોહુકમી કરતો ન હતો. અમે બધાં તો કુટુમ્બીઓની જેમ રહેવા ટેવાયેલા છીએ."

ખાને કરડાકીથી કહ્યું, "બદલાયેલા સંજોગોમાં તમારે અમારી રીતે જીવવાનું સ્વીકારવું પડશે."

ગોવો ," અમે લોકો તો સ્વતંત્ર પંખીની જેમ રહેનારા છીએ. હું આપનો આશ્રીત બનવા કરતાં મરવાનું વધારે પસંદ કરીશ. "

ખાન ત્વરીત નીર્ણય લેવા ટેવાયેલો હતો. " જેવી તમારી ઈચ્છા. મેં તો તમને એક તક આપી. હવે અહીંના મારા સુબા તરીકે બીજી કોઈ વ્યવસ્થા વીચારવી પડશે."

ભુલાના પેટમાં ટાઢક વળી. ગોવાનો ગર્વ ભુલાને મીઠો મધ જેવો લાગ્યો.

ખાને તરત બીજો વીષય છેડ્યો. " તમારી સ્ત્રીઓ કેમ દેખાતી નથી? "

ગોવો ," તમે લોકો સ્ત્રીઓને ખરાબ નજરથી જુઓ છો; એમની સાથે અણછાજતો વ્યવહાર કરો છો : તેવી અમને જાણ થતાં, અમે તેમને અહીંથી દુર, મોકલી દીધી છે."

ખાન ," સ્ત્રીઓ તો પુરુષોને આનંદ આપવા માટે બનાવાયેલી છે; એમ અમે માનીએ છીએ. અમારી સ્ત્રીઓ પણ આવા જ વીચારની હોય છે. કોઈ પણ પુરુષ સાથે મુકત સહવાસને એ બધીઓ આનંદથી માણતી હોય છે."

ગોવો ." એ તમારી રીત હશે. અમારી નજરે તો દરેક સ્ત્રી એક માતા છે – અમારી જોગમાયા જેવી."

ખાન વ્યંગમાં હસ્યો," તમે તમારી માતાની સાથે સંહવાસ કરો છો?"

ગોવો સમસમી ગયો. તેને ખાનના પ્રદેશની બાઈસનના શીકાર નૃત્યની ખબર હતી. તેણે કહ્યું ," તમે તો જેને મહાન તત્વ ગણો છો; તેની ક્રુર રીતે હત્યા કરતા હો છો."



પહેલો ગોવાળીયો

ખાને કહ્યું," આ ચર્ચાનો કશો અર્થ નથી. આપણી માન્યતાઓ એકબીજાથી સાવ વીપરીત છે. પણ સ્ત્રીના મા બનવાને તમે માન આપો છો; તે મને ગમ્યું. એ ભાવનાનો આદર કરવાનું અમારે શીખવું પડશે. પણ મીત્રતાનો મેં લંબાવેલો હાથ તમે ઠુકરાવ્યો છે; આથી તમારે માટે મારે બીજી કોઈ વ્યવસ્થા વીચારવી પડશે.ચાલો, કાલ સવારની સભામાં મારા આખરી નીર્ણયો હું જાહેર કરીશ."

જગ્ગાએ તાળી પાડી સૈનીકોને તંબુની અંદર બોલાવ્યા અને એમની સાથે ગોવાને વીદાય આપી. ગોવાના ગયા બાદ ખાને બીજા સરદારોને મંત્રણા માટે પોતાના તંબુમાં બોલાવ્યા.

અનુક્રમણીકા

પહેલો ગોવાળીયો

## પ્રકરણ – 47 : ખાનની વીજયસભા

બીજા દીવસની સવાર...ગોવાના નેસમાં એક નાનકડું મેદાન હતું, જ્યાં સામાજીક પ્રસંગો ઉજવાતા. આખું મેદાન હકડેઠઠ ભરેલું હતું. વચ્ચે સ્થાનીક, બંદીવાન વસ્તી ઉભેલી હતી અને તેમની ત્રણ બાજુએ ખાનની સેનાના સૈનીકો કીલ્લેબંધી કરીને ખડા હતા. સામે ઝાડના થડોનો ખડકલો કરીને, રાતોરાત એક મંચ બનાવવામાં આવ્યો હતો. મંચને હરણના ચામડાંથી મઢી દીધો હતો. એની આજુબાજુ ઝાડનાં થડ ઉભા કરી, થાંભલા બનાવ્યા હતા. દરેક થાંભલા પર મોતી, ચમકતા પથ્થર, પક્ષીઓનાં પીંછાં અને જનાવરોનાં હાડકાંની પાંસળીઓ લટકાવી સુશોભન કરવામાં આવ્યાં હતાં. વચ્ચે વાઘનાં ચામડાં બીછાવી, ખાન અને તેના સરદારો માટે આસન તૈયાર કર્યાં હતાં.

આવો અને આટલો વૈભવ અને રુઆબ, ગોવાના નેસે કદી ભાળ્યાં ન હતાં. બધા સ્થાનીક રહેવાસીઓ ફાટેલી આંખે આ નવો નજારો નીહાળી રહ્યા હતા. તેમના સામાજીક અને ધાર્મીક પ્રસંગોએ કદી આટલો ભપકો થતો ન હતો. ખાનના બે ત્રણ સૈનીકો ઢોલ અને વાંસની શરણાઈ વગાડી, કોઈ નવા જ તાલનું સંગીત ફેલાવી રહ્યા હતા. આ સંગીતના તાલે દસ બાર સૈનીકો અવનવી અંગભંગી સાથે નૃત્ય કરી રહ્યા હતા. બીજા વીસેક સૈનીકો કાળા બખ્તર અને શીરસ્ત્રાણ પહેરી ખડે પગે મંચની ચોકી કરવાના કામમાં પુતળાની જેમ સતર્ક ઉભા હતા. તેમના હાથમાં ડર પહોંચાડે તેવાં, પથ્થરની ગદાઓ કે ભાલા હતાં. કોઈની તાકાત ન હતી કે, આ જડબેસલાક વ્યવસ્થાને મીનમેખ અસર કરી શકે.

સ્વાભાવીક રીતે મહાનુભાવોના આગમનની રાહ જોવાઈ રહી હતી. સ્થાનીક લોકો ભયભીત અને ચીંતાગ્રસ્ત મુદ્રામાં ‘હવે શું થશે?’ તેની અટકળો મનોમન કરી રહ્યા હતા. કાળુ અને લાખો તો યુધ્ધમાં મરણ શરણ થયા હતા. ગોવાનો એક માત્ર નીકટનો સાથી, પાંચો મ્લાન વદને, આ વસ્તીમાં અલગ તરી આવતો હતો. તેને ગોવાની ચીતા બહુ સતાવતી હતી. બંદી બન્યા બાદ, ગોવાને બધાથી અલગ રાખવામાં આવ્યો હતો. પાંચાને ડર હતો કે, કદાચ તેની હત્યા કરી નાંખવામાં આવી હોય.

અને બધાંની આતુરતાનો છેવટે અંત આવ્યો. ખાનના તંબુમાંથી એક રસાલો મેદાન તરફ મંદ ગતીએ બહાર નીકળ્યો. વીસેક અંગરક્ષકોની વચ્ચે જગ્ગો, ભુલો, નદી પારના કબીલાના મુખીયા અને બીજા ચારેક સરદારો આંખો ચાર થઈ જાય તેવા ભભકાદાર દેખાવમાં, ગૌરવથી મસ્તક ઉંચું કરીને ચાલતા હતા. એ બધાની વચ્ચે માથે પીંછા અને મોતીથી સજાવેલો મુગટ પહેરેલો ખાન તરત જુદો તરી આવતો હતો. આ બધાંની પાછળ ગરીબડા દેખાવવાળો અને સાવ સામાન્ય દેખાતો, ગોવો માથું નીચું કરી ઘસડાઈ રહ્યો હતો. પણ, બધાના આશ્ચર્ય વચ્ચે, ગોવાને કોઈ દોરડાં બાંધેલાં ન હતાં. ગોવાને સાજો સમો જોઈ; બધાના મનની આશંકાઓ નીર્મુળ થઈ. ખાસ તો પાંચાને ટાઢક વળી. એનો જીગરી દોસ્ત સહીસલામત હતો.



પહેલો ગોવાળીયો

આ હાઉસન જાઉસનને આવતું જોઈ, ખાનના સૈનીકોએ વીજયઘોષ કરી, ખાનની સવારીને આવકારી. સંગીતનો તાલ ઝડપી બન્યો. લશ્કરની આગેકુચ થતી હોય, તેવા તાલેતાલે, નૃત્યકારોના લયે પણ વેગ પકડ્યો. ખાનના સૈનીકોનો ઉમંગ અને હર્ષોલ્લાસ ચરમસીમાએ પહોંચી ગયા.

આવો મહાન ઉત્સવ ગોવાના નેસમાં કદી ઉજવાયો ન હતો. પણ સ્થાનીક વાસીઓના મનમાં આ બધો ઠઠારો કશો ઉત્સાહ જન્માવી શકે તેમ ક્યાં હતું? ઉલટાંના નીરાશા અને હતાશા વધારે ઘેરાં બન્યાં હતાં. બન્નો અને નદીની ઓલીપારના વાસીઓ પણ આનાથી પર ન હતાં. ખાનને સાથ આપવાના માઠાં પરીણામ હવે તેમને સમજાયાં હતાં. સમગ્ર વસ્તીને માથે ત્રાટકી પડેલ ગુલામીનો અહેસાસ સૌ અનુભવી રહ્યાં હતાં.

છેવટે ખાનના રસાલાએ મંચ પર સ્થાન ગ્રહણ કર્યાં. બધાના આશ્ચર્ય વચ્ચે, ગોવાને પણ મંચ પર બેસવાનું કહેવામાં આવ્યું. નદીપારના કોતરમાં રહેતા બન્નોને મોટાં પાનનો એક વીંઝણો આપી; ખાનની ઉપર સતત શીતળ હવા પ્રસરાવતા રહેવાનું કામ સોંપવામાં આવ્યું હતું. મને કમને તેણે આ દાસકર્મ શરુ કર્યું. તેણે કરેલા દગાની આ સજા તે કડવા દીલથી ભોગવી રહ્યો હતો.

હવે બાઈસનના શીકારનો નાચ શરુ થયો. મેદાનવાસીઓ માટે આ અવનવું કરતુક હતું. જોગમાયાની સ્તુતીમાં કરાતાં નાચ કરતાં આ જુદો જ તાસીરો હતો. બાઈસન સાથેની ઝપાઝપીમાં છેવટે બાઇસનનો ભોગ લેવાનો અભીનય થયો. બાઈસનના રુપમાં ગોવાની પ્રજાને પોતાની કમનસીબીનાં દર્શન થઈ રહ્યાં.

અને એકાએક  શાંતી ફેલાઈ ગઈ. ખાનના મુખ્ય સરદારે સમારંભની શરુઆત કરતાં કહ્યું ,"નામદાર ખાન બહાદુરને ઘણી ખમ્મા! આજના આ વીજયોત્સવમાં ખાન બહાદુર વતી હું સૌનું સ્વાગત કરું છું; અને આપણા લાડીલા, મહાન રાજવી ખાન બહાદુરને હવે પછી આ પ્રદેશના વહીવટ માટેની જાહેરાતો કરવા વીનંતી કરું છું. "

અલબત્ત સભાની સમગ્ર કાર્યવાહીનું ભાષાંતર કરી, સ્થાનીક લોકોને જણાવવાની જવાબદારી ભુલાની હતી. સ્થાનીક લોકો મનમાં દબાવેલા તીરસ્કારથી તેમના આ દગાખોર સાથીને કમને સાંભળી રહ્યા. પોતાના જ એક જુના સાથીના મોંમાંથી આ વચનો સૌને કડવાં ઝેર જેવાં લાગતાં હતાં. તે સરદારે ઉમેર્યું ," ગોવાના સાથી પાંચાને હું મંચ ઉપર આવવા આમંત્રણ આપું છું." આ આદેશે બે સૈનીકો પાંચાને મંચ ઉપર લઈ ગયા.

હવે ખાન ઉભો થયો અને તેણે જણાવ્યું ," અમે તમારી વસ્તી પર કબજો જમાવ્યો છે, તે અલબત્ત તમને કોઈને પસંદ નહીં જ હોય. પણ અમારી તાકાત તમે નજરે નીહાળી છે. અત્યારે, અહીં જે હયાત છે; તે તો અમારી તાકાતનો એક નાનકડો હીસ્સો માત્ર જ છે. અમારી ઘોડેસ્વાર સેના પણ થોડા વખતમાં આવી પહોંચશે. આથી કોઈના મનમાં વળતો પ્રહાર કરી અમને હંફાવવાની, ચીત કરવાની છુપી મહેચ્છા હોય; તો તેને સાવ અર્થહીન માનજો.

પણ અમારી નીતી હમ્મેશ માટે રહી છે કે, અમારી રૈયતના અમે રક્ષક છીએ. અમારું શાસન સ્વીકારે , તે સૌ કોઈ અમારા મીત્ર છે. આથી આપણી વચ્ચે એક નવો મીઠો સંબંધ આજથી શરુ થાય છે. તમારા લાડીલા નેતા ગોવાએ અમારી વતી આ પ્રદેશનું શાસન કરવા તૈયારી બતાવી નથી. આથી આ સમગ્ર પ્રદેશનું શાસન જગ્ગો કરશે, તેની

સહાયમાં ભુલો પ્રધાન હશે. આ બન્ને જે હુકમો અને નીયમો કરે; તે અહીં રહેનાર સૌ કોઈને બંધનકર્તા રહેશે. બન્ને અહીં ઉભા કરવામાં આવેલા તંબુમાં રહેશે; અને તેમની સાથે અમારા સો સશસ્ત્ર સૈનીકો પણ હશે. આ બધાંનું ગુજરાન અને સગવડની જવાબદારી નેસવાસીઓએ નીભાવવાની છે. દર વર્ષે, વસંત ઋતુ બેસતાં, આ વહીવટદારોએ અમારા પ્રદેશમાં અમને નજરાણું મોકલવાનું રહેશે; અને નવા સૈનીકો પેશ કરવાના રહેશે. "

હવે પાંચા તરફ ફરીને ખાને ઉદબોધન કર્યું," ભાઈ, પાંચા! આપણી વચ્ચે થયેલ મુઠભેડમાં તમે જે વ્યુહરચના અને ટુંકા ગાળામાં નવાં શસ્ત્રો વીકસાવવાનું  કૌશલ્ય પ્રદર્શીત કર્યાં છે; એની હું સરાહના કરું છું. આ આવડતનો અમારા સમગ્ર સામ્રાજ્યને લાભ મળે, તેવી અમારી ઈચ્છા છે. છ મહીનાથી અમે અમારા પ્રદેશથી દુર છીએ. આથી આવતીકાલે જ અમારી વળતી સફર શરુ થશે. ગોવો અને પાંચો બન્ને અમારી સાથે, અમારા પ્રદેશમાં અમને સાથ આપશે "

આ સાંભળી ગોવો અને પાંચો તો અવાચક જ થઈ ગયા. આવી ભયાનક સજાની તેમને સ્વપ્ને પણ કલ્પના ન હતી.

ખાને એક આશ્ચર્યકારક જાહેરાત પણ કરી, "અમારા સૈનીકો આટલા લાંબા વખતથી સ્ત્રીસંગના ભુખ્યા છે. તમે તમારી સ્ત્રીઓને અહીંથી દુર ખસેડી દીધી છે; તે અમને પસંદ પડ્યું નથી. પણ ગોવા સાથેની વાતચીત પરથી અમને એમ માલુમ થયું છે કે, અહીં સ્ત્રીઓને માતા ગણવામાં આવે છે; અને તેમનું સન્માન કરવામાં આવે છે. અમારી જીવનશૈલી આનાથી સાવ અલગ હોવા છતાં, અમે આ ભાવનાને સ્વીકારીએ છીએ. આથી મારું ફરમાન છે કે, મારા કોઈ સૈનીકો કે સરદારો અહીંની સ્ત્રીઓના સન્માનને આંચ આવવા નહીં દે. "

હવે ખાનના સૈનીકોને અને સરદારોને કડવો  ઘુંટડો ગળવાનો વારો હતો. સરદારો સાથે આગલા દીવસે થયેલી મંત્રણામાં આ વાત બહુ ઉગ્રતાથી ચર્ચાઈ હતી; અને ખાને દેખીતી રીતે સૌની સલાહની ઉપરવટ જઈને આ નીર્ણય લીધો હતો. પણ ખાનની દુર્જેય સત્તા અને અતીશય લાંબા હાથ આગળ સૌ લાચાર હતા.

જગ્ગાએ ભુલાના કાનમાં હળવેકથી કહ્યું," હું નહોતો કહેતો, કે ખાન જેવો રાજા આખી દુનીયામાં નહીં હોય?" ભુલાએ હકારમાં ડોકું ધુણાવ્યું.

પોતાના વક્તવ્યનું સમાપન કરતાં ખાને કહ્યું," અહીંના આચાર અને વીચાર મુજબ તમે સૌ જોગમાયાની પુજા કરો છો. અમારે માટે પણ તે પુજ્ય રહેશે. જોગમાયાની ગુફાને નવેસરથી સજાવવામાં આવશે. "

સૌ સ્થાનીકવાસીઓના ઉદાસ મનમાં આ ઉદારતાથી થોડીક શાતા વળી.  નવો શાસક ધાર્યો હતો; એટલો જુલમી ન હતો. પણ ગોવો અને પાંચો સ્તબ્ધ બનીને તેમના નવા, અણગમતા ભવીષ્યને દોષ દઈ રહ્યા. સ્વદેશથી દેશનીકાલની આ આકરી સજા, તેમને મોત કરતાં પણ વધારે દુષ્કર જણાઈ. પણ પોતાની મરજી મુજબ કરવાની સ્વતંત્રતા તો સૌ ગુમાવી જ બેઠા હતા. ખાને પોતાનું વક્તવ્ય પુરું કર્યું. ઢોલ અને શરણાઈના નાદે આ જાહેરાતને વધાવી લીધી. છેલ્લે, ખાનના સરદારે સભા બરખાસ્ત થયેલી જાહેર કરી.

એક વર્ગવીહીન સમાજમાં શાસક અને શાસીત  વર્ગો - કદી ન ભુંસાય એવી રીતે - અસ્તીત્વમાં આવી ગયા હતા. ગુલામીની બેડીઓ ઘડાઈ ચુકી હતી; જે કાળના પસાર થવા સાથે વધારે ને વધારે જડબેસલાક અને જટીલ બનવાની હતી. તેનાં અનેક અવનવાં અને ભયાનક રુપો ભાવીના ગર્ભમાં સાકાર થવાનાં હતાં. સંસ્કૃતીની ન રોકાઈ શકે તેવી હરણફાળની સાથે, આ કુરુપતા અને એને આનુષંગીક અનેક દુષણોનાં વરવાં અને કડવાં બીજ પણ રોપાઈ ચુક્યાં હતાં.

## અનુક્રમણીકા

પહેલો ગોવાળીયો

# વીભાગ – 6

# ઉત્તરાર્ધ

પહેલો ગોવાળીયો

## અનુક્રમણીકા

## પ્રકરણ – 48 : ગોવાનો વીષાદ

ઘમસાણ યુધ્ધ પછીના ત્રીજા દીવસની સવાર પડી. ખાન, ગોવો, પાંચો, ત્રણ સરદારો અને પચાસ સૈનીકોએ ગોવાના નેસમાંથી પ્રસ્થાન શરુ કર્યું. ત્રસ્ત મને ગોવો વીચારી રહ્યો હતો.

વીહો અને લોકલાડીલી રુપલી જોજનો દુર હતાં. કાળુ અને લાખો કાળભૈરવના સપાટામાં કામ આવી ગયા હતા. પોતે અને પાંચો સ્વદેશથી હમ્મેશ માટે, બહુ દુર વીદાય થઈ રહ્યા હતા. બીજો કોઈ સ્થાનીક રહેવાસી બાકીની વસ્તીને નેતાગીરી અને દોરવણી આપી શકે તેમ ન હતું. સ્ત્રીઓ સાથે દુર્વ્યવહાર નહીં કરવાની ખાને ખાતરી આપી હતી. જોગમાયાની પુજાને તેણે આદર આપી માન્ય રાખી હતી. હવે વસ્તી પર ખાનના સુબાનો અંકુશ જડબેસલાક અને અફર રીતે સ્થાપી દેવામાં આવ્યો હતો. ખાનની અજીબોગરીબ દુરંદેશીતા અને રાજકીય કુશળતાનો તે કડવા મનથી અહેસાસ કરી રહ્યો.

ગોવો અને પાંચો આ પદયાત્રામાં ખાનની પડખે જ હતા. તે બન્નેને દોરડા વડે બાંધવામાં આવ્યા હતા. તેમની પાસે કોઈ શસ્ત્ર રહેવા દેવામાં આવ્યું ન હતું. ઉપરાંત ચાર સૈનીકો ભાલા અને તીરકામઠાં તૈયાર રાખીને આ ત્રણની આજુબાજુ, ચાંપતી નજર સાથે ચાલી રહ્યા હતા. ગોવો અને પાંચો કોઈ સંજોગોમાં ખાનને ઈજા પમાડી શકે અથવા ભાગી શકે તે અશક્ય હતું.

ગોવાએ ઈશારાથી ખાનને જણાવ્યું કે, તે સ્વદેશ છોડતાં પહેલાં જોગમાયાની ગુફાએ છેલ્લીવાર જવા માંગે છે. ખાને સમ્મતીમાં ડોકું ધુણાવ્યું. નદી ઓળંગીને આખી પલટને પર્વત પર આવેલી જોગમાયાની ગુફા તરફ પ્રયાણ શરુ કર્યું. બપોર સુધીમાં તો બધા ત્યાં પહોંચી ગયા. થોડીક વાર જોગ યાને આદરમાં નમન કરી, ખાન ગુફાની બહાર આવી ગયો. હવે ગુફાની અંદર માત્ર ગોવો અને પાંચો જ રહ્યા.

ગોવો મનનો બધો ઉભરો કાઢી, માતા આગળ છાતીફાટ રડવા લાગ્યો. તેની જીંદગીનો આ કરુણમાં કરુણ અવસર હતો. એના મનનો સંતાપ ન જીરવી શકાય તે રીતે ઉભરાઈ રહ્યો હતો. તેના આખાય આયખાની ઉપલબ્ધી એળે ગઈ હતી.

આ કાળમુખી ઘડી માટે માતાએ તેને વીશીષ્ઠ શક્તી આપી હતી? આ માટે તેણે નદી ઓળંગી હતી? આ માટે તે તરતાં શીખ્યો હતો? આ માટે તેણે નદીપારની વસાહત સ્થાપી હતી અને વહાલાં કોતરવાસીઓનાં જીવન સુખ અને સમૃધ્ધીથી ભરી દીધાં હતાં? અત્યાર સુધી કેવી સભર અને સક્રીય જીંદગી તેણે સ્વમાનભેર ગુજારી હતી? આખી જીંદગીની યાદગાર ઘટનાઓ ગોવાના અંતરચક્ષુ આગળ કાફલાની જેમ પસાર થઈ ગઈ.

પાંચા સીવાય કોઈ મીત્ર કે સ્વજન તેની સાથે રહ્યાં ન હતાં. તેને પ્રાણપ્રીય રુપલી અને વ્હાલસોયો કાનો ફરી કદી તેને જોવા મળવાનાં ન હતાં. તે સાવ એકલો અને અટુલો પડી ગયો હતો. તે હવે પોતાની જીવન સફરનો સ્વામી ન હતો. તે ખાનનો દાસ, આશ્રીત બની ગયો હતો. મહાન ગોવો એક પરદેશીનો ગુલામ બની ગયો હતો.

કડવા ઝેર જેવા થુંકને ગોવો ગળી રહ્યો. મન ખાટું ખાટું થઈ ગયું. માતાની મ્લાન સુરત અને નીસ્તેજ આંખો ગોવાને કશોય સંદેશ આપવા સક્ષમ રહ્યાં ન હતાં. કોઈ પ્રેરણા કે ભવીષ્યના કાર્ય માટેનો સંકેત આપવા આ ગુફા હવે અસમર્થ હતી. અને આના સીવાય બીજું કયું પ્રેરણાસ્થાન ગોવા માટે હતું? ગોવો ન ભરી શકાય તેવા ખાલીપાના ઉંડા કુવાના ગર્તામાં પોતાની જાતને ડુબતી અનુભવી રહ્યો. એ કાળા ડીબાંગ તલાતલમાં તેનો કોઈ સહારો ન હતો – ખુદ જોગમાયા પણ નહીં.

પાંચાએ ગોવાના ખભા પર હાથ મુક્યો. પણ એ હાથમાં હવે કોઈ કૌવત ન હતું; કોઈ આશાયેશ ન હતી. કોઈ સધીયારો ન હતો. બન્ને જીગરી મીત્રો એકમેકને ભેટીને ચોધાર આસુએ રડવા લાગ્યા – અસહાય, અશક્ત, દરીદ્ર, ઉપેક્ષીત, ગુલામ. એમની આ શોકમગ્ન અવસ્થા કેટલાય વખત સુધી ચાલતી રહી; તેનો કશો ખયાલ એ બે દુખીયારાંને ન રહ્યો.

ખાન ફરીથી ગુફામાં પ્રવેશ્યો. તેની સમજુ નજર આ બેનાં પારાવાર દુખને પારખી ન શકે તેવી જડ ન હતી. પણ તેની રાજનીતીમાં આ બેના દુખનો કોઈ ઈલાજ સંભવીત ન હતો. તેણે સહાનુભુતીમાં ગોવાના ચહેરા પર નજર માંડી અને ગોવાના બરડા પર હાથ ફેરવ્યો. એમાં શાસકનો ઉપહાસ ન હતો : એક નવી મીત્રતાનું ઈજન હતું. ત્રણે જણ ભારે પગલે ગુફાની બહાર આવ્યા. પર્વત ઉતરીને કાફલો નદીકીનારે નીચેની તરફ આગળ વધ્યો.

નદીકીનારે રાતવાસો કરી, બે દીવસે બધા પર્વતમાળાના ઘાટ આગળ આવી પહોંચ્યા. ખાનની આંખો તેની ઘોડેસ્વાર સેનાને સમેસુતર નદીકીનારે આવી પહોંચેલી જોઈ, નવી ખુશીમાં નાચી ઉઠી. ઘાટનો રસ્તો હવે તૈયાર હતો. અગણીત કાફલાઓની આવન જાવન માટે નવો અને સરળ રસ્તો થનગનાટ કરી રહ્યો હતો. ભવીષ્યમાં મેદાનો પર ત્રાટકનાર અગણીત સેનાઓને નવો માર્ગ આમંત્રણ પાઠવી રહ્યો હતો.

પણ શોક સમાધીમાં નીર્ગત બની, છેક ઉંડે ડુબેલા ગોવા અને પાંચાને હવે કોઈ નવી યાતનાઓ વધારે ઉંડે ડુબાડી શકે તેમ ન હતાં.

**અનુક્રમણીકા**



પહેલો ગોવાળીયો

## પ્રકરણ – 49 : વીકરાળ કાળ

ઘોડેસવાર સેનાના ત્રણ નાયકો અને સો સૈનીકોએ જયઘોષથી ખાન અને તેના કાફલાને વધાવી લીધો. ઘોડાઓ અને તેમના સવાર સવારની ગુલાબી ઠંડીમાં તરવરાટથી થનગનતા હતા. નવી ભોમકામાં નવા પરાક્રમો કરવા સૌ કૃતનીશ્ચય હતા.

ખાને તેમને સંબોધન કરતાં ઉંચા અને પહાડી અવાજે કહ્યું," સાથીઓ! તમને જાણીને આનંદ થશે કે, નદીપારના મેદાનોના મુખ્ય અને વ્યુહાત્મક સ્થાન પર આપણે કબજો જમાવી લીધો છે. આપણા પગપાળા સૈનીકોની સેના ત્યાં તમારી વાટ જોઇ રહી છે. નજર પણ ના પહોંચે ત્યાં સુધી લીલોતરીથી છવાયેલા આ સમસ્ત પ્રદેશને આપણા સામ્રાજ્યમાં ભેળવવો એ તમારું કામ છે. ઘોડેસ્વાર સેના જ એ કરી શકે."

સૌએ પ્રચંડ નીનાદથી ખાનના આ વક્તવ્યને વધાવી લીધું.

ખાને ઉમેર્યું," આ પ્રદેશને મારી સત્તા નીચે આણવાની સાથે સાથે એ જરુરી બને છે કે, અહીંની જનતા પ્રેમથી મારા શાસનને સ્વીકારે; અને આપણી સાથે દુધમાં પાણીની જેમ ભળી જાય. આ ધ્યેય હાંસલ કરવા મેં બે સધીયારા જીતેલા સ્થાનકના રહેવાસીઓને આપ્યા છે. પહેલું એ કે, તેઓ જેની ઉપાસના કરે છે તે, જોગમાયાને હું પરમ શક્તી તરીકે માન આપું છું."

બધાએ ' જોગમાયાની જય! " ના પોકાર કર્યા.

વળી ખાને ઉમેર્યું," બીજું એ કે, અહીંની જનતા પર, ખાસ કરીને સ્ત્રીઓ પર કોઈ અત્યાચાર આપણો કોઈ સૈનીક નહીં કરે."

આ વાત સાંભળી સેનામાં સોપો પડી ગયો. મહીનાઓથી વીષય વાસનાથી પીડાતા, યુવાનીના મદમાં મદહોશ, હણહણતા તોખાર જેવા જાલીમો માટે આ ન ગળી શકાય તેવો ઘુંટડો હતો. પણ ખાનની ઈચ્છા વીરુધ્ધ કરવાની કોઈની તાકાત ન હતી. ત્રણ સરદારોએ કહ્યું," અમે જરુર એ વાતનું ધ્યાન રાખીશું.'

ખાન સ્વદેશ પહોંચવાની ઉતાવળમાં હતો. તેણે સૌને સફળ થવાની શુભેચ્છા પાઠવી. તેની સાથેના કાફલાના દરેક જણને ઘોડાઓ ફાળવવામાં આવ્યા. ગોવા અને પાંચાને ઘોડેસવારીની કળા આવડતી ન હતી. છતાં તેઓ ભાગી ન જાય તે માટે તેમને દોરડા વડે ઘોડા સાથે બાંધી દેવામાં આવ્યા અને તેમના ઘોડાઓને દોરવાનું અને તેમની ઉપર ચોકી કરવાનું કામ ચાર સૈનીકોને સોંપવામાં આવ્યું. છેવટે ઘાટના નવા રસ્તા પર ઘોડાઓ પર ખાનના કાફલાએ ઓતરાદી દીશામાં પ્રયાણ શરુ કર્યું.

ખાન અને તેનો કાફલો નજરથી દુર થયો કે તરત જ, મોટા તરાપાઓ નદીમાં લાંગરવામાં આવ્યા. ઘોડા ભડકી ન જાય તેની અગમચેતી વાપરીને, સાંજ સુધીમાં સેનાએ નદી પાર કરી દીધી. હવે ઘાટ અને પર્વતાળ પ્રદેશની કોઈ મર્યાદાઓ તેમને નડવાની ન હતી. ચારે તરફ ફેલાયેલી, લીલુડી ધરતી બીન રોકટોક, ઘોડાઓના ડાબલાઓ તળે રગદોળાવાની હતી.

નદીકીનારે રાતવાસો કરીને બીજા દીવસની સવારે, આખોય પ્રદેશ ઘોડાઓના ડાબલાથી ગાજી ઉઠ્યો. ખાનની આ અજેય સેના એક પછી એક નેસને ધમરોળતી આગળ વધવા માંડી. દસ દસ ઘોડેસવારોની ટુકડીઓમાં વહેંચાઈ એક એક નેસ સર થતા ગયા. નેસોમાં પુરેલા અબલખ સંખ્યામાં પાલતુ પ્રાણીઓને જોઈ; શીકારની આ કોઈ જ હરકત વીનાની સવલતથી સૌ હેરત પામી ગયા. કોઈ રહેવાસીમાં આમનો પ્રતીકાર કરવાની તાકાત કે નેતૃત્વશક્તી ન હતાં. એક પછી એક નેસ તેમની બેડી નીચે કચડાતા ગયા. જે શરણે આવ્યા, તેમને નીશસ્ત્ર કરી દાસતાની બેડીઓમાં જકડી દેવામાં આવ્યા. જે કોઈ સ્થાનીક રહેવાસીઓએ સામે થવાની હીમ્મત કરી; તેમને ઘોડાના પુંછડા સાથે બાંધી, પુરપાટ વેગે ઘસેડી, નીર્દય રીતે મરણ શરણ કરવામાં આવ્યા.

ખાનના દુર થયા બાદ, તેની સુચના કે આદેશ પાળવાની કોઈને જરુર ન જણાઈ. દીવસ રાત જોયા વીના જે કોઈ સ્ત્રી કે છોકરી હાથમાં આવી, તેની સાથે સામુહીક બળાત્કાર કરાતા રહ્યા. આ પાશવી અત્યાચાર રોકનાર કોઈ હાજર ન હતું. એક અઠવાડીયા સુધી આ હત્યાકાંડ અને બળાત્કારો નીર્મમ રીતે જારી રહ્યા. ખાનની શરમ જેમને હજુ નડતી હતી, તેવા જગ્ગાના થોડાક સાથીઓ જગ્ગાને જઈને મળ્યા અને આ અત્યાચારની તેને જાણ કરી.

ઘોડાઓ હાથમાં આવતાં જગ્ગાએ આ વીજય અને હવસના કેફમાં ચુર આખલાઓને નીયંત્રણમાં લેવાની કપરી કામગીરી હાથમાં લીધી. પણ તે સફળ થાય ત્યાં સુધીમાં તો હાથીઓના પ્રદેશ વાળી મોટી નદીના તટ સુધીના બધાયે નેસોમાં સર્વનાશ અને તબાહી રાતના અંધકારની જેમ ફરી વળ્યાં. સર્વત્ર કાળો કેર વર્તાઈ ગયો. આખાયે મલકના જોરાવર ગણી શકાય તેવા મરદોની લોહી લુહાણ કાયાઓ ધુળમાં રગદોળાઈ, હાડકાં અને માંસની લોથો બની ચુકી. કાગડા, સમડી અને ગીધોનાં ટોળે ટોળાં આ તૈયાર ખોરાક આરોગવા ઉમટી પડ્યા. સૌ નીર્માલ્ય મેદાનવાસીઓ જીવનપર્યન્ત ગુલામીની બેડીઓમાં જકડાઈ ગયા. આખાયે પ્રદેશની એકે એક સ્ત્રી દુખ અને યાતનામાં કણસતી, મીશ્ર પ્રજાના ઓધાન પોતાના પેટમાં ઉછેરી રહી.

સ્ત્રી સન્માન હવે ભુતકાળની બાબત બની ચુકી હતી. હરેક સ્ત્રી હવે હવસ સંતોષવા માટેની હાડમાંસની પુતળીઓ બની ચુકી હતી. હવે તે અબળા તરીકે જ ઓળખાવાની હતી. તેના દેહના હવે સોદા થવાના હતા. ઢોર ઢાંખરની અવેજીમાં હવે તે વેચાવાની હતી. સંસ્કૃતીની આ વીજયકુચમાં જંગાલીયત, ક્રુરતા, દુષ્ટતા અને 'બળીયાના બે ભાગ' ની નીતી જ આખરી બની જવાનાં હતાં. જગ્ગો અને ભુલો એકલા હાથે આ ઘોડાપુરને રોકવા અસમર્થ રહેવાના હતા.

ખાનની ન્યાયપ્રીયતા અને રાજકીય કૌશલ્ય ઘોડાની ઝડપે ઓતરાદા પ્રદેશ તરફ ભાગી રહી હતી. આ હત્યાકાંડ અને ઘોર દમનની તેને કશી ખબર પડી શકે તેમ ન હતું.

પહેલો ગોવાળીયો

પહેલો ગોવાળીયો

એકાદ મહીના પહેલાં અંધારી રાતે વીહાએ ભાખેલું અને પોતાના જ મનમાં ભંડારી રાખેલી દારુણ વ્યથાઓનું કુસ્વપ્ન એક ભયંકર અને પાછી ન વાળી શકાય તેવી વાસ્તવીકતામાં પરીવર્તન પામ્યું હતું. કાળા ઘનઘોર વાદળની સોનેરી કોર જેવી એક જ આશા બાકી રહી હતી કે, આ દુર્દશા જોવા વીહો કે તેના કોઈ અંતરંગ સાથી હાજર ન હતા; ભવીષ્ય માટેની એક માત્ર આશાની કુંપળ જેવો કાનો હાથીઓના પ્રદેશથી પણ ઘણે દુર સાક્ષાત સ્વર્ગ જેવા પ્રદેશમાં ઉછરતો કીલ્લોલ કરી રહ્યો હતો.

## અનુક્રમણીકા

પહેલો ગોવાળીયો

## પ્રકરણ – 50 : મુક્તીનું પહેલું કીરણ

ખાનનો કાફલો ઘોડાઓ પર પુરપાટ સ્વદેશ પાછો વળી રહ્યો હતો. આક્રમણ પહેલાંની ધીમી ચાલ હવે જરુરી ન હતી. પગપાળા સૈનીકો, તેમના પડાવ, અને યુધ્ધ માટેની સામગ્રી હવે પાછી લાવવાની ન હતી. આથી જે અંતર કાપતાં એક મહીનો લાગ્યો હતો; તે ત્રણેક દીવસમાં જ કપાઈ જવાનું હતું. વળી એક વીશાળ પ્રદેશ પર કબજો જમાવ્યાના વીજયનો અને ઘાટનો નવો રસ્તો બનાવ્યાનો કેફ પણ હતો.

ખાન પોતાની દુરંદેશી પર મનોમન પોતાની પીઠ થાબડી રહ્યો હતો. તેણે એક સાવ અજાણ્યા મુલક પર પોતાનું સાર્વભૌમત્વ સ્થાપીત કર્યું હતું, એટલું જ નહીં; પણ શેષ જનતાને નેતાવીહોણી કરી દીધી હતી. નવી પ્રજાનાં બે અમુલ્ય રત્નો – ગોવો અને પાંચો - તેના પાષાણ સકંજામાં કેદ હતા. ગોવાના બે ખાસ સાથીઓ કાળુ અને લાખો ઘમસાણ યુધ્ધમાં મૃત્યુ પામ્યા હતા. ગુઢ જ્ઞાન અને ડહાપણના ભંડાર જેવો ગોવાનો સાથી વીહો ભાગી ગયો હતો.

અંતરના છેક ઉંડાણમાં ખાનને એક માત્ર આશંકા જાગી ઉઠી. ‘ ગોવાની પત્ની અને તેનો બાળ વારસ મારા કબજામાંથી સફળતા પુર્વક છટકી ગયાં છે. તેની કેળવણી માટે વીહા જેવો કાબેલ વડીલ રુપલીની તહેનાતમાં હાજર છે. તે કદાચ નવો પડકાર ઉભો કરે; અને નવા ભયમાં પરીવર્તન પામે. પણ એમ થતાં ઓછામાં ઓછા વીસ વરસ તો નીકળી જ જવાનાં. ત્યાં સુધીમાં તો મારો રાજ્યકાળ ખતમ થઈ જવાનો. એ દરમીયાન જગ્ગો નવા પ્રદેશમાં પોતાનું શાસન જડબેસલાક સ્થાપીત કરી શકે; તેટલો કાબેલ છે જ. મેં મારા બાપની આબરૂ, આણ અને સામ્રાજ્યને અનેક ગણાં વધાર્યાં છે. મારો દીકરો જરુર મારાથી સવાયો થશે, થશે ને થશે જ.‘

ખાને પરમ સંતોષનો શ્વાસ લીધો.

આની વીરુધ્ધ ગોવો પરમ હતાશાના ગર્તામાં ઉંડે ને ઉંડે સરકતો જતો હતો. તેની સાથે બીજા ઘોડા પર સવાર પાંચાના હાલ પણ ક્યાં સારા હતા? પાંચાની કશી કુનેહ આ કાળઝાળ આપત્તીનો ઉકેલ શોધવા કામ લાગે તેમ ન હતું. બન્ને મીત્રો અસહાયપણે, નદીના પુરમાં ઝાડનું થડ ઢસડાતું રહે; તેમ નીર્ગત ભાવે પ્રચંડ વેગથી પોતાની દુર્દશાની કોઈક અજ્ઞાત અને ભયાવહ ખાઈ તરફ ધસી રહ્યા હતા.

ઘોડાના તીવ્ર વેગની સાથે ગોવાને પોતે કરેલો પહેલો શીકાર યાદ આવી ગયો. તે કીશોરાવસ્થામાં માંડ પહોંચ્યો હતો, અને મોટેરાંનું અનુકરણ કરીને એક હરણને પથ્થર મારીને ભોંય ભેગું કરી દેવા પ્રયત્ન કરી રહ્યો હતો. હરણ તીવ્ર વેગે તેનાથી દુર ભાગી રહ્યું હતું. ગોવાની દોડની ઝડપે કોઈ સંજોગોમાં તે હરણને પકડી શકે તેમ ન હતું. ત્યાં કોઈક મોટો કાંટો હરણના પગમાં ભોંકાતાં, તે લંગડાતું થઈ ગયું હતું. અને યોગ્ય અંતરે ગોવાએ તાકીને પથ્થર હરણના માથા પર ઝીંક્યો હતો. મરતી વખતે હરણે જે દૃષ્ટીથી ગોવા સામે જોયું હતું; તે ગોવાને આજે યાદ આવી ગયું. હવે ગોવો શીકારીમાંથી ખુદ શીકાર બની ગયો હતો; અને પારધી તેને બંદીવાન કરીને હરણથી પણ વધારે ઝડપે દુર અને દુર લઈ જતો હતો.



પહેલો ગોવાળીયો

ગોવાના વીષાદની ચરમ સીમા આવી પહોંચી. હવે વધારે ગ્લાની અને ચીંતા શક્ય જ ન હતા. તેને ભાસ થયો કે, તે જમીન તરફ સીધો આગળ ધપી રહ્યો ન હતો; પણ  એક અંધારી ઉંડી, કોઈ જ તળીયા વગરની ખીણમાં સતત નીચે ને વધુ નીચે ફંગોળાઈ રહ્યો હતો. હવે વીચાર પણ વીનીપાતની આ ઝડપને અતીક્રમવા સક્ષમ ન હતા.

એક જ ક્ષણ અને ગોવો સાવ વીચારશુન્ય બની ગયો. ભવ્ય ભુતકાળની મીઠી યાદો, છેલ્લું અધઃપતન અને કાળું ડીબાંગ ભવીષ્ય - આ બધાંના વીચારો એકાએક ઓસરી ગયા. કોઈક અજીબોગરીબ નીરવતા ગોવાના મનોરાજ્યને ઘેરી વળી, સવારના સુર્યના કીરણોમાં રાતની કાલીમા ગાયબ થઈ જાય; તેમ બધો વીષાદ અને ગ્લાની પલાયન થઈ ગયા. કોઈક પરમ શાંતી ચારે તરફ છવાઈ ગઈ.

ઘોડાના પગની દડબડાટી, તીવ્ર વેગમા હડસેલા અને જોશથી ફુંકાઈ રહેલા પવનની લહરીઓ જાતજાતની સંવેદનાઓ ગોવાના અંગ પ્રત્યંગમાં જન્માવી રહ્યાં. આ બધાં પહેલાં પણ હાજર હતા જ; પણ વીચારોના ઘોડાપુરમાં ગોવો તે અનુભવી શકતો ન હતો. હવે આ બધી સંવેદનાઓ મુક્ત રીતે મહાલવા લાગી અને કોઈ અજાયબ પ્રકારની અનુભુતી ગોવાના ચીત્તમાં પેદા  કરવા માંડી. ગોવાએ જીવનમાં કદી આવી શાંત સંવેદનાઓ અનુભવી ન હતી. કોઈ અસામાન્ય ઘટના ન હોવા છતાં તેમાં કશુંક નવીન હતું.

ગોવાને આ સ્થીતી ગમવા માંડી.

**અનુક્રમણીકા**

પહેલો ગોવાળીયો

## પ્રકરણ – 51 : ગોવાની મુક્તીનો પ્રારંભ

આ નુતન સ્થીતીને આમ ગમાડવા સીવાય બીજો કોઈ વીકલ્પ નથી, તે વાસ્તવીકતાનો ખયાલ પણ હવે ગોવાના ચીત્તને કોરતો ન હતો. કેવળ વર્તમાનની હાજરી જ ગોવો અનુભવી રહ્યો. ગયેલું અને આવનારૂં કશું આ નીસ્તબ્ધ શાંતીને ખલેલ પહોંચાડી શકે તેમ ન રહ્યું. તેના રોમે રોમમાં કોઈક અજાણ્યા, અણદીઠા ધારાપ્રવાહની લહેરીઓ મસ્તકની ટોચથી પગના અંગુઠાની ટોચ સુધી અને જમણા હાથની આંગળીઓના અગ્ર ટેરવાંથી ડાબા હાથની આંગળીઓના ટેરવાં સુધી ફરી વળતી તે અનુભવી રહ્યો. આગળ પાછળ, ઉપર નીચે, ગોવાના સમસ્ત શરીરમાં કોઈક અજાણી ચેતનાના ધોધના ધોધ ફુટવા માંડ્યા.

પરમ ચેતનાની આ પ્રથમ ઝલકના તેજપુંજમાં ગોવો નહાતો રહ્યો, ભીંજાતો રહ્યો. તેની સમગ્ર ચીત્તવૃત્તીઓ, સંસ્કારો, પ્રતીક્રીયાઓ, ગમા, અણગમા, પુર્વગ્રહો, સુખ અને દુખ ગૌણ લાગવા માંડ્યા. આમ અને આમ એક નવી જ અનુભુતીમાં મુસાફરીના પહેલા દીવસની સાંજ પડી ગઈ. ઉતારો કરવાનો સમય થઈ ગયો. કાફલો એક વહેળાના કીનારે રાતવાસો કરવા રોકાયો. જમવા માટે કોઈ શીકાર કરવાનો ન હતો. પુરતી સામગ્રીનો પુરવઠો નદી કીનારેથી સાથે જ લાવવામાં આવ્યો હતો. કામ ચલાઉ તંબુઓ ખોડાઈ ગયા. સવારથી ગોવાએ કશું ખાધુ ન હતું. છતાં નવી અનુભુતીમાંથી પ્રગટેલી એક અજાયબ સ્ફુર્તી ગોવો અનુભવી રહ્યો હતો. તેને જમણમાં જોડાવાનો ઈશારો કરવામાં આવ્યો. પણ ગોવાએ ડોકું ધુણાવી ના પાડી.

પાંચો ગોવા પાસે ગયો અને ભોજન કરવા વીનંતી કરી. પણ ગોવો તો ટસનો મસ જ ન થાય. પાંચાએ કહ્યુ," ગોવા! આમ તો તું મરી જઈશ. ચાલ હઠ ન કર અને ખાઈ લે."

ગોવાએ માત્ર ઈશારાથી નન્નો ભણવો ચાલુ રાખ્યો. પાંચાને ડર લાગ્યો - 'ક્યાંક આનું ફટકી ગયું તો નથી ને?' પણ ગોવાના મોં પર વીલસતી કોઈક નુતન આભા નીહાળી પાંચો ચોંકી ગયો. આ તો તેનો જુનો અને જાણીતો ગોવો જ ન હતો. આ ગોવાના ખોળીયામાં કોઈક બીજું જ જણ હતું. પાંચાને થયું કે કોઈક ભુત કે પ્રેતે ગોવાના મનનો કબજો લઈ લીધો લાગે છે.

પાંચાએ પણ કશું ન ખાધું અને બન્ને જણ તેમના તંબુમાં આડા પડ્યા.

પાંચો ," ગોવા! તને શું થાય છે. તે તો મને કહે? તું નહીં બોલે તો જીંદગીમાં પહેલી વાર તારા મનમાં પેસી ગયેલા ભુતને કાઢવા મારે તને લાકડીનો માર મારવો પડશે."

ગોવાના મુખ પર બાળક જેવું સ્મીત વીલસી રહ્યુ* તે બોલ્યો ,"પાંચા! એમ ચીંતા ન કર. એક દીવસ મારી પોતાની સાથે મને રહેવા દે. મને જોગમાયા કોઈક નવો જ અનુભવ કરાવી રહ્યાં છે."

કમને પાંચાએ ગોવાના મનનો તાગ કાઢવાના પ્રયત્નો છોડી દીધા અને થોડીક જ વારમાં નીદ્રાદેવીને શરણે થયો.

પણ ગોવાની આંખ મીંચાતી જ ન હતી. સુતેલા શરીરમાં પણ સંવેદનાઓનો પ્રચંડ જળરાશી મુક્તપણે વહી રહ્યો હતો. બધી આશાઓ, નીરાશાઓ, વ્યથાઓ, ચીતાઓ, વીચારો, તર્ક વીતર્ક, મુલ્યાંકનો, અપેક્ષાઓ બાજુએ મેલીને ગોવો આ પુરમાં તણાતો જ રહ્યો; .તણાતોજ રહ્યો. કોક સાવ અજાણ્યા પરમ સુખની અનુભુતી કરતો રહ્યો. જેમ જેમ રાત જામતી ગઈ, તેમ તેમ આ પ્રવાહ રાતની નીરવતામાં શાંત પડવા માંડ્યો. હવે એક નવી જ પરમ શાંતીએ ગોવાના મસ્તીષ્કને ઘેરી લીધું.

અને એ અભુતપુર્વ શાંતીમાંથી સાવ નવો જ વીચાર, પહેલવહેલો ઉપસી આવ્યો. ગોવો આશ્ચર્યચકીત બની ગયો. એ વીચાર તેની પોતાની જાણીતી ઓળખમાંથી ઉપજ્યો ન હોય તેમ ગોવાને લાગ્યું. કોઈક જુદું જ હોવાપણું ગોવાની અંદર રહીને વીચારી રહ્યું હતું. એ ખચીત ગોવો ન હતો. તેની કોઈક નવી જ ઓળખે જન્મ લીધો હતો.

ગોવાને પોતાના જીવનના આખાયે પ્રવાહનું એક નવું જ દર્શન થવા માંડ્યું - કોઈ મુલ્યાંકન, ગમા કે અણગમા, રાગ કે દ્વેષ વીનાનુ દર્શન. પોતાના આખા જીવનને તે એક પ્રવાહ રુપે નીહાળી રહ્યો. ઘટી ગયેલી બધી ઘટનાઓ આ પ્રવાહના તરંગો જેવી તેને લાગવા માંડી. બધા આપ્તજનો, મીત્રો, સ્નેહીઓ, અરે! દુશ્મનો અને દ્વેષીઓ આ નવી ઓળખ સાથે તેના ચીત્તમાં નવું સ્થાન લેવા માંડ્યા. જીવનની ઘટનાઓ સુખદ કે દુખદ જણાવાના બદલે સહજ જણાવા લાગી.

જોગમાયા માટેનો આદર, કાળભૈરવનો ભય, કે ખાનની જાતીની વધ્ય બાઈસન દેવની વીચીત્ર લાગતી માન્યતા પ્રત્યેનો કડવો તીરસ્કાર – આ બધાં પણ ઓગળી ગયાં હોય; તેમ ગોવાને લાગવા માંડ્યું. આ બધી માન્યતાઓ કોઈ આધાર વીનાની છે; તેમ તેને સ્પષ્ટ રીતે જણાઈ ગયું. મનની નબળાઈઓમાંથી પ્રગટેલ આ બધી, અવાસ્તવીક ભ્રમણાઓ ઘડીના છઠ્ઠા ભાગમાં ગાયબ થઈ ગઈ. સતત અને સર્વત્ર પ્રવર્તમાન પરમ ચેતના અને સત્યને ગોવો પોતાના શરીર અને મનમાં વીલસતાં અનુભવી રહ્યો.

એક નવા ગોવાનો જન્મ થયો હતો. તે હવે વીમુક્ત બનવાનો હતો, વીતરાગ અને સ્થીતપ્રજ્ઞ બનવાનો હતો.

**અનુક્રમણીકા**



પહેલો ગોવાળીયો

# પ્રકરણ – 52 : પાંચો

મુસાફરીના બીજા દીવસની સવાર પડી. આખી રાત ગોવો ઉંઘ્યો ન હતો; પણ એના ચહેરા પર કોઈ અલૌકીક તેજની આભા છવાયેલી હતી. પાંચાની ચકોર આંખો ઉઠતાં વેંત આ ફેરફારને કળી ગઈ. તેને વાતચીત વગર જ ગોવામાં આવેલા પરીવર્તનનો અણસાર આવવા માંડ્યો.

પાંચાએ કહ્યું," કેમ ગોવલા! આજે પણ ઉપવાસ કરવાનો છે? "

ગોવો ," ના રે ના. પણ આજથી માંસ ખાવાનું બંધ."

પાંચો," કેમ?"

ગોવો," આપણે બહુ શીકાર કર્યા. હવે આપણો જ શીકાર થઈ ગયો. કોણ શીકારી અને કોણ શીકાર?"

પાંચો," તો તું ખાઈશ શું?"

ગોવાએ હસીને કહ્યું," બદામ અખરોટ અને પાણી."

સવારની હાજતે બન્ને મીત્રો ત્રણ ચોકીયાતો સાથે થોડે દુર ગયા. પાંચાએ જરુર કરતાં થોડો વધારે સમય લીધો અને યોગ્ય જગ્યા શોધવાના બહાને, આમતેમ ફરીને, આઘા પાછાના આશીર્વાદ કર્યા. છેવટે બધા સવારો સાથે બન્ને જણાએ મુંગા મુંગા સવારનો નાસ્તો પતાવ્યો.

ખાન ગોવાને ખાતો જોઈ આનંદીત થયો. ખાન રત્નપારખુ હતો. તેણે ગોવા અને પાંચાની શક્તીઓ અનુભવેલી હતી; તેમના હાથે માર ખાધો હતો. માટે જ તે જીતેલા પ્રદેશનાં આ રત્નો ગુમાવવા કે વેડફવા માંગતો ન હતો. ધીમે ધીમે બન્ને જણ તેના સામ્રાજ્યના ધોરી બની જશે; તેવી તેને આશા બંધાણી. તેણે હસીને ગોવાનું અભીવાદન કર્યું. ગોવાએ પણ સાનુકુળ પ્રત્યુત્તર પાઠવ્યો.

ખાને હવે પાંચા તરફ નજર કરી. પણ પાંચાનો મરડ ઉતર્યો ન હતો. પાંચાએ મોં ફેરવી દીધું.

અને કાફલો પુર ઝડપે આગળ વધ્યો. સાંજે બીજા મુકામે વાળુ પતાવી બધા નીદ્રાદેવીને શરણે થયા. પણ ગોવા અને પાંચાના તંબુની અંદર ધીમા અવાજે કાંઈક ગુસપુસ ચાલતી હતી. બહાર ખડે પગે ચોકી કરતા સૈનીકો એમની ભાષા સમજી શકે તેમ ન હતું; એટલે બન્ને મીત્રોને નીરાંત હતી.

પાંચો," ચાલ ગોવા! આપણે ભાગી જઈએ. મને રસ્તો મળી ગયો છે."



પહેલો ગોવાળીયો

આમ કહી પાંચાએ સવારની હાજત દરમીયાન ચામડાંના વસ્ત્રમાં છુપાવેલો નાનો પણ અણીદાર પથ્થર બેળે બેળે બહાર કાઢ્યો. હાજત અને જમણ વખતે તેમના હાથ અને પગ છુટ્ટા કરેલા હોવાના કારણે પાંચો આ પથ્થર મેળવી કાઢ્યો હતો. પણ સુતી વખતે તો બન્નેના હાથ અને પગ દોરડા વડે મુશ્કેટાટ બાંધેલા હતા.

પાંચાએ કહ્યું," ગોવા તું આ પથ્થર વડે મારા હાથનું દોરડું કાપી દે, પછી હું આપણા બન્નેના બંધન કાપી નાંખીશ. પછી આપણે છુટા થઈ ઉંઘતા હોવાનો ડોળ કરવાનો અને તૈયાર રહેવાનું. જેવો ચોકીદાર આપણને સહીસલામત પડેલા જોઈ, કલાક સુધી ન આવે; તે દરમીયાન, તંબુની પાછલી દીવાલ કાપી, તેના પડછાયામાં ચોરી છુપીથી આપણે ભાગી જઈશું."

ગોવો," એક કલાકમાં ભાગીને આપણે કેટલે જવાના? આ ઘોડેસ્વારો તરત જ આપણને પકડી પાડવાના. "

પાંચો," ગોવા ! જ્યાં ઘોડા બાંધેલા છે ત્યાં અંધારામાં બે ઘોડા છોડી આપણે સવાર થઈ જઈશું."

ગોવો ," તું કે'દી ઘોડા પર સવાર થયો છે? "

પાંચો," આ બે દી' મેં એ જ જોયા કર્યું છે. તારા ઘોડાને મારા ઘોડા સાથે બાંધી દઈશું. મને વીશ્વાસ છે કે, હું મારો ઘોડો બરાબર હાંકી શકીશ."

ગોવાએ બે ઘડી વીચાર કર્યો અને પછી કોઈક અપ્રતીમ અવાજે બોલ્યો," મને આ લોકો પણ મીત્ર લાગે છે. એમને મારા શીકારી ફરીથી નથી બનાવવા."

પાંચો," આ પરદેશીઓ અને આપણા મીત્ર? ગોવા! તું પાગલ થઈ ગયો છે કે શું?"

ગોવો," ભુલો, બન્નો અને કોતરના મુખી ક્યાં આપણા દુશ્મન હતા? યુધ્ધમાં ન જોડાયેલા બીજા નેસવાસીઓ પણ ક્યાં આપણા દુશ્મન હતા? એમણે આપણને કરેલો દગો તું ભુલી ગયો? કોણ મીત્ર અને કોણ દુશ્મન? મને તો કશો ફરક લાગતો નથી. વળી મને ખાનનો પ્રદેશ જોવાની પણ ઈચ્છા છે."

પાંચાએ ગોવાને સમજાવવા આકાશ પાતાળ એક કર્યા; પણ ગોવો ટસનો મસ ન થયો તે ન જ થયો. પાંચાએ હતાશામાં માથું કુટ્યું.

ગોવાએ કહ્યું ,"તું ભાગી છુટ. હું તારા બંધન જરુર કાપી આપીશ. તું ફતેહ કર."

છેવટે ગોવાની સહાયથી પાંચો બંધનમુક્ત થયો. ચોકીદાર તપાસ કરીને ગયો કે તરત જ તંબુની પાછલી દીવાલ ચીરી, પાંચાએ ગોવાને વીદાય ભણી. ગોવાએ જોગમાયાને વીનંતી કરી કે, પાંચો તેના સાહસમાં સફળ નીવડે.



પહેલો ગોવાળીયો

અને અંધારાનો અંચળો પહેરી પાંચાએ એક ઘોડાને છોડ્યો, તેને ઘાસ નીર્યું; તેના શરીર, ડોક અને મોં પર પ્રેમથી હાથ પસવાર્યો. ઘોડાની સાથે મીત્રતા બંધાયાનો અહેસાસ થતાં જ, કોઈ અવાજ ન થાય તેમ, તેણે ઘોડાને ધીમેથી દોર્યો. મશાલોનું અજવાળું બંધ થયા બાદ તે કુશળ સવારની અદાથી ઘોડા પર સવાર થયો અને પહેલાં ધીમે ધીમે અને પછી વધતી જતી ઝડપથી તેણે પડાવની દખણાદી  દીશામાં  પ્રયાણ આદર્યું. પડાવના તંબુઓ સાવ કીડી જેવા થઈ ક્ષીતીજમાં ગરકી ગયા; ત્યાં સુધીમાં તેને ઘોડેસવારીની કળા આવડી ગઈ હતી.

અને રાત્રીના અંધકારમાં પાંચો પ્યારા માદરે વતનની માટીમાં આળોટવા મારતે ઘોડે દુર અને દુર સરકતો રહ્યો.

**અનુક્રમણીકા**

પહેલો ગોવાળીયો

## પ્રકરણ – 53 : ગોવાની ક્રોધ મુક્તી

તંબુમાંથી પાંચો છટકી ગયા બાદ, ગોવો સતત પાંચાના વીચાર કરતો રહ્યો. આખી જીંદગી બન્નેએ એકબીજાને અતુટ સાથ આપ્યો હતો. કોતરવાસી અને મેદાનવાસી કબીલાઓના હીતની બન્નેને સરખી ચીંતા રહેતી. સ્વભાવે પાંચો વધારે ચીકાશવાળો હતો. તે ચકાસી ચકાસીને પગલાં ભરવાં ટેવાયેલો હતો. તેની બુધ્ધી સૌથી વધારે સતેજ હતી.

પાંચો ભાગતાં પકડાઈ જાય તો આ પરદેશીઓ તેને જાનથી ખતમ જ કરી નાંખે. તે ઘોડા સુધી જાય; ઘોડાનો વીશ્વાસ સંપાદન કરે; છાનામાના અવાજ ન થાય તે રીતે ઘોડાને દોરી, પડાવથી દુર જાય; ઘોડેસવારી પર પહેલ વહેલો હાથ અજમાવે – આ બધામાં ઘણો સમય વીતી જાય અને પાંચો ખાસ દુર ભાગી ન શકે. અને ત્યાં સુધીમાં તો કલાક વીતી જાય અને ચોકીદાર તંબુમાં જોવા આવે, ત્યારે તેને પાંચાના ભાગવાની ખબર પડી જ જાય.

‘ શું કરું તો પાંચાને બે ત્રણ કલાક મળી જાય?’ ત્યાં જ ગોવાના મગજમાં ઝબકારો થયો. તંબુમાં પથારીની જગ્યાએ સુકું ઘાસ પાથરેલું હતું. ગોવાએ આખા તંબુનું વધારાનું ઘાસ પાંચો સુતો હતો ત્યાં એકઠું કર્યું. એની ઉપર ચામડું પાથરી દીધું અને એક જણ સુતું હોય, તેવો દેખાવ ઉભો કર્યો. આટલું ગોઠવી ગોવો સુવાનો ડોળ કરી પડ્યો રહ્યો.

થોડીવારે ચોકીદાર મશાલ લઈ અંદર આવ્યો. બે કેદીઓને સુતેલા જોઈ, તે પાછો જતો રહ્યો. આમ બે વાર બન્યું. ત્યાર બાદ તે સુવા ગયો અને તેની અવેજીનો બીજો ચોકીદાર આવી પહોંચ્યો. તેણે જરા ઝીણવટથી ચકાસણી કરી. પણ તેને કશું વાંધાજનક ન જણાયું. તે પણ બે ત્રણ વાર ચકાસણી કરી ગયો.

અને આમ કરતાં સવાર પડી ગઈ. ગોવો હવે નીશ્ચીંત બની ગયો. પાંચાની યોજના સફળ નીવડી હતી. ખાને એક મુલ્યવાન રત્ન ગુમાવ્યું હતું. નવા પ્રદેશના મહાન વીજય બાદ આ તેનો પહેલો અને નાનકડો પણ નીશ્ચીત પરાજય હતો.

પણ અજવાળું થતાં જ પાંચો ભાગી ગયાની ચોકીદારને જાણ થઈ ગઈ. તેણે તેના ઉપરીને આ મોંકાણના સમાચાર આપ્યા. ઉપરી રાતો પીળો થતો ગોવા પાસે આવ્યો અને કહ્યું ,” એ બદમાશ ક્યાં ભાગી ગયો છે?” ગોવો તો એમાંનો એક પણ શબ્દ ક્યાં સમજી શકે તેમ હતું? મોં અને હાથના હાવભાવથી તે સમજતો નથી; એમ ઈશારો કર્યો.

ઉપરીએ ક્રોધથી ચામડાંની વાધરીનો સાટકો ગોવાને ફટકારી દીધો. ગોવો અરેરીટામાં સીસકારો બોલી ગયો. તેની પીઠ પર સોળ જ નહીં, લોહીના ટશીયા પણ ફુટ્યા. તેણે ગોવાને ઉપરા ઉપરી, ત્રણ ચાર સાટકા ઠોકી દીધા.

ગોવાના મનમાં ક્રોધની જ્વાળાઓ પ્રગટવામાં હતી; ત્યાં જ એના નવા મનોનીગ્રહે તેના મનની લગામ પકડી લીધી. તેણે સંકલ્પ કર્યો કે, નવો વીચાર શું આવે છે, તેની ઉપર જ હું ધ્યાન કેન્દ્રીત કરીશ. અસહ્ય વેદનાની જગ્યા આ સંકલ્પે લીધી. વેદનાની તીવ્ર સંવેદનાની ઉપરવટ થઈ ગયેલા સાવ નીર્વીચાર મનમાં, તેના પોતાના આશ્ચર્ય વચ્ચે ક્રોધ

ઓગળી ગયો. પીઠની બળબળતી ચરચરાટી ગૌણ બની ગઈ. કોઈક અજાયબ શાંતી બાદ ભુતકાળની એક યાદ ઉજાગર થઈ ગઈ.

એક શીકારના પ્રસંગ વખતે, ગોવાએ એક હરણ નજીક આવતાં પથ્થર ફેંક્યો હતો; પણ એ જ સમયે પગમાં કાંટો આવી જતાં; તે મર્મસ્થાન ચુકી ગયો હતો; અને પથ્થર હરણની પીઠ પર પડ્યો હતો. કાંટાને કારણે તેણે ઉભા રહી જવું પડ્યું હતું; અને હરણ ભાગી ગયું હતું. તે વખતે પોતાને થયેલી હતાશા ગોવાને યાદ આવી ગઈ. આજે ખાન, તેનો અધીકારી અને ચોકીદાર પણ એવી જ પરીસ્થીતીમાં મુકાયા હતા. તેમનો બંદી હાથતાળી આપીને છટકી ગયો હતો. પાંચા પ્રત્યે અનહદ પ્રેમ હોવા છતાં, ગોવાને આ બધા માટે એક નવી અને અજાણી સહાનુભુતી પ્રગટ થઈ.

બધા સૈનીકોમાં કોલાહલ મચી ગયો. આ કોલાહલ સાંભળી ખાન પણ ત્યાં આવી ગયો. તેને પાંચો છટકી ગયાની માહીતી મળી. તેણે ગોવાનો લોહી નીગળતો વાંસો જોયો. તે બરાડી ઉઠ્યો ," અરે! અક્કલના ઓથમીરો! આને મારવા કરતાં બે ચાર જણ ઘોડા પર મારતી સવારીએ દખ્ખણ દીશામાં ઓલાને પકડવા જાઓ ને?"

પેલા ઉપરીની સાન હવે ઠેકાણે આવી. તે અને બીજા ત્રણ જણા મારતે ઘોડે પાંચાના સગડ ચાંપતા, દક્ષીણ દીશામાં ઉપડ્યા. પણ પાંચો તો આ લાંબા અંતરાળમાં, આગલા પડાવ સુધીના, અડધે રસ્તે પહોંચી ગયો હતો. કલાકેક બાદ ચારે બુડથલો વીલા મોંએ પાછા આવ્યા.

આ દરમીયાન ખાન ગોવાના ચહેરાનું બારીકીથી નીરીક્ષણ કરી રહ્યો હતો. તેને તેમાં કોઈ ઉપહાસ, કે વ્યંગની રેખા ન જણાઈ. સાટકાના મારને પણ ગોવાએ હસતે મુખે જીરવ્યો હતો. ગોવાની આ ઠંડી તાકાત નીહાળી ખાન અચંબો પામી ગયો. બન્ને વચ્ચે ભાષાના ફેર અને દુભાષીયાની ગેરહાજરીને કારણે, કશો સંવાદ હજી શક્ય ન હતો. પણ ગોવાની નવી ઉભરી રહેલી સ્વસ્થતા ખાનના મનમાં ચીંતા ઉપજાવવા માંડી.

તે તેના માણસો તરફ ફર્યો અને કહ્યું ," એક પક્ષી તો ઉડી ગયું. જો આ બીજો બંદી છટકી ગયો; તો તમારી કોઈની ખેર નથી. આ અગત્યના બંદીને કોઈએ વીતાડવાનો નથી. એના ઘાની બરાબર ચાકરી પણ કરવામાં આવે. "

ગોવા પરનો જાપ્તો હવે એકદમ કડક બની ગયો. એક સૈનીકે તેના વાંસા પર કશીક વનસ્પતી વાટીને તેનો લેપ લગાવ્યો અને વેલાના પાનના પાટા બાંધ્યા.

ગોવો પોતાની વેદના અને ક્રોધ પર મેળવેલા વીજયને અવલોકી રહ્યો. આમ કદી બન્યું ન હતું. તેને ખાતરી થવા માંડી કે તેના માનસમાં આવેલું પરીવર્તન તેને અવનવી અંનુભુતીઓ કરાવી રહ્યું છે. ચેતનાની એક નવી જ ભુમીકાની આહ્લાદક લહેરોના શીતળ સ્પર્શમાં ગોવો નહાઈ રહ્યો હતો. તેને લાગ્યું કે, તેના જીવનનો આ નવો વળાંક તેને કોઈક જુદા જ મુકામ તરફ દોરી રહ્યો છે.

ગોવાને આ પ્રવાહ અને આ પરીવર્તન ગમવા માંડ્યા. **અનુક્રમણીકા**

## પ્રકરણ – 54 : જુન્નો

"પધારો ! ક્યારનીય હું તમારી રાહ જોઈ રહી છું." ગોવાની ભાષામાં જુન્નો બોલી. ગોવો એકદમ ચમકી ગયો.

પ્રવાસના ચોથા દીવસની સાંજે, ખાનના પ્રદેશમાં પહોંચ્યા બાદ, ગોવાને જે તંબુમાં ઉતારો આપવામાં આવ્યો હતો; તેમાં પ્રવેશતાં, તેમાં ઉભેલી રુપ રુપના અંબાર જેવી જુન્નોએ ગોવાની ભાષામાં ગોવાનું સ્વાગત કર્યું; ત્યારે ગોવો ચમકી જાય, તે સાવ સ્વાભાવીક હતું. આ ચાર દીવસમાં તે ખાનના પ્રદેશની ભાષાના થોડાક શબ્દો જાણતો થયો હતો, પણ એ પ્રદેશમાં જ રહેતી એક સ્ત્રી આટલી સારી રીતે પોતાની સાથે વાતચીત કરી શકે, તે અકલ્પનીય હતું.

ખાને દુરંદેશી વાપરી, એક ઝડપી સંદેશવાહકને મોકલી, સ્વદેશાગમન બાદની તૈયારીઓની વીગતે સુચનાઓ પોતાની રાણીને આપી હતી. એમાંની એક સુચના ગોવાને અતીથીવીશેષ તરીકે રાખવાની હતી; અને આ કામ જુન્નોને સોંપવામાં આવ્યું હતું. મલ્લકુસ્તીમાં વીજય બાદ ભુલાને પણ જુન્નોની આવી જ પરોણાગત મળી હતી. અને ચાર વરસના સહવાસે તે ભુલાની ભાષા શીખી ગઈ હતી.

જુન્નો ...,, ખાનના પ્રદેશના રીવાજોનું એક અવનવું પાત્ર. બધી સ્ત્રીઓમાં, ખાનની રાણી બાદ તેનું સૌથી વધારે માન હતું. તે વારાંગનાઓમાં શ્રેષ્ઠ હતી. ખાન, તેના સરદારો અને આવા વીશેષ અતીથીઓની કામતૃપ્તીનું એકમાત્ર કામ તે કરતી હતી. બધી સ્ત્રીઓ તેની ઈર્ષ્યા કરતી. તેને સૌથી સારી સગવડો અને ભેટો મળતાં. એને કશું જ કામ કરવું પડતું ન હતું. તે વીશીષ્ઠ દરજ્જાના પુરુષોનું મનોરંજન કરવામાં પાવરધી હતી; એટલું જ નહીં; તે અત્યંત બુધ્ધીશાળી પણ હતી. ગોવાને વશ કરવા માટે ખાને આ અમોઘ શસ્ત્ર વાપરવાનું નક્કી કર્યું હતું.

ગોવો બોલી ઉઠ્યો," તમને મારી ભાષા શી રીતે આવડી?"

જુન્નો ,"તમારા પ્રદેશના ભુલા પાસેથી જ સ્તો. ચાલો તમે પ્રવાસથી થાકેલા છો. સ્નાન કરી તાજા માજા થઈ જાઓ."

જુન્નોનો તંબુ અત્યંત વૈભવશાળી હતો.વચ્ચે લાકડાના ઓટલા પર ઘાસના ઢગલા ઉપર કુમાશવાળા પંખીઓના પીંછા અને ગાભલા જેવા ચામડાંથી સજાવેલ મોટો પલંગ હતો. થોડે દુર એક તાપણું સળગતું હતું, અને તંબુને ગરમાગરમ રાખતું હતું. તંબુના એક છેડે પથ્થરની ચોકડી હતી, જેમાં જાડા ચામડાંનું બનાવેલું મોટું તગારું હતું. જુન્નો ગોવાને તેની તરફ દોરી ગઈ. ગોવો જુન્નોની હાજરીમાં સ્નાન કરતાં શરમાયો. જુન્નોએ ઝડપથી ગોવાએ પહેરેલ ચામડું ખેંચી કાઢ્યું અને તેની ઉપર ગરમ પાણી રેડવા લાગી.

ગોવો નીચા મસ્તકે બેસી પડ્યો. હવે જુન્નો તેના શરીર પર કશીક વનસ્પતી ઘસવા માંડી અને કશાક સુગંધી મલમનો લેપ કરવા માંડી. થોડીક વારે પોતાના શરીર પરનું ચામડું પણ તેણે સીફતથી ફગાવી દીધું. તાપણાના

ભડભડતા અજવાળામાં અત્યંત સ્વરુપવાન સ્ત્રીનાં હલન ચલન કરતાં સુડોળ અંગોને આટલી નજીકથી જોઈ; અને સુંવાળા અને ભીના હાથોથી પ્રત્યેક અંગ પ્રત્યંગને સ્પર્શ અને મર્દન થતાં ગોવો ઉત્તેજીત થવા માંડ્યો.

સ્નાન પુરું થયું અને તાપણાંની ગરમીમાં શરીર સુકાતાં; જુન્નો ગોવાને પલંગ તરફ દોરી ગઈ. ગોવાને સુવાડી, પોતે ગોવા પર ચઢી બેઠી. મઘમઘાટ સુગંધી અને તાપણાંના ફરકતા. કેસરી ઉજાસમાં રુપરુપના અંબાર જેવી આ લલનાના આલીંગનની ઉત્તેજના જીરવવી ગોવા માટે શક્ય ન હતું. તે જુન્નોને બાહુપાશમાં ભીંસી લેવા તત્પર થઈ ગયો.

પણ અચાનક તેને નદીની પેલે પારથી પહેલી વાર પાછા આવતાં થયેલ અનુભવ યાદ આવી ગયો. રુપલી આમ જ તેના મડા જેવા થઈ ગયેલા દેહ પર ચઢી ગઈ હતી; અને પોતાના શરીરની ગરમીથી તેણે ગોવાના લગભગ મરણોન્મુખ થઈ ગયેલા શરીરમાં પ્રાણ સીંચ્યા હતા. સાવ બેભાન થઈ ગયેલા ગોવાને જ્યારે ભાન આવ્યું ત્યારે તેણે પહેલી વાર નગ્ન સ્ત્રીદેહની સાથે આલીંગન અનુભવ્યું હતું.

ગોવાને યાદ આવ્યું કે, તેની જાગૃતીની પહેલી થોડીક ક્ષણોમાં તેને રુપલી જીવનદાતા જોગમાયા જેવી લાગી હતી. તેની માવજતથી જ ગોવો મૃત અવસ્થામાંથી પાછો જીવીત બન્યો હતો. જાતીય સંવેદના તો ત્યાર પછી ઉજાગર થઈ હતી.

પણ આજે જુન્નો સાથેના આલીંગમમાં એ ક્રમ ઉલટાયો. જાતીય ઉત્તેજના એકદમ ઠંડી પડી ગઈ. રુપલીની યાદ આ માટે જવાબદાર હતી કે કેમ; તે ગોવો કળી ન શક્યો. ઘોડા ઉપરની પહેલી સવારી દરમીયાન, અત્યંત હતાશા બાદ, એક ઉંડી ખાઈમાં ગબડી વીચારશુન્યતા આવી હતી : તેવી જ કો'ક અજાણી અનુભુતી ગોવાના ચીત્તમાં ઉભરાઈ આવી. બધી જીન્સી સંવેદનાઓ અંત પામી ગઈ; અને એ જ અદભુત સમાધી અવસ્થામાં ગોવો જઈ ચઢ્યો. તેણે આંખો બંધ કરી દીધી, તેનાં બધાં ગાત્રો શીથીલ થઈ ગયાં.

જુન્નો ગોવામાં આવેલ આ પરીવર્તન જોઈ ચોંકી ગઈ. જીન્સી ઉત્તેજનાની ચરમસીમા આટલી બધી હાથવગી હોય ત્યારે કોઈ પુરુષને તેણે આમ ઠંડો પડતો જોયો ન હતો. મૃદુ શબ્દોથી અને મર્દનથી ગોવાને ઉત્તેજીત કરવાનો તેણે પ્રયાસ કર્યો.

ગોવાએ આંખ ખોલી અને પ્રચંડ તાકાતથી તેણે જુન્નોને હડસેલી નીચે ઉતારી દીધી. તે ઉભો થઈ ગયો. જુન્નોના પગમાં પડી, ગોવો બોલી ઉઠ્યો, "માતા! હું તો તમારો બાળ છું. મને આમ શરમાવો નહીં "

જુન્નો સ્તબ્ધ બનીને ચોંકી ઉઠી. તેના ચીત્તના એક સાવ અજ્ઞાત ખુણાને ગોવાએ ફંફોળીને ખુલ્લો કરી નાંખ્યો હતો. વારાંગના તરીકેની તેની ઝળકતી કારકીર્દીમાં મા બનવાનું તેના નસીબમાં ન હતું. કોઈ પુરુષે તેને આટલા વાત્સલ્યથી 'મા' કહી ન હતી. અઢળક સાહ્યબી, એશો આરામ, વૈભવ અને વીલાસ વચ્ચે ખાલી ગોદની એકલતામાં તે હમ્મેશ સોરાતી હતી. તેનું અતૃપ્ત માતૃત્વ પોકારી ઉઠ્યું. જુન્નો ધ્રુસકે ને ધ્રુસકે રડવા લાગી. તેણે ગોવાને કાકલુદી કરી ,"મને મા નહીં બનાવો?"

ગોવાએ તરત પ્રતાપી પણ માર્દવ ભરેલા અવાજમાં કહ્યું ," મા! એ માટે તમે બીજા કોઈ પુરુષનો સંગ કરજો. તમારા આવનાર બાળકનો હું મોટો ભાઈ બનીને તેની રક્ષા કરવા વચન આપું છું."

જુન્નો આ અભુતપુર્વ પુરુષત્વને નમી પડી. ગોવાએ મોટાભાઈના વાત્સલ્યથી જુન્નોનો બરડો પસવાર્યો. જુન્નોને શાંત પાડી, તેને પલંગ પર સુવાડી અને પોતે ચામડાની ફર્શ પર લેટી ગયો.

કંદર્પના બાણથી ગોવો મુક્ત થયો હતો. સૌથી વધારે મુશ્કેલ આ રાગમુક્તીએ ગોવાને ચેતનાના એક નવા શીખરે સ્થાપીત કર્યો હતો. અંતરયાત્રામાં ગોવો એકસાથે અનેક ડગલાં આગળ વધી ગયો હતો.

અનુક્રમણીકા

પહેલો ગોવાળીયો

## પ્રકરણ – 55 : ખાનનો વીજય દરબાર

ખાનના કાફલાના પાછા આવ્યા બાદ, ચોથા દીવસે હજુ સુધી ન થયા હોય તેવા દબદબાભર્યા વીજયોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. તેની તડામાર તૈયારીઓ શરુ થઈ ગઈ હતી.

જુન્નોનાં કામણ અસફળ રહ્યાની રાત પછીની પહેલી સવારે જુન્નો ખાનના તંબુમાં પહોંચી ગઈ. ખાન અને તેની રાણી જુન્નોની કામીયાબીના સમાચાર જાણવા, આતુરતાથી રાહ જોઈ રહ્યાં હતાં ખાને આંખ મીચકારી જુન્નોને પુછ્યું," કેમ બરાબર લપેટાઈ ગયો ને?"

લટકેલા મુખે જુન્નોએ પોતાની અસફળતા દર્શાવતાં કહ્યું," આ માણસ ભયંકર છે. તેને સમજવો કે વશ કરવો એ કોઈના પણ ગજા બહારની વાત છે. "

ખાન ચોંકી ગયો. જુન્નોનાં કામણ આગળ ચીત ન થઈ જાય તેવો કોઈ પુરુષ હોય; તેમ તે માની ન શક્યો. જો કે, જુન્નોએ પોતાના અંતરમાં સંતાડેલી વાત ખાનને ન જ જણાવી. એની જાગી ઉઠેલી માતૃત્વની ઝંખના પ્રગટ કરીને તે પોતાના માટે તકલીફ વહોરી ન લેવા જેટલી સતેજ હતી. તેણે ખાનને ખાતરી આપી કે, તે તેનાં બધાં કામણ કામે લગાવી ગોવાને પોતાનો દાસ બનાવી દેશે.

પણ, આ ચાર દીવસના ગાળામાં ગોવા અને જુન્નો વચ્ચે એક વીશીષ્ઠ સંબંધ સ્થપાઈ ગયો– ગુરુ અને શીષ્યાનો સંબંધ. ગોવાની બાળક જેવી સરળતા પર જુન્નો ઓવારી ગઈ હતી. અનેક પુરુષોની સોડ સેવી ચુકેલી જુન્નોએ આવો પુરુષ કદી જોયો ન હતો. ગોવા સાથે તેની અદભુત આત્મીયતા સધાઈ ગઈ હતી.

ખાન પોતાનું આ અમોઘ શસ્ત્ર નીષ્ફળ જવાના કારણે ચીંતાતુર બની ગયો. બે શક્તીશાળી શત્રુઓ – ત્રીકાળદર્શી વીહો અને મેધાવી પાંચો એને હાથતાળી આપી સરકી ગયા હતા. શત્રુઓના શીરમોર સમ, આ ગોવો એની નજરકેદમાં હોવા છતાં, ખાન તેને સમજી શકતો ન હતો. એની ઉભરી રહેલી નમ્રતા અને અમાનુષી પ્રકાશ ખાનને અકળાવી રહ્યાં. જુન્નો જેવી જન્નતની હુરની માયા ન લાગે તે કલ્પી ન શકાય તેવી વાત હતી. ગોવાનું શું કરવું; તે એના માટે માથાનો દુખાવારુપ અને પેચીદો પ્રશ્ન બની ગયો. બહુ વીચારને અંતે ખાન એક અફર નીર્ણય પર આવ્યો.

***

અભેધ્ય પર્વતની પારના પ્રદેશમાં પહોંચવાના ઘાટની શોધ, ખાને એ પ્રદેશ પર મેળવેલ અભુતપુર્વ વીજય અને સમશીતોષ્ણ હવામાન વાળા અફાટ અંતર સુધી પથરાયેલા એ પ્રદેશનાં વર્ણનો પાછા વળેલા સૈનીકો પાસેથી કર્ણોપકર્ણ વીજવેગે બધે ફેલાઈ ગયા હતા. આને કારણે ખાનની પ્રતીષ્ઠા અને દુર્જેયતામાં અનેક ગણો વધારો થયો હતો. આથી  વીજયસભા શરુ થતાં અગાઉ, આજુબાજુના કસ્બાઓમાંથી પ્રજાનાં ધાડેધાડાં ઉમટી આવ્યાં હતાં. કદી આટલી મેદની ભેગી થઈ ન હતી. કોઈ  આ અપ્રતીમ અવસર ટાળવા  તૈયાર ન હતું.



પહેલો ગોવાળીયો

આટલી બધી માનવમેદનીનો સમાવેશ કરવા, મેદાનની બાજુના તંબુઓ ખસેડી નાંખવામાં આવ્યાં હતાં. ઘણાં બધાં ઝાડ, ઝાડી અને ઝાંખરા ઉચ્છેદીને મેદાન મોટું કરવામાં આવ્યું હતું. કડકડતો શીયાળો બેસી ગયો હોવા છતાં, હકડેઠઠ ભીડ ભેગી થઈ ગઈ હતી. દર વખત કરતાં વધારે પેશગીની જણસો લઈને પ્રતીનીધીઓ આવી પહોંચ્યા હતા. નવા પ્રદેશમાં જનાર બીજા સૈન્યમાં જોડાવા પણ પડાપડી થતી હતી. છેવટે બધાંની આતુરતાનો અંત આવ્યો. ખાનના રસાલાએ વીજયસભામાં દબદબાભર્યો પ્રવેશ કર્યો.

ગોવાએ આટલી બધી મેદની કદી ભાળી ન હતી. લોકોના શરીર પરના શણગાર, મંચ પરના મહાનુભાવોનો આંખો આંજી નાંખે તેવો આડંબર અને ખાન અને તેની રાણીની જાજ્વલ્યમાન પ્રતીભા જોઈ તે વીચારતો થઈ ગયો. તેના પ્રદેશની બધી વસ્તી ભેગી થઈ હોત, તો પણ ખાનના વીજયને ખાળી ન જ શકાત; તેની પ્રતીતી ગોવાને થઈ ગઈ.

ખાનના આવી પહોંચ્યા બાદ ખાનના વયોવૃધ્ધ શમને(*) અંતરની વાણીથી પ્રાર્થના ગાઈ અને આશીર્વચન ઉચ્ચાર્યાં. ગવૈયાઓએ મધુર કંઠે પ્રશસ્તીગાન ગાયાં. સ્ત્રીઓએ આકર્ષક અંગભંગીમાં નૃત્યો કર્યાં. બાઈસન દેવના વધનું પ્રણાલીકાગત નૃત્ય તો ખરું જ. અંગકસરતના હેરતભર્યા પ્રયોગો બાદ મલ્લકુસ્તીનો અત્યંત લોકપ્રીય મુકાબલો શરુ થયો.

દર વખતની જેમ મલ્લોની પ્રચંડ કાયાઓ વચ્ચે ખરાખરીના ખેલ મંડાયા. છેવટે ભુલાએ જેને હરાવ્યો હતો; તે જીતમલ્લ સર્વોપરી બનીને મગરુરીમાં મહાલી રહ્યો. તેણે મોટેથી લલકાર કર્યો. “ ખાન દરબાર મેદાનોના પ્રદેશના રાજાને પકડીને લાવ્યા છે. મારો એને પડકાર છે કે, માઈનો પુત હોય તો મારી સાથે કુસ્તીમાં ઉતરે.”

આખી મેદનીમાં નીરવ શાંતી છવાઈ ગઈ. આવી જ મુઠભેડ બાદ જીતમલ્લને હરાવનાર ભુલો બહુ લોકપ્રીય બની ગયો હતો. લોકોએ ભુલાથી અનેક ગણા ચઢીયાતા, વતનમાંથી ભુલાને ભગાડનાર તેના પ્રતીસ્પર્ધી અને મહાન શક્તીઓ ધરાવનાર ગોવાના ઘણાં વર્ણનો સાંભળ્યાં હતાં. આ જોડીની કુસ્તી કેવી રહે છે, અને તેમાં કોણ વીજયી નીવડે છે; તે જાણવા સૌ તલપાપડ બની ગયા.

જુન્નોએ ગભરાટ સાથે આ પડકાર ગોવાને કહી સંભળાવ્યો. ગોવાની ઋજુતા જીતમલ્લ આગળ પોચટ જ પુરવાર થશે; તેની તેને વ્યાજબી આશંકા હતી. તેના વીલાસી જીવનમાં અપરીવર્તનશીલ ફેર લાવનાર આ મહાન પુરુષ જીતમલ્લના હાથે ધુળમાં રગદોળાઈ જાય; તેવો ભય તેના અંગ પ્રત્યંગમાં વ્યાપી રહ્યો. ખાન પણ મુછમાં હસી રહ્યો હતો. ગોવો મુકાબલો કરવા તૈયાર ન થાય તો તેનો નૈતીક પરાજય અને જીતમલ્લ સાથે બાથ ભીડે તો તેનું મૃત્યુ નીશ્ચીત હતાં. આ માટે ખાને જ જીતમલ્લને સુચના આપીએ હતી. ગોવાનો માનભંગ, પરાભવ કે અંત થતો જોવા તે પણ તલપાપડ બની ગયો.

પણ ગોવો? પુર્ણ સ્વસ્થતા સાથે તે ઉભો થયો અને મેદાનમાં પ્રવેશ્યો. હવે શું બને છે; તે જોવા અને જાણવા બધા અધ્ધર શ્વાસે મેદાનમાં ઉભેલા બે વીરો તરફ નીહાળી રહ્યા.....

પહેલો ગોવાળીયો

પહેલો ગોવાળીયો

**શમન** –મોંગોલીયન, એસ્કીમો, પ્રાચીન રશીયન, તુર્ક, હુણ વીગેરે ઉત્તર એશીયાઈ જાતીઓમાં પરમ તત્વને પામેલી પુજ્ય વ્યક્તી. આ પ્રજાઓના રાજાઓ અને સરદારો પણ આવી પવીત્ર વ્યક્તીઓનો આદર કરતા.

આ વીશે વધુ જાણવા આ સાઈટ પર જુઓ - http://en.wikipedia.org/wiki/Shamanism

અનુક્રમણીકા

પહેલો ગોવાળીયો

## પ્રકરણ – 56 : મહા શમન

ગોવો જ્યારે ઉભો થયો ત્યારે અવનવા ભાવો તેના મનમાં ઉભરાઈ આવ્યા. તેનું સ્વમાન, તેની જાતીનું ગૌરવ, આખા આયખાની પ્રતીષ્ઠા – આ બધું જાણે હોડમાં મુકાતું હોય, તેવી લાગણીમાં તે ગરકાવ થઈ રહ્યો.

મંચ ઉપરથી ઉતરી, જેમ જેમ તે મેદાનમાં આગળ વધતો ગયો, તેમ તેમ તેના જીવનનાં ચીત્રોની હારમાળા તેની નજર સમક્ષ પસાર થઈ ગઈ. બાળ અવસ્થાનાં અલ્લડ તોફાનો, કીશોરવયની નદી પાર કરવાની ઘેલછા, યુવાનીના ઉંબરે પગ મુકતાં, નદી પાર કરીને મરણને હાથતાળી દઈ, મહાન વીજય સાથ વતનમાં પુનઃ પ્રવેશ, રુપલી સાથેની પહેલી પ્રીત, જોગમાયાના મંદીરમાં લગ્ન અને સોહાગરાતનો ઉન્માદ, નદીને ઓલે પાર વસાહતની સ્થાપના અને પહેલા ગોવાળીયા બનવાનો અનુપમ આનંદ, અવનવી શોધો, નેસવાસીઓની ઈર્ષ્યા, અણીને વખતે ઉપેક્ષા, ખાન સાથે યુધ્ધ, અંતીમ પરાજય અને છેલ્લા થોડાક દીવસોની આ કોઈ અવનવી અવસ્થા.

આ બધીય અવસ્થાઓમાં સતત પરીવર્તન. પામતો રહેલો કયો ગોવો તે હતો? તે સમયના વહેણંની સાથે કેટલો બધો બદલાઈ ગયો હતો? અને છતાં સહેજ પણ ન બદલાયો હોય તેવો કોઈક જણ તેની અંદર હાજરાહજુર હતો. તે જણ તો એમનું એમ જ હતું. આ કોણ વીચારી રહ્યું છે? આખી જીંદગાનીના અનુભવોમાં આ કોણ સતત તેની અંદર પુરાઈને બેઠેલું રહ્યું છે?

આ બધીય અવસ્થાઓમાં પોતાના અસલી હોવાપણાનું વાસ્તવીક સત્ય તો એમનું એમ જ, અક્ષુણ્ણ, અવીચળ હતું - તેનો ભાસ અને સાક્ષાત્કાર ગોવાને થઈ રહ્યો. .

બધાં ચીત્રો ઓસરી ગયાં. આજુબાજુની હકડેઠઠ ભીડ, આ ઘડીએ એના મનમાં અને મેદાનમાં સર્વત્ર વ્યાપેલી ઉત્તેજના, હોડમાં મુકાયેલાં સ્વમાન અને પ્રતીષ્ઠા ... એ બધાં એને અદૃશ્ય થઈ ગયેલાં લાગ્યાં. માત્ર પોતાના, પાયાના હોવાપણાની સાથે ગોવો એકરુપ બની રહ્યો. એકાએક એને પોતાની જાતની અસલી ઓળખ સમજાઈ ગઈ.

અગાઉ દેશનીકાલ બાદ ઘોડા પર સવારી કરતાં કરતાં, હતાશાના ગર્તાની ઉંડી ખાઈમાં ધકેલાતાં; તેમજ જુન્નો સાથે આલીંગન વખતે જાતીય પરાકાષ્ઠાના પ્રારંભ બાદ - અનુભવેલી નીર્વીચારતા કરતાં આ સાવ જુદી જ અનુભુતી હતી. આ તો કેવળ પોતાની જાતનો, સાવ નવો નક્કોર આવીષ્કાર હતો. તેના શરીરના કોશે કોશમાંથી તેનું હોવાપણું ધસમસતું અભીવ્યક્ત થઈ રહ્યું હતું. વર્તમાન સાથે એકાકાર થવાના આ ઘોડાપુરમાં ગોવો અવશ બનીને તણાયો; તણાતો જ રહ્યો.

હવે તે જીતમલ્લની સાવ લગોલગ આવી ગયો હતો. બન્નેની નજર મળી. પ્રચલીત પ્રણાલીકા મુજબ બન્નેએ એક બીજાના હાથ પકડ્યા અને એકમેકની સાથે બાખડતાં પહેલાં ભેટવા ગયા.

પણ આ શું?

જીતમલ્લ ગોવાની આંખોની પેલે પાર, અંતરની પાળથી ઘુઘવતા તેજને ખાળી ન શક્યો. ગોવાના હાથનો સ્પર્શ થતાં જ કોઈ અજીબોગરીબ ઝણઝણાટી તેના રગે રગમાં વ્યાપી ગઈ.

જીતમલ્લ સાવ નાનો હતો ત્યારથી માતાને ગુમાવી ચુકેલો હતો. પોતાની માતાનું સાવ ભુલાઈ ગયેલું પ્રેમસભર મુખારવીંદ તેના માનસચક્ષુ સમક્ષ તગતગવા માંડ્યું. તેના મલ્લ બાપની મહત્વાકાંક્ષા તેને અજેય મલ્લ બનાવવાની હતી અને તે મહાન ધ્યેયને નજર સમક્ષ રાખીને બાળપણથી તેનો ઉછેર કરવામાં આવ્યો હતો. વાત્સલ્યની એક પણ કુણી લાગણી તેની આજુબાજુ ફરકવા પણ ન પામે; તે માટે તેના બાપે અભેદ્ય પાષાણ જેવી માનસીક વાડો જીતમલ્લની આજુબાજુ બાંધી દીધી હતી.

પણ ગોવાની સાથે સંસર્ગ થતાં વેંત, ગોવાના ચહેરામાં તેને પોતાની મા દેખાણી. આખા આયખામાં દબાવી રાખેલી, બધી કુણી લાગણીઓ બાપના બનાવેલા ઓલ્યા પાષાણ બંધને જબરદસ્ત હડસેલો મારીને ઉભરાઈ આવી. કોઈક ન સમજાય તેવી અપ્રતીમ લાગણીના પુરમાં જીતમલ્લ તણાયો; અને બાળકની જેમ આક્રંદ કરી ઉઠ્યો. તેનામાં ગર્ભીત રહેલો પ્રેમ ઉભરાઈ ઉભરાઈને છલકવા લાગ્યો. ગોવાના પગમાં તે આળોટવા લાગ્યો.

એક માતા પોતાના બાળકને વહાલ કરે તેમ, ગોવાએ જીતમલ્લને ઉભો કર્યો અને છાતી સરસો ચાંપ્યો. સમસ્ત મેદની આ શું થઈ રહ્યું છે, તે સમજે; તે પહેલાં જુન્નો ત્યાં દોડી આવી. પોતાનામાં થયેલા માનસ પરીવર્તનની જાહેર પુનરાવૃત્તી જીતમલ્લમાં થઈ રહી છે; તે તરત તેની સમજમાં આવી ગયું.

અને જુન્નોની પાછળ પાછળ વૃધ્ધ શમન પણ દોડી ગયા.

ગોવા પાસે જઈ શમને મોટેથી પોકાર કર્યો ,"ગોવાજી, આવી કરુણા તો હું પણ ન દાખવી શકું. તમે તો મારા પણ ગુરુ છો. મહા શમન! અમારા દેશમાં હું તમારું સ્વાગત કરું છું. અમારી વચ્ચે શુધ્ધ પ્રેમની નદીઓ વહેવડાવો. સૌથી પહેલો મને એનાથી પવીત્ર કરો."

ગોવાએ જુન્નોનો હાથ જીતમલ્લના હાથમાં મુક્યો. વૃધ્ધ શમન પાશવીક બળ અને અપ્રતીમ માર્દવથી ભરેલા સૌંદર્યના આ સુભગ સંગમને સસ્મીત અને મુક આશીર્વાદ આપી રહ્યા.

ખાન આ અભુતપુર્વ ઘટનાથી હક્ક બક્કા ખાઈ ગયો. શમન જેના પગમાં પડે, તે કેટલો મહાન આત્મા હશે; તે સમજતાં તેને ક્ષણની પણ વાર ન લાગી. તેની કાબેલ રાજસીકતા ઓગળી રહી. તે પણ આ બધાંની વચ્ચે પોતાની રાણી સાથે આવી ઉભો અને પ્રચંડ નાદે પોકાર કર્યો

**" મહા શમનનો જય હો! "**

પહેલો ગોવાળીયો

પહેલો ગોવાળીયો

આમ કહી ખાન ગોવાના ચરણમાં લેટી ગયો. પોતાના લાડીલા નેતા ખાનના આ અભુતપુર્વ પરીવર્તનને પામી જઈ, આખી મેદની ગગન ભેદી નાદે પોકારી ઉઠી ..

**' મહા શમનનો જય હો! '**

**' મહા શમનનો જય હો! '**

**' મહા શમનનો જય હો! '**

-------------------------

આ ગોવાનો વીજય ન હતો.

માનવ મનમાં ઉચ્ચતમ ચેતનાના પ્રથમ આવીષ્કારનો અંધકાર અને જડતા પરનો બેનમુન વીજય હતો.

ઈન્દ્રીયાતીત ચેતનાની અનુભુતીના માનવદેહમાં પ્રથમ અવતરણનો જયઘોષ હતો.

માનવચેતનાની નદીમાં ક્ષણીક આવી ગયેલા પરમત્તવની ચેતનાના ઘોડાપુરનો આ ઉન્માદ હતો.

**અનુક્રમણીકા**

પહેલો ગોવાળીયો

# વીભાગ -7

# પરીશીષ્ઠ

પહેલો ગોવાળીયો

## અનુક્રમણીકા

# ઉપસંહાર

વાર્તામાં આવેલ અણધાર્યા અને અચાનક અંતથી વાચક 'આગળ શું થયું?' તેમ વીચારતો થઈ જાય; તે સ્વાભાવીક છે. ગોવો, રુપલી, કાનો, વીહો, પાંચો, ભુલો, જગ્ગો, ખાન, જુન્નો, જીતમલ્લ .. આ બધાનાં જીવન મહા શમનની ઘટના પછી શી રીતે વ્યતીત થયાં એ હું વાચકની કલ્પના પર છોડું છું.

આમેય જીવનની કોઈ કથા કદાપી, ક્યાંય સમાપ્ત થતી જ નથી. સમાજનો, સંસ્કૃતીનો, જીવનનો પ્રવાહ તો એક યા બીજા સ્વરુપે ચાલુ જ રહે છે. એને કોઈ અંત ન જ હોય. આ કથામાં 'પહેલા ગોવાળીયા' ગોવાના જીવનમાં આવેલ વીવીધ પરીવર્તનો આલેખવાનો પ્રયત્ન થયો છે. ગાયોના પહેલા પાલક બનવા ઉપરાંત ' ગો' એટલે ઈન્દ્રીયોના પ્રથમ વીજેતા બનનાર ગોવાની જીવનયાત્રાનો આ આલેખ છે.

એ આલેખને વાચક પોતાની કલ્પના અનુસાર વળાંકો આપી; અનેક, અંતહીન અને નવાં પ્રકરણો કલ્પી શકે છે.

પણ યુગો વીતી જાય; પાયાનાં માનવ મુલ્યો, શક્તીઓ, અને પ્રયત્નો એમના એમ અક્ષુણ્ણ રહ્યાં છે- રહેવાનાં જ છે.

અનુક્રમણીકા

પહેલો ગોવાળીયો

# ઈશ્વરનો જન્મ - પથ્થર યુગ પહેલાંની એક કલ્પના

ગીચ જંગલમાં, ઝાડની એક ડાળી પર, સાંજના ધુંધળા ઉજાસમાં મનુ ફસાયેલો પડ્યો હતો. આખી બપોર તે એક હરણના શીકાર માટે તેની પાછળ દોડતો રહ્યો હતો. આમ તો જો કે તે નીશાન તરફ પથ્થર ફેંકવામાં પાવરધો હતો; પણ આ હરણ તેનાથી વધારે ચપળ હતું. મનુનાં બધાં નીશાન તેણે ચુકવી દીધાં હતાં અને મનુની કમર પરની ચામડાની કોથળીમાં સંઘરેલા બધા પથ્થર પણ ખલાસ થઈ ગયા હતા. ઘાસ અને ઝાડીથી ભરેલી જંગલની જમીન પરથી તે બીજા પથ્થર વીણી લે એટલી વારમાં તો એ ચાલાક હરણું ગીચ ઝાડીઓની  પાછળ રફુચક્કર થઈ ગયું હતું.

મનુ ગુફાવાસી હતો. તેની બે પત્નીઓ અને પાંચ બાળકો સાથે જંગલના એક કોરાણે આવેલા પર્વતની ગુફામાં એ રહેતો હતો. બીજાં કુટુમ્બો પણ આજુબાજુની ગુફાઓમાં રહેતાં હતાં. શીકાર કરવો અને ઝાડ પરથી ફળો અને સુકા મેવા પાડવા; આ બે પર જ એમનો ગુજારો થતો. આમ તો બધા પુરુષો સાથે જ  શીકાર માટે સવારે નીકળી પડતા. પણ તે દીવસે મનુ તેમનાથી અનાયાસ વીખુટો પડી ગયો હતો. આ કમબખ્ત હરણનો પીછો એકધ્યાનથી કરવામાં આમ બન્યું હતું.

ઝાડીઓમાં તે હરણની ભાળ મેળવતાં મેળવતાં, તેને બે લીલી ચળકતી આંખો દેખાણી. તેની ચાલાક આંખોને સમજતાં વાર ન લાગી કે કોઈક જંગલી અને માંસાહારી જાનવર તેની તરફ ધ્યાનથી તાકી રહ્યું હતું. અને મનુ ભાગવાનો વીચાર કરે તે પહેલાં જ એક જોરાવર વાઘ ઝાડીમાંથી તેની તરફ લપક્યો. અને લો ! શીકારીનો જ શીકાર થઈ જવાની નોબત બજી !

બીજી તરફની ખુલ્લી જમીન પર મનુ એની બધી તાકાત ભેગી કરી, મુઠીઓ વાળીને ભાગ્યો. અને એ વાઘે તેનો પુર ઝડપે પીછો કર્યો. મનુને ખબર પડી ગઈ કે તેનાથી એ વાઘ કરતાં વધારે ઝડપથી દોડી શકાય તેમ ન હતું અને થોડીક જ વારમાં વાઘ તેનો કોળીયો કરી જશે.

મનુને તરત જ સુઝ્યું કે, પોતે ઝાડ પર ચઢી જાય તો જ મોતના આ સાક્ષાત પીછામાંથી બચી શકે. તે નજીકના એક ઝાડ તરફ ગાંડાની માફક દોડ્યો અને ઠીક ઠીક ઉંચે પણ ચઢી ગયો. પણ વાઘે ઉંચા થઈને એક થપાટ તો મારી જ લીધી અને તેના ઘુંટણને ચીરી નાંખ્યો. મનુ અત્યંત પીડામાં ચીસ પાડી ઉઠ્યો. તેના ડાબા પગમાંથી દડ, દડ, દડ લોહી નીતરતું હોવા છતાં; બધી તાકાત ભેગી કરીને વાઘ તેને પકડી ન શકે એટલી ઉંચાઈએ તો તે ચઢી જ ગયો. તેને લાગ્યું કે તે બેભાન થઈ જશે. પણ તેણે ઉંડો શ્વાસ લઈ, દાંત ભીડી, તેના બન્ને હાથે ઝાડની એક ડાળી સાથે બાથ ભીડેલી રાખી.

પહેલો ગોવાળીયો

અને આ જ સ્થીતીમાં તે સખત હાંફતો પડ્યો રહ્યો. વાઘ તેના નીચે પડી જવાની રાહ જોતો, ઝાડની નીચે જ ઉભો રહ્યો. લાગ જોઈને અને થોડીક કળ વળતાં, તે થોડોક વધારે ઉંચે, સલામત જગ્યાએ ચઢી ગયો. વાઘને બદલે દીપડો હોત તો તો તે ક્યારનોય મરણ શરણ થઈ ગયો હોત, તે વીચારે તેને પોતાનું નસીબ કાંઈક સારું લાગ્યું.

આમ ને આમ કલાકેક વીતી ગયો. સુરજ ક્ષીતીજની પાર જવા માંડ્યો અને અંધારું ઘેરાવા લાગ્યું. નીચે વાઘ પણ દેખાતો બંધ થઈ ગયો. અને આ જ સમે તેને ક્યાંક બાજુમાંથી એક સીસકારો સંભળાયો. સાવ આછા પ્રકાશમાં તેને બાજુમાંથી કાંઈક સળવળાટ થતો જણાયો. કશુંક લીસ્સું તેને સ્પર્શીને સરકી રહ્યું હતું. કાળોતરો નાગ તો નથી ને ? ભયનું એક લખલખું તેના શરીરમાં ફરી વળ્યું. તેણે ચુંચી નજર કરીને આજુબાજુ જોઈ લીધું. સદ્ભાગ્યે એક વેલો તેની સાવ નજીકમાં લબડતો હતો. તેણે બધું બળ એકઠું કરી તેને પકડી, ગાંડા વાંદરાની જેમ હીંચ્યો. જુની આવડતથી તે ઝાડની બીજી ડાળી પર આવી પહોંચ્યો અને મરજીવાની જેમ, વેલો છોડી તે ડાળી તેણે પકડી લીધી. તે માંડ માંડ નીચે પડવામાંથી બચ્યો. તેના ડાબા પગમાં જબરદસ્ત સણકારો તો થયો જ , પણ એની તરફ લક્ષ્ય આપવાનું તેને પોસાય તેમ ક્યાં હતું ?

અને આ ડાળી ઉપર જ મનુ અમાસની એ કાજળ કાળી રાતમાં પડેલો રહ્યો. આખા દીવસનાં ભુખ અને સખત પરીશ્રમને કારણે તેના પેટમાં તો વણાંચુટાં થતાં હતાં. દુર ક્ષીતીજમાં કાળાં ડીબાંગ વાદળો ઘેરાયેલાં હતાં. તે વધારે ને વધારે ઘનઘોર થવાં લાગ્યાં અને છેવટે ઝરમર ઝરમર ટીપાં પડવાની શરુઆત પણ થઈ ગઈ. થોડી વારમાં જ તો હળવી બુંદાબાંદી અને પછી તો બારે મેઘ મુશળધાર તુટી પડ્યા. તે બરાબર લથપથ થઈ ગયો હતો અને અશક્તીમાં કણસતો હતો. શીયાળાની તે નીષ્ઠુર રાતે ઠંડો, જલ્લાદ જેવો પવન પણ તીણા સુસવાટા મારતો, તેના શરીરને આરપાર વીંધી નાંખતો હતો. તેની કાયા ઠંડી અને ભયના કારણે થરથર ધ્રુજતી હતી. આટલું અધુરું હોય તેમ, તેને બીજા ભયની કલ્પના થવા લાગી કે આ દુશ્મન વરસાદે ગુફામાં સલામત પાછા ફરવાના જંગલમાં રસ્તે છોડેલાં બધાં જ સગડ ધોઈ નાંખ્યાં હશે. અને વળી સાંજની આ ભયાવહ ઘટનામાં ગુફા તરફની દીશાનો અંદાજો તો તે ક્યારનોય ગુમાવી ચુક્યો હતો !

મનુને લાગ્યું કે, તેનું મરણ હવે નીશ્ચીત છે. તે શબની જેમ ડાળી પર જેમ તેમ લટકેલી દશામાં પડ્યો રહ્યો. આ અવસ્થામાં તેની આંખો ક્યારે મીંચાઈ ગઈ, તેની તેને ખબર જ ન પડી. તેની આ દયામણી નીયતીમાં, પોતાના જીવનના કરુણ અંતના સપનાની ભયાવહ દુનીયામાં તે ખોવાઈ ગયો. મોંમાંથી ભયાનક આગ અને ઝેર ઓકતા, ઉડતા ડ્રેગનોએ તેને ચારે તરફથી ઘેરી લીધો હતો. ભયની પરાકાષ્ઠાની તીવ્ર લાગણી સીવાય કશું જ તેના હોવાપણામાં બાકી રહ્યું ન હતું.

તેની આવી અવસ્થા કંઈ કેટલાય સમય માટે જારી રહી. અને એવી જાગ્રત–અજાગ્રત અવસ્થામાં જ ક્યાંકથી વહેલી સવાર સળવળવાટ કરવા લાગી. ઘેરાં વાદળો તો ક્યારનાંય સમેટાઈ ગયાં હતાં. રહ્યાં સહ્યાં વાદળોની આડશમાંથી, દુર દુરથી સુર્યનાં પહેલાં કીરણો અંધકારનાં અંચળાને હળુ હળુ સમેટવાં લાગ્યાં. ઉષાના એ ઝાંખા ઉજાસમાં તેના શબવત શરીરમાંથી તેની પાંપણો, જીવનના રહ્યા સહ્યા અસ્તીત્વને ઝંકૃત કરતી ખુલી. ન કશો વીચાર, ભય કે મૃત્યુની



પહેલો ગોવાળીયો

કોઈ લાગણી પણ હવે બચી હતી. જીવન અને મૃત્યુની વચ્ચેની એ કોઈક અણજાણ અવસ્થા હતી. તેની ખુલ્લી આંખો શુન્યવત્ બનીને આકાશના ઝાંખા ઉજાસને તાકી રહી અને એમાં ધીમે ધીમે વધુ ને વધુ પ્રકાશ પ્રવેશતો રહ્યો.

ઝાડની ડાળીઓની આડશમાંથી તેણે દુર દુર કાળા આકાશમાં વાદળો આકાર લેતાં જોયાં. ધીમે ધીમે તેને તેનો આકાર દેખાવા માંડ્યો. એનો રંગ પણ ધીમે ધીમે બદલાવા માંડ્યો. પહેલાં થોડોક રાખોડી, પછી આછો પીળો, પછી હળવો કેસરી, પછી ઘેરો કેસરી, પછી લાલાશ પડતો અને છેવટે અંગાર જેવા લાલ રંગોમાં વાદળો રંગાયાં. આ લાલચોળ વાદળોને વીંધીને એમની વચ્ચેથી સુર્યનાં પ્રથમ કીરણો તેની સમક્ષ આવી ઉભાં. કોઈ મહાન અસ્તીત્વની વીશાળ અને લાલચોળ આંખ ઉભરવા માંડી. તેનું સમગ્ર હોવાપણું એક ઉંડી એકલતામાંથી આળસ મરડીને અંગડાવા લાગ્યું. હળુ–હળુ તેના શરીરમાં જીવનનો આછો–પાતળો સંચાર થવા લાગ્યો. કશાય આકાર કે રુપ વીનાનું, અજાણ્યું અને અતીવીશાળ હોવાપણું તેના સમસ્ત હોવાપણાને ઘેરી વળ્યું હોય તેવી અનુભુતી તેને થવા માંડી. એ લાલચોળ આંખમાંથી સુર્યનાં સોનેરી કીરણો રેલાવા માંડ્યાં. તે જાણે કે, એને કાંઈક કહી રહ્યાં હતાં. એનો એ ગુપ્ત સંદેશ તેનું જાગૃત મન ઝીલી શકે તેવા કોઈ જાણીતા શબ્દ કે ઈશારા વીનાનો હતો. એ સંદેશની તો તેનું હોવાપણું માત્ર અનુભુતી જ કરી શકે તેમ હતું – કોઈ સમજણ તો નહીં જ.

આ સાવ નવા નક્કોર અનુભવથી તેના રોમેરોમમાં કોઈક અજાણી ઝણઝણાટી થઈ આવી. અને આ નુતન અનુભુતીના આવીર્ભાવે તેની જીવંતતા પણ ધીમેથી સંચાર કરતી સળવળવા લાગતી હોય તેમ તેને લાગવા માંડ્યું. તે અ–હોવાપણામાંથી હોવાપણામાં ધીમા પગરવ પાડી રહ્યો હતો. તેનાં અંગ–પ્રત્યંગ ધીમે ધીમે જાગૃત થવાં માંડ્યાં અને નુતન જીવનના પગરણ તે અનુભવી રહ્યો. તેના પગનો દુખાવો અને પીડા આશ્ચર્યજનક રીતે ઓછાં થઈ ગયાં હતાં. મનુ ધીમે ધીમે ડાળ પરથી નીચે ઉતરવા લાગ્યો. છેવટે થડ પરથી સરકીને જમીન પર આવીને ઉભો અને કોઈ ઈચ્છા વગર, દીશાના કોઈ ભાન વગર કે તે શોધવાની કોઈ આકાંક્ષા વગર ચાલવા લાગ્યો.

કોઈક અજાણી તાકાત તેને ચાલવા અને ચાલતા જ રહેવા માટે લાલાયીત કરી રહી હતી. હવે સુર્ય તો ઉંચો આવી ગયો હતો અને પેલા અજ્ઞાત હોવાપણાની મહાકાય આંખ પણ અદૃશ્ય થઈ ગઈ હતી. બધાં વાદળોને વાયરો વાળી ગયો હતો. પ્રગલ્ભ અને તરોતાજા સવારમાં તે ક્યાં જઈ રહ્યો હતો : તેના કોઈ ભાન વગર, કેવળ આનંદની પરાકાષ્ઠાના અપ્રતીમ ભાવમાં તે બસ ખેંચાઈ રહ્યો હતો. અપાર શાંતી અને સમાધીની અનુભુતીમાં કોઈ અજાણ બળ વડે તે દોરાઈ રહ્યો હતો. તેની આજુબાજુની સૃષ્ટીનું તેને કશું જ ભાન ન હતું, અથવા એનો એને માટે કોઈ અર્થ ન હતો.

ધીમે ધીમે તેની સમાધી–સ્થીતી ઓસરવા માંડી. તેને આજુબાજુનું પર્યાવરણ પરીચીત લાગવા માંડ્યું. ઝાડ, પાન, ઘાસ, પાષાણ, ધીમે ધીમે તેને જાણીતાં લાગવા માંડ્યાં. તેને હવે સમજાયું કે તે પોતાના જુના અને જાણીતા નીવાસસ્થાનની નજીક સરકી રહ્યો છે. તેની ગુફા દુરથી દેખાઈ રહી હતી. ડાબો પગ સહેજ લંગડાતો હોવા છતાં, આનંદના અતીરેકમાં હવે તે દોડવા લાગ્યો.

થોડા જ વખતમાં મનુ તેના આપ્તજનો વચ્ચે ઘેરાઈ ગયો. તેની વહાલી પત્નીઓ અને તેનાં બાળકો; તેના સાથીઓ અને પાડોશીઓ વીંટળાઈ વળ્યાં. આનંદની કીલકારીઓ, વહાલની બાથો, ખોરાક અને પાણીની વચ્ચે તે પોતાના ગઈ

બપોર પછીના અનુભવો વર્ણવવા લાગ્યો. ભાવી સાથેની તેની મુઠભેડ અને તેમાંથી તેના ચમત્કારીક ઉગારાની અજાયબ વાતો તેના મુખેથી ઉતરવા લાગી. પણ મનુના માનસમાં એ પ્રલયકારી પળો બાદ દેખાયેપી વીશાળ અને લાલચોળ આંખ સતત ડોકાતી રહી.

તે ઘટના અને તે અજાણ્યું અસ્તીત્વ આકારહીન, રુપહીન, અજાણ્યાં હોવા છતાં મનુએ તેનો આભાર માન્યો. તે જ દીવ્ય અને સોનેરી આંખે તેને નવજીવન બક્ષ્યું હતું અને તેને હેમ–ખેમ ઉગારી, સ્વજનો વચ્ચે ગુફા ભેગો કર્યો હતો.

## મનુએ તેને 'ઈશ્વર' કહ્યો.

ત્યારે જ ઈશ્વરનો જન્મ થયો અને ત્યારથી જ માનવમનમાં તે હરહમેશ વસતો રહ્યો છે.

અનુક્રમણીકા

પહેલો ગોવાળીયો

# ફળાહારી શીકારી

ફળાહારી માણસો શીકારી હોય?

હા! હોય.

છેક 30,000 વર્ષ પહેલાં પણ હતાં અને આ 2009 ની સાલમાં પણ!

શીકારી ફળાહારી એટલે શીકાર કરેલાં પ્રાણીઓ તેમ જ ઝાડ પરથી વીણેલાં/ ચુંટેલાં ફળો પર જીવન ગુજારતાં માણસો **(Hunter gatherers)** . આ એકવીસમી સદીમાં પણ મલાયેશીયા, ન્યુગીની/ પપુઆ, એમેઝોનના જંગલો, અને તાન્ઝાનીયા, આફ્રીકામાં આવી પ્રજાઓ રહે છે. આ પ્રજાઓ આજુબાજુ રહેતી બીજી પ્રજાઓના સંસર્ગમાં આવવાં છતાં પોતાની હજારો વર્ષ જુની જીવન પધ્ધતી બદલવા તૈયાર નથી. પશુપાલન કે ખેતી તેમના સમાજમાં બહીષ્કૃત છે.


એમના વીશે વધુ જાણવા ...

- **નુકાક – એમેઝોન** http://en.wikipedia.org/wiki/Nukak
- **બેટક – મલાયેશીયા** http://en.wikipedia.org/wiki/Batek
- **હાદ્ઝા – તાન્ઝાનીયા , આફ્રીકા** http://en.wikipedia.org/wiki/Hadza_people

**અનુક્રમણીકા**

પહેલો ગોવાળીયો

# લેખક પરીચય



" બાસઠના આ ડોસાજીને ચાર સાલના થાવું છે.
સંતાકુકડી, છુક છુક ગાડી, લખોટીમાં લલચાવું છે."

### જીવન મંત્ર

આ ક્ષણમાં જીવો. " Live this moment powerfully. "

---

### જન્મ

- 5 – માર્ચ , 1943 , અમદાવાદ

### કુટુમ્બ

- **પીતા** – ભીખાભાઈ - રેલ્વે વાયરલેસ ઈન્સ્પેક્ટર; 1989 માં અવસાન, શ્રી અરવિંદ ઘોષ અને માતાજીના અનુયાયી
- **માતા** – શારદાગૌરી - ચાર ચોપડી ભણેલાં પણ અત્યંત ધાર્મીક અને સાહીત્ય વાંચનનાં રસીયાં, 1998 માં અવસાન
- **ભાઈઓ ( મોટા)** – પિયૂષ( રીટાયર્ડ સીવીલ એન્જીનીયર) , ડો. ભરત ( રીટાયર્ડ પ્રોફેસર – સ્ટેટીસ્ટીક્સ)
- **બહેનો (નાની)** – ડો. દક્ષા ( એમ.ડી. - ગાયનેક ડોક્ટર) , રાજેશ્વરી ( એમ.એસ.સી., એમ. એડ. - રીટાયર્ડ સ્કુલ શીક્ષક )
- **પત્ની** – જ્યોતિ ( સુજાતા ) B.A. ( Economics) – લગ્ન - 1968 ,
- **પુત્રી** – રુચા , એમ.બી.એ. ( જાવા પ્રોગ્રામર) : પતી – ધર્મેન્દ્ર ( પ્લાસ્ટીક એન્જીનીયર); પુત્રો - નીલ અને જય
- **પુત્રો** ( જોડીયા ) 1) વિહંગ – એમ.એસ. ; પ્રોગ્રામર, પત્ની - જિજ્ઞાસા 2) ઉમંગ – એમ.બી.એ.; મેનેજર
- ઇશ્વરની કૃપાથી બધા ડલાસ/ ફોર્ટવર્થમાં જ રહે છે અને મહીને દહાડે બધા ભેગા મળીએ ત્યારે 10 જણ કુલ થઈએ છીએ.

### અભ્યાસ

- એસ.એસ.સી. ( દીવાન બલ્લુભાઇ માધ્યમીક શાળા , અમદાવાદ )
- બી.ઈ. (મીકે. અને ઈલેક.) એલ. ડી. એન્જીનીયરીંગ કોલેજ, અમદાવાદ

પહેલો ગોવાળીયો

પહેલો ગોવાળીયો

***વ્યવસાય***

- **1965** – અમદાવાદ ઈલેક્ટ્રીસીટી કું .માં ટેક્નીકલ આસીસ્ટન્ટ તરીકે નોકરીની શરૂઆત.
- **2000 ડીસેમ્બર** – સાબરમતી પાવર સ્ટેશનમાંથી જન. મેનેજર તરીકે નીવૃત્ત,

***જીવન ઝરમર***

- શાળા જીવનમાં બધી ભાશાઓ, વીજ્ઞાન અને ગણીતમાં  ઉંડો રસ.
- નોકરી દરમીયાન પાવર એન્જી. ના વીવીધ ક્ષેત્રોમાં કામ કર્યું
- ત્રણ પાવર સ્ટેશનોના બાંધકામના પ્રોજેક્ટોમાં સક્રીય કામગીરી
- બે વર્ષ વીજ ચોરી પકડવાની કામગીરી
- બે વર્ષ અમદાવાદના સીટી ઝોનના મેનેજર તરીકે સર્વગ્રાહી મેનેજમેન્ટની કાર્યવાહી; વ્યાવસાયીક કામગીરીનો સૌથી યાદગાર અનુભવ
- છેલ્લા વર્શે સાબરમતી પાવર હાઉસમાં જનરલ મેનેજર તરીકે ઘણાં કામો કર્યા.
- નીવૃત્ત થયા બાદ અમેરીકા સ્થળાંતર
- અમેરીકામાં જીવનમાં પરીવર્તન; 'ચાર વર્ષના ડોસાજી 'એ હાલના જીવનનું ચીત્રણ આપતી મારી સૌથી પ્રીય રચના

***ધર્મ***

- માનવ

***રસના વીષયો***

- ગુજરાતી સાહીત્ય ( ખાસ કરીને ગદ્ય)
- ગુજરાતી સુગમ સંગીત
- ઇતીહાસ, ભુગોળ, વીજ્ઞાન, પુરાતત્વ, અધ્યાત્મ

***શોખ (હોબી )***

- ઓરીગામી, ટેન્ગ્રામ, સાથીયા, સુડોકુ, લેગો અને કે' નેક્સ મોડેલીન્ગ, કોયડા, જોક્સ , ગુજરાતી બ્લોગીન્ગ , વી.બી.માં હોબી પ્રોગ્રામીન્ગ, કોઈ પણ જાતની પઝલ

***રમત ગમત***



પહેલો ગોવાળીયો

- તરવાનું, ફીટનેસની કસરત, યોગાસન, કેરમ, ચેકર્સ

## લેખકના બ્લોગ

કોઈ પણ બ્લોગ પર જવા માટે, લાલ રંગમાં લખેલી લીન્ક પર કર્સર રાખી, કન્ટ્રોલ બટન દબાવી 'ક્લીક' કરો.

### જીવનઝાંખીઓ

ગુજરાતી સારસ્વત પરીચય .... http://sureshbjani.wordpress.com/

ગુજરાતી પ્રતીભા પરીચય ... http://gujpratibha.wordpress.com/

ગુજરાતી મહાજન પરીચય ... http://mahajanparichay.wordpress.com/

### સાહીત્ય

અંતરની વાણી ... http://antarnivani.wordpress.com/antar_vani/

કાવ્યસુર ... http://kaavyasoor.wordpress.com/

ગદ્યસુર ... http://gadyasoor.wordpress.com/

હાસ્ય દરબાર .... http://dhavalrajgeera.wordpress.com/

વીશ્વ ગુર્જરી ... http://rutmandal.info/GlobalGurjari/

હોબી વીશ્વ ... http://rutmandal.info/HobbyVishwa/

### English

Expressions ... http://sbjexpressions.wordpress.com/

અનુક્રમણીકા



પહેલો ગોવાળીયો